# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ

## "કચ્છનો સર્વાંગી ઇતિહાસ" ગ્રંથના વિમોચન પ્રસંગે તા. ૩-૨-૨૦૧૩ના રોજ ભુજ ખાતે ઝડપાયેલી તસવીરો....









છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

- તંત્રી લેખ : આદર્શ વિચારસરણી ..... અશોક મહેતા ..... ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૯
- "મંગલ મંદિર" માસ-૨૦૧૩નો અંક : "કચ્છી સંસ્થા વિશેષાંક" ..... ૧૦
- અમદાવાદ સ્થિત કચ્છીઓની કચ્છી બિઝનેસ ડિરેક્ટરી – કચ્છી યલો પેજિસ ..... ૧૧
- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ "કચ્છનો સર્વાંગી ઇતિહાસ" ગ્રંથનું વિમોચન ..... ૧૨

*લેખ વિભાગ :*

**કચ્છ**

- ભેરીઓ ગારુડી અને ભુજિયાનો ભુજંગ કચ્છની રસધાર : મણકો-૭ ..... દુલેરાય કારાણી ..... ૧૪
- લખપતજીની આડી ચાલથી દેશળજીનું રાજ ગયું ..... નરેશ અંતાણી ..... ૧૯
- કચ્છના સ્થાપત્યો તથા પુરાતત્ત્વીય સ્થળો ..... હરેશ ધોળકિયા ..... ૨૧

**સમાજની ક્ષિતિજો**

- પરિવર્તનના પ્રવાહો ..... શાંતિલાલ સંઘવી ..... ૨૩
- બળાત્કારની સમસ્યા ..... શરદચંદ્ર એસ. શાહ 'સહસા' ..... ૨૫
- વાર્ધક્ય એ નિસર્ગનો આશીર્વાદ છે ..... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૨૮
- કચ્છીઓનું ગૌરવ : ભાત બજારના ફુવારાની દુર્દશા ..... માણેક એમ. સંગોઈ ..... ૩૦

**ઇતિહાસ**

- કાન્હરે, કર્વે અને દેશપાંડે ..... સ્વામી સચ્ચિદાનંદ ..... ૩૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ ..... સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૩૪ પ્રકરણ-૧૫

**વિચાર મંથન**

- પ્રશ્નોના રેશનલ ઉત્તર ..... મૂરજી ગડા ..... ૩૭

**તંદુરસ્તી**

- મારા દીકરાને ભણવાનું મન થતું નથી – ૨ ..... ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) ..... ૩૯ (Adolescence Depressive Disorder)

**વાર્તા**

- આત્મવંચના, આત્મસંતોષ કે ગ્લાનિ? ..... ડૉ. ઊર્મિલા શાહ ..... ૪૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૮૫૪૬૪૪
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## હળવાશની ક્ષણોમાં

● જોજો જુવાનીના જંકશન પર ખોટી ગાડી ન પકડી લેવાય! .................... દિનેશ પાંચાલ ...... ૪૩
● બાલુડેં જ્યું ગાલિયું ....................................... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૪૫

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........................................................................................ ૪૬
● અન્ય સંસ્થાઓના સમાચાર .................................................................... ૫૪
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ .................................................... ૫૬
● માર્ચ -૨૦૧૩માં પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી .............................. ૫૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર ....................................................... ૫૭
● સાર સમાચાર ........................................... સંકલન : શાંતિલાલ સંઘવી ..... ૫૯
● શબ્દ રમત-૮૦ ........................................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૧
● સુડોકુ – ૧૦૩૬ ......................................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૩
● જાણવા જેવું ............................................. સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૫
● વલોવતન ................................................ સંકલન : દિનેશ આર. મહેતા ..... ૬૭
● સમાજ દર્પણ ........................................................................................ ૬૯
● સંસ્થા સમાચાર ..................................................................................... ૭૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ............................ ૮૩
● ઉડતી નજરે ......................................................................................... ૮૭

## ગાંધી ચિંતન

★ આપીને કંઈક મેળવવાની ઈચ્છા રાખીએ તેને દાન ન કહેવાય.
★ સાચી કિંમત ગમે તે જોખમ સામે ધસી જવામાં નહિ, પરંતુ વાજબી કારણને વળગી રહેવામાં છે.
★ કામની અધિકતા જ નહિં પણ અનિયમિતતા જ માણસને મારી નાખે છે.
★ પ્રાર્થનામાં દિલ વગરના શબ્દો હોય એ કરતાં શબ્દો વગરનું દિલ હોય એ વધારે સારું.
★ ઈશ્વરની સાથે જેઓ સોદો કરવા માંગે છે તેની પ્રાર્થના ઈશ્વર સાંભળતો નથી.
★ ઓછામાં ઓછું કામ કરીને વધુમાં વધુ વળતર મેળવવાની વૃત્તિ સમાજને પતનના માર્ગે લઈ જશે. જરૂર પૂરતું લઈને વધુમાં વધુ મહેનત કરવાની વૃત્તિ સમાજને આગળ વધારશે.
★ પાપના પરિણામથી મુક્તિ ઝંખવાની નથી પણ પાપના વિચારમાંથી મુક્તિ ઝંખવાની છે.
★ સામા પક્ષને ન્યાય કરવાથી આપણને ન્યાય વહેલો મળે છે.
★ આચરણ રહિત વિચાર ગમે તેટલો મહાન હોય તો પણ એ ખોટા મોતી સમાન છે.

*પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા*

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## આદર્શ વિચારસરણી

*– અશોક મહેતા*

### વિશ્વમાં દાનની દિલેરીનો નવો પ્રવાહ ચાલુ થઈ ગયેલ છે. વિખ્યાત કચ્છી માંધાતાઓએ પણ આ પ્રવાહમાં જોડાવાનું શરૂ કરી દીધેલ છે નવો પ્રવાહ એ ભારત દેશની પૌરાણિક સંસ્કૃતિ છે.

ભારતને આઝાદી મળી ત્યારે સમગ્ર વિશ્વ બે પ્રકારના પ્રવાહમાં વહેંચાયેલો હતો : મૂડીવાદ અને સામ્યવાદ. સામ્યવાદ કાર્લ માર્કસના સિદ્ધાંત પર રચાયેલ હતો. મૂડીવાદમાં કોઈ જ પ્રકારના સરકારી નિયંત્રણો ન હતા. માનવને આર્થિક વિકાસ સાધવા સરકાર તરફથી કોઈ રૂકાવટો ન હતી. તેથી સમર્થ વ્યક્તિ પોતાનું આર્થિક સામ્રાજ્ય નિર્વિવાદપણે આગળ ધપાવી શકતો હતો. સરકાર પણ તેમને અનેક પ્રકારે સહાય કરતી હતી. પરિણામસ્વરૂપે સમર્થ વ્યક્તિ સાથે જોડાયેલ માનવ સમુદાયની પણ આર્થિક પ્રગતિ શક્ય બની શકેલ હતી. સામ્યવાદના સિદ્ધાંત પ્રમાણે દરેક માનવ સમાન હતો. પ્રગતિ બધાની એક સાથે થવી જોઈએ. અહીં ઉચ્ચ અને નીચ વચ્ચે આર્થિક રીતે બહુ તફાવત ના રહે એ ધોરણે નીતિ-નિયમો બનાવવામાં આવેલ હતા. પરિણામે અનેક પ્રકારે નિયંત્રણો લાદવામાં આવેલ હતા. સરકાર પોતે જ સાહસો સ્થાપતી હતી. સૌને લાયકાત મુજબ પગાર મળે તેવા ધોરણો રાખવામાં આવેલ હતા. મૂડીવાદ તરફી વિચારસરણીનો અગ્રણી દેશ એટલે અમેરિકા અને સામ્યવાદી તરફી વિચારસરણીનો અગ્રણી દેશ એટલે રશિયા. સમગ્ર વિશ્વના દેશો આ બે પ્રવાહ પૈકી કોઈ એક પ્રવાહમાં જોડાવાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરતા હતા.

ભારત દેશની આઝાદી સમયની નેતાગીરીએ ન તો મૂડીવાદનો સ્વીકાર કર્યો કે ન તો સામ્યવાદનો સ્વીકાર કર્યો. તેણે વચલો માર્ગ એટલે સમાજવાદી સમાજ રચનાનો રાહ અપનાવ્યો. સમાજવાદી સમાજ રચનામાં એક તરફ સરકારશ્રીએ જાતે મોટા ઔદ્યોગિક સામ્રાજ્યો સ્થાપ્યા. સરકારી ક્ષેત્રે અનેક કોર્પોરેટ કંપનીઓ અસ્તિત્વમાં આવી. સાથે સાથે પ્રાઈવેટ સેક્ટરને પણ ઔદ્યોગિક સામ્રાજ્યો સ્થાપવા મંજૂરી આપવામાં આવી. પરંતુ તેના પર અનેક નિયંત્રણો લાદવામાં આવ્યા કે જેના કારણે ઉચ્ચ અને નીચ વચ્ચે બહુ આર્થિક તફાવત ના રહે તેવી ગણના કરવામાં આવી.

કાગળ પર સામ્યવાદ કે સમાજવાદી સમાજ રચનાના સિદ્ધાંતો ખૂબ જ ઉમદા અને આકર્ષક ભાસે છે પરંતુ વ્યવહારમાં અલગ જ પ્રકારની વાસ્તવિક્તાના દર્શન થયા. લાઈસન્સ રાજ અને ક્વોટા રાજની પ્રથા ચાલુ થઈ. તેના કારણે અનેક બદીઓ અસ્તિત્વમાં આવી. લાંચિયાપણું વધ્યું. એક તરફ નિયંત્રણો અને અન્ય તરફ દરવાજા ખુલ્લા રહ્યા. સમાજવાદી સમાજ રચના કરતા પરિણામો વિપરીત આવવા લાગ્યા. ચારે તરફ યુનિયન અને હડતાળિયાઓનું સામ્રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. ઔદ્યોગિક વિકાસની ઝડપ મંદ પડી ગઈ.

૨૦૦૦ના દાયકામાં કેન્દ્રમાં પી. નરસિંહરાવની સરકાર અસ્તિત્વમાં આવી. વર્ષ ૧૯૯૨માં સમાજવાદી સમાજ રચનાની નીતિઓ બદલવામાં આવી. મૂડીવાદના સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં આવ્યો. છેલ્લા ૨૦ વર્ષથી આપણે મૂડીવાદના સિદ્ધાંતો પર ચાલતી સરકારો નિહાળી રહ્યા છીએ. તેના પરિણામો દેખાવા લાગ્યા છે. સમર્થ લોકોને વિકાસ સાધતા ખૂબ જ આગળ નીકળી જતા જોયા છે. પરંતુ અસમર્થ લોકો પ્રમાણમાં ખૂબજ પાછળ રહી ગયા છે. બે ત્રાજવા સરખા થાય તેવા લોકોની સંખ્યા ઘટતી જ જાય છે. ગરીબી વધતી જાય છે. સોસાયટીમાં સમર્થ અને અસમર્થ એવા બે ભાગ પડી ગયેલ સ્પષ્ટપણે વરતાય છે. એક તરફ હાઈવે પરની હોટલોમાં રજાના દિવસો સિવાય પણ ભીડ જામતી દેખાય છે. જ્યારે અન્ય તરફ જાહેર રસ્તા પર ઝૂંપડી બાંધીને રહેતા લોકોને લૂખો-સૂકો રોટલો ખાતા જોવાય છે. ભારતભરમાં આ પરિસ્થિતિ ભાસે છે. મધ્યમ વર્ગ પહેલા પણ પીસાતો હતો, આજે પણ પીસાય છે. સમર્થ સોસાયટીની રચના માટે આ પરિસ્થિતિ બિલકુલ સ્વીકાર્ય નથી. ચોરી, લૂંટ, ધાડના બનાવો

*જે સુખ તમે પામો છો, એના કરતાં જે સુખ તમે આપો, એ તમને વધારે સુખી બનાવે છે.*

દરેક શહેરમાં દરરોજ બને છે. મહાભયંકર વિસ્ફોટ ફાટી નીકળે તેવા દિવસો દૂર નથી. માત્ર બે-ચાર દાયકાનો જ સવાલ છે.

આ પ્રકારની પરિસ્થિતિ માત્ર ભારત દેશમાં જ છે તેવું નથી. દુનિયાના અનેક દેશો આ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. દુનિયાના દરેક દેશનો દરેક માનવ આર્થિક રીતે સદ્ધર થાય તેવો રસ્તો શું? તેની નીતિઓ શું હોવી જોઈએ? તેનું અમલીકરણ કઈ રીતે કરી શકાય? આ પ્રકારનો વિચાર સામાન્ય માણસને આવે છે તેવું નથી. આર્થિક રીતે સંપન્ન હોય તેવા નાગરિકોને પણ આ વિચાર પેદા થાય છે. દુનિયામાં જેઓની ગણના આર્થિક રીતે અવ્વલ નંબરે હોય તેઓને પણ આ વિચાર કોરી ખાય છે. આ વલોણાના સાર રૂપે આર્થિક રીતે સદ્ધરતા પ્રાપ્ત કરેલ હોય તેવા લોકોને એક નેક વિચાર આવ્યો. તેમના મન લાગણીભીના થવા લાગ્યા. તેઓએ સ્વેચ્છાએ પોતાની સંપત્તિનો ત્યાગ કરવાનું વિચાર્યું. સામાજિક જવાબદારીના ભાગ સ્વરૂપે તેઓએ પોતાની સંપત્તિ નબળા લોકોના શ્રેયાર્થે વાપરવાનું નક્કી કર્યું. નવો પ્રવાહ શરૂ થયો. આ પ્રવાહમાં જોડાવાનું એક પછી એક સમર્થકોએ નક્કી કર્યું.

સોફ્ટવેર ક્ષેત્રના માંધાતા બીલ ગેટ્સની સંપત્તિ દુનિયામાં પ્રથમ ક્રમાંકે આવે — તેઓ ૧૦૦ બિલિયન ડોલરના માલિક ગણાય (૧ બિલિયન ડોલર એટલે રૂપિયા ૫૫૦૦ કરોડ). તેમણે પોતાની લગભગ પૂરેપૂરી સંપત્તિ આર્થિક જરૂરિયાતવાળા લોકો માટે ફાળવવાનો નિર્ણય કર્યો. તેઓએ તે માટે એક ટ્રસ્ટ રચી સદ્ભાવનાના કામે લાગી ગયા. ફાઈનાન્સ ક્ષેત્રમાં નંબર એક ગણાતા વૉરન બફેટે તેમને પગલે ચાલવાનો રાહ અપનાવ્યો. તેમણે પણ પોતાની તમામ સંપત્તિનું દાન કર્યું અને તેના નિયમન માટે બીલ ગેટ્સને કાર્ય સોંપ્યું.

આ પ્રકારની લાગણી માત્ર વિદેશીઓમાં પેદા થઈ તેવું નથી. અનેક દેશોના આર્થિક રીતે સદ્ધર હોય તેવાઓએ પણ આ રાહ અપનાવ્યો. ભારતમાં પહેલ કરી નારાયણ મૂર્તિએ. તેઓએ પોતાના ધંધામાંથી નિવૃત્તિ સ્વીકારી અને પોતાની પૂરેપૂરી સંપત્તિને લોકોના ઉદ્ધાર માટે વાપરવાનું સ્વીકાર્યું. બેંગ્લોર સ્થિત કચ્છી ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજી રૂા. ૮૬,૦૦૦ કરોડની સંપત્તિ ધરાવે છે. તેઓએ પોતાની ૫૦ ટકા સંપત્તિ સમાજના ઉત્કર્ષ માટે વાપરવાનું નક્કી કર્યું. હાલે તેઓ ભારતભરમાં શિક્ષણ ક્ષેત્રની ઉચ્ચ નીતિમત્તાવાળી શાળાઓ સ્થાપી રહ્યા છે. શાળાઓ ચલાવવા શિક્ષકોની યોગ્ય ટ્રેનિંગ માટે ટ્રેનિંગ સ્કૂલોનું પણ તેઓ નિર્માણ કરી રહ્યા છે.

અન્ય કચ્છીઓની વાત કરીએ તો જેઓ આજે ૭૫ વર્ષની વયજૂથના હશે તેઓને ખ્યાલ હશે કે અગાઉ લોકો પોતાના વ્યાપારના નફામાંથી ૧ પૈસા જેટલો નફો દાન કરવા માટે અલગથી ફાળવતા. આ પરંપરા ભારતમાં સેંકડો નહીં બલકે હજારો વર્ષ પુરાણી છે. વ્યાપારના નફાનો ૧ પૈસો ધર્માદા માટે ફાળવવો એ આપણી સંસ્કૃતિ હતી. આજે એ સંસ્કૃતિને તાજી કરવાનો સમય ખૂબ જ નજદીકીથી આવી રહેલ છે.

કાયદા અને નિયંત્રણોથી માનવીના મન બદલાતા નથી, વધુ વિકૃત થાય છે. સંસ્કૃતિ અને ખાનદાની જ લાગણી અને ભાવના પેદા કરે છે.

નારાયણ મૂર્તિ અને અઝીમ પ્રેમજીને પગલે ચાલવાનો વિચાર ભારતમાં પણ અનેક સમર્થ લોકોને આવવા લાગ્યો છે. એક ખૂબ જ નાની વસ્તુ પર નજર ફેરવીએ. કચ્છના માંડવી તાલુકાના બિદડા ગામના કોમલ સાવલાએ પોતાની સંપૂર્ણ સંપત્તિ (કદાચ રૂપિયા ૧૦થી ૧૫ કરોડની હશે) જનહિતાર્થે વાપરવાનું નક્કી કરી બિદડામાં જ ધૂણી ધખાવીને બેસી ગયા છે. જેમનું વાર્ષિક ટર્ન ઓવર રૂા. ૩૦૦૦ કરોડને આંબી ગયેલ છે તેવા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીને આ વિચાર સ્પર્શી ગયેલ છે અને પોતાની સંપત્તિ જનહિતાર્થે વાપરી રહેલ છે. તેવો જ દાખલો નવનીત પરિવાર અને એંકર પરિવારનો છે. જનહિતાર્થના કાર્ય માટે તેમને ત્યાં ગયેલ કોઈ કાર્યકર ડોનેશન મેળવ્યા વગર ભાગ્યે જ પરત આવેલ હશે. આવતા દિવસોમાં આ ક્ષેત્રે આપણે અનેક કચ્છી માંધાતાઓના નામ સાંભળી શકીશું.

જે સમર્થ વ્યક્તિની સંપત્તિ રૂા. ૧૦૦ કરોડથી વધુ હોય તેઓ સ્વેચ્છાએ પોતાની સંપત્તિનો ૫૦ ટકા જેટલો ભાગ જનહિતાર્થે જાહેર કરી શકે છે. એક સ્તુત્ય પગલાનો દાખલો બેસાડી શકે છે. ભારતભરની કે ગુજરાતભરની કે કચ્છીઓની દરેક પેઢી ભારત દેશની જૂની સંસ્કૃતિ મુજબ એવું નક્કી કરી શકે છે કે પોતાના ધંધાના નફાનો ઓછામાં ઓછો ૨ ટકા હિસ્સો પોતાના માનવ

*ચાર ચીજ નાની હોય તો પણ તેનો વિશ્વાસ કરવા જેવો નથીઃ દેવું, રોગ, અગ્નિ અને પાપ.*

બંધુઓના હિતાર્થે દર વર્ષે વાપરશે. આજના જમાનાનો આ પ્રવાહ આવતા દિવસોમાં આપણને સહુને ભીંજવી જશે. લોકોની લાગણી અને ભાવના આ પ્રવાહ તરફ વળવા લાગી છે.

આપણે એ યાદ રાખવું જોઈએ કે કોઈ પણ વ્યક્તિ કે પરિવારની સંપત્તિ ૨૦-૨૫ વર્ષથી વધુ ટકી શકતી નથી. હા, સંપત્તિ સાથે સરસ્વતી ભળે તો આ ગાળો ૫૦ વર્ષ સુધીનો થઈ શકે. અને જો સંપત્તિ સાથે સરસ્વતી અને સત્કર્મ (જરૂરિયાત મુજબ દાન કરતાં રહેવું) ભળે તો આ સંપત્તિ સાત પેઢી સુધી ટકી શકે છે. કોઈ પણ સ્થળ કે સમયનો ઇતિહાસ ચકાસી જોશો તો આ હકીકત સામે આવી જશે. વિશ્વમાં દરેક સ્થળે યોગ્ય ચકાસણી પછી આ હકીકત સાબિત થયેલ છે.

અથવા તો 'રસ્તે રઝળતા જોયા મેં શાહ આલમના વંશજોને' — આ ગાન અગાઉના અભ્યાસક્રમમાં આવતો હતો કે જેની માહિતી જૂની પેઢી પાસે આજે પણ સચવાયેલી પડી હશે.

'મંગલ મંદિર'ના દરેક વાચક વર્ગને તથા દરેક કચ્છી સમર્થકો, પેઢીઓ, ઉદ્યોગકારોને આ ક્ષેત્રે આગળ આવવા અમે અપીલ કરીએ છીએ. જરૂરિયાતમંદોની જરૂરિયાત લાગણીભર્યા હૃદયે પૂરી પાડવા કોશિશ કરવી એ આજનો ધર્મ બની ગયેલ છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## કચ્છી મેળા અંગે શુભેચ્છા સંદેશ

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની સ્થાપનાનું સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહ્યું છે તે જાણી આનંદ થયો. સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તા. ૨૨થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૩ દરમ્યાન આયોજિત "કચ્છી મેળો" માણવાનું આપનું નિમંત્રણ મને મળેલ છે. જે બદલ આપનો આભારી છું.

અમદાવાદની જનતાને કચ્છ ગયા વગર અત્રે જ કચ્છની ભાતીગળ સંસ્કૃતિથી વાકેફ કરવાના ઉમદા પ્રયાસની પ્રશંસા કરું છું. હસ્તકલા ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખે છે. કચ્છમાં હસ્તકલાની પ્રવૃત્તિમાં રોકાયેલા કારીગરોને પ્રોત્સાહન અને રોજગારી મળે તેવા ઉમદા અભિગમ સાથે હસ્તકલાની ચીજવસ્તુઓના પ્રદર્શન અને વેચાણના આયોજન બદલ સર્વે આયોજકોને હાર્દિક અભિનંદન પાઠવું છું. કચ્છી હસ્તકલાના કારીગરો તેમના આ વંશપરંપરાગત વ્યવસાયને આગળ ધપાવતા રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રના કામકાજમાં વ્યસ્તતાના કારણે હું "કચ્છી મેળા"ને માણી શકીશ નહીં.

***વજુભાઈ વાળા, અધ્યક્ષ - ગુજરાત વિધાનસભા***

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત "કચ્છી મેળા"ના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેવાનું આપનું આમંત્રણ મળ્યું. અન્ય રોકાણોને કારણે આ પ્રસંગે ઉપસ્થિત રહી શકું તેમ ના હોઈ કાર્યક્રમની સફળતા માટે મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

***ફકીરભાઈ વાઘેલા, ભૂતપૂર્વ મંત્રી - ગુજરાત રાજ્ય***

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ — સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૨૪-૩-૨૦૧૩<br>સવારના ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | તબીબી સેવા સમિતિ<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | આંખના મોતિયા માટે<br>નિઃશુલ્ક નિદાન કેમ્પ. |
| ● રવિવાર, તા. ૭-૪-૨૦૧૩<br>સવારે ૯.૦૦થી ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | "સમાજ મારું વિસ્તૃત વ્યક્તિત્વ" વિષય પર<br>પરિસંવાદ (નંદક પંડ્યા દ્વારા)<br>૨૦ વર્ષથી ઉપરની વયની વ્યક્તિઓ માટે. |
| ● શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩<br>બપોરે ૩.૦૦થી ૬.૦૦ | એ.સી. ઓડિટોરિયમ | મધ્યસ્થ સમિતિ,<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સુવર્ણજયંતી મહોત્સવ - પૂર્ણાહુતિ સમારંભ |

*પ્રસન્નતા આત્માનું સ્વાસ્થ્ય છે, ઉદાસીનતા ઝેર.*

## "મંગલ મંદિર" માસ એપ્રિલ-૨૦૧૩નો અંક
## "કચ્છી સંસ્થા વિશેષાંક" તરીકે પ્રસારિત કરવામાં આવશે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી વર્ષની પૂર્ણાહુતિ તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ કરવામાં આવનાર છે. એ દિવસે આ સંસ્થાને ૫૦ વર્ષ પૂર્ણ થયેલ હશે અને તા. ૧૪-૪-૨૦૧૩ના રોજ તે ૫૧મા વર્ષમાં પ્રવેશશે.

આ પ્રસંગે ભારતભરમાં કાર્ય કરતી અગ્રીમ કચ્છી સંસ્થાઓની અમે સરાહના કરવા માંગીએ છીએ. આ પ્રકારની ૫૦-૬૦ સંસ્થાની માહિતી "મંગલ મંદિર" દ્વારા પ્રસારિત કરી તેઓની વિગતો ભારતભરના કચ્છીઓને પ્રાપ્ત થાય તેવો અમારો વિનમ્ર પ્રયાસ રહેશે.

તેના અનુસંધાને "મંગલ મંદિર"નો એપ્રિલ-૨૦૧૩નો અંક "કચ્છી સંસ્થા વિશેષાંક" તરીકે પ્રસારિત કરવામાં આવશે. જેઓને આ અંકમાં રસ હોય તેઓ "મંગલ મંદિરના વાર્ષિક ગ્રાહક બની શકે છે. વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- રાખવામાં આવેલ છે. જેઓને માત્ર આ એક જ અંક જોઈતો હોય તેઓ રૂા. ૫૦/- શ્રી કચ્છી જૈન ભવન પર મોકલી તેની છૂટક નકલ પોસ્ટ દ્વારા મંગાવી શકે છે.

અગ્રીમ કચ્છી સંસ્થા કે જેઓએ પોતાની માહિતી અત્યાર સુધી મોકલેલ ના હોય તેમને આથી અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાની સંસ્થાની માહિતી તથા એકાદ-બે ફોટા અમને "શ્રી કચ્છી જૈન ભવન"ના સરનામે વહેલાસર મોકલી આપે.

મંગલ મંદિરનો એપ્રિલ-૨૦૧૩નો અંક માહિતી ગ્રંથ તરીકે અથવા તો રેફરન્સ બુક તરીકે અનેક કચ્છી મહાનુભાવોના ઘરની લાઈબ્રેરીમાં વર્ષો સુધી સચવાયેલો રહેશે.

આ વિશેષાંકમાં વ્યવસાયની કે અન્ય કોઈ પ્રકારની જાહેર ખબર છપાવવાના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| ક્રમ | જાહેરાતનો પ્રકાર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|
| ૧. | મલ્ટી કલર – કવર પેઈજ નં.-૪ | રૂા. ૫૦,૦૦૦/- | — | — | — |
| ૨. | મલ્ટી કલર – કવર પેઈજ નં.-૨ | રૂા. ૪૦,૦૦૦/- | — | — | — |
| ૩. | મલ્ટી કલર – કવર પેઈજ નં.-૩ | રૂા. ૩૦,૦૦૦/- | — | — | — |
| ૪. | મલ્ટી કલર – કવર પેઈજ નં.-૨ની સામેનું પાનું | રૂા. ૩૦,૦૦૦/- | — | — | — |
| ૫. | મલ્ટી કલર – કવર પેઈજ નં.-૩ની સામેનું પાનું | રૂા. ૨૦,૦૦૦/- | — | — | — |
| ૬. | મલ્ટી કલર – અંદરનું પાનું | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૩૫૦૦/- | — |
| ૭. | બ્લેક એન્ડ વ્હાઈટ – અંદરનું પાનું | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- | રૂા. ૧૫૦૦/- | રૂા. ૧,૦૦૦/- |

*નોંધ : જેઓએ બાર મહિનાની નિયમિત જાહેરખબર આપેલ હશે તેઓના દર નિયમિત જાહેરાત મુજબ ગણવામાં આવશે.*

***તંત્રી મંડળ – મંગલ મંદિર***

## વિના મૂલ્યે પથરીની દવા

*કિડનીની પીડાકારક પથરીને દૂર કરવા નિર્દોષ આયુર્વેદિક દવાનું નીચે જણાવેલ સ્થળે વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે.*

**"આદર્શ અમદાવાદ"**

બીજા માળે, નેહલ ફલેટ્સ, જૈન ઉપાશ્રયની બાજુમાં, મહેન્દ્ર ટુ વ્હીલર્સ શો રૂમ ઉપર,
કોમર્સ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૬૫૬૫૪૧૬, ૬૫૨૧૫૨૫૪

**સાંજે : ૪.૦૦ થી ૫.૦૦**

*સાભાર : "દલિત અધિકાર", તા. ૨૦-૧-૨૦૧૩*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*પડોશી પર આફત આવી હોય અને તમે ઊંઘી શકતા હોવ તો પછી તમે તમારા વારા માટે તૈયાર રહેજો.*

## અમદાવાદ સ્થિત કચ્છીઓની

# કચ્છી બિઝનેસ ડિરેક્ટરી - કચ્છી ચલો પેજિસ

કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું કામકાજ પૂરઝડપે આગળ વધી રહેલ છે. અમારા પ્રતિનિધિઓ અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોને ત્યાં ઘેર ઘેર જઈને રૂબરૂ મુલાકાત લઈ રહેલ છે અને આ ડિરેક્ટરી માટે દરેક વ્યવસાયના ફોર્મ ભરાવી રહેલ છે. કચ્છી પરિવારોનો સહયોગ પણ ખૂબજ સારી રીતે મળી રહેલ છે. અત્યાર સુધી ૩૧૦૦ ફોર્મ ભરાઈને આવી ગયેલ છે. અમારા અંદાજ પ્રમાણે હજુ બીજા ૨૦૦૦ ફોર્મ આવી શકે તેવી શક્યતા છે.

આપશ્રીએ આપના વ્યવસાય અથવા પ્રોફેશનલ અથવા ઉચ્ચ અધિકારીશ્રી વિભાગના જે લાગુ પડતા હોય તે ફોર્મ ભરીને ના મોકલેલ હોય તો તે પ્રકારના ફોર્મ વહેલાસર ભરીને અમારા પ્રતિનિધિને આપી શકો છો. આપશ્રીએ આપના ફોર્મ ભરેલ હોય પરંતુ કોઈ અન્ય કચ્છી વ્યવસાયિકના ફોર્મ બાકી હોય તો તેમને જાણ કરી તેમના ફોર્મ ભરાવી શકો છો. (ડિરેક્ટરીમાં એન્ટ્રી માટે કોઈ ચાર્જ રાખવામાં આવેલ નથી. એવું ના બને કે આપશ્રીની માહિતીનો સમાવેશ આ ડિરેક્ટરીમાં ના થયેલ હોય.)

આપશ્રી આપના વ્યવસાયની જાહેરાત પણ આ ડિરેક્ટરીમાં આપી શકો છો.

**અમદાવાદ બહાર વસવાટ કરતા કચ્છીઓની જાહેરાતનો સમાવેશ પણ આ ડિરેક્ટરીમાં કરવા અંગેનો નિર્ણય તાજેતરમાં લેવામાં આવેલ હોઈ બહારગામના કચ્છીઓ પણ આ ડિરેક્ટરીમાં પોતાના વ્યવસાયની જાહેરાત આપી શકે છે.**

આ ડિરેક્ટરીમાં લેવામાં આવનાર જાહેરાતના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

- કવર પેઈજ - ૨ — રૂા. ૪૦,૦૦૦/- — અપાઈ ગયેલ છે
- કવર પેઈજ - ૩ — રૂા. ૩૦,૦૦૦/-
- કવર પેઈજ - ૪ — રૂા. ૫૦,૦૦૦/- — અપાઈ ગયેલ છે
- કવર પેજ-૨ની સામેનું પાનું (મલ્ટી કલર) — રૂા. ૩૦,૦૦૦/- — અપાઈ ગયેલ છે
- કવર પેજ-૩ની સામેનું પાનું (મલ્ટી કલર) — રૂા. ૨૦,૦૦૦/-

### મલ્ટી કલર

- અંદર આખું પાનું — રૂા. ૧૫,૦૦૦/-
- અંદર અડધું પાનું — રૂા. ૮,૦૦૦/-
- અંદર ક્વાર્ટર પાનું — રૂા. ૫,૦૦૦/-

### બ્લેક એન્ડ વ્હાઈટ

- અંદર આખું પાનું — રૂા. ૧૦,૦૦૦/-
- અંદર અડધું પાનું — રૂા. ૬,૦૦૦/-
- અંદર ક્વાર્ટર પાનું — રૂા. ૩,૫૦૦/-
- અંદર ૧" સાઈઝ બોટમ પટ્ટી — રૂા. ૧,૦૦૦/-

***જાહેરાત વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે.***

**મનુભાઈ શાહ**
**કન્વીનર - કચ્છી ચલો પેજિસ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**Meera Marketing**
**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions
Address : 30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ
# "કચ્છનો સર્વાંગી ઇતિહાસ" ગ્રંથનું વિમોચન થયું

વૈશ્વિક સ્તરે વિવિધ ખાસિયતો ધરાવતા કચ્છનું નામ ગૂંજતું થઈ ગયેલ છે. કચ્છની ઐતિહાસિક બાબતો અત્યાર સુધી અલગ અલગ રૂપે લખાયેલી છે. તેનો સંપૂર્ણ ગ્રંથ હજુ સુધી પ્રકાશિત થયો નથી. આ ઉણપ હવે પૂરી થઈ છે. કચ્છના વિવિધ પ્રશ્નો બાબત કાર્યરત એવી સંસ્થા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે આ કપરી કામગીરી હાથમાં લીધી હતી. છેલ્લા લગભગ ચાર વર્ષથી આ સંદર્ભે સતત જહેમત ઉઠાવવામાં આવી અને તેનાં પરિણામ સ્વરૂપે "કચ્છનો સર્વાંગી ઇતિહાસ" ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા કચ્છના સર્વાંગી ઇતિહાસનું લેખન કાર્ય જુદા જુદા વિષયના ત્રીસેક જેટલાં તજજ્ઞો દ્વારા કરાવવામાં આવ્યું છે. આ ઇતિહાસ કચ્છના ૫,૦૦૦ વર્ષ પૂર્વેના સમયથી શરૂ થઈને છેલ્લા તબક્કા સુધી લખાયેલું છે. કચ્છ માટે હવે તે મહત્ત્વનો એક ગ્રંથ બની જશે.

આ અમૂલ્ય ગ્રંથના વિમોચનનો કાર્યક્રમ તા. ૩-૨-૨૦૧૩ના રોજ ભુજ ખાતે રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને તેમજ ગ્રંથના વિમોચનકર્તા તરીકે જાણીતા ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એન્કરવાલા હતા. જ્યારે મુખ્ય મહેમાન તરીકે અધિક કલેક્ટર શ્રી ડી.બી. શાહ અને અતિથિ વિશેષ તરીકે નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એન.આર. ટોપરાણી હતા.

ભુજમાં શ્રી વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન યુવક મંડળના વિવિધલક્ષી સંકુલમાં યોજાયેલ આ કાર્યક્રમની શરૂમાં મહેમાનો અને અન્ય આગેવાનો તેમજ સાહિત્ય જગતના ઉપસ્થિત સર્વે તજજ્ઞો અને આમંત્રિત સર્વે પરિવારજનોને આવકાર આપ્યા બાદ દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ પધારેલા મહેમાનોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

ઇતિહાસવિદોએ પોતાના મનનીય પ્રવચનોમાં જણાવ્યું કે કચ્છ એ ગુજરાત રાજ્યનો એક આગવો પ્રદેશ છે. એકદમ છેવાડે આવેલા આ જિલ્લાએ પોતાની પરંપરાઓ બરાબર રીતે જાળવીને સમયને અનુરૂપ પરિવર્તન તરફ આગળ વધી રહ્યું છે.

કચ્છના જાણીતા લગભગ ત્રીસ લેખકોએ ખૂબ અભ્યાસપૂર્ણ લેખો લખીને આ મહત્ત્વના ગ્રંથની રચના કરવામાં ઉત્તમ પ્રકારની કામગીરી કરી છે. તેનું વિમોચન શ્રી દામજીભાઈ એંકરવાલાના હસ્તે કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે બોલતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે ભૂકંપ પહેલાના કચ્છ અને અત્યારના કચ્છ વચ્ચે ઘણો તફાવત છે. ભૂકંપ બાદ થયેલ નવરચના, એ પણ ઐતિહાસિક ઘટના જ છે. 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ગ્રંથને તૈયાર કરાવવા બદલ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પ્રયત્નોને બિરદાવીને તેમના હસ્તક બીજા અનેક સારા કામો થાય તેવી લાગણી પ્રદર્શિત કરી હતી.

આ પ્રસંગે કચ્છની અસ્મિતાના વિવિધ રંગો વિશે બોલતાં પ્રખ્યાત ઇતિહાસ તજજ્ઞ શ્રી મકરંદભાઈ મહેતાએ એક ખૂબ સારી વાત કરી હતી કે કચ્છના વૈચારિક મૂલ્યોને સંકલિત કરવા એક ટીમ ઊભી કરવી જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું કે, કચ્છને વિશ્વ કક્ષાએ મૂકવાના પ્રયત્નો કરવા જોઈએ. કચ્છમાં વિવિધ વિષયો પર સંશોધન કરવા માટે આ ગ્રંથ ઉપયોગી થશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

અન્ય વક્તા ભોળાભાઈ જેસંગ વિદ્યાભવનના નિયામક શ્રી આર.ટી. સાવલિયાએ જણાવ્યું કે, કચ્છનો ઇતિહાસ તૈયાર થઈ ગયો, એ પૂરતું નથી. કચ્છની તમામ શાળા, કોલેજ અને યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં તેનો સમાવેશ થાય તે તરફ ધ્યાન આપવું જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે કચ્છના ઇતિહાસના સંદર્ભમાં આ પ્રથમ સંકલિત ગ્રંથ છે. આ તબક્કે રામસિંહજી રાઠોડ દ્વારા લખાયેલ "કચ્છ સંસ્કૃતિ દર્શન"નો તેમણે ઉલ્લેખ કર્યો હતો.

ગ્રંથની સંપાદન સમિતિ વતી કચ્છ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. કાંતિભાઈ ગોરે જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષથી આ ગ્રંથ તૈયાર કરવાના પ્રયત્નો ચાલુ હતા. તેના અનુસંધાનમાં વર્ષ ૧૯૭૮માં દુલેરાય કારાણીએ લખેલા પુસ્તક 'કચ્છના કર્ણધારો'નો ઉલ્લેખ કર્યો હતો. અંગ્રેજોએ ૧૮૪૮માં કચ્છ વિશે પાંચ પુસ્તકો પ્રકાશિત કર્યા હોવાનું જણાવ્યું હતું. 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' તૈયાર કરવામાં કચ્છના ઇતિહાસકારોએ જે યોગદાન આપ્યું તેની ખૂબ પ્રશંસા કરી હતી. દરેકના સંયુક્ત પ્રયત્નો અને સહકારના કારણે આ પ્રકારનો અમૂલ્ય ગ્રંથ તૈયાર થઈ શક્યો છે. વિશ્વજ્ઞાન કોષ જેવું કેન્દ્ર કચ્છને અપાવવા તરફ સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન શ્રી અશોકભાઈ મહેતાએ કચ્છના જૂના ગેઝેટ્સની સી.ડી. તૈયાર કરાવ્યાની રજૂઆત સાથે ભુજ શહેરની આજુબાજુના વિસ્તારમાં આર્કિટેક્ચરલ કૉલેજનું નિર્માણ કરવા થઈ રહેલ તૈયારીઓની વિગત જણાવેલ હતી.

*લાગણીભર્યો વ્યવહાર સફળતા અપાવે.*

મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત અધિક કલેક્ટર શ્રી ડી.બી. શાહે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પ્રયત્નોને બિરદાવેલ. આ પ્રકારની કામગીરીથી માતૃભૂમિનું ઋણ ચૂકવ્યાનો સંતોષ મળે છે, તેવું જણાવ્યું હતું. નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એન.આર. ટોપરાણીએ કહ્યું કે, કચ્છમાં ધોળાવીરા જેવી ઐતિહાસિક સંસ્કૃતિ જેવી અન્ય સંસ્કૃતિઓ કચ્છના ભૂગર્ભમાં પડેલી હશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ભુજના નગરપતિ શ્રી શંકરભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે અત્યારે કચ્છ સર્વાંગી વિકાસ તરફ આગળ વધી રહેલ છે ત્યારે આ ગ્રંથ મદદકર્તા બનશે.

આ પ્રસંગે 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' લખનાર તમામ લેખકશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. પરામર્શક સમિતિના સભ્યો ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી હંસરાજભાઈ કંસારા અને શ્રી નરેશભાઈ અંતાણીનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. **"કચ્છનો સર્વાંગી ઇતિહાસ" (ભાગ : ૧ અને ૨)ના પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ છે.**

ઉપરોક્ત કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સહમંત્રી શ્રી દિનેશ આર. મહેતા, કારોબારી સમિતિના સભ્ય શ્રી રજનીકાંત પારેખ સહિત લગભગ વીસ પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના તંત્રી શ્રી ભરતભાઈ ઓઝા પણ સામેલ હતા.

કાર્યક્રમમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ તેમજ લેખકો સર્વશ્રી ઉમિયાશંકર અજાણી, હરેશ ધોળકિયા, દીપક માંકડ, નવીન જોશી, બાપાલાલ જાડેજા, રાજેશ અંતાણી, ધનજી ભાનુશાલી, ઘનશ્યામ ઠક્કર, દિનકર મહેતા, દિલીપભાઈ વૈદ્ય, નિરુપમ છાયા, હસમુખ અબોટી, રવિ પેથાણી, ડૉ. મહેશ ઠક્કર, ડૉ. યોગેશ જાડેજા, ડૉ. પુલિન વસા, ડૉ. ફતેહસિંહ જાડેજા, ડૉ. જેઠો લાલવાણી, ડૉ. દર્શના ધોળકિયા વગેરે ઉપસ્થિત હતા.

કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન શ્રીમતી રેશ્માબહેન ઝવેરીએ કર્યું હતું. મહેમાનશ્રીઓનું સન્માન તેમજ લેખકશ્રીઓના બહુમાનની વ્યવસ્થા રોનકબહેન અને નિધિ પટેલે સંભાળી હતી. સર્વશ્રી રજની પટવા, કમલેશ સંઘવી, વીરેન શાહ, બિરજુ શાહ તેમજ હિંમતભાઈ દામાનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું.

કાર્યક્રમમાં આભાર દર્શન કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ઉપપ્રમુખ શ્રી શશીકાંત ઠક્કરે કર્યું હતું.

*— દિનેશ મહેતા*

**(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૪)**

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ।।

WORK IS WORSHIP

# MA OM PARIVAHAN (P) LTD.

WORK IS WORSHIP

**Chandresh Lodaya : 98502 37317 / 98671 70789**
**Somchand Lodaya : 98671 70794 / 93222 75440**

***SPECIALIST IN HANDLING OF***

- **20' / 40' / 45' EX-IM Containers**
- **ODC, Heavy Machinery Packages – Shifting - Storage.**
- **General / Project Cargo Handling – Transportation Loading - Unloading - Warehousing.**

**HEAD OFFICE**

**A-104, "Sai Classic", Near Palm Acres, Mahatma Phule Road, Mulund (East), Mumbai-400 081. Tel. : 2163 6403 / 05, 21636399 Telefax : 21636394**
**E-mail : maom@vsnl.net • somchand@maom.net**

**Open & Closed Warehousing Facilities at Dahisar - Mori (Near Sheel Phata)**

Dahisar - Mori Warehouse & Workshop
Ramchandra / Sunil Kadam • Cell : 9867170780 / 81 / 84

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# ભેરીઓ ગારુડી અને ભુજિયાનો ભુજંગ

## કચ્છની રસધાર : મણકો-૭

• દુલેરાય કારાણી •

ચંદ્રવંશી રાજપૂતોના પૂર્વજ દેવેન્દ્રના ચાર દીકરા હતા : અસપત, ગજપત, નરપત અને ભૂપત. એમાંથી સૌથી મોટા અસપતે ઈસ્લામ ધર્મ ગ્રહણ કર્યો. નરપતના વંશના સમા થયા. ગજપતના વંશના ચન્દ્રચુડ યાદવને તેના મામાનું વંથલીનું રાજ્ય મળ્યું અને એના વંશવાળા ચુડાસમા કહેવાયા. ભૂપતના થયા ભટ્ટી રાજપૂતો. ભૂપતના વંશજોએ કેર ભાટને મારેલ હોવાથી તેઓ ભાટી અથવા ભટ્ટીના નામે ઓળખાવા લાગ્યા. આ ભટ્ટી રાજપૂતોએ પ્રથમ ગઢકાછામાં અને ત્યારબાદ સલભાણમાં પોતાની રાજસત્તા જમાવી. આગળ જતાં સલભાણમાંથી તેમને ખોરાસનવાળાઓએ હરાવીને હાંકી કાઢ્યા. એટલે આ ભટ્ટી લોકો મોટા રણ તરફ જતા રહ્યા. સિંધના તે વખતના રાજપૂત રાજાઓ સાથે અને ઝાલોરના સોનીગરા રાજપૂતો સાથે તેમણે લગ્નસંબંધ બાંધ્યો અને રણમાં તાણોતનો કિલ્લો બાંધીને ત્યાં પોતાની રાજધાની સ્થાપી. થોડી મુદતમાં આસપાસનાં લૂંટારાઓએ એકત્ર થઈને તાણોતના કિલ્લાને ઘેરો ઘાલ્યો. એટલું જ નહિ, પણ કિલ્લો તોડીને અંદર પેઠા અને જે ભટ્ટીઓ હાથ ચડ્યા તેમની કતલ કરી નાખી. તાણોતના કિલ્લાને પણ તેમણે જમીનદોસ્ત કરી દીધો. આ સામૂહિક કતલમાંથી રાવળ દેવરાજ અને તેના પક્ષના કેટલાક ભટ્ટીઓ બચી ગયા. તેમણે ત્યાંથી ચાલીને બીજો કિલ્લો બાંધ્યો.

આ કિલ્લાનું નામ રાવળ દેવરાજે પોતાના નામ પરથી 'દેવરાવળ' પાડ્યું. રાવળ દેવરાજ પરાક્રમી રાજા હતો. તેણે લોદ્રા જાતિના રાજપૂતોનું લોદરવા નગર પણ જીતી લીધું.

રાવળ દેવરાજથી છઠ્ઠો પુરુષ જેયસલ થયો. તેને જણાયું કે દેવરાવળ કિલ્લો બરાબર સહીસલામત સ્થળે નથી. આથી તેણે ઈ.સ. ૧૧૫૬માં આ કિલ્લાથી દસ માઈલ દૂર એક નવો મજબૂત કિલ્લો ચણાવ્યો. અહીં એક નવું ગામ વસાવીને તેનું નામ જેયસલરમે રાખ્યું. જેયસલમેરનો કિલ્લો એ વખતે અજિત અને અનુપમ હોવાથી ભાટચારણો આ કિલ્લાને બિરદાવતાં કહેવા લાગ્યા કે —

***ગઢ દિલ્લી, ગઢ આગરા, ગઢ તો બીકાનેર,***
***ભલો ચણાવ્યો ભટ્ટીએ, ગઢ તો જેયસલમેર.***

આ ભટ્ટી વંશમાં એક વખતે મૂરૂરા નામે એક દાનવીર રાજા થઈ ગયો.

*ગઢ કાછેજો રાજિયો, મૂરૂરા દાતાર,*
*જિકીં મંગણેં મંગેઓ, સે તેં કે તૈયાર.*

*ભાવાર્થ :* ગઢકાછાનો રાજા મૂરૂરા દાનવીર હતો. યાચક લોકો જે માગતા તેમને માટે તે તૈયાર હતો.

આ દાનવીર ભટ્ટી રાજાને કશી સંતતિ ન હતી. આ એક ચિંતા તેને રાતદિવસ સતાવ્યા કરતી હતી. સુખ, સમૃદ્ધિ અને રાજવૈભવ તેને ઝેર જેવાં લાગતાં. સંતાનપ્રાપ્તિ માટે તેણે ઘણાં ફાંફાં માર્યા. ઘણી દવાઓ અને માનતાઓ કરી પણ એ સઘળું નિષ્ફળ ગયું. આમ છતાં એને ત્યાં ભાટચારણ, યોગીયતિ, બ્રાહ્મણ - સૈયદ જે કોઈ આવે તેમને તેમની ઈચ્છા અનુસાર સંતુષ્ટ કરતો અને એમના આશીર્વાદથી કદી પોતાની મુરાદ હાંસલ થશે એમ માનતો.

એક દિવસે એણે સાંભળ્યું કે ગામના પાદરે કોઈ મહાન યોગીરાજે ધૂણી નાખી છે અને આખા ગામના લોકો એ મહાત્માનાં દર્શન માટે પડાપડી કરે છે. યોગીરાજ જેને દર્શન આપે છે તેનું કલ્યાણ થઈ જાય છે એવી ઊડતી વાતો સાંભળીને મૂરૂરા પોતે કોઈને સાથે લીધા વિના એકલો એકલો એ મહાત્માનાં દર્શન માટે નીકળી પડ્યો. યોગી પાસે પહોંચીને તે તેનાં ચરણો દબાવવા બેસી ગયો. યોગીરાજ સમાધિમાંથી જાગ્રત થયા ત્યારે તેમણે જોયું કે એક માણસ એમનાં ચરણો દબાવતો નીચું મસ્તક કરી બેઠો છે. તેમણે મૂરૂરાના મસ્તક પર હાથ મૂકીને કહ્યું : 'બેટા, તું કોણ છે?'

'મહારાજ! હું આપનો સેવક છું, જેયસલમેરનો રાજા છું. મારે ત્યાં અન્નધનના ઢગલા છે. એકને હાકલ કરતાં હજારો હાજર થઈ જાય છે. આમ છતાં હું દુઃખી છું. મારે ત્યાં શેર માટીની ખોટ છે.' ભટ્ટીરાજે દુઃખદ ભાવે પોતાનું દુઃખ વ્યક્ત કર્યું.

દુભાતા દિલમાંથી બહાર આવેલાં ભટ્ટીરાજાનાં વચનો સાંભળીને યોગીએ પોતાની ધૂણીમાંથી એક ચપટી ખાક ઉપાડી અને ખાક મૂરૂરાના હાથમાં મૂકતાં કહ્યું : 'લે, આ તારી રાણીને ખવડાવ! તારે ત્યાં એક કુંવરનો જન્મ થશે. પણ એક વાત છે કે એ કુંવર તારા કામનો નહિ થાય.'

'મહારાજ! જ્યાં સંતતિના જ વાંધા છે, સવારે ઊઠીને મારું મોં જોવા પણ કોઈ રાજી નથી, એવી હાલતનું મારું વાંઝિયાપણું ટળી જાય એટલું પણ મારે માટે બસ છે.' મૂરૂરાએ ગળગળા અવાજે અને આંસુભરી આંખે યોગીના ચરણોમાં મસ્તક મૂકીને આભારવશતાથી જણાવ્યું.

મૂરૂરાની દીનતા જોઈને યોગીરાજને દયા આવી. તેણે બીજી ચપટી આપીને કહ્યું : 'તારે

*ખુદના અંતઃકરણ સાથે જોડાઈને શ્રેષ્ઠ બનો.*

ત્યાં બે પુત્રોનો જન્મ થશે. હવે ખુશીથી જા!'

*જોગી ઝટ રાકે ડિનેં, ભભૂત ચપટી ભાર,*
*કાછે જે સરદાર, પીંગો લોડેં પ્રેમસેં.*

*ભાવાર્થ :* યોગીએ રાજાને ચપટી ભરીને ભભૂતિ આપી અને ગઢ કાછાના રાજવીએ પ્રેમથી પારણું ઝુલાવ્યું.

ભટ્ટીરાજાના આનંદની અવધિ થઈ ગઈ. ઊછળતા અંતરે ઘેર જઈ તેણે યોગીની આપેલી ભસ્મ રાણીને આપતાં કહ્યું કે આ ભસ્મથી આપણું વાંઝિયામહેણું હવે ટળી જવાનું છે.

અને યોગ્ય સમયે એને ત્યાં એક કુંવરનો અને ત્યારબાદ બીજા કુંવરનો જન્મ થયો. આ બેમાંનો મોટો કુંવર એ જ આપણી આ દંતકથાનો નાયક ભેરીઓ ગારુડી. (એનું અસલ નામ ભૈરવકુમાર હતું. કચ્છમાં તે ભિર્યા ગારુડી અથવા ભેરીઆ ગારુડીના નામે પ્રખ્યાત છે.)

ભેરીઓ કંઈક સમજણો થયો ત્યારથી જ તેને રાજરમતો અને રાજવૈભવો પ્રત્યે અણગમો આવવા લાગ્યો. જરા મોટો થતાં તે સ્વયંસ્ફુરણાથી મોરલીઓ બનાવવા લાગ્યો. બનાવતાં પણ શીખ્યો અને વગાડતાં પણ શીખ્યો. પોતાના જેવા મસ્ત બાલમિત્રોનું મંડળ જમાવીને પગે ઘૂઘરા બાંધી, માથે કલગી લગાવી, થનગન નાચતાં પણ શીખ્યો. પછી પોતાના મિત્રોને પણ એ કળા શીખવવા લાગ્યો. મિત્ર મંડળીને પણ આ નાચગાનમાં મજા પડતી. આ પ્રકારના આનંદ-પ્રમોદમાં જ આખી મંડળી રસ લેવા લાગી.

ભેરીઓ જરા પુખ્ત ઉંમરનો થતાં તે પોતાના દોસ્તો સાથે જંગલમાં જઈને નાગના રાફડા શોધવા લાગ્યો. નાગના દર પાસે બેસીને તે મોરલી વગાડતો અને જ્યાં નાગને દેખે ત્યાંથી તેને પકડી પાડીને કરંડિયામાં પૂરી દેતો. પોતાના મિત્રોને પણ એકએક નાગની ભેટ વહેંચી દેતો. બસ આ જ એનો નિત્યક્રમ થઈ પડ્યો. આ એક જ રંગમાં આ રાજકુમાર રંગાઈ ગયો.

ભટ્ટીરાજાને કાને રાજકુમારનાં પરાક્રમોની વાતો આવવા લાગી ત્યારે તેને પેલાં યોગીરાજનાં વચનો યાદ આવ્યાં. એને ખાતરી થઈ કે યોગી સાચો હતો. આમ છતાં ભૈરવકુમારને સમજાવવા ભટ્ટીરાજાએ ઘણા પ્રયત્નો કર્યા. પણ તે આજન્મ ગારુડી પોતાના કાર્યક્રમને કોઈ રીતે ફેરવે એવો ન હતો. એ ગારુડીરાજ તો રાતદિવસ ગાનતાનના તરંગોમાં જ મસ્ત રહેતો. જે ચીજ દેખે તે વાગે છે કે નહિ તેની પરીક્ષા કરતો. એવી રીતે મોરલીની રચનામાં તે સુધારાવધારા કરતો જ રહ્યો. નાચવા અને ગાવામાં તેને ભૂખ તરસનું પણ ભાન રહેતું નહિ. મૂરૂરાએ જ્યારે જાણ્યું કે આ કુંવર કોઈ પણ રીતે અંકુશમાં આવે તેમ નથી ત્યારે તેને બોલાવી શાંતિથી સમજાવીને કહ્યું કે 'કુમાર! તમે તો રાજા થવાને અને રાજ ચલાવવાને જ સર્જાયા છો. એક રાજાને આવા ધંધા છાજે ખરા? તમારે રમતો શીખવી હોય તો શિકારની શીખો! રાજાના કુંવરને મોરલીઓ વગાડવી અને થનગન નાચવું એ શોભે ખરું?'

પણ રાજાજીની સઘળી શિખામણો ભેંસ આગળ ભાગવત જેવી હતી. એનો બોધ અરણ્યરુદન સમાન હતો.

આખરે ભટ્ટી રાજાને ખાતરી થઈ કે કુંવર કોઈ પણ ઉપાયે સુધરે તેમ નથી. એટલે છેલ્લા ઈલાજ તરીકે તેને ચેતવણી આપી કે 'ભૈરવકુમાર, કાં તો તમે આ ધંધા છોડી દો અથવા તો મારો મુલક છોડી દો.'

આ ગારુડી વીરને તો રાજની કે મુલકની દરકાર જ ક્યાં હતી! એના મદારીખેલમાં જ એના રાજનો અને મુલકનો સમાવેશ થઈ જતો હતો. એટલે એને તો ભાવતું હતું અને વૈદે બતાવ્યા જેવું થયું. પિતાના વારસાની પણ એને પરવા ન હતી. હવે તો વતનનો ત્યાગ કરવાની તે તૈયારી કરવા લાગ્યો. એના મિત્રોનું બનેલું ગારુડી મંડળ પણ એના પર એવું મોહી પડ્યું હતું કે એના મિત્રોની ટોળી પણ એની સાથે જ ઊપડવા તૈયાર થઈ ગઈ.

*ગડજી ગારુડી થેઆ, જામાં પેરે તન,*
*મહીપત સંધા મન, મોરલીએં તેં મોહીવ્યા.*

*ભાવાર્થ :* એને ભેટીને બધા ગારુડી બની ગયા. અંગ પર જામા પહેરી લીધા. રાજવીનાં મન મોરલી પર મોહી પડ્યાં.

ભટ્ટીવંશનો ભૈરવકુમાર હવે ખરેખરો ગારુડી બની ગયો. શરીર પર કેસરી રંગના જામા ધારણ કરી લીધા. મસ્તક પર ઝૂલતી કલગીવાળી પાઘડી પહેરી લીધી. પોતાના સાથીને પણ એ જ રીતે શણગારીને ભૈરવકુમારે પોતાની જન્મભૂમિ જેયસલમેરની વિદાય લીધી. ભટ્ટીરાજાને યોગીએ ભભૂતિ આપતી વખતે જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી તે યથાર્થ નીવડી.

ભેરીઓ ગારુડી પોતાના ગારુડીમંડળ સાથે મજલ દરમજલ કરતો ચાલ્યો જાય છે. એક દિવસ મધ્યાહ્ન સમયે તેમણે એક ડુંગરની તળેટીમાં ઝાડના છાંયડા નીચે છાવણી નાખી.

તાપ સખત હતો. તમામ ગારુડી મિત્રો શીળી છાયા શોધીને ત્યાં આરામ કરવા લાગ્યા. ભેરીઓ પણ એક વૃક્ષની છાયા તળે જામી ગયો. બધા મિત્રો ઊંઘવા લાગ્યા. ભેરીઆને ઊંઘ આવતી ન હતી.

ભેરીઓ જ્યાં આરામ લેતો હતો ત્યાં જ એક ગુફા આવેલી હતી. આ ગુફાનું દ્વાર એક શિલા વડે ઢંકાયેલું હતું. જેની વિભૂતિના પ્રતાપે ભટ્ટી રાજાને ત્યાં ભેરીઆકુમારનો જન્મ થયો હતો એજ યોગીરાજ તેના શિષ્યોને પોતાની વિદ્યા શીખવી રહ્યો હતો. એનો અવાજ ભેરીઆને કાને આવતાં તે તરત સાવધ થઈ ગયો. એના મનમાં નવી જિજ્ઞાસા જાગી

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ ★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAN MAN® TOURS & TRAVELS
મુલુંડ ● દાદર ● પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

ઊઠી. તે છાનોમાનો ગુફાના દ્વારને કાન દઈ બેસી ગયો. યોગી જે વિદ્યા પોતાના ચેલાઓને ભણાવી રહ્યો હતો તે એકધ્યાનથી શ્રવણ કરવા લાગ્યો. આ રીતે ઘણો વખત વ્યતીત થઈ ગયો.

હવે આવવા માટે જરાક ખુલ્લા રાખેલા ગુફાના દ્વાર પર કોઈક બેઠું છે એવો યોગીને ભાસ થયો. ગુફાની શિલા દૂર કરવાની યોગીએ એક શિષ્યને આજ્ઞા કરી. દ્વાર ખૂલતાં જ ગુપચુપ બેસી રહેલા ભેરીઆ પર યોગીની દૃષ્ટિ પડી. યોગીએ આ યુવાનને અંદર બોલાવ્યો. તેણે શું શું સાંભળ્યું તે પૂછી જોયું. ભેરીઆએ તેને જે અભ્યાસપૂર્ણ અને કુશળતાભરેલા જવાબ આપ્યા તે સાંભળી યોગી પ્રસન્ન થઈ ગયો. તેમને ખબર પડી ગઈ કે આટલી મહેનત લેવા છતાં તેના ચેલા જે તત્ત્વ નથી સમજી શક્યા તે વસ્તુ બહાર બેઠેબેઠે આ યુવાન જાણી ગયો છે. એની સાથેની વાતચીતથી યોગીને એ વાતની પણ જાણ થઈ ગઈ કે એની વિભૂતિના પ્રતાપે ભટ્ટીરાજાને ત્યાં જે કુમારનો જન્મ થયો એ પોતે જ આ ભેરીઓ ગારુડી. યોગીએ પ્રેમથી ભેરીઆના મસ્તક પર આશીર્વાદનો હાથ ફેરવ્યો અને દરરોજ એને અહીં આવવાની સૂચના કરી.

હવે તો ભેરીઆના આનંદનો પાર રહ્યો નહિ. જે વસ્તુની એને ખાસ જરૂર હતી તે વસ્તુ સ્વયં એની સામે આવી ગઈ હતી. તે દિવસથી ભેરીઓ દરરોજ યોગીની મુલાકાત લેવા લાગ્યો અને થોડા જ સમયમાં તે તમામ ગારુડીવિદ્યાનો જાણકાર બની ગયો — પારંગત થઈ ગયો.

વિદાય વખતે યોગીરાજે એને આશીર્વાદ આપતા કહ્યું કે, 'જ્યાં સુધી તું દરિયો ઓળંગીશ નહિ ત્યાં સુધી તારી વિદ્યા સોળે કળાએ સંપૂર્ણ રહેશે. અને નાગો સાથેની રમતોમાં તને ગમે તેવો ઝેરી નાગ કરડ્યો હશે તો પણ ડંખ પર તારી દૃષ્ટિ પડતાં જ તેનું તમામ ઝેર ઊતરી જશે.'

ગુરુનાં આશીર્વચનો મસ્તક પર ચડાવી ભેરીઓ પોતાની ગારુડી જમાતને લઈને આગળ ચાલવા લાગ્યો. રસ્તે ચાલતાં ભેરીઆને એવી બાતમી મળી કે શેષાપટ્ટણમાં સઘઈ સંઘાર નામે એક મહા કરામાતવાળી સ્વરૂપવાન કુમારિકા રાજ કરે છે. તેની એવી પ્રતિજ્ઞા છે કે મંત્રવિદ્યામાં જે પોતાને હરાવે તેને જ પરણવું.

આ સમાચાર સાંભળી સઘઈ સંઘારની કરામતની કસોટી કરવાની ભેરીઆની જિજ્ઞાસા જાગી ઊઠી. આ સઘઈ સંસારની વિદ્યા જોવાના ઈરાદાથી તે પોતાની મંડળી સાથે શેષાણપટ્ટણ તરફ ઊપડ્યો. (કચ્છની ઉત્તરે રણમાં આવેલો પચ્છમનો ટાપુ એ જ અસલનું શેષાપટ્ટણ કહેવાય છે.)

અહીં શેષાપટ્ટણમાં એક વખતે સંઘાર જાતિનું પ્રાબલ્ય હતું. સમસ્ત શેષાણપટ્ટણની હકૂમત એ સમયે સઘઈ સંઘારના હાથમાં હતી. એ પણ એક યુગ હતો. જ્યારે મંત્રજંત્ર, દોરાધાગા, ક્રિયાકાંડ, આત્મસમર્પણ, બલિદાન અને ચમત્કારોની શક્તિનું માન હતું. એની એ શક્તિ ચારે તરફ પંકાતી.

સઘઈ સંઘારની એક નાની બહેન હતી. તેનું નામ તગઈ હતું. સઘઈ અને તગઈનાં નામ શેષાપટ્ટણની આસપાસના પ્રદેશમાં પ્રખ્યાત હતાં.

ભેરીઓ ગારુડી પોતાના ગારુડીમંડળ સાથે શેષાપટ્ટણ આવી પહોંચ્યો. ગામથી દૂર તંબુઓ નાખીને એણે એક છાવણી જમાવી દીધી. ભેરીઆએ પોતાના ચાર સાથીઓને સઘઈ સંઘારની બાતમી મેળવવા શેષાપટ્ટણમાં મોકલી દીધા. ચારે સાથીઓ કેસરીઆ વાઘા ધારણ કરી, ગારુડીનો સુંદર સ્વાંગ સજી, શેષાપટ્ટણમાં દાખલ થયા. હાથમાં મોરલી, ગળામાં રૂદ્રાક્ષની માળા, બગલમાં લટકાવેલ નાગોના કરંડિયા, પાઘડી પર ઝુલતી રાજવંશની કલગીઓ — આવા સ્વાંગમાં આવેલા આ નવા લેબાસના લોકોને ગામના માણસો આશ્ચર્યચકિત દૃષ્ટિએ જોવા લાગ્યા. શેષાપટ્ટણમાં પ્રવેશ કરતાં જ એમણે મોરલીઓનું સંગીત ચાલુ કરી દીધું. આમ ચાલતાં ચાલતાં આ ગારુડી બિરાદરો સઘઈ સંઘારના મહેલ પાસે આવી પહોંચ્યા. અહીં આવી એમણે પોતાની મોરલીઓનું સંગીત વધુ મધુરતાથી છેડવા માંડ્યું.

મોરલીવાદનનું આ નવા પ્રકારનું સંગીત સઘઈ સંઘારના કાને આવતાં તેણે ગોખમાંથી નજર કરી તો આ ગારુડીઓ પોતાના ગાનમાં ગુલતાન બનીને ઝુલી રહ્યા હતા. આ વખતે સઘઈ સંઘારે કોઈ એવો પ્રયોગ કર્યો કે આ ચારે જણની મોરલીઓ એકાએક બંધ થઈ ગઈ. મોરલીઓમાં ફુંકો મારીમારીને થાક્યા પણ એકે મોરલી બોલી નહિ. મોરલીઓ મૂંગી પડી જતાં આ ચારે ગારુડીઓ એકબીજાનાં મોઢાં સામે જોવા લાગ્યા.

એટલામાં ઉપરથી કોઈના ખડખડાટ હાસ્યનો અવાજ એમના કાને આવ્યો. ઊંચે જોયું તો રૂપરૂપના અંબાર જેવી એક નટખટ નારી ગોખમાં બેઠીબેઠી એમની સંગીતકળાની ઠેકડી ઉડાવી રહી હતી. ચારે જણ જાણી ગયા કે શેષાપટ્ટણની ધણીઆણી સઘઈ સંઘાર કહેવાય છે તે આ પોતે જ આપોઆપ!

ગારુડીઓ આમ વિચાર કરે છે એટલામાં સઘઈ સંઘાર પોતે નીચે ઊતરી આવી અને પૂછવા લાગી કે 'તમે ક્યાંથી આવો છો, ક્યાં જાઓ છો અને આ કરંડિયામાં શું લઈ આવ્યા છો?'

એક જણે પોતાની ઓળખાણ આપતાં કહ્યું કે અમે ભટ્ટી રાજકુમાર ભેરીઆ ગારુડીના ચેલા છીએ અને સઘઈ સંઘારનું નામ સાંભળી શેષાપટ્ટણમાં આવ્યા છીએ.

'પણ આ કરંડિયામાં શું ભર્યું છે?'

'કરંડિયામાં તો અમે જંગલમાંથી પકડેલા નાગદેવો છે.'

'તો તમારા નાગદેવોનાં દર્શન કરાવો!'

ચારે જણ કરંડિયા સાથે જમીન પર બેસી ગયા. એક જણે નાગને બહાર કાઢવા માટે કરંડિયો ખોલ્યો. અંદર જુએ છે તો કરંડિયો ખાલીખમ! પોતાનો ખાલી કરંડિયો જોઈને તેણે બીજા સામે જોયું. બીજાએ કરંડિયો ખોલ્યો તો તે પણ ખાલી. ત્રીજો અને ચોથો,

*બીજાને ખુશ કરવામાં સાચું સ્વર્ગ છે.*

ચારે કરંડિયા ખાલી હતા. આ જોઈ ચારે જણ ચમકી ગયા. બધા નાગો ક્યાં ગયા? કોઈને કંઈ સમજ પડી નહિ. એમની ભોંઠપનો પાર રહ્યો નહિ. પોતાની મંત્રવિદ્યા બતાવવા આવેલા ગારુડીઓ પોતે જ મંત્રવિદ્યાના ભોગ બની ગયા.

સઘઈ સંઘાર ચહેરા પર ગુસ્સો લાવીને બોલી : 'તમે મારી મશ્કરી કરવા આવ્યા છો? કાં તો તમારા નાગ દેખાડો કાં તો મારા કેદી થાઓ!'

આમ કહી સઘઈ સંઘારે એ ચારે ગારુડીઓને શેષાપટ્ટણના કેદખાનામાં ધકેલી દીધા અને ચારેને ઘંટી દળવા બેસાડી દીધા.

હવે ભેરીઆને જોવાની સઘઈ સંઘારને તાલાવેલી લાગી. તેણે પોતાની બહેન તગઈને ભેરીઆ ગારુડીનું પાણી માપવા મોકલાવી.

ભેરીઆને ગામમાં ગયેલા ચારે સાથીઓની હાલતની ખબર પડી ગઈ હતી. હવે કયો રસ્તો લેવો તેનો તે વિચાર કરતો હતો ત્યાં તો સમાચાર મળ્યા કે સઘઈ સંઘારની બહેન તગઈ તેની મુલાકાત માટે આવી રહી છે. આ સાંભળીને ભેરીઆને આનંદ થયો.

એટલામાં તગઈ પણ ભેરીઆની છાવણીમાં આવી પહોંચી અને ભેરીઆની પૃચ્છા કરવા લાગી.

એક ગારુડીએ ભેરીઆનો તંબુ બતાવી દીધો. આ તંબુમાંથી પણ મોરલીનો અવાજ આવતો હતો. તગઈએ વિચાર્યું : 'ઠીક થયું! હમણાં જ મોરલી બંધ કરીને ભેરીઆનું અભિમાન ઉતારી નાખું!'

આમ વિચાર કરતી તગઈ તો ધસમસતી તંબુમાં પેઠી. પણ જુએ છે તો તંબુ ખાલી હતો. ભેરીઓ પણ ન હતો અને મોરલી પણ ન હતી. તગઈ મુંઝાઈ ગઈ. ખાલી તંબુને ચારે તરફ જોવા લાગી.

ભેરીઆના ગારુડી મિત્રો સઘઈ સંઘારના કેદખાનામાં સપડાઈ ગયા અને સઘઈની બહેન તગઈ ભેરીઆના કેદખાનામાં આવી ગઈ.

હવે ભેરીઆ ગારુડીએ સઘઈ સંઘારને ખબર મોકલાવ્યા કે 'તેં મારા સાથીઓને ઘંટી પર બેસાડ્યા છે તો મેં તારી બહેનને ઘાણી પર બેસાડી છે.'

પોતાની બહેન તગઈ ભેરીઆ ગારુડીની જાળમાં ફસાઈ ગઈ એ વાત જાણીને સઘઈ ગભરાઈ ગઈ. તેને ખાવુંપીવું ઝેર જેવું થઈ પડ્યું. ઊંઘ હરામ થઈ ગઈ. ગારુડીના પંજામાંથી પોતાની બહેનને મુક્ત કરવાના વિચારો એના મગજમાં ચક્કર લેવા લાગ્યા. તેને કોઈ રસ્તો સૂઝતો ન હતો. હવે નમી પડ્યા વગર આરો નથી એવી એને ખાતરી થઈ. તેણે ભેરીઆ ગારુડીના ચારે સાથીઓને છૂટા કર્યા અને પોતાની બહેનને છોડાવવા જાતે જ ભેરીઆ પાસે પહોંચી ગઈ.

ગારુડી રાજકુમારે શેષાણપટ્ટણની રાજકુમારીને આવતી જોઈને ઊભા થઈને તેનો સારો સત્કાર કર્યો. બિયાબાન જંગલની ગોદમાં આ ગારુડીરાજનો વૈભવ નિહાળીને સઘઈ સંઘાર ચકિત થઈ ગઈ. થોડીવાર તો શું બોલવું તે પણ તેને સૂઝ્યું નહિ. પોતાની બહેનની વાત પણ યાદ આવી નહિ. ભેરીઆની ભવ્ય મૂર્તિથી અને તેના વ્યક્તિત્વની છટાથી સઘઈ કુમારી અંજાઈ ગઈ. ભેરીઆની અપ્રતિમ પ્રતિભા અને તેના પ્રભાવને જોઈ શેષાપટ્ટણની સિંહણ બકરી જેવી બની ગઈ. અંતે તે કંઈ વાત કરવાના વિચારથી બોલી ઊઠી : 'ગારુડીરાજ! તમે તમારા ગૃહસ્થાશ્રમને વેડફી રહ્યા છો એમ તમને નથી લાગતું?'

'રાજકુમારી, ગૃહસ્થાશ્રમને માણવો હોત તો રાજવૈભવને ઠોકર મારીને અહીં સુધી આવ્યો જ ન હોત!'

'પણ ભવિષ્યનો કંઈ વિચાર કર્યો છે ખરો?'

'ભવિષ્યનો વિચાર તો કર્યો નથી અને કરવો પણ નથી.'

'પણ છતે સાધને આમ એકલવાયું જીવન કેમ વીતશે?' સઘઈ સંઘારના અંતરમાં રમી રહેલાં વિચારો અચાનક બહાર આવવા લાગ્યા.

'તમારું વીતે છે તેમ!' ભેરીઆએ થોડા શબ્દોમાં ઘણું કહી દીધું.

ભેરીઆના આ ટૂંકા પણ જોરદાર વચનથી સઘઈના ચહેરા પર શરમની લાલી છવાઈ ગઈ. તેનું મુખ લજ્જાથી લાલચોળ બની ગયું. લજ્જાની લાલિમાથી તેનું સૌંદર્ય ઓર દીપી ઊઠ્યું. ભેરીઆ ગારુડીએ આવું અનુપમ સૌંદર્ય જિંદગીમાં આજે પહેલીવાર જ જોયું. કદી ન જાગેલી લાગણીઓ એના અંતરમાં આજે જાગી ઊઠી.

થોડી વાર મૌન રહી સઘઈ ફરી બોલી : 'શું આખું જીવન આમ જ વ્યતીત કરવા માગો છો?'

'એના વિના બીજો ઉપાય જ ક્યાં છે?' ભેરીઓ પણ હવે એનું અંતર ખોલવા લાગ્યો. 'અમને વેરાગીઓને પોતાનું જીવન વેચવા પણ કોણ તૈયાર થાય?'

'જે વૈભવ રાજાઓ પણ ન માણી શકે એવો વૈભવ તમે વેરાગીના વેશમાં માણી રહ્યા છો એમ મને લાગે છે. તમારી પાસે પોતાની જિંદગી વેચનાર તો ભાગ્યશાળી ગણાય.'

સઘઈ કુમારીના શબ્દોએ ભેરીઆના અંતરની આશાવલ્લીને લીલીછમ બનાવી દીધી.

ઈન્દ્રની અપ્સરા જેવું સઘઈ કુમારીનું સ્વરૂપ જોઈને ભેરીઆનું તેના પ્રત્યેનું આકર્ષણ વધતું ગયું. જેવી સ્થિતિ ભેરીઆની હતી તેવી જ સ્થિતિ સઘઈ સંઘારની હતી. તેણે હવે ભેરીઆ કુમાર પાસે પોતાની પ્રતિજ્ઞા વ્યક્ત કરતાં કહ્યું કે 'આબુના પહાડમાં એક જડિયો ભુજંગ રહે છે તેને નાથી આવનારને જ હું વરું એવી મારી પ્રતિજ્ઞા છે.'

ગારુડીરાજે કહ્યું : 'ત્યારે એ મારું કામ. નાગોને નમાવવા જ તો મેં જન્મ લીધો છે. હવે એ જડિયો નાગ ક્યાં જવાનો હતો?'

આ છેલ્લી વાતચીત પછી ભેરીઆ કુમાર અને સઘઈ કુમારી વચ્ચે સુલેહની ગાંઠ બંધાઈ ગઈ. સઘઈ સંઘાર પોતાની બહેન તગઈને

*માત્ર પ્રકાશનો અભાવ નહિ પણ વધુ પડતો પ્રકાશ પણ મનુષ્યની આંખો માટે અંધકારરૂપ સાબિત થાય છે.*

લઈને વિદાય થઈ.

અને ભેરીઆ ગારુડીનું મેલાણ શેષાપટ્ટણના પાદરેથી હવે ઊપડ્યું. જડિયા નાગની શોધમાં તે નીકળી પડ્યો. આબુના પહાડેપહાડમાં ઘૂમીને આખરે એણે જડિયા ભુજંગનો રાફડો શોધી કાઢ્યો. ભુજંગના રાફડા પાસે આસન જમાવીને ભેરીઆ ગારુડીએ પોતાની મૌવર છેડવા માંડી.

ત્રણ દિવસના તપ પછી આખરે નાગદેવ બહાર આવ્યા. ભેરીઓ અને જડિયો બંને એક જ ગુરુના શિષ્ય હતા. જડિયો પણ ભેરીઆના લખગુરુને જ પોતાનો ગુરુ માનતો હતો.

જડિયાને બહાર નીકળેલો જોઈ ભેરીઆએ તેને કહ્યું : 'નાગદેવતા! હું ભેરીઓ ગારુડી તમને નાથવા આવ્યો છું. કારણકે મારે સઘઈ રાણીને વરવું છે.'

સઘઈનું નામ સાંભળતાં જ જડિયો ભડક્યો. તેને ધાસ્તી લાગી કે આ ભેરીઓ ગારુડી તેને હવે કોઈ રીતે છોડવાનો નથી. આ વિચારથી તેણે ત્યાંથી પલાયન થઈ જવાનો રસ્તો લીધો. જડિયો પોતાની વિદ્યા વડે ત્યાંથી એકદમ અદશ્ય થઈ ગયો.

લોકકથા કહે છે કે જડિયો પાતાળમાર્ગે ત્યાંથી નાસવા લાગ્યો અને ભેરીઓ આકાશ માર્ગે તેની પાછળ પડ્યો. આખરે જડિયો પોતાનો જીવ બચાવવા લખગુરુ પાસે આવ્યો અને ભેરીઆના પંજામાંથી પોતાને છોડાવવા ગુરુદેવને વીનવવા લાગ્યો.

એક જ ગુરુના શિષ્યો ગુરુભાઈ કહેવાય. આ ભ્રાતૃધર્મ ભૂલીને ભેરીઆને જડિયા પર એક સ્ત્રીના કારણે જુલમ ગુજારતો જોઈને એ જ યોગીરાજ લખગુરુને ભેરીઆ પર ગુસ્સો ચડ્યો. લખગુરુએ જડિયાને ભેરીઆના હાથમાંથી ઉગારી લેવા તેને એક સચોટ ઈલાજ બતાવતાં કહ્યું કે 'ભેરીઆને મેં બે વરદાન આપ્યા છે. એક તો એ કે તે જ્યારે દરિયો ઓળંગી જશે ત્યારે તેની શક્તિ જશે. અને બીજું વરદાન એ છે કે કોઈ પણ નાગના ડંખ પર એની દૃષ્ટિ પડતાં જ તેનું ઝેર ઊતરી જશે. આ બે વરદાનોમાં બે છટકબારી મેં ખાસ રાખેલી છે. દરિયો ઓળંગતાં એની વિદ્યા ઝાંખી પડી જાય. અને ગરદન પર જ્યાં એની નજર ન પડે ત્યાં કોઈ નાગ એને દંશ દે તો તેનું ઝેર એનું મૃત્યુ આણે. આ બે બાબતો તું તારા લક્ષમાં રાખીશ તો ભેરીઓ તને જીતી શકશે નહિ. એનું નામ તે ગુરુગમ વિદ્યા.

ગુરુગમની આ વાત કાને આવતાં જડિયાના આનંદનો પાર રહ્યો નહિ. તે ફરીથી નાસતો નાસતો હાલના જામનગરના દરિયાકાંઠે નાગની બંદર કહેવાય છે ત્યાં આવ્યો. ભેરીઓ તો તેની પાછળ જ હતો. જડિયો નાગ જામનગરવાળી નાગમતી નદીના રસ્તે થઈ પાતાળ માર્ગે કચ્છના ભુજપુર ગામની નાગમતીના (કચ્છની નાગમતી નદી ભુજપુર પાસે થઈને નવીનાળની ખાડીમાં પડે છે. આ નાગમતી અને જામનગરની નાગમતી બંને સામસામી આવેલ છે. આ નાગના કારણે જ જામનગરનું અસલ નામ નાગની બંદર હતું એમ કહેવાય છે.) રસ્તે પસાર થઈ ગયો. અને ત્યાંથી ચાડવા ડુંગર પર થઈને ભુજિયા પર આવી વસ્યો. ભુજિયા પર એ વખતે એની માસીબા નાગમતી રહેતી હતી એને આશરે આવી ગયો.

આ તરફ ભેરીઓ પણ જડિયાની પાછળ પાછળ ચાલતો ભુજિયાની તળેટીમાં આવી લાગ્યો. તે સમજી ગયો કે જડિયો ભુજિયામાં છુપાયો છે. હવે ભેરીઓ પણ ભુજિયા પર ચડવા લાગ્યો.

ભેરીઆની કળા હવે ઘટતી જતી હતી એ વાત જડિયો બરાબર સમજી ગયો હતો. એટલે ભેરીઆને ભૂલ - થાપ આપવા જડિયો એક લાકડીના રૂપમાં ભેરીઆના રસ્તા વચ્ચે પડી રહ્યો.

વાંકી વળેલી મૂઠવાળી આ સુંદર લાકડી રસ્તા વચ્ચે પડેલી જોઈને ભેરીઆએ તે ઉઠાવી લીધી અને એની વાંકી મૂઠ પોતાની ગરદન પર મૂકી. લાકડી ભેરીઆની ગરદન પર આવતાં જ તે એક ઝેરી નાગમાં ફેરવાઈ ગઈ અને ભેરીઆની ગરદનના પાછલા ભાગ પર જ્યાં એની દૃષ્ટિ ન પડે ત્યાં એને ઝેરી ડંખ દઈ દીધો. ભેરીઓ ઝેરની અસર નીચે આવી જતાં જમીન પર પટકાઈ પડ્યો.

હવે તેને યાદ આવ્યું કે સઘઈ સંઘારના મોહમાં દરિયો ન ઓળંગવાની ગુરુએ કરેલી મનાઈની વાત તે તદ્દન ભૂલી ગયો હતો. ભેરીઆએ જોયું કે હવે બચવાની આશા વ્યર્થ છે. આમ છતાં તેણે પોતાની રહીસહી શક્તિના આધારે એના ચેલાઓના આગમન લગી પોતાના દેહને ટકાવી રાખ્યો.

ચેલાઓ આવી પહોંચ્યા અને જોયું કે ગુરુદેવ તો છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે.

શિષ્યમંડળ આવી પહોંચતા ભેરીઆના મનને નિરાંત થઈ - આનંદ પણ થયો. મરતી વખતે તેણે પોતાના શિષ્યોને સૂચના આપી કે 'મારા મૃત્યુ બાદ મારા શરીરને સ્નાન કરાવી મારા ચરણોદકનો એકએક ઘૂંટડો તમે પી જશો તો તમે બધા જ મારા જેવા જ શક્તિશાળી બની જશો.'

ગુરુની આજ્ઞા પ્રમાણે તેના મૃત્યુ બાદ તેના શિષ્યમંડળે ગુરુના શરીરને સ્નાન કરાવી તેના ચરણોદકનો એક પ્યાલો તૈયાર કર્યો.

આ વાતની જડિયાને ખબર પડતાં તેણે વિચાર્યું કે એક ભેરીઆ ગારુડીએ મને આટલો બધો ત્રાસ આપ્યો ત્યારે આ બધા જો ભેરીઆ બની જશે તો કોણ જાણે શુંયે કરશે? આનો ઉપાય કરવા તેણે એક નવી યુક્તિ કરી.

ભેરીઆના શિષ્યો એના ચરણોદકનો પ્યાલો મોઢે માંડવા જાય છે ત્યાં તો પેલા જડિયા નાગે કાગડાના રૂપે આવીને પ્યાલાને ઝપટ લગાવી આખો ચરણોદકનો પ્યાલો ઢોળી નાખ્યો. ભેરીઆના શિષ્યમિત્રોની આખી બાજી બગડી ગઈ. ભેરીઆ જેવા બનવાની આશા નિરાશામાં ફેરવાઈ ગઈ.

કાળા જુડધાર નાગોને પકડી, કરંડિયામાં પૂરી, ગામેગામ ઘૂમનાર આજના વાદી લોકો ભેરીઆ ગારુડીના વારસદારો કહેવાય છે. પાઘડી પર કલગી લગાવે છે.

ભેરીઆ ગારુડીના સ્વાંગમાં આખરે મૃત્યુને ભેટનાર ભટ્ટી વંશના ભૈરવકુમારના મનની બધી હામ મનમાં જ રહી ગઈ.

અને શેષાપટ્ટણની અધિષ્ઠાત્રી સઘઈ સંઘાર ભૈરવકુમારની રાહ જોતી જ રહી ગઈ.

***સ્વ. દુલેરાય કારાણી લિખિત***
***"કચ્છની રસધાર : ભાગ-૧"માંથી સાભાર***

***આપણું મન એક બારી જ છે, તેને ચપોચપ રીતે બંધ કરી દો જેથી તે ફરી ન ખૂલે.***

# લખપતજીની આડી ચાલથી દેશળજીનું રાજ ગયું

• નરેશ અંતાણી •

*રાવ દેશળજીનું રાજ્ય નિર્વિઘ્ને ચાલતું હતું. પરંતુ આ સમયમાં જ કુમાર લખપતજીની તૃષ્ણાઓ વધતી ગઈ હતી. તેમના મોજશોખના ખર્ચાઓ પણ વધતા ગયા હતા. તેમના વિલાસી જીવનને કારણે રાજ્ય પર આર્થિક બોજ પણ વધ્યો. પરિણામે રાજ્ય વહીવટ અને રાજકીય સ્થિતિ ડામાડોળ રહેતી. જેમાંથી અનેક રાજકીય ખટપટોનો પણ જન્મ થયો.*

કચ્છની રાજગાદી મેળવવા કેટલાય દાવપેચ ખેલાતા હતા. આવા અનેક કિસ્સાઓ કચ્છનાં ઇતિહાસમાં નોંધાયા છે. કચ્છ ઉપર રાજ કરી ગયેલા રાજવીઓ પૈકી લખપતજી, એ કલાપ્રિય રાજવી ગણાવાયા છે. જો કે એ હકીકત છે કે તેમના સમયમાં થઈ ગયેલા રામસિંહ માલમની મદદથી તેમના સમયમાં કચ્છમાં કળાકૌશલ્યનો સારો વિકાસ થયો હતો. પરંતુ એમણે કચ્છની ગાદી કેવા દાવપેચ રમી અને કપટપૂર્વક મેળવી એ કિસ્સો પણ નવી પેઢી માટે જાણવો રસપ્રદ બની રહેશે.

મહારાઓ દેશળજી પહેલાએ માગશર વદ આઠમના દિવસે કચ્છની રાજગાદી સંભાળી એ સમયે કચ્છનું વાતાવરણ મહદ્ અંશે શાંત હતું. લોકો પણ સુખી હતા. ભાયાતો પણ પોતાનો વહીવટ શાંતિપૂર્વક ચલાવતા અને કચ્છ રાજ્યને જરૂર પડે ત્યારે હાજર થતા અને મદદ માટે હાજર પણ થતા. પરંતુ એક મોરબીના કાંયાજી તેમને પ્રતિકૂળ રહેતો અને તે કચ્છનું રાજ તેને કેવી રીતે મળે તે માટે કાયમ તેની તજવીજમાં રહેતો અને આ માટે તેણે અમદાવાદના સૂબા શેર બુલંદખાનને સાધ્યો અને કચ્છનું રાજ જો તે તેને અપાવે તો દર વર્ષે તેને મોટી ખંડણી આપવાની લાલચ આપી. આ લાલચથી આકર્ષાઈ શેર બુલંદખાને પચાસ હજાર સૈનિકોનું લશ્કર લઈ ભુજિયા પર ચડાઈ કરી. નવાબના લશ્કરે માધાપર પાસેથી ભુજિયાને ઘેરો ઘાલ્યો અને ભુંડાગરો સહિત બે કોઠા પર પોતાનો કબજો જમાવ્યો. પરંતુ કચ્છના રાજવીની આ પરિસ્થિતિ જાણી પાટરાણી બાઈરાજબાએ પોતાનો ખજાનો કચ્છ રાજ્યની મદદ માટે ખોલી આપ્યો અને લોહાણા દેવકરણ શેઠે પોતાની કુનેહથી નવાબના લશ્કરને વિખેરી નાખ્યું. શેર બુલંદખાન ગભરાયો. તેને કચ્છ લાવનાર કાંયાજી પણ તેને છોડી નાસી છૂટ્યો હતો. આથી સુબો નિરાશ થઈ કચ્છ છોડી નાસી ગયો. રાવ દેશળજીના પુત્ર કુમાર લખપતજી પરાક્રમી અને શૂરવીર હતા. તેમણે પણ આ ચડાઈમાં શેર બુલંદખાનને પરાજીત કરવામાં પોતાની કુનેહ બતાવી હતી. વીસ વરસની ઉંમરના લખપતજીના આ પરાક્રમથી કચ્છની પ્રજા તેમના પર વારી ગઈ હતી.

કચ્છ રાજ્યની આ ફતેહથી ખુશ થઈ રાવ દેશળજીએ દેવકરણની કુનેહની કદર કરી રાજ્યના દીવાન બનાવ્યા. દેવકરણે દીવાનની ધૂરા સંભાળી પોતાનું બધું ધ્યાન રાજ્યના વિકાસમાં, ખાસ કરીને ખેતી અને વેપાર તરફ કેન્દ્રિત કર્યું. પરિણામે રાજ્યની તિજોરીની મહેસૂલી આવકમાં નોંધપાત્ર વધારો થયો. એક વર્ષમાં અઢાર લાખ કોરી મહેસૂલની તથા દસ લાખ અન્ય આવક મળી અઠ્યાવીસ લાખ કોરીની આવક તે સમયે નોંધાઈ છે. આ આવકનો ઉપયોગ રાજ્યની સુરક્ષા વધુ મજબૂત બનાવવામાં કરાયો હતો. આ આવકમાંથી ભુજિયા કિલ્લાના જિર્ણોદ્ધાર, ભુજનો આલમપનાહ ગઢ ઉપરાંત અંજાર, મુંદ્રા અને રાપરના ગઢનું નિર્માણ એ સમયે કરાયું હતું. વીરાવાવમાં થાણા ઊભા કર્યા, ઓખાના ચાંચિયાઓથી વહાણોના રક્ષણ માટે ઓખા બેટ પાસે કચ્છી ગઢ કિલ્લો બનાવાયો તથા રામયાઓના રક્ષણ માટે સિંધમાં રાયમા બજારના કિલ્લાનું પણ નિર્માણ કરાયું.

કચ્છ રાજ્ય આમ નિર્વિઘ્ને ચાલતું હતું પરંતુ આ સમયમાં જ કુમાર લખપતજીની તૃષ્ણાઓ વધતી ગઈ હતી. તેમના મોજશોખના ખર્ચાઓ પણ વધતા ગયા હતા. લખપતજીના વ્યક્તિત્વ વિશે અનેક મતમતાંતર પ્રવર્તે છે. લખપતજી યુવરાજ તરીકે સંવત ૧૭૮૯માં દિલ્હી ગયેલા ત્યારે ત્યાંના મોજશોખ, ગીત-સંગીતની મહેફિલ, મુજરાની દુનિયાથી અંજાઈ ગયા હતા. પોતે પણ કુશળ ગવૈયા અને નર્તક હોઈ દિલ્હીની ૧૫ રાજ નર્તકીઓ તેમના પર મોહી પડી હતી અને આજીવન તેમની સાથે રહેવાના કોડ સાથે તેમની સાથે ભુજ આવી હતી.

પોતાના આ ખાનગી ખર્ચાઓ માટે મોટી રકમ તેણે દેશળજી પાસે માગી. પરંતુ રાજ્યની તિજોરીનો ઉપયોગ લોકહિતાર્થે કરવો જોઈએ અને સંકટમાં આ નાણા ઉપયોગી બને અને વળી કુમારના આવા ઉડાઉ ખર્ચા તેમને પસંદ પણ ન હતા. એ માટે તેમણે લખપતજીની આ માગ ન સ્વીકારી અને આવા ખર્ચ ન કરવા સલાહ પણ આપી. પણ આની કોઈ અસર લખપતજી પર ન થઈ અને તેમણે ઉદયપુરના રાણા પાસે જતા રહેવાની ધમકી આપી.

તેમના વિલાસી જીવનને કારણે રાજ્ય પર આર્થિક બોજ પણ વધ્યો. પરિણામે રાજ્ય વહીવટ અને રાજકીય સ્થિતિ ડામાડોળ રહેતી.

*હંમેશાં સત્યના પાયા પર જ સફળતાની ઈમારત ચણો.*

જેમાંથી અનેક રાજકીય ખટપટોનો પણ જન્મ થયો. લખપતજીએ જોયું કે આ બધાના મૂળમાં દીવાન દેવકરણ શેઠ છે અને એ છે ત્યાં સુધી તેનું કંઈ વળવાનું નથી. આથી તેમણે એક ષડયંત્ર રચી દેવકરણ શેઠનું ખૂન કરાવ્યું. આ પછી પણ કચ્છ રાજ્યની ધૂરા પોતાના હાથમાં કરી લેવાની લાલસાથી લખપતજીએ પિતા દેશળજીને પોતાના મહેલમાં ભોજન માટે નિમંત્રણ આપ્યું અને છળકપટથી તેમને કેદ કરી લીધા. પોતાની યોજના અનુસાર કચ્છના કિલ્લાઓ અને મોટી જાગીરો પોતાના કબજામાં કરી લીધા. રાવ દેશળજીને તેમણે દસ વર્ષ સુધી કેદમાં રાખ્યા અને સંવત ૧૮૦૮માં તેમનું અવસાન થયા પછી વિધિવત્ કચ્છની શાસન ધુરા સંભાળી.

આમ, કચ્છના કલાપ્રેમી રાજવીના પ્રપંચના એક રસપ્રદ પ્રકરણ કચ્છના ઇતિહાસના પાને નોંધાયું.

*'ભૂમા નિકેતન',*
*૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮, ૯૪૦૮૭ ૩૧૮૭૮*

## ઈશ્વરની ચાર નોટિસો

આપણા જીવનમાં ઈશ્વર ચાર નોટિસો મોકલે છે.

પહેલી નોટિસ બુકપોસ્ટથી મોકલે છે.

બીજી નોટિસ કવરમાં મોકલે છે.

ત્રીજી નોટિસ રજિસ્ટર એ.ડી.થી મોકલે છે.

ચોથી નોટિસ વી.પી.પી.થી મોકલે છે.

પહેલી નોટિસ સફેદ વાળની મોકલે છે. જેમ બુક પોસ્ટમાં આવે છે, તે ગમે તે વાંચી શકે છે, તેમ માથામાં આવેલ સફેદ વાળ બધા જોઈ શકે છે.

બીજી નોટિસ દાંતની મોકલે છે. તે મોં ખોલી આપણને બતાવે ત્યારે જ જોઈ શકીએ છીએ.

ત્રીજી નોટિસ કાનમાં બહેરાશની અને આંખમાં ઝાંખપની મોકલાવે છે. જેમ રજિસ્ટર એ.ડી. સરનામાવાળી વ્યક્તિ પોતે સહી કરી છોડાવે તેમ વ્યક્તિ પોતે કહે કે મારાથી નથી સંભળાતું, નથી દેખાતું ત્યારે એમ લાગે છે કે આ જીવ ઉપર ત્રીજી નોટિસ આવી.

ચોથી નોટિસ શરીરમાં અશક્તિની મોકલાવે છે. જેમ વી.પી. પોસ્ટ ખાતામાંથી છોડાવવા સાક્ષીની સહી જોઈએ તેમ શરીરમાં અશક્તિ છે તે બતાવવા હાથમાં લાકડીની જરૂર રહે છે.

આમ મોહમાયારૂપી જીવનમાં જેમ જેમ જીવ ઉંમરલાયક થાય છે તેમ તેમ યમરાજ ક્રમવાર ચાર નોટિસો મોકલાવે છે. ઉપર પ્રમાણે નોટિસ આવે છે. છતાં પણ જીવ મોહ-માયા રૂપી બંધનમાંથી છૂટી પ્રભુ સાધના કરતો નથી. કાળચક્ર મુજબ યમરાજા છેલ્લી નોટિસ પ્રમાણે આવીને જીવને લઈ જાય છે.

*સાભાર : "જીવન પ્રભાત"*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

॥ અતિથી દેવો ભવ: ॥

**અત્યાધુનિક યુગના 'શ્રવણ' ચેતન મોતા સંગાથે**

- શિખરજી
- સૌરાષ્ટ્ર દર્શન
- રાજસ્થાન
- પાલિતાણા-પંચતીર્થી
- ગિરનાર-સોમનાથ
- કચ્છ પંચતીર્થી
- જગન્નાથપુરી
- નાગેશ્વર-MP
- પૂના-કાવજ
- કાવી-ગંધાર-ઝઘડિયા
- કુલપાકજી-હૈદ્રાબાદ
- ચારધામ

**કોઈપણ 'ડેસ્ટિનેશન'માં જોડાવ...**
**મુંબઈથી મુંબઈ સુધી પરફેક્ટ પ્રેઝન્ટેશન સાથેની... 'સંપૂર્ણ પેકેજ'**

**ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રૂપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજિત ફેમિલી / હનીમૂન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે....**

**CHETAN MOTA'S**

tmt® holydays

**LANDMARK FOR PACKAGE TOUR**

- કાશ્મીર-વૈષ્ણોદેવી
- લેહ લદાક-કાશ્મીર
- દાર્જીલીંગ-સીક્કીમ
- હિમાચલ
- ઉત્તરાંચલ
- કેરાલા
- સાઉથ
- રાજસ્થાન
- ભુતાન
- નેપાલ

૨૦૬, નેપચ્યુન હાઉસ, એન.એસ. રોડ, મુલુંડ રેલ્વે સ્ટેશન પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**Ph. : 2593 4545 • 2565 0533 • 93222 82993 • Fax : 2568 3231**
**www.tmtholydays.in • tmtholydays@yahoo.co.in**

# કચ્છનાં સ્થાપત્યો તથા પુરાતત્ત્વીય સ્થળો

• હરેશ ધોળકિયા •

કોઈ પણ પ્રદેશની પ્રાચીનતા જાણવી હોય તો જેમ પુરાતત્ત્વીય અવશેષોનો અભ્યાસ અનિવાર્ય બને છે, તેમ પ્રદેશની સંસ્કૃતિનો પરિચય મેળવવો હોય તો તેની કળા, સંગીત, ચિત્ર વગેરે સાથે શિલ્પ - સ્થાપત્યનો પણ અભ્યાસ જરૂરી બને છે.

આપણા દેશમાં આમ તો મોટાભાગનું સ્થાપત્ય 'ભારતીય સ્થાપત્ય' તરીકે જ ઓળખાય છે, છતાં તેના પેટા વિભાગોમાં હિંદુ સ્થાપત્ય, મુસ્લિમ સ્થાપત્ય, જૈન સ્થાપત્ય વગેરે વિભાગો કરી શકાય છે.

કચ્છનો ભૂતકાળ ઘણો લાંબો છે. હડપ્પીય સંસ્કૃતિથી વર્તમાન સુધી તેનો ઈતિહાસ પથરાયેલો છે. સમગ્ર કાળમાંનું જે આજે વિદ્યમાન છે, તેમાંથી સ્થાપત્યનો અભ્યાસ કરી શકાય છે. આ વિષય અતિ વિશાળ છે. અહીં તો કચ્છમાંનાં સ્થાપત્યોની ઝાંખી કરવી પૂરતી થશે.

કચ્છનાં કેટલાંક સ્થળો સ્થાપત્યની દૃષ્ટિએ ધ્યાન ખેંચે છે.

### • કેરાનું શિવમંદિર :

ભુજથી મુંદ્રા તરફ જતાં ૨૦ કિલોમીટર પર કેરા ગામ આવેલ છે. ત્યાં ઘણી જગ્યાઓ મુલાકાત લેવા જેવી છે. પણ તેમાં ગામ બહાર આવેલ કેરા કોટ પાસે આવેલ અને પ્રાચીન શિવમંદિર સ્થાપત્યની દૃષ્ટિએ અગત્યનું છે.

કેરા પોતે પ્રાચીન ગામ ગણી શકાય. પૌરાણિક કપિલમુનિનો આશ્રમ અહીં છે. મોડ મનાઈ, લાખો ફુલાણી વગેરે નામો સાથે ગામ સંકળાયેલ છે. લાખાએ આ શિવમંદિર બંધાવેલ છે. કેટલાકના મતે તેના પહેલાં બંધાયેલ છે. જે હોય તે, પણ મંદિરનું સ્થાપત્ય ધ્યાન ખેંચે છે. મંદિર ઘણું જ જીર્ણ થઈ ગયેલ છે. ભૂકંપોએ તેને પાયાથી હચમચાવી દીધું છે, છતાં જે કંઈ બચ્યું છે તેનું સ્થાપત્ય આકર્ષક છે.

આ મંદિર નાગરશૈલી કે ચાલુક્ય શૈલીમાં બંધાયેલ છે. તેના ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણા પથ છે. ત્રણ ઝરૂખાદાર જાળીવાળી બારીઓ છે. ત્યાં અપ્સરાઓ તથા દેવીઓની આકૃતિઓ કંડારેલ છે. તેના બાંધકામ પર નજર કરાય તો તે પ્રચંડ શિલાઓથી, સિમેન્ટનો ઉપયોગ કર્યા વિના, સરસ રીતે ચણાયેલ છે. પથ્થરમાંનું કોતરકામ પ્રમાણસર અને સૌંદર્યમંડિત છે. મૂર્તિઓનું અંગભંગ લાવણ્યમય છે. આ બધાને જોતાં તત્કાલીન ધર્મ, લોકજીવન વગેરેનાં દર્શન થાય છે.

### • કોટાયનું શિવમંદિર :

ભુજથી ઉત્તરે જતાં હયાબ ડુંગર પાસે આ કોટાયનું મંદિર આવેલ છે. તે ભૂતકાળમાં કાઠી લોકોની વસાહત હતી. તેઓ સૂર્યપૂજક હતા. તેમણે સૂર્યમંદિરો સર્જ્યા હતાં. આ મંદિર પણ કાળની થપાટો ખાઈ ખખડધજ થઈ ગયેલ છે. બહુ ઓછું સ્થાપત્ય બચ્યું છે.

આ મંદિરની ઉત્તર અને દક્ષિણ દિશામાં એકએક ઝરૂખાબારી છે. આમ, તો તે સળંગ પથ્થરમાં કોતરી છે, પણ આજે તે તૂટેલ હાલતમાં છે. સભામંડપ ભગ્ન હાલતમાં છે. છતાં તેની જૂની ભવ્યતાની ઝાંખી તો થાય જ છે. તેમાં ક્યાંક નૃત્યમૂર્તિઓ, જલલહર કે પદ્મપૂંજો જોવા મળે છે. તેના સ્તંભો પર સિંહમુખો તથા કીચકો મૂકી તેના પર છત ટેકવી છે. છતમાં રાસમંડળી અને પાંખડીઓવાળું કમળનું શિલ્પ આંખને ગમી જાય તેવું છે.

આ ઉપરાંત ત્યાં ગણેશમૂર્તિ, નવગ્રહનો પટ્ટ, રાસમંડળ, વેલ વગેરે પણ ધ્યાનાકર્ષક છે. આ બધું જોતાં માનવ જીવનની ગતિશીલતા, ઉલ્લાસ, તાલબદ્ધતાનો ધબકાર દેખાય છે. મંદિરના તોરણ પર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રતિમાઓ અને ચામર ધારિણીઓ કોતરેલ છે. ઉત્તરમાં જળધારી અને ગોમુખ દેખાય છે. મંદિર આસપાસ ભોગાસનો આલેખેલ છે, જે શૈવ સંસ્કૃતિને સ્પષ્ટ કરે છે. સંગીતનાં વાદ્યો દેખાય છે. આ બધું અજંતાનાં શિલ્પોને અનુસર્યું છે તેવો અભિપ્રાય છે.

### • કંથકોટનું સ્થાપત્ય :

કંથકોટ પણ પ્રાચીન સ્થળ છે. તે રાપર પાસે આવેલ છે. આઠમી સદીમાં તે કાઠીઓની રાજધાની હતું. તેથી અહીં પણ સૂર્યમંદિર છે. યોગી કંથડનાથ સાથે સંકળાયેલ હોવાથી તેનું નામ 'કંથકોટ' પડ્યું છે. અહીં જુદાજુદા સમયે વિવિધ રાજવીઓએ રાજ્ય કરેલ છે.

અહીંના સ્થાપત્યમાં તેનો કિલ્લો 'કંથદુર્ગ' જાણીતો છે. તે અત્યારે તો ભગ્નાવશેષ છે.

કંથકોટનું જૈન મંદિર ધ્યાન ખેંચે છે. તે પણ ખખડધજ છે છતાં સ્થાપત્ય ડોકિયાં કરે છે. મંદિરનો ગભારો, ઘુમ્મટો, સ્તંભો પર જર્જરિત અને ખવાઈ ગયેલ છતાં સ્થાપત્યના સુંદર નમૂના જોવા મળે છે. આ બધા સૂચવે છે કે જ્યારે તે મૂળ સ્થિતિમાં હશે ત્યારે વિશાળ, શોભનીય અને કલાસભર હશે.

એવું જ ત્યાં સૂર્યમંદિર છે. અત્યારે તો ભૂકંપને કારણે નષ્ટ સ્થિતિમાં છે. તેના સ્થાપત્યમાં સાદગીની આકર્ષકતા છે. અહીં શિલ્પકામ ઓછું છે. કેવળ શિખર પર અને ગર્ભ મંદિરના સાખ પર દેખાય છે. કીચકો, સૂર્યની મૂર્તિ વગેરે દેખાય છે. દરવાજા પર અષ્ટગ્રહોની આકૃતિ છે. સમગ્ર મંદિર પર રાજસ્થાની પ્રભાવ દેખાય છે.

### • પુંઅરેશ્વરનું શિવમંદિર :

ભુજથી પશ્ચિમ તરફ જતાં મંજલ પાસે આવેલ પુંઅરાગઢમાં આ પ્રાચીન મંદિર આવેલ છે. તે રાજા પુંઅરાએ બંધાવેલ છે એમ મનાય છે.

મંદિર પશ્ચિમાભિમુખ છે. તે પંચાયતન પ્રકારનું છે. ઊંચી જગતી પર બાંધેલ છે. સાદું ગર્ભગૃહ છે. શિખરનો ઉપરનો ભાગ ખંડિત

*મન જાગૃત હશે તો ક્ષીણ શરીર પણ બળવાન બનશે.*

છે. બાંધણીની દૃષ્ટિએ સાદું છે. કીચકો, કરાલમુખો, પુષ્પાકૃતિઓ પ્રશંસનીય છે. ભગ્ન માનવ આકૃતિઓની અંગભંગીઓ સુંદર છે.

● **અન્ય :**

આ ઉપરાંત અંજાર પાસે આવેલ ભદ્રેશ્વરનું શિવમંદિર પ્રાચીન મનાય છે. તેની મૂર્તિઓની કોતરણી મનમોહક છે. વિવિધ યુગ્મ શિલ્પો ધ્યાન ખેંચે છે. ચારેબાજુ વિવિધ શિલ્પોથી મંદિર શોભે છે. તેની શિલ્પસમૃદ્ધિ મંદિરને દસમી સદીનું હોવાનું સૂચવે છે.

● **મુસ્લિમ સ્થાપત્યો :**

કચ્છમાં થોડાં મુસ્લિમ સ્થાપત્યો પણ છે. આ સ્થાપત્યોમાં મુખ્યત્વે મસ્જિદ, ઈદગાહ, મિનારા, રોજા વગેરેનો સમાવેશ થાય છે. મુસ્લિમ સ્થાપત્યમાં કમાન, ઘુમ્મટ, મિનારા, ગોખલા, કુરાનની આયાતો, જાળીઓ, સપાટ દીવાલો વગેરે મુખ્ય હોય છે. મુખ્ય સ્થાપત્યોમાં :

**(૧) સોળથંભી મસ્જિદ :** તે ભદ્રેશ્વરમાં આવેલી છે. તેનો મોટો ભાગ રેતી નીચે દબાઈ ગયેલ છે. જે બચેલ ભાગ દેખાય છે તેને આધારે તેમાં પથ્થરનાં મોટાં ચોસલાં વપરાયા હોય તેવું લાગે છે. નામને આધારે તે સોળ થાંભલા પર હશે એમ માની શકાય. કોઈ તેને 'સો થંભી' — સો થાંભલાવાળી પણ માને છે. તેનું શિલ્પ જૈન શિલ્પને મળતું છે. તેથી પાછળથી તે કદાચ મસ્જિદમાં ફેરવાઈ હશે એમ માની શકાય.

**(૨) ખીમલી મસ્જિદ :** તે પણ ભદ્રેશ્વરમાં જ છે. ત્યાં ખાસ કોતરકામ જોવા મળતું નથી. બે સાદાં બારણાં છે. તે સોળથંભીને મળતી જ છે.

**(૩) લાલશાહબાજનો મકબરો :** તે પણ ભદ્રેશ્વરમાં જ છે. તે મકબરા સ્થાપત્યનો નમૂનો છે. દીવાલો પર બાર થાંભલા છે. ગોળાકાર ગુંબજ છે. બહાર તે શંકુ આકારનો છે. છત પર કમળનાં ફૂલ દેખાય છે. ત્રણે બાજુ વેલની કોતરણી છે.

**(૪) પીરગોસનો મકબરો :** તે લખપતમાં આવેલ છે. તેની રચના ગોળાકાર છે. સ્તંભો મિનારા જેવા છે. તેમાં સરસ કોતરકામ છે.

**(૫) લખપતી પીરની દરગાહ :** તે લખપતમાં જ છે. તેનું શિલ્પ - સ્થાપત્ય સરસ છે. વચ્ચે ગોળ ગુંબજ છે અને તેની આસપાસ ફરતા નાના ગુંબજો છે. આગળના ભાગ પર નકશીકામ છે. છત પર કાંગરીઓ છે.

● **જૈન સ્થાપત્યો :**

કચ્છમાં જૈન ધર્મનો પ્રસાર ઘણો થયો છે. તેથી સ્વાભાવિક રીતે, તેનાં દેરાસરો બંધાયાં છે. તેના પર હિંદુ મિશ્રિત જૈન, સ્થાપત્ય શૈલી જોવા મળે છે. તેની વિશિષ્ટતાઓમાં ઊંચે ઈમારત બાંધવી, ત્યાં જવા પગથિયાં હોય, પથ્થરનો વધારે પડતો ઉપયોગ, સપાટ છત, સજાવટવાળી ઈમારતો, આસપાસ આંગણું, અપ્સરાની મૂર્તિઓનો અભાવ વગેરે ગણી શકાય.

કચ્છમાં જૈન સ્થાપત્યો મુખ્યત્વે જૈન પંચતિથિઓનાં દેરાસરોમાં જોવા મળે છે. તેમાં ભદ્રેશ્વર, નલિયા, કોઠારા, સુથરી અને તેરા છે.

જૂનું ભદ્રેશ્વરનું દેરાસર ૨૦૦૧ના ભૂકંપમાં નાશ પામ્યું છે. હવે નવું દેરાસર બંધાયું છે. જૂના દેરાસરમાં પુષ્કળ મૂર્તિઓ અને કોતરકામ હતું.

કોઠારાનાં જૈન દેરાસરની ભીંત પર પુષ્કળ મૂર્તિઓ અને આકૃતિઓ જોવા મળે છે. સુથરીનાં દેરાસરોનો સિમેન્ટી રંગ પૂનમની રાતે એક અલગ જ માહોલ ઊભો કરે છે. તેરાનું દેરાસર પણ જોવાલાયક છે. અન્ય દેરાસરોમાં પણ હિંદુ મિશ્રિત સ્થાપત્ય જોવા મળે છે.

આ ઉપરાંત ભુજના જૈન ડેલામાં આવેલ દેરાસરો શિલ્પસમૃદ્ધ છે. નવા દેરાસરોમાં બહુંતેર જિનાલય દર્શનીય છે.

આ સિવાય પણ નાનાં નાનાં શિલ્પ સ્થાપત્યો ઠેર ઠેર વેરાયેલ જોવા મળે છે. દરેકમાં નાની મોટી વિશિષ્ટતાઓ ધ્યાન ખેંચે છે પણ એકંદરે બધાં ભારતીય શિલ્પ સ્થાપત્યની પરંપરાને અનુસરે છે.

● **કચ્છમાં પુરાતત્ત્વીય સ્થળો :**

કચ્છને પુરાતત્ત્વીય પ્રયોગશાળા કહી છે તે ખોટું નથી. સિંધુ નદીના કિનારે જે પ્રાચીન સંસ્કૃતિ વિકસી તેનો એક હિસ્સો કચ્છમાં પણ હતો. તેના મહત્ત્વના પુરાવા રાપર પાસેના ખડીર ટાપુ પર આવેલા ધોળાવીરામાં જોવા મળે છે. તે શહેરી વસાહત હોય તેમ લાગે છે. તે એક બંદર હશે તેવી પણ માન્યતા છે. આ શહેરમાં અનેક બાબતો જે ધ્યાન ખેંચે છે. તેને ફરતો કિલ્લો મળે છે. પાંચ હજાર વર્ષ પહેલાં દુશ્મનથી બચવા કેટલું સાવચેત હશે તે દેખાય છે. આ ઉપરાંત તેની નગરરચના તો આજના ઈજનેરોને પણ ચકિત કરે છે. પાણી એકઠું કરવા જે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે તે ત્યારની આધુનિક વિચારસરણી બતાવે છે. તેની લિપિ પણ મળી છે જે હજી ઉકેલાઈ નથી. ગટરવ્યવસ્થા પણ હતી. આ ઉપરાંત ત્યાંથી મળેલ મુદ્રાઓ, વજનિયાં, મણકા, સોનાનાં આભૂષણો, માતૃકા વગેરે પણ તેના વિશે વધારે અભ્યાસ કરવા પ્રેરે છે.

ધોળાવીરાને જ મળતાં અવશેષો કચ્છમાં નવીનાળ, દેશલપર, ગુંતલી, નાની રાયણ, શિકારપુર અને હાલમાં ખાવડામાં કુરન પાસે મળેલ છે. આ બધી ગ્રામ્ય વસાહતો હોય તેમ દેખાય છે.

● **અન્ય :**

આ ઉપરાંત પુરાતત્ત્વીય બાબતોમાં અશ્મિભૂત અવશેષો પણ મળેલ છે. તેને આધારે ત્યાંરનાં વૃક્ષો કે જનાવરોનો ખ્યાલ આવે છે. એક તો દેવદાર વૃક્ષનું અવશેષ હોય તેવું લાગે છે. તેને આધારે કહી શકાય કે ત્યારે કચ્છમાં દેવદાર વૃક્ષ પણ થતાં હશે.

આ ઉપરાંત કચ્છમાં માનવજાતનું પગેરું દોઢ લાખ વર્ષ પહેલાનાં પથ્થર યુગના ઓજારોમાંથી મળે છે. ભુજ, અંગિયા વગેરે સ્થળોએથી તે મળેલ છે. ત્યારબાદ ક્ષત્રપ સમયનો શિલાલેખ પણ અંધૌમાંથી મળેલ છે. તે બૌદ્ધ વસતિને સૂચવે છે. ઉપરાંત રુદ્રસેનના તથા ગુપ્તયુગના સિક્કાઓ પણ મળેલ છે. સાથે મંદિરો, મસ્જિદો અને ગુફાઓ મળેલ છે. ગામેગામ છતરડીઓ અને પાળિયાઓ મળે છે. કાષ્ટકળાના નમૂના મળે છે. ચિત્રો મળે છે, મહેલો દેખાય છે.

આ બધાની હાલત અત્યારે સારી નથી. તેની ખૂબ જ સંભાળ લેવાની જરૂર છે. પણ આ બધાં સચવાઈ જાય તો કચ્છના ઈતિહાસનો પૂરો દસ્તાવેજ તૈયાર કરી શકાય. સંશોધકોને પણ તે ખૂબ જ ઉપયોગી થાય.

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

*સાપ, અગ્નિ, દુર્જન, શાસક, જમાઈ, ભાણેજ, રોગ અને શત્રુ — આટલાને સામાન્ય ગણી કોઈ દિવસ તેમની ઉપેક્ષા ન કરવી.*

# પરિવર્તનના પ્રવાહો

• શાંતિલાલ સંઘવી •

આપણી કચ્છી જૈન કોમ સાધારણ રીતે શિક્ષિત ગણાય છે. અન્ય કોમોની સરખામણીએ શાંત અને સમજદાર લેખાય છે. સાવ અભણ હોય એવી વ્યક્તિ આ કોમમાં ભાગ્યેજ મળે.

**છેલ્લા ૫૦-૬૦ વર્ષો દરમ્યાન આપણી કોમમાં ભૂતકાળમાં વિચાર પણ ન કરી શકાય એવા સામાજિક સુધારા થયા છે.** હવે શાળાઓમાં અને ઉચ્ચ શિક્ષણની કોલેજો અને સંસ્થાઓમાં છોકરા - છોકરીઓ છૂટથી હળે મળે છે, હાથ મિલાવે છે, ખભે ધબ્બા મારે છે, અરસપરસ ભેટે છે અને ઘણા કિસ્સામાં પોતાના જીવનસાથીની પસંદગી પણ કરી લે છે. પાર્ટી - મેળાવડામાં બંને પક્ષો થોડી છૂટછાટ પણ લઈ લે છે. વિવિધ નિમિત્તે યોજવામાં આવતી પાર્ટીઓ હવે સહજ લેખાય છે અને તેમાં નાના-મોટા છોકરા - છોકરીઓથી માંડીને સીનિયર સિટીઝન સ્ત્રી પુરુષો પણ મસ્ત બનીને કશા જ સંકોચ વગર નાચવાનો લહાવો લે છે. સાસુ-વહુ વચ્ચે અનેક જગાએ બહેનપણા જેવા સંબંધો જોવા મળે છે. સસરા - પુત્રવધૂ વચ્ચે નિખાલસ બાપ-દીકરી જેવા સંબંધો પણ જોવા મળે છે. એકબીજાની મજાક મશ્કરીઓ પણ થાય છે. નાનેરાઓ મોટાઓની ટીકા અને ફિલ્મ ઉતારતા હોય છે. ઘણા ઘરોમાં યુવાન પુત્રવધૂઓ નવો ડ્રેસ અથવા નવી સાડી પહેરીને સજીધજીને ખુદ સસરાને જ પૂછે છે, 'પપ્પા, હું કેવી લાગું છું?' બે સંતાનોની મા પણ લગ્ન જેવા પ્રસંગોએ યોજાતી સંગીત સંધ્યાઓમાં સ્ટેજ પર આધુનિક નૃત્ય કરતી જોવા મળે છે. વેવાઈઓ નાચે છે - વેવાણો નાચે છે! આવી ઘણી બાબતોમાં હવે રૂઢિચુસ્તતા જોવા મળતી નથી. સિત્તેર પ્લસ - એંસી પ્લસવાળા સુપર સીનિયર સિટીઝનોએ પણ બધું સ્વીકારી લીધું છે. કેટલાકને કદાચ એમાંનું કશુંક ન પણ ગમતું હશે છતાં હવે કોઈ એમનું સાંભળવાનું નથી. દુનિયા - સમાજ ઘણો આગળ વધી ગયો છે. આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં એમાંની જે બાબત સાવ અશક્ય અને અસ્વીકાર્ય હતી તેવી ઘણી બાબતો હવે સહજ - સામાન્ય છે.

જોકે દુનિયામાં કોઈ જ બાબત ૧૦૦ ટકા સારી હોતી નથી - એમાં જોખમો રહેલા જ હોય છે. તેજ રીતે કોઈ બાબત ૧૦૦ ટકા ખરાબ પણ હોતી નથી. લાભ ઉઠાવનારા અને દુરુપયોગ કરનારા તો દરેક કાળે રહેલા જ હોય છે. અને એના સારા માઠા પરિણામો સમાજ ભોગવે જ છે. શ્રીમંતો તરફથી થતો પૈસાનો દેખાડો અને પૈસાનો દુર્વ્યય હવે અટકાવી શકાય એવું લાગતું નથી. નામના અને વાહવાહનો મોહ છૂટે એમ લાગતું નથી. ટૂંકી જિંદગીમાં શક્ય એટલી મોજમજા માણી લેવાની વૃત્તિ દિન પ્રતિદિન વધતી જાય છે. 'આજની ઘડી તે રળિયામણી.' કાલ કોણે દીઠી છે? પાસે પૈસો છે તો વાપરો. ખબર છે કે અમુક રીતે પૈસા વાપરવાથી શરીર અને મન બગડે છે. પણ એની કોઈને ચિંતા નથી. ખાવામાં અને પીવામાં અનેક લોકો લિબરલ બની ગયા છે. **યુવાનોમાં કૌવત - બહાદુરી - શૂરવીરતા - ખુમારી - આત્મવિશ્વાસ રહ્યા નથી. યુવતીઓ સ્વરક્ષણ કરી શકે એવી તાલીમ લેતી નથી. ગંભીરતાપૂર્વક શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓ ઘટતા જાય છે - ડિગ્રીવાળા વધતા જાય છે. પણ વિશિષ્ટ આવડતવાળા - કશુંક અસામાન્ય કરી બતાવનારા ઘટતા જાય છે. ટી.વી. નામની ચૂડેલે તો એવો સખત ભરડો લીધો છે કે સદવાંચન નામની ચીજ સાવેસાવ વીસરાઈ ગઈ છે.**

અનેક લોકોએ 'સેલ ફોન'થી થતા નુકસાન બાબતે વારંવાર લખેલ છે પરંતુ નાના બાળકોથી માંડીને વૃદ્ધો સુધી તેને કાને લગાડીને સતત ફરતા રહે છે. સેલ ફોનનો ઉપયોગ અનિવાર્ય હોય ત્યાં જ અને ત્યારે જ કરવો જોઈએ એ વાત હવે કોઈ સાંભળતું નથી. પાર્ટીઓ અને મેળાવડામાં હાઈ વોલ્યુમવાળા સ્પીકરો દ્વારા અસાધારણ ઘોંઘાટ થાય છે - પ્રદૂષણ થાય છે એ વિશે વિચાર કરવાની પણ કોઈની મરજી નથી. બુફે ભોજન પદ્ધતિમાં અસાધારણ બગાડ થાય છે પણ હવે એનો કોઈ ઉપાય રહ્યો નથી.

લગ્નોમાં પણ ગોર મહારાજો જાતજાતની બિનજરૂરી અને હાસ્યાસ્પદ વિધિઓ કરાવે છે. જે વધારે અને આંટીઘૂંટીવાળી વિધિઓ કરાવે તે શાસ્ત્રી વધુ વિદ્વાન એવી માન્યતા જોર પકડતી જાય છે. સ્વાભાવિક છે કે ગોર મહારાજ તો પોતાના પેટ માટે કરે છે. એનો દોષ ન કાઢી શકાય પણ આપણી વિચાર શક્તિને લકવો લાગી ગયો છે. કેટલીક સંગીત સંધ્યાઓમાં સારા મેલોડિયસ ગીતો પણ રજૂ થાય છે પણ મોટેભાગે રીધમ આધારિત છીછરા ગીતો પર નૃત્યો થતા હોય છે અને લોકો

ARIHANT METAL WORKS
MFG. OF STAINLESS STEEL UTENSILS
"OMEX" BRANDના CASSROLE તથા વાસણ બનાવનાર
દેવરાજ ગાલા : 09323407868 • નવીન ગાલા : 09320020691
50/A, LAXMI NIVAS, 2ND PANJRAPOLE LANE, MUMBAI-400 004. • Tel. : (079) 2242 7939
E-MAIL : omex03.yahoo.com

મૂરખની જેમ ઉત્સાહિત થઈને તે માણતા હોય છે. શિષ્ટતાનું ધોરણ જળવાતું નથી. કોઈ ભૂલેચૂકે જો સાદગી કે કરકસરની વાત કરે તો તેને ગાંડો ગણી લેવામાં આવે છે.

**આનું જ નામ પરિવર્તન.** સારાની સાથે નરસું અને નરસાની સાથે સારું સદાકાળથી જોડાયેલું છે અને રહેવાનું છે. માત્ર અને માત્ર સ્વતંત્ર બુદ્ધિ ધરાવતા માણસો જ ફક્ત સારું ગ્રહણ કરી નરસાનો ત્યાગ કરી શકતા હોય છે. અને એવા માણસો સમાજમાં ઘણા ઓછા, લઘુમતીમાં જ હોય છે. જ્યાં ખુદ ભગવાનનું પણ કોઈ સાંભળતું નથી ત્યાં કોઈ એકલદોકલ વ્યક્તિનું તો કોઈ ક્યાંથી સાંભળે?

અને છતાં અન્ય ઘણી કોમોની સરખામણીએ કચ્છી જૈન કોમે ઘણી પ્રગતિ કરી છે. દહેજની અપેક્ષા - માગણી લગભગ નાબૂદ થઈ ચૂકી છે. લગ્નમાં જ્ઞાતિબાધ રહ્યો નથી. ભ્રૂણ હત્યા જેવી નિંદાપાત્ર પ્રવૃત્તિનો સદંતર અભાવ જણાય છે. લોકો દીકરીના જન્મને આવકારતા થયા છે. કોઈ વહુ હવે બળી મરી હોય કે કૂવે પડીને આપઘાત કર્યો હોય એવો કોઈ કિસ્સો સાંભળવા મળતો નથી. ઘરોમાં પણ ગૃહિણીઓનો અવાજ અને અભિપ્રાય અગત્યના ગણાય છે. મોટી ઉંમરના પુરુષો જૂના જમાનામાં જોવા મળતું તેમ નાની ઉંમરની કન્યાઓને બીજીવારની કે ત્રીજીવારની વહુ બનાવી લાવતા, તે હવે સ્વપ્નવત્ બની ચૂક્યું છે. હવે ન ફાવે તો સાસરીમાં 'પડ્યું પાનું નિભાવવા' કોઈ વહુ રોઈ - કકળીને બેસી રહેતી નથી પણ બેધડક છૂટાછેડા માગી લે છે અને આર્થિક રીતે સ્વનિર્ભર બનીને જિંદગીભર સિંગલ રહી બાળક હોય તો પણ તેને ઉછેરી - સંભાળીને જીવન પ્રવાહ જીરવી લે છે. **અનેક ક્ષેત્રોમાં તો છોકરાઓ કરતાં છોકરીઓ વિશેષ આગળ નીકળી ચૂકી છે.** છોકરીઓ વધારે ગંભીરતાથી ભણે છે. આ તમામ સામાજિક પરિવર્તનો મારી દૃષ્ટિએ આવકારદાયક છે.

પરંતુ કેટલીક બાબતોમાં આપણે પાછળ છીએ. આપણા છોકરા - છોકરીઓ આપણી મૂળ દાદી ભાષા સંસ્કૃત બિલકુલ શીખતા નથી. **માતૃભાષામાં પણ પાવરધા હોતા નથી. શાસ્ત્રીય કે ઉપશાસ્ત્રીય સંગીતમાં તો લગભગ ઝીરો જેવી હાલત છે. સાહિત્ય રસમાં પણ સ્થિતિ જરાય સારી નથી.**

સંસ્કૃત તેમજ માતૃભાષાનું જ્ઞાન નથી તો આપણી ધર્મભાષા પ્રાકૃત પણ કોઈ શીખતા નથી. એટલું જ નહીં પણ આપણા દેશની ભગિની ભાષા મરાઠી કે બંગાળી જેવી પણ શીખતા નથી. અંગ્રેજી સિવાયની ફ્રેંચ કે સ્પેનિશ ભાષા પણ શીખતા નથી. ઉર્દુ પણ શીખતા નથી. કલા પ્રવૃત્તિઓમાં પણ રસ લેતા નથી. **અને વ્યાયામ? એની તો વાત જ ના કરશો.**

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ કાત્જુ સાહેબે કહેલી વાત કે 'આપણા દેશના ૯૦% લોકો મૂર્ખ છે' બધાના ધ્યાનમાં જ હશે.

આપણે પોતે આ ૯૦%માં છીએ કે લઘુમતી ૧૦%માં છીએ એનો આપણે જાતે જ આત્મનિરીક્ષણ કરી નિર્ણય કરી લેવો જોઈએ.

માત્ર પૈસા કમાવાથી ચારિત્ર્ય ક્ષમતા કે જ્ઞાન ક્ષમતા આવી જતી નથી. કોઈ પોતે જ પોતાને હોશિયાર સમજે એની ઝાઝી કિંમત નથી.

**પરિવર્તનો કદી અચાનક આવી ચડતા નથી. બહુ જ ધીમે ધીમે પરંતુ મક્કમ ગતિથી આવતા રહે છે.** અને તે જીવનના કોઈ એક જ ક્ષેત્ર પૂરતા નથી આવતા પરંતુ જીવનના તમામ ક્ષેત્રોમાં નિશ્ચિતપણે પ્રવેશે છે. જડસુ રૂઢિચુસ્તો અને પરંપરાવાદીઓ ગમે તેટલા બૂમબરાડા પાડે તો પણ પરિવર્તનને અટકાવી શકતા નથી.

**આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક, ઔદ્યોગિક વગેરે ક્ષેત્રે જે જે પરિવર્તનો આવ્યા છે અને આવી રહ્યા છે તે તમામના સારા અને નરસા બંને પ્રકારના પરિણામો કશી જ ફરિયાદ કર્યા વગર સ્વીકારવાની અને ભોગવવાની સૌએ તૈયારી રાખવી પડશે.**

પરિસ્થિતિ આવી છે છતાં મારે મારા જૈન યુવાનો અને યુવતીઓને જરા આગ્રહપૂર્વક કહેવાનું છે કે મિત્રો, લોલે લોલ ન કરો. બધા કરે છે એમ ન કરો, હરગીઝ ન કરો. **નીચી મૂંડી રાખીને અર્થ વગરના રિવાજો અને રૂઢિઓનો સ્વીકાર ન કરો.** માન્યું કે તમારી પાસે અને તમારા માતા-પિતા પાસે અઢળક પૈસો છે પણ મિત્રો, પૈસાનો દેખાડો અને ધૂમાડો કરવા માટે ખાસ અક્કલની જરૂર પડતી નથી. એ કામ તો મૂર્ખ લોકો પણ કરી શકે છે પરંતુ પૈસાનો સદ્ઉપયોગ કરવા માટે અક્કલની જરૂર પડે છે. દુનિયા શું કરે છે તેની પરવા ન કરો, નમાલા બનવાની બિલકુલ જરૂર નથી. **તમે ક્રાંતિ નહીં કરો તો શું અમારા જેવા 'ડોહાઓ' ક્રાંતિ કરશે?**

પ્રભુની બનાવેલી દુનિયામાં કશું જ અશુભ નથી. કમૂરતા - સમૂરતા, શુકન - અપશુકન, શુભ - અશુભ ચોઘડિયા — બધું જ માત્ર ભ્રમણા છે. **બધા જ દિવસો સારા જ છે. એકેય દિવસ ખરાબ નથી. આ બધું તો બ્રાહ્મણોએ પેટ માટે ફેલાવેલી માયાજાળ છે.** તમે શા માટે ડરપોક બનો છો? શા માટે ભગવાન પર વિશ્વાસ રાખતા નથી? તમે યુવાન છો, બુદ્ધિશાળી છો, કોઈની વાતમાં ભરમાઈ જતા નથી એ પુરવાર કરો. મક્કમ બનો, મજબૂત બનો અને 'ના' પાડતાં શીખો. ફરીવાર કહું છું કે **બધા (૯૦ ટકાવાળા?) કરે છે તેમ ન જ કરો. તમારી જાતને ૧૦ ટકા વાળાઓમાં સામેલ કરો.**

**છે કોઈ એવો મરદ, છે કોઈ એવો વીરલો કે વીરલી, છે કોઈ એવો પ્રભુનો લાડકવાયો જે બરાબર કાળી ચૌદસના દિવસે લગ્ન કરવા તૈયાર થાય?** છે કોઈ ભગવાનના ન્યાયમાં સાચી શ્રદ્ધા ધરાવનાર?

*આરએચ-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલની પાસે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૧૭૨૯*

*પ્રાર્થના એ યાચના નથી,*
*આત્માની ઝંખના છે.*

*વિકાસ માટેના પાંચ પગથિયા એટલે વિદ્યા, વિનય, કુશળતા, સદ્ગુણ અને ચારિત્ર્ય.*

# બળાત્કારની સમસ્યા

• શરદચંદ્ર એચ. શાહ 'સહસા' •

**यत्रा: नारी: पूज्यते । तत्र: रमन्ते देवता: ।**

*અર્થાત્ :* 'જ્યાં નારી પૂજાય છે ત્યાં દેવતાઓનો વાસ થાય છે.'

શાસ્ત્રમાં સ્ત્રીના ચાર સ્વરૂપો કહેવાયા છે. પુત્રી, પત્ની, માતા, ગૃહિણી. આ બધા કાર્યોથી સ્ત્રીની એક આગવી ઓળખ ઊભી થાય છે. જે ભારતદેશમાં નારી પૂજનીય મનાતી આવી છે એ જ ભારત દેશમાં હાલમાં બળાત્કારના વધતા જતા બનાવોએ સમગ્ર દેશને ધરમૂળથી હચમચાવી નાખ્યું છે અને સમગ્ર પ્રજાને શરમજનક સ્થિતિમાં મૂકી દીધી છે. ખાસ કરીને ૧૬ ડિસેમ્બર, ૨૦૧૨ની રાત્રિએ પાટનગર દિલ્હીમાં બનેલ પાશવી, હિચકારો અને ગમખ્વાર સામૂહિક બળાત્કાર (GANG RAPE) કિસ્સો. ભારતના એક એક રાજ્યમાં આ ભીષણ બદીનું નિંદનીય પ્રમાણ રોજબરોજ વધતું જ ગયું છે. રોજ ટી.વી., વર્તમાનપત્રો, સામયિકોમાં આ સમાચાર અગ્રતમ થતા ચાલ્યા છે. કહો કે હવે તો માઝા જ મુકાઈ ગઈ છે.

**આ બનાવો માટે જવાબદાર કોણ?**

(૧) વ્યક્તિ (બળાત્કારી, બળાત્કારનો ભોગ બનેલી અબળા)
(૨) કુટુંબ
(૩) સમાજ
(૪) કેળવણી - શિક્ષણ
(૫) વસ્ત્ર પરિધાન - આધુનિક ફેશન
(૬) ફિલ્મો - ટી.વી.
(૭) નૈતિક મૂલ્યોની અધોગતિ
(૮) સંજોગ, સ્થળ, સમય
(૯) શિક્ષણ સંસ્થાઓ
(૧૦) સરકાર
(૧૧) અદાલતો
(૧૨) મીડિયા (MEDIA)

**(૧) વ્યક્તિ (બળાત્કારી, બળાત્કારનો ભોગ બનેલી અબળા) :**

વ્યક્તિને અમુક અંશે જવાબદાર ગણી શકાય. વ્યક્તિનો ઉછેર, વિચારધારા તથા વર્તણૂક મહદ્અંશે બળાત્કાર માટે કારણભૂત બની શકે.

ધારો કે એક કન્યા મોડી રાત્રે તેના કામની પાળી (SHIFT) પૂરી કરી બસમાં ઘેર જવા રવાના થઈ હોય, કદાચ તે અન્ય કોઈમાં નહીં, ફક્ત પોતામાં જ ઓતપ્રોત હોય કે કોઈ પુસ્તક વાંચવામાં મશગૂલ હોય, રૂપવતી હોય અને તેણીને એકલી જાણીને કોઈ નરાધમ નજર બગાડે અને પાશવી કૃત્ય આચટરે તો તેમાં કમનસીબ અબળાને કઈ રીતે જવાબદાર ગણી શકીએ? વગર ઉત્તેજનાએ (provocation) બનેલ આ બનાવ માટે આ કન્યાને કઈ રીતે જવાબદાર ગણાય?

અમુક કહેનારાઓ એક કહેવત ટાંકશે કે 'તાળી બે હાથે જ પડે.' તો આમ કહેવું સરેઆમ મૂર્ખામી છે. આ બનાવ તદ્દન એકપક્ષીય જ છે. કન્યાએ કોઈ સાથે વાતચીત પણ કરી નથી, કોઈ વાંધાજનક ચેનચાળા પણ કર્યા નથી તો તે કેવી રીતે દોષિત ગણી શકાય? ગુન્હાહિત વ્યક્તિના આવા પાશવી આચરણ માટે તેની વિચારધારા, કેળવણી, કુટુંબ પાસેથી મેળવેલ સંસ્કારો — આ બધા તો જવાબદાર ગણાય જ. તે સિવાય તે વખતનો સમય - પરિસ્થિતિ પણ મહદ્અંશે કારણભૂત હોઈ શકે.

**(૨) કુટુંબ :**

કુટુંબના વડીલ પોતાના સંતાનોને સારા સંસ્કાર આપવા પ્રયત્ન કરે છે. કોઈ પણ કુટુંબ પોતાના ફરજંદને સમાજની હદના માળખામાં રહેવા સમજાવશે. અસામાજિક કૃત્ય કરવા ક્યારેય પણ કારણભૂત નહીં થાય.

**(૩) સમાજ :**

સમાજ એટલે સભ્યોનો સમૂહ. સમાજ અનેક વ્યક્તિઓને સાંકળી રાખતી કડી છે. આવા બળાત્કારના કિસ્સામાં સમાજને પણ કેટલે અંશે જવાબદાર ગણી શકાય? કોઈ પણ સમાજ પોતાના સભ્યને અસભ્ય વર્તન, અણછાજતો પોષાક, બેહૂદા ચેનચાળા કરવા પ્રેરતો નથી.

**(૪) કેળવણી - શિક્ષણ :**

વ્યક્તિનું કુકર્મ તેની વિચારધારાને આધીન છે. જે તેની કેળવણી, શિક્ષણ પર આધારભૂત છે.

**(૫) વસ્ત્ર પરિધાન - આધુનિક ફેશન:**

જોકે મહદ્અંશે સ્ત્રીવર્ગને નહીં ગમે છતાં પણ કઠોરતાથી અને સચ્ચાઈથી કહેવું પડશે કે આધુનિક વસ્ત્ર પરિધાન - જેવા કે ચપોચપ કપડાં, ટૂંકા વસ્ત્રો, અંગ ઉપાંગોનું પ્રદર્શન થાય તેવા કપડાં — આ બધા પુરુષોની કામલોલુપતાને ઉત્તેજિત કરે છે. આ કારણથી બળાત્કારની સંખ્યામાં વધારો થાય છે. આવા બળાત્કારના કિસ્સાઓમાં ફેશન ડિઝાઈનર્સને પણ ઓછા જવાબદાર ન ગણાય.

**(૬) ફિલ્મો - ટી.વી. :**

આધુનિક ફિલ્મો અને ટી.વી.ના પડદા

Classic STEELS
MFGRS. & DEALERS & EXPORTERS IN
STAINLESS STEEL UTENSILS
G-69, Sarvoday Nagar,
1st Panjrapole Lane,
Mumbai-400 004.
Tel. : 2242 1091
E-mail : classicsteels.in@gmail.com

પર બતાવાતા ઘણાં નૃત્યો, ગીતોના દશ્યો ઘણે અંશે અતિ માદક અને ઉત્તેજનાત્મક હોય છે. પરિણીત યુગલોને ભલે મનોરંજન મળે પણ કિશોર વયના અને માસુમ બાળકોના માનસપટ પર વિપરીત અસર પહોંચાડે છે. ઉત્કટ ચુંબનોના દશ્યો તથા ઉર પ્રદેશને લગભગ પૂરેપૂરો દર્શાવતા પ્રદર્શનો પણ બળાત્કારના કિસ્સાઓ માટે સંપૂર્ણપણે, બેજવાબદારપણે જવાબદાર છે. અને આવા દશ્યો (scenes) વગરની ફિલ્મો હાલમાં અધૂરી જ ગણાય છે. નારીના શરીરને સ્વિમિંગ પુલમાં, સમુદ્રમાં કે વરસાદમાં ભીના થતા ફિલ્મોમાં બતાવવું જાણે તદ્દન સહજ થઈ પડ્યું છે. ભારતમાં પૂજનીય ગણાય નારીને આવી વિકૃત રીતે રજૂ કરવાનો અર્થ શું?

નટ નટી નૃત્ય કરતાં કરતાં જોવા મળે છે કે :

*ખુલ્લં ખુલ્લા પ્યાર કરેંગે હમ દોનો...*
*ઈસ દુનિયાસે નહીં ડરેંગે હમ દોનો...*

ખુલ્લં ખુલ્લા પ્યાર કરવાની શું નોબત આવી ગઈ!! ઘરમાં એકાદ ખૂણે, શયનગૃહમાં પ્યાર નથી કરી શકાતો કે તમારે જાહેરમાં તેના નગારા વગાડવા પડ્યા!!

ફિલ્મોમાં, ટી.વી.ના દશ્યોમાં એકબીજાની (વિજાતીય વ્યક્તિઓની) જે છેડછાડ થતી હોય છે, જે છૂટછાટો લેવાય છે તે મહદ્અંશે જાતીય દંગાબાજી માટે જવાબદાર છે. જો આમાં મર્યાદા સાચવવામાં આવે તો ચોક્કસ આ છડેચોક છાશવારે બનતા બળાત્કારના બનાવોમાં મોટી ટકાવારી પ્રમાણે ઘટાડો લાવી શકાય.

અમુક આધુનિક ફિલ્મોના અશ્લીલ ગીતો જેવા કે : • જુમ્મા, ચુમ્મા દે દે.... • ચોલીકે પીછે ક્યા હૈ...? • તું ચીઝ બડી હૈ મસ્ત મસ્ત.... • મુન્ની બદનામ હુઇ ડાર્લિંગ તેરે લીયે...

To my humble belief the Rapists should know that Women are not item numbers, they are not chikni chamelis, they have not been put on this planet for your supreme entertainment or pleasure. If you cannot respect a woman you are nothing but a beast.

### (૭) નૈતિક મૂલ્યોની અધોગતિ :

માનવીના નૈતિક મૂલ્યોનું દિન-પ્રતિદિન અધઃપતન થતું ચાલ્યું છે. માનસિક બીમારી અને મનોવૈજ્ઞાનિક કારણો આવા અનર્થો કરવા પ્રેરે છે. તેમાં ખરાબ માનસની સારા માનસ પર જીત થાય છે અને આનું પરિણામ જગજાહેર છે.

### (૮) સંજોગ, સ્થળ, સમય :

વ્યવસાય કે નોકરીના સમયના કારણે કન્યા / સ્ત્રીને મોડી રાત્રે પબ્લિક ટ્રાન્સપોર્ટ અથવા કંપનીના વાહનમાં ઓફિસ / ફેક્ટરી જવા આવવાનું થાય. આવા સંજોગો અનિવાર્ય હોય છે અને આમાં રાત્રીનો સમય હોય, એવું સ્થળ હોય જ્યાં લોકોની અવરજવર નહિંવત્ હોય, રસ્તાની લાઈટો માયકાંગલા જેવી હોય, કન્યા / સ્ત્રી એકલી હોય તો આવા સંજોગો બળાત્કારીઓને કુકર્મો કરવા ઉત્તેજિત કરે છે. એવું પણ બનતું હોય છે કે પાડોશી અથવા કોઈ સગા-સંબંધી સ્થળ અને એકાંતનો લાભ લઈ કન્યા કે સગીર વયની બાળા પર બળાત્કાર કરીને ધમકી આપે છે. આવી ભીતિના કારણે અથવા સમાજમાં નામ ખરાબ થશે તેવા ડરના કારણે આવી પીડિત વ્યક્તિ કોઈને વાત કરતી નથી. આવા ઘણા કિસ્સાઓ બને છે જેની ખબર જ નથી પડતી.

### (૯) શિક્ષણ સંસ્થાઓ :

માનવીના વિચાર, વર્તન અને ચારિત્ર્યનું ઘડતર જયાં થાય છે એ શિક્ષણ સંસ્થાઓ તેમની સમાજ પ્રત્યેની જવાબદારી સમજી નૈતિક મૂલ્યોનું બાળકની ઘળથૂથીથી જ ઘડતર કરે તો એ બાળકનો ગેરમાર્ગે જવાનો પ્રશ્ન કદાપિ ઉદ્ભવે નહીં. આજના કેળવણીના માળખામાં આને અનરૂપ પરિવર્તન લાવવાની જરૂર છે.

### (૧૦)સરકાર :

નાગરિકોની સુરક્ષા અને સંબંધિત કાનૂની વ્યવસ્થા યોગ્ય રાખવી એ સરકારની મૂળભૂત જવાબદારી છે. પીડિત વ્યક્તિને તાત્કાલિક ન્યાય મળે અને ગુનેગારને વગર વિલંબે જડબેસલાક સજા મળે તે જોવાની જવાબદારી સરકારની છે. સરકારનો પોલીસતંત્ર જો નજરઅંદાજી કરે અને સમયસર જરૂરી પગલાં ન લે તો એ સરકારને નમાલી ન કહેવાય તો શું કહેવાય? સરકારી તંત્ર આવા કિસ્સાઓમાં લગભગ ઊંઘતું જ ઝડપાય છે. પોલીસ તંત્રની બેદરકારી આશ્ચર્યની બધી જ સીમાઓ ઉલ્લંઘી ચૂકી છે.

### (૧૧)અદાલતો :

લોકસભા - રાજયસભા કાયદાઓ ઘડે તેના અમલીકરણની જવાબદારી અદાલતોની છે. પીડિત વ્યક્તિને યોગ્ય સમયમાં ન્યાય ન મળે અને ગુન્હાહિત વ્યક્તિ ખુલ્લેઆમ ફરતો હોય, જેને જોઈ બીજી વ્યક્તિઓને ન્યાય કે સજા માટે કોઈ ડર ન રહે તો આ અદાલતોની ન્યાય પધ્ધતિને શું કહેવું? કાયદાઓનું અમલીકરણ સખતાઈપૂર્વક થાય તે જોવાની ફરજ અદાલતોની છે. કોઈ પણ સંજોગોમાં અદાલતોએ રાજકારણીઓની શેહમાં ન જ આવવું જોઈએ. The Courts should be always above fear or favour. Deliverance of correct judgement should be their Goal.

### (૧૨)મીડિયા :

મીડિયા એટલે કે સમાચાર માધ્યમો. મીડિયાની ફરજ છે કે કોઈપણ ઘટનાનું ન્યાયપૂર્વક વિશ્લેષણ કરવું અને કોઈ પણ રાજકારણીની શેહમાં આવ્યા વગર જનતા સમક્ષ સ્પષ્ટ અને સાચી રજૂઆત કરવી (મોણ વગર). તાજેતરની દિલ્હીની સામૂહિક બળાત્કારની ક્રૂર, પાશવી, નરાધમ ઘટના બાબત "ટાઈમ્સ ઑફ ઈન્ડિયા"ની ન્યુઝ ચેનલે જે વલણ અપનાવ્યું તે અતિશય પ્રશંસનીય અને સરાહનીય છે.

### • આ સમસ્યાનું નિરાકરણ શું?

મારા નમ્ર મતથી નીચે મુજબ સુધારા વધારાઓ કાર્યાન્વિત (Implement) કરી,

*ઘર મોટું હોય તો સાથે નથી રહેવાતું પણ મન મોટું હોય તો સાથે રહેવાય છે.*

આ બદીનો સદંતર અંત લાવવા કેડ કસી શકાય અને આવા નરાધમ, પાશવી ગુનાઓને કોઈપણ સંજોગોમાં પ્રોત્સાહિત ન જ કરી શકાય.

(૧) બળાત્કારને ગેરજામીન ગુનો – Non Bailable and Cognizable Offence કાયદામાં જાહેર કરવો. આ સુધારો અગ્રતમ દાદ માગી લે છે.

(૨) GANG RAPE – સામૂહિક બળાત્કારના કિસ્સાઓમાં ફાંસીની સજા અપાવી જોઈએ – CAPITAL PUNISHMENT જેથી બીજા માટે આ સચોટ દૃષ્ટાંતરૂપ બને અને મનમાં એવી કાયમી ધાક બેસી જાય કે આવા પાશવી કૃત્ય આદરવાના વિચારમાત્રથી જ સો સો યોજન દૂર રહે.

(૩) બળાત્કારના કેસો માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની નિમણૂક કરી - કેસોનો ઝડપી નિકાલ, સમયની મર્યાદામાં થવો જરૂરી છે.

(૪) છેડતી અને બળાત્કાર સંબંધિત બનાવની ફરિયાદ કોઈ પણ પોલીસ સ્ટેશનમાં કરી શકાય. Jurisdiction (ક્ષેત્રાધિકાર)નો અપવાદ કાયદામાં કરવો જોઈએ. જે ગામ - શહેરમાં બનાવ બન્યો હોય ત્યાંના ખ્યાતનામ NGO / Women Organizationના બે સદસ્યોને પોલીસ બનાવે અને અને તેઓની હાજરીમાંજ પોલીસ પૂછતાછ કરી શકે અને તે પણ મહિલા પોલીસ / કોન્સ્ટેબલ જ કરી શકે તેવો સુધારો કાયદામાં કરવો જરૂરી છે. મહિલા કોન્સ્ટેબલોની સંખ્યા વધારવી જોઈએ. પોલીસ વિભાગે F.I.R. ની કોપી તરત જ સુપરત કરવી જોઈએ.

(૫) દરેક પોલીસ સ્ટેશનમાં તે ગામ - શહેરના ખ્યાતનામ NGO / Women Organizations ના નામ - ટેલિફોન નંબરનું લિસ્ટ નજર સામે દેખાય તેવી જગ્યાએ લગાડેલું હોવું જોઈએ. જેથી પીડિત વ્યક્તિ કે તેના સાથીઓ આ સંસ્થાનો જલ્દી સંપર્ક કરી શખે. તદુપરાંત અખિલ ભારતીય ધોરણે એક ટેલિફોન નંબર Women Helpline તરીકે ફાળવવો જોઈએ. જે ૨૪ કલાક કાર્યશીલ રહેવું જોઈએ.

(૬) બળાત્કારથી પીડિત વ્યક્તિનું તબીબી પરીક્ષણ (મેડિકલ એક્ઝામિનેશન) કેસ માટે જરૂરી હોય છે. પોલીસે વિલંબ વગર પરીક્ષણ માટે હોસ્પિટલની વ્યવસ્થા કરવી જોઈએ. લેડી ડૉક્ટર જ આ પરીક્ષણ કરે અને મહિલા પોલીસ તથા NGO / Women Organization ના બે સભ્યોની હાજરી એ સમયે તદ્દન આવશ્યક છે. આ માટે કાયદામાં આવો સુધારો કરવો જરૂરી છે. આ પરીક્ષણ (મેડિકલ એક્ઝામિનેશન) યોગ્ય સાધનોથી (Proper Equipments) થવા જોઈએ – Crude Method થી કદાપી ન થવા જોઈએ.

(૭) છેડતી અને બળાત્કારના કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં બંધ બારણે રોજબરોજના ધોરણે ચલાવવા જોઈએ. આવા કોર્ટમાં સ્ત્રી ન્યાયાધીશોની નિમણૂક કરવી જોઈએ. કેસોનો મર્યાદિત સમયમાં નિકાલ લાવીને દોષિતને યોગ્ય સજા થવી જોઈએ. બચાવપક્ષના વકીલ અશ્લીલ સવાલો ન પૂછે, જેથી સ્ત્રીને જાહેરમાં શરમજનક ન થવું પડે તે ખાસ જરૂરી છે. (The questions to Raped Woman should not leave the limit of decency.)

(૮) દરેક ગામ / શહેરના ખ્યાતનામ નારી સંગઠનોએ એક જ નેજા હેઠળ રહી બુલંદ અવાજ ઉઠાવવો જોઈએ કે ચીલાચાલુ રગસિયા ધોરણે ચાલતી સરકારી પ્રથા બંધ કરાવી તેને તેજ ગતિએ લઈ આવવા પ્રયત્નશીલ થવું જોઈએ.

(૯) પબ્લિક ટ્રાન્સપોર્ટસ (બસો, ટ્રેઈન્સ) વાહનોમાં CCTV કેમેરા બેસાડવા જોઈએ. તદુપરાંત પબ્લિક પ્લેસીસ જેવા કે બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, સિનેમા થિયેટર, હોટલ, રેસ્ટોરન્ટ્સ જેવી જગ્યાઓએ પણ CCTV કેમેરા બેસાડવા જોઈએ.

મને એ જોઈ હસવું હજારોવાર આવે છે કે જે નારીએ ઈન્સાનને જન્મ આપ્યો, તે નારી સાથે જ તે નર બળાત્કાર જેવી ભીષણ હરકત કરવાની ગુસ્તાખી કરે છે.

"ઔરતને જન્મ દિયા મર્દો કો, મર્દોને ઉસે બાજાર દિયા..."

*૨૯, પદ્મ સદન, બ્લોક-૪,*
*શારદા કોલોની, ૭/બી, મેઈન રોડ,*
*ભાવેશ્વર નગર,*
*બેંગ્લોર-૫૬૦ ૦૭૯.*
*મો. ૯૩૪૨૪૨૪૦૬૩*

## અનુરોધ

'મંગલ મંદિર'ના ડિસેમ્બર અંકમાં મેં ત્રણ પુસ્તકો ખરીદીને કે લાઈબ્રેરીમાંથી મેળવીને વાંચવાનો અનુરોધ કરેલો. જે ભાગ્યશાળીઓએ એ ત્રણે પુસ્તકો વાંચ્યા હશે તેમને અત્યંત આનંદ થયો હશે.

હવે બીજા એક પુસ્તક માટે અનુરોધ કરું છું. યુવાનો - યુવતીઓ, પ્રૌઢ સજ્જનો - સન્નારીઓ તથા દાદા-દાદીઓ સૌએ અચૂક વાંચવું જોઈએ એવું એક પુસ્તક છે :

**"શ્યામની મા"**

લેખક : સાને ગુરુજી,

ગૂર્જર અને નવભારત બંને જગ્યાએથી મળી જશે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

**PARSHWA**
**FOOD & JUICE CENTER**

❒ DABELI
❒ VADA PAV
❒ MISAL PAV
❒ SANDWICH
❒ PIZZA
❒ GRILL SANDWICH
❒ PANI PURI
❒ SEV PURI
❒ JUICES
❒ MILK SHAKES

Vishal Gada • M. : 78029 68955
Dinesh Shah • M. : 76009 78523
(Bada - Kutch)

Shop No. 19/3, Nirma Building, Gopal Chowk, Bhairavnath, Maninagar, Ahmedabad-8.

# વાર્ધક્ય એ નિસર્ગનો આશીર્વાદ છે

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિને વૃધ્ધ થવું પસંદ નથી તેમ વૃધ્ધાવસ્થા કે નિવૃત્તિકાળ પણ પસંદ નથી. કોઈ વૃધ્ધને એમ કહેવામાં આવે કે તમો હજી યુવાન દેખાવ છો ત્યારે તેનો આનંદ તેના ચહેરા પર છવાઈ જાય છે. વર્તમાન સમયમાં વૃધ્ધાવસ્થા અને નિવૃત્તિકાળ કષ્ટમય અને બોજારૂપ બની જવા પામ્યા છે. આજે તો જીવનની પાનખર શુષ્ક, નિસ્તેજ માનવામાં આવે છે. પરંતુ તેને પણ આનંદ, ઉલ્લાસ અને પ્રકાશમાં પલટાવી શકાય છે. In old age white hair of the head is a sign of wisdom.

## • વૈદિક કાળ :

આપણો વૈદિક કાળ સમૃધ્ધિસભર હતો. આ સમય દરમ્યાન ઋષિમુનિઓ, તપસ્વીઓ ભગવાનને પ્રાર્થના કરતા અને તે પ્રાર્થના થકી તેઓ દીર્ઘાયુષ્ય ભોગવતા એવું યજુર્વેદ વર્ણવે છે. ઋષિઓ પ્રાર્થતા કે –

***પશ્યેમ શરદઃ શતમ્, જીવેમ શરદઃ શતમ્***
***શ્રુણુયામ શરદઃ શતમ્, પ્રબ્રુવામ્ શરદઃ શતમ્***
***અદીનાઃ શ્યામ શરદઃ શતમ્, ભૂય શરદઃ શતાત્ ॥***

*અર્થાત્ :* અમે સો વર્ષ સુધી જોઈ શકીએ, અમે સો વર્ષ સુધી જીવીએ, સો વર્ષ સુધી સાંભળી શકીએ, સો વર્ષ સુધી બોલી શકીએ, સો વર્ષ સુધી દરિદ્ર ન રહી સ્વતંત્રપણે જીવી શકીએ. આજે પણ કેટલાક ઉપાસકો આ દિવ્ય પ્રાર્થનાનો લાભ મેળવે છે. ઉપાસકો અને અનુભવસિધ્ધ સાધકો વર્ણવે છે એ મુજબ કોઈપણ વ્યક્તિ પ્રભાતે સ્નાનાદિક શુધ્ધિ બાદ સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી પૂર્વાભિમુખે પોતાના ઈષ્ટદેવ સમક્ષ શુધ્ધ આસન પર બેસી ઉપર્યુક્ત પ્રાર્થના નિત્ય કરી તેનો લાભ મેળવી શકે છે. કેટલાક પ્રશ્નો એવા ઉદ્‌ભવે છે કે વૃધ્ધાવસ્થામાં છલોછલ આનંદથી જીવી શકાય? શું વૃધ્ધાવસ્થા સુખમય રીતે પસાર થઈ શકે? શું વૃધ્ધો અને નિવૃત્તો સર્જકતા જાળવી શકે? આવા પ્રશ્નોના પ્રત્યુત્તરો સુખદ છે.

## • વૃધ્ધાવસ્થા લાવતા પરિબળો :

અનેક પરિબળો વૃધ્ધાવસ્થા માટે જવાબદાર છે. માણસની જીવનશૈલી પણ આ માટે જવાબદાર છે. બીડી, સીગારેટ, ભાંગ, દારૂ આદિ કેફી પીણાઓથી શારીરિક શક્તિ ક્ષીણ થતી જાય છે. આ કેફી પીણાં મન પર પણ અસર કરે છે. અત્યંત ગુસ્સાવાળી વ્યક્તિઓ, ચિંતાતુર સ્વભાવ, આર્થિક વિટંબણાઓ, અત્યંત સ્વાર્થીવૃત્તિ, કુસંપ આદિ પરિબળો વ્યક્તિને વૃધ્ધત્વ તરફ ઘસડી જાય છે. તેઓ વૃધ્ધાવસ્થા પચાવી શકતા નથી. એકાકી જીવન પણ વૃધ્ધત્વ નોતરે છે.

## • વૃધ્ધો - નિવૃત્તો શું ઈચ્છે છે?

વૃધ્ધો નિવૃત્તોને ખાસ તો સહાનુભૂતિ અને સહકારની આવશ્યક્તા રહેતી હોય છે. હાર્વર્ડ યુનિ.ના પ્રોફેસર મેડમ સેરા લૉરેન્સ લખે છે કે વૃધ્ધાવસ્થામાં વૃધ્ધોને તેના વિચારોને સમજનારાઓની, પરિવાર અને મિત્રોના પ્રેમની, તેમના શબ્દો પર ભરોસો રાખનારાઓની જરૂરત રહે છે. જો વૃધ્ધો નિવૃત્તોને આવી મદદ મળતી રહે, તો વૃધ્ધો નિવૃત્તો અનેક નવા આવકાર્ય કાર્યો કરી શકે. ઈ.સ. ૧૯૭૪માં અમેરિકામાં "National Institute of Ageing" સ્થપાઈ. આ સંસ્થાનો સર્વે જણાવે છે કે લગભગ ૭૦% લોકો જે પોતાના પરિવાર સાથે જીવે છે, જે વૃધ્ધ છે તેની આવરદા લંબાય છે. પરિવારનો પ્રેમ તેમને જીવાડે છે. અમેરિકામાં એક હજારમાંથી બાર વૃધ્ધો નર્સિંગ હોમમાં રહે છે. જ્યારે ભારતમાં વૃધ્ધાશ્રમો વધતા જાય છે. અમેરિકન બેંકો વૃધ્ધોને તેમની બચતો પર વધુ વ્યાજ આપે છે.

## • નિવૃત્તો - વૃધ્ધો માટે આનંદથી જીવવાના ઉપાયો :

ડૉ. એશ્લી મોન્ટેગ્યુ ૯૪ વર્ષની ઉંમર સુધી જીવન ઉપયોગી બાબતો લખતા રહ્યા. તેમણે એક પુસ્તકમાં લખ્યું કે વૃધ્ધોએ એમ વિચારવું કે હું વૃધ્ધત્વ તરફ જઈ રહ્યો છું. "ગ્રોઈંગ ઑલ્ડ" એમ નહિં કિંતુ "ગ્રોઈંગ યંગ" એમ વિચારનારને જીવન આશાસ્પદ રીતે જીવવાનું અનેરું બળ મળશે. આપણે તો મરતા સુધી વિકસી શકીએ છીએ. આપણી અંદર રહેલી અનેકવિધ સુષુપ્ત શક્તિઓને આપણે જગાડી શકીએ છીએ. જે લોકોએ યુવાનીમાં આળસને સ્થાને સખત પરિશ્રમ કરેલો હોય તેની વૃધ્ધાવસ્થા સહજ બની જાય છે. માનવીનું જીવન unending Development છે. જ્યારે મૃત્યુ માત્ર વિકાસનો વિરામ છે. Death is an end of development.

ભાગીદારીમાં નોબેલ પારિતોષિક વિજેતા ઓસ્ટ્રિયાના તબીબ ડૉ. કોનરાડ લોરેન્જના મતાનુસાર માનવી સ્વયં માનવીને મર્યાદિત ન બનાવે તો તે વિરાટતાને પામે. વૃધ્ધાવસ્થામાં પોતાના જીવનની કોઈ અસાધારણ ઘટના કે જેમાંથી જીવનમંત્ર કે મુશ્કેલીઓમાંથી મોકળો માર્ગ પ્રાપ્ત થયો હોય તે લખવાથી કે લખાવવાથી આત્મસંતોષ સાથે તે અન્યોને ઉપયોગી બને છે અને તત્કાળ પૂરતું સ્વસુખ પ્રાપ્ત થાય છે.

વૃધ્ધોએ જાતને જાણવા પ્રયત્નશીલ થવું રહ્યું. સ્વાર્થવૃત્તિ છોડવી જોઈએ. નિંદા - ટીકાથી વ્યગ્ર ન બનવું જોઈએ. કારણકે જે વૃક્ષ પર મીઠા ફળ હોય તેને જ વધારે પથ્થરો મારવામાં આવે છે. તેથી ટીકા સમયે ભગવદ્ સ્મરણ કરવાથી નવો માર્ગ સાંપડે છે.

***To handle yourself use your Head***
***To handle others use your Heart.***

*શ્રદ્ધાનો બીજો અર્થ થાય છે સુખી રહેવું.*

સ્વીસ મનોવૈજ્ઞાનિક કાર્લજંગે ઉદબોધ્યું છે કે, 'માનવીના જીવનનો પ્રત્યેક સમય, છોને તે વૃધ્ધાવસ્થા હોય, તેને રચનાત્મક બનાવી શકાય.' પ્રત્યેક કાર્યનો પ્રારંભ અત્યંત વિચારીને કરવો. અન્યોને મદદરૂપ બનવા પ્રયત્ન કરવો જોઈએ. આશાસ્પદ વિચારો વૃધ્ધાવસ્થામાં નવું બળ પ્રેરે છે.

Action without thought is Abortion and thought without action is folly.

***અર્થાત્ :*** "વિચાર્યા વગરનું કામ નિરર્થક છે. અને કોઈ કાર્ય વગરના માત્ર વિચારો એ મૂર્ખાઈ છે."

- **આગવી સંસ્થાઓની આવશ્યક્તાઃ**

માનવીની દરિદ્રાવસ્થામાં તેને મદદ કરનાર અનેક નામી અનામી સંસ્થાઓ આજે દેશ અને દુનિયામાં ઠેર ઠેર વિદ્યમાન છે. છતાં વૃધ્ધો, નિવૃત્તોની આવશ્યક્તા મુજબની સહાયતા અર્થેની સંસ્થાઓ રચાય તે સમયની માંગ છે. સમાજમાં આજે કેટલાક વૃધ્ધ અને વૃધ્ધાઓ જેઓ વિધુર અને વિધવાઓ છે, સંતાનો વિહોણા છે કે પછી સંતાનોએ તેમને હડસેલા છે; આબરૂની ખાતર વૃધ્ધાશ્રમમાં ગયા નથી. તેમાંના અનેક ગંભીર રોગોથી પીડાય છે.

આવા વૃધ્ધો - નિવૃત્તો માટે પરકાયા પ્રવેશ કરી વિચારીએ તોજ તેમના દુઃખો, તેમની જરૂરિયાતો અને તેમની તકલીફોના નિવારણ અર્થે કંઈક વ્યવસ્થા કરી શકાય. વાસ્તવમાં તેમને ખાસ તો જરૂરત છે માનવીય હુંફની. તેમની ખબર અંતર પૂછવાથી તેઓને ઘણો મોટો સહારો પ્રાપ્ત થાય છે. સેવાભાવી સેવકો આવા વૃધ્ધો નિવૃત્તોના રહેઠાણો પર પ્રતિદિન એક વખત એકાદ કલાકનો સમય ફાળવી, તેઓના દુઃખોનો ભાર હળવો જરૂર કરી શકે. આજે પણ આપણા સમાજમાં સેવાભાવી સજ્જન ભાઈ-બહેનોની કમી નથી. આવા કેટલાક અસહાય વૃધ્ધોની આંતરડી ઠારવાનું અને આશીર્વાદ મેળવવાનું સેવાર્થીઓના હાથમાં છે.

*'સહજાનંદ',*
*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## સામાજિક સંસ્થા અને ટ્રસ્ટો પર કાદવ ઉછાળતાં પહેલાં

તાજેતરમાં જુલીબેન (કાલ્પનિક નામ)ને બ્રેસ્ટ કેન્સર થયું. મોટી પૉશ હોસ્પિટલમાં સારવાર લીધી. મોંઘવારીના આ જમાનામાં કિમોથેરપી / રેડિયોથેરપી ટ્રીટમેન્ટ, ચેક-અપ, સર્જરી વગેરેનો ખર્ચ સ્વાભાવિકપણે રૂપિયા ૪ લાખને આંબી ગયો!

મદદ માટે આપણાં ટ્રસ્ટો, આપણી સંસ્થાઓ અને આપણાં દાતાઓ સમક્ષ રજૂઆત થઈ. કોઈએ રૂા. ૧૦,૦૦૦/, ૨૦,૦૦૦/- તો કોઈએ ૫,૦૦૦/- અને એમ આશરે રૂપિયા એકાદ લાખની સહાય જુલીબેનને મળી રહી.

આ સહાયની રકમ મોટા ખર્ચની તુલનાએ ભલે મર્યાદિત રહી પરંતુ સંસ્થાઓ / ટ્રસ્ટો / દાતાઓ તેમને કાંઈ પૂરેપૂરી મદદ તો કરી જ નહીં શકે.

આવા મોટા મેડિકલ ખર્ચના બીલો અને અપીલોની રજૂઆત આવી સેવાભાવી સંસ્થાઓ / આવા દિલાવર દાતાઓ પાસે અવારનવાર આવતી જ હોય છે અને ઉપલબ્ધ ભંડોળ પ્રમાણે ખૂબ જ સારી રકમ જરૂરતમંદને ફાળવે જ છે.

જુલીબેન અપેક્ષા કરતાં ઓછી આવેલી મદદ સામે નાકનું ટીચકું ચઢાવતા બોલ્યા કે, 'બસ!!! આટલી જ મદદ?' અને તેમણે ટ્રસ્ટીઓને / અધિકારીઓને તુચ્છ ભાષામાં ગાળો ભાંડી, જાહેરમાં ટીકા ટીપ્પણ કરી.

આપણે હંમેશાં આપણાં સ્વાર્થનું સર્કલ મોટું કરવામાં માનીએ છીએ. મોટી અપેક્ષાઓ રાખી સંસ્થાઓ પાસેથી કપરી પળે મોટી મદદ માગીએ છીએ જે ઉચિત નથી જ.

જુલીબેનના પરિવારે કદીય મેડીક્લેઈમ વિષે જાણવાની કે તે કઢાવવાની પરવા જ નહોતી કરી. તેમના પરિવારની માસિક આવક રૂા. ૨૫,૦૦૦/-થી રૂા. ૩૦,૦૦૦/-ને આંબી જતી હોવા છતાં તેમણે પોલીસીના મહત્ત્વ તરફ ક્યારેય લક્ષ્ય સેવ્યું નહોતું.

ઉપરાંત ચેરિટેબલ ટ્રસ્ટો કે સંસ્થાકીય નેજા હેઠળ ચાલતી હોસ્પિટલો પ્રત્યે ઉપેક્ષા સેવી મોટી પૉશ આધુનિક હોસ્પિટલમાં સારવાર લીધી. ત્યારે મેડિકલ બજેટ અંગે ફંડ ક્યાંથી આવશે? કેમ પહોંચી વળશું? તેનો જરા સરખોય ખ્યાલ ન રાખ્યો! કલ્પનાય ન કરી.

આજે અચાનક આવી પડેલી બીમારી સામે અગમચેતી વાપરી એક સારી રકમની મેડીક્લેઈમ પોલિસી કઢાવી લીધી હોત તો? પાણી આવે તે પહેલાં પાળ બાંધી લીધી હોત તો? સમાજહિતના સર્વે કાર્યો તરફ દુર્લક્ષ સેવતા અને સમાજ કલ્યાણની સેવા પ્રવૃત્તિ પ્રત્યે ટીકાટીપ્પણ કરવાની કોઈ પણ તક ઝડપી લેવામાં એક્સપર્ટ એવા એ પરિવારે સંકટ સમયે મદદ માટે હાથ લંબાવવાનો વારો આવ્યો ત્યારે સાઈઝેબલ મદદને સાગરમાં બિંદુ લેખી પોતાના અહમને પોષતાં એ પરિવારના વડાને આપણે શું કહીશું?

સમાજે આપણાં માટે ઘણું કર્યું છે, કરતું જ રહેશે. કર્તવ્ય સમજીને કે એમેય (આપણે જૈન છીએ તે માટેય) મદદ કરતું રહેશે. પણ આપણે સમાજ માટે શું કરી શકીએ તેનો જરા સરખોય વિચાર કર્યો ખરો?

આપણે આપણી અપેક્ષાઓને મર્યાદિત રાખી સ્વાર્થપણાના કોચલામાંથી બહાર આવી લાગણીઓમાં પ્રાણ પૂરી આપણાં જ્ઞાતિ તરફ અને જ્ઞાતિજનો તરફ અને પાંજા ભા માડુ પ્રત્યે આપણી શુષ્ક ભાવનાઓને નવો ઑપ આપીએ તો?

સમાજ પર નિર્ભર રહેવું ન પડે તેવા રસ્તાઓ હોવા છતાં પોતાનું મનમાન્યું કરી આપણી માનસિકતાને કલંકિત તો નથી કરી રહ્યાને?

આપણે સૌ સમાજના ઋણ નીચે દબાયેલા છીએ જ. આ ઋણ કઈ રીતે અદા કરી શકીએ તે આપણે સૌ કોઈએ વિચારવા જેવું તો ખરું જ.

*કુલીનકાંત ચાંપશી લુઢિયા, સામાજિક કાર્યકર - મુંબઈ*
*મો. ૯૮૨૦૦ ૩૯૪૬૯*

*આત્મવિશ્વાસ વધારવાની એક અચૂક રીત એ પણ છે, તે, તે જ કરો જેનાથી ડરો છો.*

# કચ્છીઓનું ગૌરવ – ભાત બજારના ફુવારાની દુર્દશા

• માણેક એમ. સંગોઈ •

ગ્લોબલાઈઝેશનના - વિશ્વ એકીકરણના આ યુગમાં પણ આપણને કચ્છી હોવાનું ગૌરવ છે. ગૌરવ એટલા માટે છે કે કચ્છીઓ પાસે સાહસ અને ઝિંદાદિલીનો ઈતિહાસ છે. જીવન જીવવાની કળા તેઓ જાણે છે. જૈન, દશા કે વીસા ઓસવાલ, ભાટિયા, પટેલ, ભાનુશાળી, મેમણ, ખોજા કોઈ પણ જાતિ કે જ્ઞાતિના કચ્છીએ આજથી પોણા બસ્સો વરસ પહેલાં વહાણોમાં બેસી કચ્છની ક્ષિતિજ પાર કરતાં તોફાની સમંદરની સાહસિક યાત્રા કરવા એકલા નીકળી પડેલાં. અરબસ્તાન, આફ્રિકા, એશિયાના અજાણ્યા દેશોમાં સ્વમાનથી ભવિષ્ય નિર્માણ કરવા પોતાના પડાવ કચ્છીઓએ ત્યાં નાખ્યા. આમાંનું એક પડાવ મુંબઈ પણ હતું.

આવા જવાંમર્દોમાંના એક હતા કચ્છ કોઠારાના દશા ઓસવાલ જૈન નવજવાન કેશવજી નાયક. પાંચ વરસની કિશોર વયે કેશવજીએ પોતાના પિતા ગુમાવ્યા. વિધવા માતાએ હમાલી કરી એનો ઉછેર કર્યો. વહાણની કપરી સફર કરતાં એ મુંબઈ પહોંચ્યો. કેશવજીએ મશકમાં પાણી ભરી મુંબઈની ગોદીમાં કામ કરતાં લોકોની તરસ બુઝાવવાનું કામ કર્યું. મજૂરી પણ કરી. એમની વાત આપણે આગળ કરીએ તે પહેલાં જાણી લઈએ કે આજથી દોઢસો વરસ પહેલાં મુંબઈનું ભાતબજાર કેવું હતું? મુંબઈ કેવી હતી? આ કેશવજીએ શું કર્યું?

જાણવા જેવો એનો રસિક ઈતિહાસ છે. આધારભૂત નોંધ પ્રમાણે ૧૮૭૦માં મુંબઈની વસતિ માત્ર ૧૩,૭૨૬ની હતી. આજની મુંબઈની ત્રણ બાર ડબ્બાવાળી લોકલ ટ્રેઈનમાં સમાઈ જાય તેટલી અને એનો વિસ્તાર માત્ર લગભગ ૪૦ વર્ગ કિલોમીટર જેટલો – કોલાબાથી મજગામ અને વરલી પરેલ સુધીનો. સાત ટાપુઓવાળી મુંબઈ. ચારેબાજુ પાણી જ પાણી. અંગ્રેજોની સત્તા. ઈંગ્લેન્ડની કપડાની મિલો માન્ચેસ્ટરમાં ધમધમે અને એનું કાપડ દુનિયામાં વેચાય. પણ મિલો માટે રૂ જાય ઈન્ડિયાથી. આપણું રૂ ત્યાં જાય ને કાપડ બને ઈંગ્લેન્ડમાં અને પાછું વેચાય ઇન્ડિયામાં. ૧૮૬૦માં રૂનો વ્યાપાર ૧૭ કરોડ રૂપિયાથી વધીને ૫૧ કરોડનો થયો. આ વ્યાપારમાંને માલની આવ-જાવમાં મુંબઈ બની ગઈ ઈન્ડિયાની આર્થિક રાજધાની. દાણાબંદર અને ભાતબજાર અનાજના વેપાર માટે ખૂબ મહત્ત્વનું કેન્દ્ર બની ગયું. દેશ-પરદેશનો વેપાર અહીંથી થાય. માનવીની પાયાની જરૂરિયાત રોટી, કપડા અને મકાન. રોટી બનાવવા અનાજ જોઈએ. બાહોશ કચ્છીઓએ આ રહસ્ય જાણી લીધું અને દેશ-પરદેશનો અનાજનો વેપાર પોતાના હસ્તક કરી લીધો. કચ્છીઓની ઘણી વેપારી પેઢીઓ ઊભી થઈ. આવી એક પેઢી શેઠ શિવજી નેણશીની. તેમાં કેશવજીને નોકરી મળી ગઈ. ખૂબ મહેનત કરી. બાહોશીથી વહીવટ કર્યો અને એ પેઢીના કર્તાહર્તા બની ગયા - શેઠ શ્રી કેશવજી નાયક. વટદાર લાંબી મૂછો, ચાંચવાળી મોભાવાળી લાલ પાઘડી, ભરાવદાર દેહ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ એ કેશવજી નાયક શેઠની ઓળખ બની ગઈ. આખી મુંબઈમાં ચાર ઘોડાવાળી બગી માત્ર બે જણા પાસે હતી. એક જમશેદજી જીજીભાઈ અને બીજા શેઠ કેશવજી નાયક પાસે. પોતાના નિવાસ દાણા બંદરથી ભાત બજાર બગીમાં બેસીને શેઠ નીકળતાં ત્યારે લોકો એમને જોવા ઊભા રહેતાં.

ચીંચબંદર અને દાણાબજારની વચ્ચે આવેલ આ ભાત બજારમાં ધરખમ વેપાર થતો. બળદ ગાડીઓમાં માલની આવ-જાવ થતી. બિચારા બળદો માટે પાણીના અવાડાની અને તરસ્યા લોકોને પાણીની પરબની જરૂર હતી. જૈન ધર્મના સંસ્કાર પામેલા, અછત અને ગરીબીમાં ઉછરેલા, કરુણાથી છલકાતાં હૃદયના કેશવજી શેઠે નક્કી કર્યું કે જે ગોદીમાં પાણી પાઈને અનેક તરસ્યા લોકોના આશીર્વાદ મેળવી મેં મારી આ સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે તો એમનું ઋણ ભાત બજારમાં એક સુંદર કલાત્મક ફુવારો બનાવી એમને હું અર્પણ કરું.

ઓગણીસમી સદીમાં ઈંગ્લેન્ડમાં સ્થાપત્ય કલાની અનેક શૈલીમાં ભવ્ય ઈમારતો બની. ૧૮૨૦થી ૧૮૯૦ સુધીના સમયના અંગ્રેજ શાસનકાળમાં અનેક કલાત્મક સુંદર વિવિધ શૈલીઓમાં મુંબઈમાં પણ ઇમારતો બની. ૧૮૩૧માં મહાલક્ષ્મી મંદિર, ૧૮૩૩માં ટાઉન હોલ, ૧૮૬૪માં રૂપિયા ૪૭,૦૦૦ના ખર્ચે ફ્લોરા ફાઉન્ટન, ૧૮૬૯માં ક્રાફર્ડ માર્કેટ, ૧૮૭૮માં બોમ્બે હાઈકોર્ટ અને રાજાબાઈ ટાવર. શેઠ કેશવજી નાયકનો ભાત બજારનો ફુરાવો ૧૮૭૬માં રૂા. ૨૭,૦૦૦ના ખર્ચે અને શેઠ ફ્રસેતજી માણેકજીનું 'ખડા પારસી'નું પૂતળું એજ અરસામાં ભાયખલામાં રૂા. ૨૦,૦૦૦ના ખર્ચે બન્યું. ફ્લોરાદેવીને શોભાવતી ફ્લોરા ફાઉન્ટનની ભવ્યતા હજી લગભગ એવી છે. જોકે એના ફુવારા કામ નથી કરતા અને ખૂબ શેવાળ છે, અમુક રિપેરિંગ માંગી લે છે. એનો ખર્ચ ભાતબજારના ફુવારા કરતાં બમણો હતો. આમાંના મોટાભાગની ઈમારતો કિંમતી વારસા (હેરીટેજ બિલ્ડિંગ) તરીકે ગણાય છે. કમભાગ્યે કચ્છનું ગૌરવ અને કચ્છીઓનો આ કિંમતી વારસો કોઈના લિસ્ટમાં નથી. લાગે છે ત્યાં કરોડોનો વેપાર કરતાં અને નિકાસ કરતાં કચ્છી માડુઓના લિસ્ટમાં પણ નથી!

ફુવારો બંધાવવામાં શેઠ કેશવજી નાયકે ૨૭,૦૦૦ રૂપિયાનો ખર્ચો કર્યો તે એ જમાનામાં ઠીક માતબર રકમ હતી. એની

*મહેનતથી કરેલું કર્મ લાભદાયક હોય છે.*

ઉદ્‌ઘાટન વિધિ તે વખતના મુંબઈના ગવર્નર સર ફિલિપ એડમંડ વોડહાઉસના હસ્તે દબદબાપૂર્વક તા. ૮મી જાન્યુઆરી, ૧૮૭૬માં થઈ. એની ડિઝાઈનના મ્યુનિસિપલ ઈજનેર આર.જી.વોલ્ટન હતા. ફુવારાનું સ્થાપત્ય એક કલાત્મક દેવાલય જેવું છે. ઘુમ્મટમાં મોર અને હાથીની સુંદર કોતરણી છે. સદ્‌ભાગ્યે હજી સમય આપતી જીવી રહેલી મોટી ઘડિયાળ છે. શેઠ કેશવજી નાયકની ઉભરેલી નાની રંગીન પ્રતિમા છે. કાળા પથ્થરની નંદીની મનોહર મૂર્તિઓ છે. આ ફુવારો એટલે મહત્ત્વનું લેન્ડમાર્ક.

આસપાસની બધી બિલ્ડિંગના સરનામામાં એનો ઉલ્લેખ થાય. સન ૧૯૪૪ના બાજુની ગોદીના ભયંકર ધડાકાની હોનારતમાં ફુવારાની સામેની ગોદી તરફની બિલ્ડિંગોને ઘણું નુકસાન થયું. પણ પુણ્યશાળી ફુવારો બચી ગયો. આ લખનારે પોતાનું શૈશવકાળ ફુવારાની પાસે જ વિતાવ્યું હતું. એનો રૂઆબ જોયો છે. હાલ એ દયનીય સ્થિતિમાં છે. ચારે તરફ અંદર અને બહાર એના પર આક્રમણ થઈ રહ્યું છે. એની અંદર ખિલ્લાઓ ઠોકાયા છે ને એનાં આધારે રસીઓ બાંધી કપડા સૂકાવાય છે. કેલેન્ડર અને સુંદરીઓના ફોટા લટકે છે. પોલિટીકલ અને ધાર્મિક બેનરોના પોસ્ટર ટાંગવાનું જાહેર સ્થળ બની ગયું છે. નીચે એની દીવાલોની સાથે એક તરફ ચાયની અને બીજી બાજુ અનેક પ્લાસ્ટિક પાઉચ લટકાવેલ પરચૂરણની દુકાન છે. ઘુમ્મટ ઉપર પીપળાના નાના ઝાડો બેદરકારીની ચાડી ખાતા ઉગ્યાં છે. પાણીના પીપાઓ ઉપર મૂક્યા છે. પાણીની પરબ હજી કોઈ ટ્રસ્ટ ચલાવે છે ને તરસ્યાની પ્યાસ બુઝાવે છે. બાજુમાં સુધરાઈની જૂની થયેલી ગંદી મુતરડીની સગવડ છે. સૂકા અવાડા હજી છે પણ હવે બળદ રહ્યા નથી. આમ તેમ બસ, ખટારા અને હાથગાડીઓ દેખાય છે. કચ્છી જૈન દશા અને વીસા મહાજનોની શોભા અહીં હવે નજરે નથી ચડતી.

ખડા પારસીની હાલત ભાત બજારના ફુવારા જેવી છે. ફ્લોરા ફાઉન્ટન અને ખડા પારસીની હાલત ઠીક કરવા મુંબઈની સુધરાઈએ અનુક્રમે દોઢ કરોડ અને સવા કરોડ મંજૂર કર્યા છે. ખડા પારસીને સુધારવાનું કામ સુધરાઈએ શરૂ કરી દીધું છે. ફ્લોરા દેવીનો વારો થોડા મહિનામાં આવશે. હજી પણ ભાત બજારમાં કરોડોનો વેપાર થાય છે. ફુવારાની વર્તમાન દુર્દશા સુધારવા બંને મહાજનોએ, ટ્રસ્ટીઓએ, વેપારીઓએ અને ત્યાંના રહેવાસીઓએ સુધરાઈ અને રાજકારણીઓને જગાડવા પડશે. હેરીટેજ લિસ્ટમાં નામ નોંધાવવા માટેની મહેનત કરવી પડશે. ૧૩૭ વરસનો કચ્છીઓનો આ ગૌરવશાળી વારસો બચાવવો પડશે. આપણા વડીલોની આ જીવંત ઈમારતને અખંડ રાખવી પડશે.

ફ્લોરા ફાઉન્ટનની ફ્લોરાદેવીની પ્રશસ્તિમાં ગુજરાતીના આપણા વિદ્વાન કવિ શ્રી નિરંજન ભગતે ભાવવાહિક કવિતા લખી છે.

પણ આપણા ભાતબજારના ફુવારા માટે હાલ તો આ દુખાંતિકા મનમાં ઉદ્‌ભવે છે :

*દેખ તેરે ફુવારે કી હાલત ક્યા હો ગઈ કેશવ દાતાર*
*કિતના બદલ ગયા યહ ભાતબજાર! કબ સુધરેગા ભાતબજાર?*

## ફુલાય - મ - ફુલડેં કે નેર.... (૧)

ફુલડાં ખિલેં - સુગંધ ફેલાજે - અંતે કરમાજે
ફુલડાં ખિલેં - રંગબેરંગી ડિસાજે - અંતે કરમાજે
ફુલડાં ખિલેં - કુણાસ પરખાજે - અંતે કરમાજે
ફુલડાં ખિલેં - રૂપ નિરખાજે - અંતે કરમાજે
ફુલડાં ખિલેં - વિવિધતા વર્તાજે - અંતે કરમાજે
ફુલડાં ખિલેં - પરાગતેં ભંવરા છાંજે - અંતે કરમાજે
ફુલડાં ખિલેં - કિતરા પ્રભુસેં મિલેં - પ્યા મુસ્કુરાજે
ફુલડાં ખિલેં - વસંત બહાર ખિલે - પ્રકૃતિ લહેરાજે
ખિલ્લી ખિલેં - કર્તવ્ય બજાઈયેં - મૌન કરમાજે
માડુ જન્મે - વે એળો ન વતાંઈયેં-કો-ત-ઈ શરમાજે
ભરમાયેલા બેંકે-કે ખોટા સચ્ચા કંયેં - પણ પિંઢ ભરમાજે
કર્તવ્ય પડખે રેઓ-ટાપ-ટીપમેં ટેપાંઈયેં-જિંધગી વિનાજે
અલ્પ જીવી ફુલડાં ગમે-જિજ્જો જિંધલ માડુઆ-કો ભટકાજે?
જીંયણ એળો-કેળે કમજો માડુઆ? જે નિકામો ખપાજે
તોથી ત ફુલડાં ખાસા-કીંક કરી-સુગંધ ડેઈ-કરમાજે
રશ્મિન્ જરા વિચાર-ત-જિંધગી-હશી ખુશી જીયાજે
જિંધગીજો કુરો ભરોસો - કુલા ફુલાંઈયેં-ફુલડેં કે નેર
ફુલડેંજી ગાલ ધિલમેં ધર-ત-જરૂર થીંધી - માલિકજી મ્હેર
ફુલડેં જીં ફુલ ભનીને જીયેં-તીંય માડુઆ - તું માડુ ભનીને જી
થોડો જી - એળો ધજ જી - સૌરાજીને-ભગવાન પણ થીંયેં રાજી
ફુલ-ત આય એકેન્દ્રીય જીવ, તડેં તુંતાં પંચેન્દ્રીય માનવ
'રશ્મિન્' ચેં ફુલેંથી પણ રૂડો જીવી, તરી વિન તું ભવ.

## અન્ના ધુબે કચ્છ - ધરા....!!! (૨)

**(તા. ૨૬-૧-૨૦13 જો ભૂકંપજી બારમી વર્ષી વરઈ)**

**(ભૂકંપ તા. ૨૬-૧-૨૦૦૧)**

એકવી સદીજો પેલો પ્રજાસત્તાકડીં, ન નિવડ્યો શુકનીયાળ;
સિંહણ જેળી છવી જાન્યુઆરીને શુક્રવાર, ભનીવ્યા શિયાડ.
કુદરતજો કેળો ક્રુર કારમો ઘા, થૈને આયો વીકરાળ;
ધાંયે ધાંયે કંધો ધસમસતો, આયો કાળમુખો કાળ.
ભૂકંપ થ્યો ભારી ઘોઝારોને, કઢી વિંધે મુલકજી પાડ;
ભરખી વ્યો ગચ્ચ મિડે, નેપટ ભુખ્યો હો કંગાલ.
માં છણ્યાં - બાપા છણ્યાંને, છણ્યાં બચ્ચા - બાળ;
ધબાઈ વ્યા નીચે મિળને, મથે છણ્યો કાટમાળ.
રૂંધા રોન્ના હાય હાય, ચારેબાજુ રોકડને રાડારાડ;
ફાટઈ અખિંયેં જિંધગી અવાક, મોત ખિલે ભમરાડ.
તુંજ રે તોશમાન પ્રભુ, ને તોજી લીલા હેડી ખોફનાક;
'રશ્મિન્' આય મૌન, માલિક મિણીકે ઓકારી કર પાર.

## કો ધોબઈ ધરા?....(૩) (ભૂકંપ તા. ૨૬-૧-૨૦૦૧)

હિંસાજી હાય વૈઈ ખાઈ ને માડુએંજી રોગી ખુટલાઈ;
"રશ્મિન્" ચેં ન્યાર્યો ત ખરા, ધરતી કે ડિના ધુબાઈ.
માડુજી નકરઈ ચીસ!...
ભૂકંપમેં માડુ જડેં સપડાણા, ભીંસોભીંસ;
તડેં મોતકે ખિલ્લ છુટઈને, માડુજી નકરઈ ચીસ.
ડેઅમેં વધધે અનિતિ...
ડેઅમેં વધધે અનિતિ, ધરતીમાં થૈઈ ઢીલી;
ઓ માડુઆ અન્ના ૫ સંભારે ગિન, નકાં હાણે ન સગધી ઝીલી.

**('રશ્મિન્ જો રણકાર : ભાગ-3'માંની**
**આ ત્રણે કવિતાઓ છપાવનાર : એક શુભેચ્છક - મુંબઈ)**

# કાન્હરે, કર્વે અને દેશપાંડે

## પ્રકરણ-૧

• સ્વામી સચ્ચિદાનંદ •

*ભારતને ૧૯૪૭માં આઝાદી મળી. આપણી માન્યતા એવી છે કે મહાત્મા ગાંધીજીની અહિંસક લડતનું આ પરિણામ છે. પરંતુ તે ૧૦૦ ટકા સાચું નથી.*

*ભારતની આઝાદી માટે છેક ૧૮૫૭માં એક જોરદાર બળવો થયો કે જે નિષ્ફળ નિવડેલ. તે વખતે આઝાદી મેળવવી એ હિંસક ક્રાંતિથી જ શક્ય બને તેવી માન્યતા હતી. હિંસક ક્રાંતિની ચળવળ ૧૮૫૭ પછી ચાલતી જ રહી. સમયે સમયે બહાદુર લોકો આઝાદી મેળવવા ક્રાંતિનો હિંસક માર્ગ અપનાવતા રહ્યા અને શહીદ થતા ગયા. સુભાષચંદ્ર બોઝ અને વીર સાવરકરે આ પ્રકારની ક્રાંતિને સહયોગ આપ્યો. ક્રાંતિકારીઓની હિંમત અને દેશદાઝે અંગ્રેજ સલ્તનતને નાકે દમ લાવી દીધો. કુહાડીના અનેક ઘા સહન કરીને સલ્તનત ખખડી તો ગયેલ જ હતી. બાકી રહેતું કામ અહિંસક આંદોલને પૂરું કર્યું. મહાત્મા ગાંધીજીનો જય જયકાર થયો. પરંતુ તેના કારણે આપણે બહાદુર ક્રાંતિકારીઓની કિંમત જરાયે ઓછી આંકવી ના જોઈએ.*

*કમનસીબે આજે આ ક્રાંતિકારીઓ હાંસિયામાં ધકેલાઈ ગયેલ છે. તેઓની જોઈએ તેવી નોંધ લેવાયેલ નથી. તેઓએ આઝાદી માટે પોતાના પ્રાણોની જે આહૂતિ આપી તેનાથી આમ જનતા અલ્પ પરીચિત છે. શ્રી કૃષ્ણ સરલ, સચ્ચિદાનંદજી જેવા જૂજ લોકોએ આ ક્રાંતિકારીઓને યોગ્ય ન્યાય મળે એ રીતે તેઓને આપણી સમક્ષ રજૂ કરેલ છે. તેઓની વીરગાથાનો આપણને પરિચય આપેલ છે. તેઓની સાચી ઓળખ આપેલ છે.*

*"ફાંસીના વરરાજાઓ" નામના ગ્રંથ દ્વારા સ્વામી સચ્ચિદાનંદે આપણને તેઓથી પરીચિત કરાવેલ છે. 'મંગલ મંદિર'ના માધ્યમ દ્વારા ભારત માતાના આ વીર સપૂતોથી આપણે પરીચિત થઈએ તે ભાવનાથી, તેઓને અત્રે શ્રેણી સ્વરૂપે રજૂ કરેલ છે.*

*– તંત્રીમંડળ*

ન્યાય - અન્યાયની દૃષ્ટિએ પ્રજાના ત્રણ પ્રકાર હોય છે : (૧) ન્યાયપ્રેમી પ્રજા, (૨) અન્યાયને સહન કરી લેનારી પ્રજા અને (૩) અન્યાય સામે ઝઝૂમીને અન્યાયનો બદલો લેનારી પ્રજા.

**૧.** વિશ્વની બધી પ્રજાઓ ન્યાયપ્રેમી નથી હોતી પણ કેટલીક પ્રજા ન્યાયપ્રેમી હોય છે. જે પ્રજા ન્યાયપ્રેમી હોય છે તે મહાન હોય છે. તે જો સત્તા ઉપર હોય તો પોતાના સગા દીકરાને પણ સખત સજા કરતાં વાર નથી કરતી. જ્યારે જ્યારે આવી પ્રજા શાસક બને છે ત્યારે ત્યારે કાયદો અને વ્યવસ્થા સારી રીતે સ્થાપિત થાય છે. આવી પ્રજા બધી પ્રજાનું ગૌરવ કહેવાય. આ વ્યક્તિની વાત નથી, પૂરી પ્રજાની વાત છે. પ્રજામાં થોડા અપવાદ હોઈ શકે, પણ તેથી શું? પૂરી પ્રજાની એક ખાસ માથાવટી તૈયાર થતી હોય છે.

**૨.** અન્યાયને સહન કરી લેનારી પ્રજા હોય છે તે દુર્બળ અને કાયર હોય છે. દુર્બળતા માત્ર કાયર હોય છે તેવું માનવું યોગ્ય નથી. દુર્બળતામાં પણ પ્રબળતા રહેલી હોય છે, પણ તે અપવાદરૂપે. અન્યાય સહન કરનારી પ્રજાની ત્રણ કક્ષાઓ હોય છે : (૧) દુર્બળ હોવાથી, (૨) સ્વાર્થી હોવાથી અને (૩) અપરાધી હોવાથી. આમાં સ્વાર્થના કારણે જે અન્યાય સહન કરતી હોય છે તે સૌથી વધુ ખતરનાક બની શકે છે. તેમનું જીવનલક્ષ્ય જ સ્વાર્થ, સ્વાર્થ ને સ્વાર્થ જ હોવાથી તે ગમે તેવાં અન્યાયભર્યા સમાધાન પણ સ્વીકારી લેતી હોય છે. આવી પ્રજા જો રાજસત્તા ઉપર આવે તો ન પ્રજા કદી સુખી થઈ શકે, ન દેશ સુરક્ષિત રહી શકે. આવી દુર્બળ પ્રજા સ્વાર્થી પ્રજા કદી રાજસત્તા ઉપર આવે જ નહીં તેવું માનવું નહીં. મતોના રાજકારણમાં જેને મતો ખરીદતાં આવડે તે સત્તા ઉપર આવી પણ શકે છે એમાં નવાઈ ન પામવું જોઈએ.

**3.** અન્યાયનો પ્રતિકાર કરનારી અને બદલો લેનારી પ્રજા તેજસ્વી હોય છે, તે કાયર નથી હોતી. અન્યાય - અત્યાચારનો બદલો જેણે અન્યાય કર્યો હોય તેની સાથે જ લેવો તેવું પણ હોય. પણ અન્યાયનું કલેવર ઘણું મોટું હોય તો તેના કોઈ પણ અંગ સાથે બદલો લઈ શકાય છે. હાથીની સૂંઢે કોઈને માર્યો હોય તો સૂંઢ ઉપર જ બદલો લેવો જોઈએ તેવો નિયમ ન કરી શકાય. હાથીના ગમે તે અંગ ઉપર પ્રહાર કરી શકાય. ગમે તે અંગ ઉપરનો પ્રહાર અંતે તો હાથી ઉપરનો જ પ્રહાર કહેવાય.

*'તમે અને તમારું' એનું નામ જ્ઞાન તથા 'હું અને મારું' એનું નામ અજ્ઞાન.*

ત્યારે અંગ્રેજી શાસનમાં ઘણા લોકોને ન્યાયના નામ ઉપર ઘોર કઠોર દંડ દેવામાં આવતો. કેટલાક ગોરાઓ એવા હતા કે તે સખતથી સખત સજા કરવાનો શોખ ધરાવતા. નાસિકનો કલેક્ટર મિ. જેક્સન આમાંનો એક હતો. તે આઝાદીની ચળવળ કરનારા ઉપર ક્રૂરતાથી તૂટી પડતો અને કઠોરતમ સજા ફરમાવતો. ગણેશ દામોદર સાવરકર કવિ હતો. તેણે આઝાદી માટે કવિતાઓ લખેલી. તેમાં અંગ્રેજોના સામ્રાજ્યને ઉખાડી નાખવાની વાતો પણ લખેલી. તેની આવી કૃતિઓ માટે જેક્સને તેને કાળાં પાણીની સજા ફરમાવી હતી. કાળાં પાણી એટલે આંદામાન - નિકોબારની જેલમાં જીવનભર ધકેલી દેવા. આ ભયંકર યાતનાભરી સજા ગણાતી. ગણેશની આવી સજાથી ક્રાંતિકારીઓમાં ભારે ખળભળાટ મચી ગયો. આમ પણ જેક્સન સૌની આંખે ચઢ્યો હતો. સૌને સજા થાય પણ ન્યાયાધીશ પોતે જ અપરાધ કરે કે પક્ષપાત કરે તો તેને કોણ સજા કરે? ન્યાયિક પ્રક્રિયા દ્વારા કશું ન થઈ શકે અને કાંઈ કરવું હોય તો બહુ લાંબો અને થકવી નાખનારો રસ્તો લેવો પડે. તો શું ચૂપ બેસી રહેવું? ના, ના, ના! મહારાષ્ટ્રનો બ્રાહ્મણસમાજ માત્ર સીધું ખાઈને યજમાનવૃત્તિથી આજીવિકા ચલાવનારો નથી. તેણે પેશવા, સેનાપતિઓ, યોદ્ધા, દાર્શનિકો અને ઘણા વિદ્વાનો પણ આપ્યા છે. મહારાષ્ટ્રના બ્રાહ્મણોનો રાજકીય ઇતિહાસ ઘણો ઉજજ્વળ રહ્યો છે. ગણેશ દામોદર સાવરકરને માત્ર કવિતાઓ લખવાના અપરાધમાં કાળાં પાણીની સજા ફટકારનાર નાસિકના કલેક્ટર જેક્સનને બદલો આપવા માગનારા થોડા બ્રાહ્મણ યુવાનો તૈયાર થઈ ગયા. તેમાં ઔરંગાબાદનો અનંત લક્ષ્મણ કાન્હરે મુખ્ય હતો. તેણે પોતાના મનોબળની કસોટી કરવા બળતા દીવા ઉપર પોતાની હથેળી બે મિનિટ રાખી હાથ બળવા દીધો હતો. તેની સાથે બે બીજા બ્રાહ્મણ યુવાનો ભળ્યા હતા : વિનાયક નારાયણ દેશપાંડે અને કૃષ્ણ ગોપાલ કર્વે. આ બધાએ ભેગા મળીને જેક્સનને પૂરી સજા આપવાની યોજના બનાવી. પણ તેમની સામે મહત્ત્વનો પ્રશ્ન હતો હથિયારનો — એક સારી પિસ્તોલ જોઈએ તે ક્યાંથી લાવવી?

આખરે તેની વ્યવસ્થા લંડનથી આવનારા ચતુર્ભુજ અમીન દ્વારા થઈ ગઈ. અમીન લંડનમાં ભારતીય ભવનમાં રહેતો હતો. ભારતીય ભવન ક્રાંતિકારીઓનો ગઢ હતું. તેના ઉપર સરકારની કઠોર નજર રહેતી હતી. તો પણ અમીન પોતાની બેગમાં છુપાવીને પિસ્તોલ લઈ આવ્યો. કસ્ટમમાં તેની પૂરેપૂરી તપાસ કરવામાં આવી. ચીંથરેચીંથરું ફેંદી નાખ્યું પણ કશું ન મળ્યું. ખરેખર તો તેણે બેગના તળિયે બીજું ખાનું બનાવીને તેમાં પિસ્તોલ સંતાડી હતી. ત્યારે સ્ટીમરોની આવ-જા થતી. તેથી ઘણી મોટીમોટી પેટીઓ લોકો લાવતા - લઈ જતા. બહુ મોટી પેટીના નીચે આવું ખાનું સહેજે કરી શકાતું.

ચાલો, હથિયાર આવી ગયું. બધાએ મળીને ૨૧-૧૨-૧૯૦૯નો દિવસ નક્કી કર્યો. તે દિવસે નાસિકના વિજયાનંદ ભવનમાં 'શારદા' નામનું નાટક ભજવવાનું હતું. કલેક્ટર જેક્સન પણ આમંત્રિત હતો. તેથી તે પણ આવવાનો હતો. અનંત કાન્હરે, દેશપાંડે અને કર્વેએ પોતાને અનુકૂળ સીટ લઈ લીધી હતી — જ્યાંથી કલેક્ટર પસાર થવાનો હતો. વ્યૂહરચના બરાબર હોય તો જ યોજના પાર પાડી શકાય. ત્રણેએ મળીને વ્યૂહરચના બરાબર બનાવી હતી. ત્રણે તૈયાર હતા. કોઈ બહુ જ મહત્ત્વનું કાર્ય કરવાના હોય તેમ બધાનાં હૃદય ધડકતાં હતાં. તેવામાં જેક્સન તેમની આગળથી જ નીકળ્યો. જેવો તે કાન્હરેની પાસે આવ્યો કે તરત જ કાન્હરેએ પિસ્તોલનો ઘોડો દબાવી દીધો. ગોળી જેક્સનના પગ ઉપર વાગી. કાન્હરેએ તરત જ બીજી ગોળી હૃદયમાં મારી. જેક્સન નીચે પડી ગયો અને તરફડવા લાગ્યો. કાન્હરેએ ધડાધડ બધી ગોળીઓ તેના શરીરમાં ધરબી દીધી.

લોકો કાન્હરે ઉપર તૂટી પડ્યા અને તેને પકડી લીધો. જેક્સન મરી ચૂક્યો હતો. એક પછી એક બધા આરોપીઓ પકડાઈ ગયા. કેસ ચાલ્યો અને ૨૯-૩-૧૯૧૦ના રોજ જજમેન્ટ આવ્યું. ન્યાયાધીશે કાન્હરે, દેશપાંડે અને કર્વેને ફાંસીની સજા સંભળાવી. બીજા ત્રણને આજીવન કેદ અને એકને બે વર્ષની સજા સંભળાવી.

તા. ૧૯-૪-૧૯૧૦ના રોજ થાણાની જેલમાં કાન્હરે, દેશપાંડે અને કર્વેને એકસાથે ફાંસીએ લટકાવી દીધા. પણ આ મહાબલિદાનથી અંગ્રેજ અમલદારો ડઘાઈ ગયા. તે સમજી ગયા કે ક્રાંતિકારીઓ ઘેંસ જેવા પોચા નથી, તે પોલાદ જેવા કઠોર છે. તે જરૂર બદલો લેતા હોય છે, એટલે બેફામ ન્યાય આપતાં પહેલાં દસ વાર વિચાર કરતા થઈ ગયા!

અંગ્રેજ સલ્તનતના વિશાળ હાથીના એક અંગમાં પણ વીંછી જેવો ડંખ દેવામાં આવે તો પૂરો હાથી ખળભળી ઊઠે. આવા કેટલાય ક્રાંતિકારીઓના બલિદાનથી આપણે આઝાદી પામ્યા છીએ તે ભુલાવું ન જોઈએ. ■

## સુધારો / ખુલાસો

'મંગલ મંદિર' ફેબ્રુઆરી-૨૦૧૩ અંક, પાના નં.-૫૬ ઉપર "શ્રી ક.દ.ઓ. જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ - નલિયા (કચ્છ) દ્વારા નેચરોપથી પદ્ધતિથી સારવાર માટે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજવામાં આવેલ છે" — આ જાહેર ખબર છપાઈ છે. તેમાં દાતા / સૌજન્યનું નામ સુધારીને **"શ્રી શાંતિદેવ સેવા સમિતિ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦"** વાંચવું.

આપણા વડીલોનો વારસો
શુદ્ધ કાંસાના વાસણ
પ્રાપ્તિ સ્થાન :
પારસ મેટલ વર્કસ
૯૦, કંસારા ચાલ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૪૨૧૫૯૧, ૨૨૪૨૨૮૬૮

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૧૫

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

**તા. ૮-૨-૨૦૦૪ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલા આરોગ્ય મેળામાં સમાજ સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા સૌથી વધારે ૧૨૭૦ દર્દીઓની તબીબી તપાસ કરવામાં આવી હતી. તત્કાલિન નાયબ વડાપ્રધાને મેડિકલ સેન્ટરની મુલાકાત લઈને સેન્ટરની ખૂબ પ્રશંસા કરી હતી.**

તા. ૨૯-૬-૨૦૦૩ના રોજ મુંબઈ ખાતે યોજાયેલ "નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ અને નર્મદાના કચ્છને મળવાપાત્ર સિંચાઈના પાણી" વિશેના વાર્તાલાપમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રતિનિધિ મંડળમાં ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા તથા શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા મુખ્ય વક્તા તરીકે હતા. તે ઉપરાંત શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી ખુશાલ પોપટલાલ સંઘવી અને શ્રી રસિકલાલ ખીમજી મહેતાનો પણ ઉપરોક્ત પ્રતિનિધિ મંડળમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તે કાર્યક્રમમાં શ્રી શાંતિભાઈ મેંકોની, શ્રી લેક્ષ જૈન, શ્રી લાલ રાંભિયા અને શ્રી દીપક મેપાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી કેટલાક કાર્યકરો તે સમયે છેલ્લા કેટલાક સમયથી નર્મદાના પ્રશ્ને ઊંડાણે ઊતરી, આ માટે લાગતા વળગતાઓ સાથે ચર્ચા કરી, કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ કરાવવા પ્રયાસો કરી રહેલ હતા. અને તેને સફળતા પ્રાપ્ત થયેલ હતી. આ કાર્યવાહી શરૂ કરાવવા માટે ગુજરાતનાં મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ખેતીવાડી ખાતાના પ્રધાન શ્રી ભૂપેન્દ્ર ચુડાસમા, પાણી પુરવઠા તથા જળ સિંચાઈ મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલ, કચ્છનાં પ્રભારી મંત્રી શ્રી અશોકભાઈ ભટ્ટ, ગુજરાત રાજ્યનાં માજી મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ તેમજ ભૂતપૂર્વ કાયદામંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રી, ભૂતપૂર્વ નાણાંમંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ તથા કચ્છનાં બધા જ ધારાસભ્યો વગેરે સાથે અવારનવાર મીટિંગો યોજી તેમજ પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હતો.

સરદાર સરોવર નિગમનાં મે. ડિરેક્ટર શ્રી મહાપાત્રા, ડાયરેક્ટર કેનાલ શ્રી એસ.જે. દેસાઈ તથા કચ્છ બ્રાંચ કેનાલનાં ચીફ એન્જિનિયર શ્રી એસ.એસ. પટેલ સાથે પણ પત્ર વ્યવહાર તથા મીટિંગોના દોર ચાલુ રાખવામાં આવ્યા હતા. ઉપરોક્ત પ્રયાસોનાં અનુસંધાને શ્રી સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો માટે એક સુપ્રિન્ટેન્ડેન્ટ એન્જિનિયર શ્રી કે.જે. ત્રિવેદીની તથા પાંચ એક્ઝિક્યુટીવ એન્જિનિયર્સની નિમણૂક કરેલ હતી અને તેઓને આ બ્રાંચ કેનાલની લાઈનદોરી તથા માઈક્રો પ્લાનિંગ વગેરે પ્રકારની કાર્યવાહી શરૂ કરી દેવા માટેનાં આદેશો અપાયા હતા.

આ રીતે અંદાજિત બાર મહિનાઓનાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રયાસોથી "કચ્છ બ્રાંચ કેનાલ"નાં પ્રશ્ને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તથા સરકારશ્રીના લાગતા વળગતા ખાતામાં આ કામો ચાલુ કરાવવા બાબતે પૂર્ણપણે સળવળાટ શરૂ થઈ ચૂક્યો હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી ઉપરોક્ત કાર્યો માટે ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી હીરજી પાસુભાઈ શાહ તથા શ્રી મુળજી નરશી શાહ વગેરે કાર્યકર્તાઓ પ્રયાસ કરી રહ્યા હતા. જ્યારે કચ્છનાં અન્ય કાર્યકર્તાઓ શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી લેક્ષ જૈન, શ્રી લીલાધર ગડા, શ્રી લાલ રાંભિયા, શ્રી દીપકભાઈ મેપાણી, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી કેશવજી દેઢિયા તથા શ્રી જીલુભા જાડેજા વગેરે સાથે પણ આ વિષયે અવારનવાર વિચારગોષ્ઠી કરવામાં આવતી હતી. કચ્છ, મુંબઈ તેમજ અમદાવાદમાં મળેલ મીટિંગોમાં વિચાર વિનિમય કરવામાં આવેલ તેના ફળ સ્વરૂપે કચ્છનાં આ પ્રાણ પ્રશ્ને સંઘર્ષ ચલાવી રહેલ લગભગ તમામ સંસ્થાઓની એક બેઠક તા. ૧૭-૮-૦૩નાં રોજ ભુજ ખાતે બોલાવવામાં આવી હતી. દિવસભરની ચર્ચા વિચારણા તથા મનોમંથનને અંતે સૌએ સાથે મળી વાતચીતની રાહે આ મડાગાંઠ ઉકેલવાના પ્રયાસ કરવા સંમતિ સધાઈ હતી અને તેના અનુસંધાને "કચ્છ નર્મદા સમિતિ"ની રચના કરવામાં આવી હતી અને આ સમિતિનાં અધ્યક્ષ તરીકે 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૦મો વાર્ષિક સ્નેહ મિલન તા. ૧૪-૯-૨૦૦૩નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં સમાજનાં

*દુઃખમાં ગૌરવથી અને સુખમાં ધર્મથી રહેતા શીખવું જોઈએ.*

વરિષ્ઠ ટ્રસ્ટી તથા સ્થાપક પ્રમુખ શ્રી હીરજી પાસુભાઈ શાહે સામૂહિક ક્ષમાપના કરાવી હતી. ત્યારબાદ સંસ્થાના મે. ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયાએ દીપ પ્રાગટ્ય કરી પધારેલા સૌ સભ્યોને આવકાર આપેલ હતો. સમાજના માનદ્ મંત્રીશ્રીએ ગત વર્ષ દરમ્યાન થયેલ કાર્યવાહીનો વિગતવાર અહેવાલ આપ્યો હતો. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગનાં રૂમો માટે આપેલ દાન બદલ રૂમ નંબરો ફાળવવાનો ડ્રો શ્રી કચ્છી સમાજનાં વિવિધ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા યોજાયેલ હતો. આજના સમારંભમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વેબસાઈટનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું. આજના સમારંભમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ હતા. આ પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદનાં પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી ધીરજલાલ સોમપુરા, માનદ્ મંત્રી શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રી ચીમનલાલ ઠક્કર અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સ્વામિવાત્સલ્ય દાતાઓનાં સહયોગથી યોજાયેલ સ્વામિવાત્સલ્ય ભોજનનો લાભ લઈ સૌ છૂટા પડ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ઉપક્રમે શનિવાર, તા. ૧૧-૧૦-૨૦૦૩નાં શરદ પૂનમના રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પ્રાંગણમાં આયોજિત આ કાર્યક્રમમાં સમાજનાં ભાઈ-બહેનોએ સારી સંખ્યામાં ઉત્સાહ અને ઉમળકાભેર ભાગ લીધેલ હતો. રાતના ૧૨ વાગે કાર્યક્રમ પૂરો કરવાનું આયોજન હતું પરંતુ રાત્રિના ૨.૦૦ વાગે પણ સંગીતના તાલે ઝુમતા લોકો કાર્યક્રમ પૂર્ણ કરવાના મુડમાં ન હતા. ટ્રેડિશનલ ડ્રેસ અને ઉત્તમ રાસ ગરબા રમનારને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. મોડી રાતે દૂધ પૌંઆનો આનંદ માણી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમો ઉપરાંત અવારનવાર ઘણા બધા વિવિધ કાર્યક્રમો સંસ્થામાં યોજાતા હોય છે. તેજ રીતે તા. ૨૫-૧૧-૦૩, તા. ૨૬-૧૧-૦૩ તથા તા. ૨૭-૧૧-૦૩નાં રોજ હૈદ્રાબાદથી આવેલા યોગવિદ્યાનાં વિશારદ્ શ્રી પ્રવીણભાઈ કાપડિયાના સહયોગથી યોગ શીખવવા માટેની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના ૬થી ૮ તથા સાંજે ૭થી ૮.૩૦ વાગ્યા સુધી યોગના વિવિધ ઉપયોગી આસનો શીખવવામાં આવ્યા હતા. છેલ્લા દિવસે શિબિરની પૂર્ણાહુતિ વખતે સંસ્થાના મે. ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ પુષ્પગુચ્છથી શ્રી પ્રવીણભાઈ કાપડિયાનું અભિવાદન કરેલ હતું.

તા. ૨૬-૧-૨૦૦૪નાં દિવસે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ૫૫ (પંચાવન)મા પ્રજાસત્તાક દિને ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તથા તેની સાથે સમાજનાં ૭૦ વર્ષ પૂરા કરેલ વરિષ્ઠ વડીલોનું અભિવાદન કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના અનુસંધાને સૌપ્રથમ આપણા સમાજનાં સભ્ય તથા ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રી કાંતિલાલભાઈ પૂજનાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આપણા સમાજની સભ્ય તથા અમદાવાદ શહેર પોલીસમાં સબ ઈન્સ્પેક્ટરનું પદ ધરાવતી કુ. પન્ના નીતિન મોમાયાએ સલામી અપાવી હતી. જન ગણ મન... ના સામૂહિક સૂરો સાથે ધ્વજવંદન બાદ સમાજના મે. ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા તથા હાઈકોર્ટનાં માનનીય ન્યાયમૂર્તિ શ્રી કાંતિલાલભાઈ પૂજે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

ઉપરોક્ત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શ્રી કચ્છી જૈન ભવનનાં સાંસ્કૃતિક હોલમાં વડીલોનાં અભિવાદનનો કાર્યક્રમ યોજાયો હતો. સમારંભના આરંભમાં સંસ્થાના પ્રમુખશ્રીએ પધારેલા સૌ મહેમાનો તથા વડીલોને આવકાર આપી સમારંભનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આજના પ્રસંગે આપણા સમાજના ૭૦ વર્ષથી ઉપરની ઉંમરવાળા આપણા વડીલોનું અભિવાદન કરવા માટે આ સમાજ ગૌરવ અનુભવે છે. સમારંભના અતિથિ વિશેષ ગુજરાત હાઈકોર્ટના માનનીય જજ શ્રી કાંતિભાઈ પૂજે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે આ સમાજની પ્રવૃત્તિઓથી સંપૂર્ણ વાકેફ છું. કારણકે હું આ સમાજનો સભ્ય છું અને જજ તરીકેની જવાબદારી ધારણ કરતા પહેલા હું આ સમાજની કારોબારી સમિતિમાં સક્રિય સભ્ય રહી ચૂક્યો છું. સમાજની પ્રવૃત્તિઓ અને પ્રગતિ માટે તેઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ એલિસબ્રિજ વિસ્તારના ધારાસભ્ય શ્રી ભાવિનભાઈ શેઠે સમાજનાં વરિષ્ઠ વડીલોનાં અભિવાદનના કાર્યક્રમને બિરદાવ્યો હતો. મહેમાનોનાં પ્રવચન બાદ સમાજનાં ૭૦ વર્ષથી વધારે વયના વડીલોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા અને શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી સહિત ૪૩ વડીલોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સૌથી વધારે વયના શ્રી દામજી કુંવરજી શાહની વય ૮૮ વર્ષની હતી. કાર્યક્રમના અંતે સમાજનાં માનદ્ મંત્રીએ આભારવિધિ કરી સમારંભ પૂર્ણ થયેલ જાહેર કર્યો હતો.

તા. ૮-૨-૨૦૦૪નો દિવસ શ્રી કચ્છી જૈન સેવા સમાજ માટે એક અનેરો દિવસ હતો. ભારતનાં નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણીનાં સાંસદ તરીકેના ફંડમાંથી અમદાવાદમાં ૮ સ્થળે આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક સ્થળ તરીકે શ્રી કચ્છી જૈન સેવા સમાજના મેડિકલ ચેક-અપ સેન્ટરનું નામ પણ નક્કી થયેલ હતું. આ આરોગ્ય મેળાઓની શ્રી અડવાણીજીએ રૂબરૂ મુલાકાત લીધેલ હતી. અમદાવાદમાં અલગ અલગ સ્થળે યોજાયેલા મેળાઓમાં સૌથી વધારે ૧૨૭૦ દર્દીઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજના મેડિકલ ચેક-અપ સેન્ટરમાં લાભ લીધેલ હતો. બધા જ આરોગ્ય મેળાઓની વ્યવસ્થા જોઈ શ્રી અડવાણીજીએ શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

સેન્ટર ઉપર ઉપલબ્ધ સેવાઓની તથા વ્યવસ્થાના ખૂબ જ વખાણ કરેલ હતા. આ આરોગ્ય મેળાનો કાર્યક્રમ સવારના ૯ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ચાલ્યો હતો. આ મેળાના આયોજન દરમ્યાન આપણા માનનીય નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણી ઉપરાંત ભારતનાં રાજ્ય કક્ષાના સંરક્ષણ પ્રધાન માનનીય શ્રી હરીનભાઈ પાઠક, ગુજરાતનાં કાયદા પ્રધાન તથા કચ્છના પ્રભારી મંત્રી માનનીય શ્રી અશોક ભટ્ટ, ગુજરાતનાં શિક્ષણ પ્રધાન માનનીય શ્રી આનંદીબેન પટેલ, ઔડાના ચેરમેન શ્રી સુરેન્દ્રભાઈ પટેલ તથા એલિસબ્રિજ વિસ્તારના ધારાસભ્ય શ્રી ભાવિનભાઈ શેઠ વગેરે મહાનુભાવોએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની મુલાકાત લીધેલ હતી. મેડિકલ ચેક-અપ સેન્ટરનાં આંખના વિભાગની મુલાકાત દરમ્યાન શ્રી અડવાણીજીએ પોતાની આંખો તપાસવાની ઈચ્છા વ્યક્ત કરતા, આંખોના ડૉ. દેવલ શાહે મેડિકલ સેન્ટરમાં ઉપલબ્ધ આધુનિક ઉપકરણોની મદદથી તેઓની આંખો તપાસી, રિપોર્ટ આપેલ હતો. પોતાની મુલાકાત દરમ્યાન શ્રી અડવાણીજીએ કેટલાક દર્દીઓ સાથે વાતચીત કરી જાણકારી મેળવેલ હતી.

ત્યારબાદ સંસ્થાના સાંસ્કૃતિક હોલમાં સંસ્થાના મે. ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ પુષ્પગુચ્છથી શ્રી અડવાણીજીનું સન્માન કર્યું હતું અને ઉપસ્થિત મહેમાનોને આવકારી તેમનું સ્વાગત કર્યું હતું. શ્રી અડવાણીજીએ પ્રાસંગિક પ્રવચનમાં આરોગ્ય મેળાની જરૂરિયાત અંગે જણાવી અત્રે થયેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. સભાનું સંચાલન સંસ્થાના મેડિકલ કમિટીના કન્વીનર ડૉ. હિતેન્દ્ર શાહે કર્યું હતું જ્યારે આભારવિધિ શ્રી ભાવિન શાહે કરી હતી.

કચ્છને નર્મદા નદીના મળવાપાત્ર સિંચાઈના પાણી તથા નર્મદા નદીનાં મળવાપાત્ર ચોમાસાના વધારાના પાણીનો પ્રશ્ન ઘણા વર્ષથી ચગડોળે ચડેલ હોવાના કારણે તેમજ આ સિંચાઈના પાણીના કાર્યો બીજા અનેક જિલ્લાઓમાં ધમધોકાર ચાલતા હોવા છતાં કચ્છ જિલ્લામાં આ કાર્યોની બિલકુલ શરૂઆત ન થયેલ હોવાનાં કારણે ભૂતકાળમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ પ્રશ્નના ઊંડાણમાં ઉતરવાનું નક્કી કરેલ હતું અને તે પ્રમાણેની કાર્યવાહી શરૂ કરી દીધેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં કાર્યકરોએ આ સમય દરમ્યાન નર્મદા નિગમનાં અધિકારીશ્રીઓ, કચ્છનાં બધા જ રાજકીય પક્ષોનાં આગેવાનો, આ પ્રશ્ને રસ દાખવતા કચ્છના વિવિધ ઉદ્યોગપતિશ્રીઓ તેમજ સામાજિક કાર્યકરો, કચ્છ જળ સંકટ નિવારણ સમિતિના સભ્યો, કચ્છ કિસાન સંઘના અગ્રણીઓ તેમજ ગામડાંઓના અનેક ખેડૂતોની મુલાકાત લઈને આ મુદ્દે ચર્ચા કરી આ વિગતોનો તલસ્પર્શી અભ્યાસ કરેલ હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં કાર્યકરોએ લાગતા વળગતાં ખાતાનાં પ્રધાનશ્રીઓ અને અધિકારીઓ સાથે પણ રૂબરૂ ચર્ચા કરેલ હતી.

ઉપરોક્ત વિચારણા તથા અભ્યાસને અંતે આ સમાજનાં કાર્યકરોએ એવું તારણ કાઢેલ કે આ સમગ્ર કાર્યવાહીમાં કચ્છનાં રાજકીય આગેવાનોનો જોઈએ તેવા પ્રમાણમાં સહકાર લેવામાં આવેલ નથી. મોટેભાગે તેઓને આ ચળવળથી અલિપ્ત રાખવામાં આવેલ છે. જ્યારે બીજી તરફ સરકારશ્રીમાં તથા સરદાર સરોવર નર્મદા નિગમમાં કચ્છનાં રાજકીય આગેવાનોની રજૂઆતથી જે દબાણ લાવી શકાય તે અન્ય પ્રજાજનોની રજૂઆતથી દબાણ લાવવું શક્ય નથી. આ ચળવળનાં વાસ્તવિક પરિણામો મેળવવા આ સમાજે નક્કર કાર્યવાહી શરૂ કરી દીધેલ હતી. જેનાં ફળ સ્વરૂપે તા. ૨-૨-૨૦૦૪નાં રોજ કચ્છના વિવિધ રાજકીય આગેવાનો, આ પ્રશ્ને રસ ધરાવતા વિવિધ ઉદ્યોગપતિશ્રીઓ તથા સામાજિક કાર્યકરોને નિમંત્રણ આપી એક સંયુક્ત મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાનાં અધ્યક્ષપદે યોજાયેલ આ મીટિંગમાં ગુજરાત સરકારના માજી મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, માજી કાયદા પ્રધાન શ્રી નવીનભાઈ શાસ્ત્રી, તે સમયનાં ધારાસભ્યશ્રીઓ શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા તેમજ શ્રી છબીલદાસભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા, કચ્છના લોકપ્રિય અખબાર કચ્છમિત્રના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી લીલાધર ગડા, શ્રી લક્ષ જૈન, શ્રી કે.ટી. ગોગરી, શ્રી કોમલ છેડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો તથા સભ્યો હાજર રહ્યા હતા.

આ સભાની શરૂઆતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મે. ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ સૌને આવકાર્યા હતા. આ સમાજ, આ પ્રશ્નના ઊંડાણમાં કઈ રીતે ગયો તેની વિગત આપેલ હતી. ત્યારબાદ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાએ આ પ્રશ્ને ઊંડા ઊતરી, કરેલ કાર્યવાહીની વિગતો, વાસ્તવિક હકીકતોની તેમજ તેના તારણોની વિગતવાર રજૂઆત કરેલ હતી. ત્યારબાદ હાજર રહેલા કેટલાક મહાનુભાવોએ પોતાના મંતવ્યો રજૂ કરેલ હતા. લંબાણપૂર્વકની ચર્ચાઓને અંતે કેટલાક અગત્યનાં ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા અને ઉપરોક્ત કાર્યોના સરકારશ્રી તથા નર્મદા નિગમ પાસે અમલીકરણ કરાવવા માટે કચ્છમાં અગાઉ સ્થપાયેલ 'નર્મદા કેનાલ સમિતિ'ના નેજા હેઠળ ૨૫ સભ્યોની એક અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી હતી અને તે સમિતિ સરકારશ્રી તથા નર્મદા નિગમ સાથે જરૂરી બેઠકો યોજી ઠરાવોના અમલીકરણ માટે શક્ય પ્રયાસ કરશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

*(ક્રમશઃ)*

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

# પ્રશ્નોનાં રેશનલ ઉત્તર

• મૂરજી ગડા •

'મંગલ મંદિર' સાથે લાંબા સમયથી સંકળાયેલા વાચક / લેખક મિત્ર મુ.શ્રી શાંતિલાલભાઈ સંઘવીએ અંગત પત્ર દ્વારા એમના મનમાં ઉદ્‌ભવેલ બે પ્રશ્નો જણાવી એના વિશે મારું મંતવ્ય જાણવાની ઈચ્છા દર્શાવી છે. એમના સૂચનથી આ પ્રશ્નોનો જાહેરમાં ઉત્તર આપવાની અત્રે કોશિશ કરી છે, જે અભિગમ દરેક વાચકવર્ગ આવકારશે તેવી અપેક્ષા.

એમનો પહેલો પ્રશ્ન છે : "કોઈ પણ પ્રકારની ઈચ્છા રાખવી એ શાસ્ત્રો પ્રમાણે વિવાદનું કારણ ગણવામાં આવ્યું હોવાથી મોક્ષની ઈચ્છા પોતે જ મોક્ષ મેળવવામાં બાધારૂપ ન થઈ શકે? આ વિરોધાભાસનો બુદ્ધિગમ્ય ખુલાસો ખરો?"

છેલ્લા પાંચ વરસ દરમ્યાન 'મંગલ મંદિર'માં આ લેખકના પરલોક, પુનર્જન્મ, આત્મા જેવા સંવેદનશીલ વિષયો પર ડઝનેક લેખ છપાયા છે. એનાથી બમણા લેખ રેશનલ વિચારધારા આધારિત ધાર્મિક, નૈતિક, સામાજિક વિષયો પર છપાયા છે. એટલે આ વિષયો પરનું મારું મંતવ્ય નિયમિત વાચકોમાં જાણીતું હોવા છતાં ટૂંકમાં ફરી અહીં એની ચર્ચા કરી છે.

જ્યારે મોક્ષની વાત થાય છે ત્યારે તે શરીરના નહીં પણ આત્માના મોક્ષની વાત હોય છે. સજીવોમાં આત્મા શરીરથી સ્વતંત્ર ન હોઈ શરીરનો જ એક ભાગ છે એવું મારા લેખોમાં તર્કબદ્ધ રીતે સાબિત કર્યું છે. એટલું જ નહીં, પણ કયા સ્વરૂપમાં તે શરીરનો ભાગ હોઈ શકે તે પણ સમજાવ્યું છે. સ્વતંત્ર આત્મા સાથે સંકળાયેલ પુનર્જન્મની માન્યતાને પણ તાર્કિક રીતે અશક્ય ગણાવી છે.

જ્યારે આત્મા જ સ્વતંત્ર નથી તો આત્માની મુક્તિનો પ્રશ્ન પણ રહેતો નથી. હા, આપણામાં રહેલ ચેતનાનો અંત આવે છે જેને આપણે મૃત્યુ કહીએ છીએ. પછી સ્વજનો આપણા શરીરની 'મુક્તિ' કરે છે જે અગ્નિ સંસ્કાર કે ભૂમિસંસ્કાર કહેવાય છે.

પરભવ અને મોક્ષની ભ્રમણાએ કેટલાયે લોકોનો આ ભવ બગાડ્યો છે. આ તો જીવનનું અપમાન કર્યા જેવું કહેવાય. એજ રીતે અલગ આત્માના ખ્યાલે ઘણા લોકો શરીર સાથે અન્યાય કરે છે. શરીર ત્રાસ આપવા માટે નથી પણ એની યોગ્ય સંભાળ રાખવા માટે છે. એના વગર આપણે આપણું કર્તવ્ય નભાવી શકતા નથી.

આ રેશનલ વિચારધારા પ્રમાણેનો ઉત્તર હતો.

આપણી ધાર્મિક વિચારધારા કરતાં સો ગણા વધુ અનુયાયીઓ ધરાવતી અન્ય વિચારધારાઓ પણ પુનર્જન્મ કે મોક્ષને સ્વીકારતી નથી. જોકે તેઓ દુનિયાના સંચાલક ઈશ્વર, સ્વર્ગ, નરક વગેરેમાં માને છે. દુનિયાની મુખ્ય ધાર્મિક વિચારધારાઓની માન્યતાઓમાં આટલો પાયાનો ફરક હોય તો બીજાઓને સમજ્યા વિચાર્યા વગર આપણી જ માન્યતા સાચી હોવાનો આગ્રહ રાખવો કેટલું વાજબી ગણાય?

હવે આપણે મોક્ષની પરંપરાગત માન્યતાને દુન્યવી સંદર્ભમાં થોડી અલગ રીતે ચકાસીએ. માની લઈએ કે શરીર અને આત્મા અલગ છે. તેમજ સંસાર ત્યાગ કરી કે પછી સંસારમાં રહી અમુક ચોક્કસ રીતે જીવવાથી આત્માને મોક્ષ મળી શકે છે.

વાસ્તવિક્તા એ છે કે આપણે બધા સંસારમાં જન્મીએ છીએ. જન્મથી કરી સ્વનિર્ભર થઈએ ત્યાં સુધી આપણે માતા-પિતા, કુટુંબ, સમાજ, રાજ્ય વગેરે પાસેથી ઘણી મદદ લઈએ છીએ. ચોખ્ખા શબ્દોમાં કહીએ તો ઘણા વર્ષો સુધી આપણે પરાવલંબી હોઈએ છીએ. આ બધાનું આપણા પર જે ઋણ હોય છે તે અદા કરવાના બદલે, સામાજિક - કૌટુંબિક - નાગરિક જવાબદારીમાંથી છટકી માત્ર સ્વમુક્તિ માટેની પ્રવૃત્તિ કરવી તે એક પ્રકારનું સ્વાર્થીપણું અને નર્યો પલાયનવાદ ગણાય. એટલું જ નહીં, ભલે ન્યૂનતમ હોય તોયે બાકી રહેલ આયખાની શારીરિક જરૂરિયાતો માટે કુટુંબ પર કે સમાજ પર નિર્ભર રહેવું પડે તે યોગ્ય તો નથી જ.

માત્ર મોક્ષ વાંચ્છુઓ જ પરાવલંબી કે પલાયનવાદી હોય છે એવું નથી. સમાજના દરેક ઘટકમાં પોતાની જવાબદારીથી ભાગતી વ્યક્તિઓ જોવા મળે છે. આની સરખામણીએ સંસારની જવાબદારીઓ પ્રામાણિકપણે અને પૂરી નિષ્ઠાથી નભાવીએ તો મોક્ષ મળવાની શક્યતા વધુ છે, જો મોક્ષ જેવું કંઈ હોય તો! બાકી કુદરતી રીતે મળેલી જવાબદારીઓમાંથી છટકી જવાથી મુક્તિ મળી શકે એ વાત બુદ્ધિગમ્ય નથી લાગતી.

આ વિષય પર અમેરિકા સ્થિત આપણા એક જૈન ભાઈએ અંગ્રેજીમાં "Culture Can Kill" નામનું એક દળદાર પુસ્તક લખ્યું છે. ભારતીયોની ધાર્મિક માન્યતાઓ, પરંપરાઓ તેમજ પરલોકની વધુ પડતી ઘેલછાએ, નહીં

**Shree Simandhar Shipping Services**
CLEARING FORWARDING & SHIPPING AGENT
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045
C.H.A. No. 11/1024

કે વિદેશીઓએ, એક સમયે દુનિયાની મોખરે રહેલી ભારતીય સંસ્કૃતિની અને એની સાથે ભારત દેશની ધીરે ધીરે થયેલી પીછેહટ વિશે વિસ્તારથી છણાવટ કરી છે. એ પુસ્તકના ગુજરાતી અનુવાદનો કેટલોક ભાગ ભવિષ્યમાં "મંગલ મંદિર"માં છપાવવા માટે મોકલવાની ઈચ્છા છે.

પત્ર લખનાર મિત્રનો બીજો પ્રશ્ન છે : "મહાવીર ચાર જ્ઞાન સાથે જન્મેલા હોઈ જાણતા હતા કે તેઓ સંસારત્યાગ કરી દીક્ષા લેવાના છે. તો પછી માત્ર ટૂંક સમય માટે લગ્ન કરી એક કોડીલી કન્યા સાથે અન્યાય કર્યો ગણાય કે પછી દીક્ષાનો વિચાર એમને પાછળથી આવ્યો હશે?"

અમારી પડોશમાં એક ધાર્મિક દિગંબર કુટુંબ રહે છે. એમના કહેવા પ્રમાણે મહાવીર સ્વામીએ લગ્ન કર્યા જ નહોતા. એટલે એમના મતે આવો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. આ ઉપરાંત શ્વેતાંબર અને દિગંબર પંથો વચ્ચે મહાવીરના જીવન વિશેની અન્ય બાબતોમાં પણ તફાવત છે.

અહીં સવાલ શ્વેતાંબર અને દિગંબર પંથની માન્યતાઓમાંથી સાચી કઈ છે એનો નથી. સવાલ એનાથી પણ મોટો છે.

કોઈપણ રાજકુમારના લગ્ન એ રાજ્યનો અતિ મહત્ત્વનો પ્રસંગ હોય છે. એ પ્રસંગ કેટલાયે દિવસો કે અઠવાડિયાઓ સુધી ઉજવાતો હશે. આવા જાહેર પ્રસંગ વિશે જૈનોના બે મુખ્ય પંથો વચ્ચે આટલા પાયાના મતભેદ હોય એને શું કહેવાય? જો આટલી જાહેર ઉજવણી વિશે પણ એમના અનુયાયીઓ એકમત ન હોય તો જંગલના એકાંતમાં એમની સાથે શું થયું હતું તેમજ કોઈની સાથે કરેલી ખાનગી વાતચીતમાં શું કહેવાયું હતું એની વિશ્વસનીયતા કેટલી?

મહાપુરુષોના જીવન સાથે કેટલીય ચમત્કારિક વાર્તાઓ જોડી એમને દૈવી બતાવી, એમના નામને વટાવી ખાવાની પ્રવૃત્તિ દરેક ધાર્મિક વિચારધારામાં જોવા મળે છે. વર્તમાનમાં તો આ ધંધો ખૂબ ફૂલ્યોફાલ્યો છે. આ વિષયમાં ઘણું લખી શકાય પણ એક સામાજિક સામયિકની મર્યાદાને ધ્યાનમાં રાખી અટકવું યોગ્ય રહેશે.

રેશનલ વિચારધારા પ્રમાણે આ પૃથ્વી પર મનુષ્ય તરીકે જન્મેલા બધા મનુષ્ય હતા અને છે. એમનું જીવન અને મૃત્યુ પણ મનુષ્યો જેવું જ હતું. એમને મહાપુરુષ બનાવનાર એમના વિચાર, વાણી, વર્તન અને ઉપદેશ છે, નહીં કે એમના નામે ચઢાવેલા ચમત્કાર. આપણે એમના ઉપદેશને જીવનમાં ઉતારવાની જરૂર છે. એમના નામે ચગાવેલા ચમત્કારોથી અંજાઈને એનું રહસ્ય રટણ કરવાની જરૂર નથી.

મહાવીરના સમકાલીન ગૌતમ બુદ્ધના લગ્ન અને પુત્ર જન્મની વાત વિશે એમના અનુયાયીઓમાં મતભેદ નથી. એમને જીવનમાં જે જોવા જાણવા મળ્યું એના પરથી એમણે સંસાર ત્યાગ કરી લોક કલ્યાણનો માર્ગ લીધો હતો. એમને જન્મ સાથે જ એમના જીવન કાર્યોનો ખ્યાલ હશે એવું કહેવાયેલું જાણ્યું નથી. ગૌતમ બુદ્ધના જીવન સાથે ઘણા ઓછા ચમત્કાર જોડાયેલા હોવાનું મનાય છે. એમનું મૃત્યુ પણ વિરોધીઓ દ્વારા અપાયેલા ઝેરથી થયાનું કહેવાય છે. આ બધું માનવ સહજ છે.

આ પ્રકારના ગળે ઉતરે એવા તર્ક મહાવીર સ્વામીના જીવન વિશે આપણે સ્વીકારી ન શકીએ?

આશા રાખું છું કે પ્રશ્નકર્તા મિત્રને આ લખાણમાંથી સંતોષકારક ઉત્તર મળી ગયા હશે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*ફોન : (૦૨૬૫) ૨૩૧૧૫૪૮*

## ધર્મ ક્રિયા અને ધર્મ

તમે જેની પાસે જશો એ દરેકની પાસે ધર્મની વ્યાખ્યા જુદી જ હશે. દરેકના ધર્મના સિદ્ધાંતો જુદા છે ને વળી બધા જ લોકો વાત પાછી એમ કરતા હોય છે કે અમે જે કહીએ છીએ એ ધર્મ જ સાચો છે ને અમારો ધર્મ જ આત્માનું સાચું કલ્યાણ કરી શકે એમ છે.

આવે વખતે કોઈપણ સામાન્ય કક્ષાનો જીવ, જેને બહુ ઊંડી સમજ નથી, જેણે ઊંડું ચિંતન કે અધ્યયન કર્યું નથી એવી કોઈપણ વ્યક્તિ મૂંઝાઈ જાય છે કે અમારે તો આત્માનું કલ્યાણ કરવું છે. આ માટે અમારે કંઈક ધર્મ કરવો છે પણ અમે શું કરીએ તો ધર્મ કર્યો એમ કહી શકાય? એક વ્યક્તિ જેને ધર્મ કહે છે એને જ બીજી વ્યક્તિ અધર્મ કહે છે. બીજી વ્યક્તિ જેને ધર્મ કહે છે તેને ત્રીજી વ્યક્તિ અધર્મનું ટાઈટલ આપી દે છે. આમાં ખરેખરો ધર્મ કયો છે? સાચો ધર્મ કોને કહી શકાય?

આવી મૂંઝવણ અને આવા પ્રશ્નો આજકાલના જ છે એમ નથી, એ તો પ્રાચીનકાળથી પ્રવર્તે છે.

આ પ્રશ્નોનો જવાબ આપણા જ્ઞાની પુરુષોએ રૂડી રીતે આપ્યો છે. એમણે કહ્યું છે : 'ધર્મ ક્રિયા એ જુદી વસ્તુ છે ને ધર્મ એ જુદી વસ્તુ છે.' આમ એમણે ઉત્તરના બે ભાગ પાડ્યા અને પછી આગળ ચાલતા કહ્યું : 'આપણે જે કંઈ બહારથી દર્શન, પૂજા, સામયિક, પૌષધ, પ્રતિક્રમણ, વ્રત, તપ, ત્યાગ વગેરે કરીએ છીએ તે તો ધર્મક્રિયાઓ છે. એ પોતે જ ધર્મ નથી. ધર્મ તો એના દ્વારા પામવાની ચીજ છે અને એ તો કંઈક જુદું જ તત્ત્વ છે.'

ધર્મક્રિયાઓ તો સાધન છે, સાધ્ય નથી. સાધ્ય તો ધર્મ છે. અને જો સાધનનો આગ્રહ વધુ પડતો રાખવામાં આવે તે સાધ્ય જ જો ભૂલાઈ જાય તો સાધન ભલે ગમે એટલું સારું હોય તો પણ આપણા માટે નકામું બની જાય છે. માટે જ સાધ્ય એવા ધર્મને પામવા માટે જ મુખ્ય લક્ષ્ય રાખવું જોઈએ ને તે માટે સૌથી પહેલાં "ધર્મ શું છે?" એ સમજવું જોઈએ.

***સાભાર : "સંસ્કારોનો ગુણાકાર"***
***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

*જ્ઞાન પ્રાપ્તિમાં સૌથી મોટો કોઈ અવરોધ હોય તો તે અહંકાર છે.*

# મારા દીકરાને ભણવાનું મન થતું નથી – ૨
# કિશોરાવસ્થામાં હતાશાની બીમારી
# [Adolescence Depressive Disorder]

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

આગલા લેખમાં "કિશોરોમાં હતાશાની બીમારી"ના કેસ (અશ્વિનનો કેસ) વિષે જાણકારી મેળવી. આ લેખમાં કિશોરોમાં હતાશાની બીમારી (Adolescence Depressive Disorders) વિષે જાણકારી મેળવીએ.

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organisation)ના આંતરરાષ્ટ્રીય વૈદ્યકિય વર્ગીકરણ (International Classification of Diseases) મુજબ કિશોરોમાં હતાશાની બીમારીને પુખ્તવયમાં થતી હતાશાની બીમારી (Adult Depressive Disorders)થી અલગ રીતે વર્ગીકરણ કરવામાં આવેલ છે. કિશોરાવસ્થામાં હતાશાની બીમારીના લક્ષણો અલગ છે, સારવાર અલગ છે તથા જો સારવાર ન થાય તો બીમારીથી થતું નુકસાન (morbidity) વધુ ગંભીર છે તથા બીમારી કિશોરોને આત્મહત્યા તરફ ધકેલે છે.

• **વ્યાપ અને વિસ્તાર :**

અમેરિકન એકેડેમી ઑફ ચાઈલ્ડ એન્ડ ઍડોલેન્સ સાયકિયાટ્રી (American Academy of Child and Adolescence Psychiatry)ના સર્વેક્ષણ મુજબ દસ વર્ષની ઉંમર પહેલા ૨% બાળકોમાં હતાશાની બીમારી જોવા મળે છે. ૧૦થી ૧૪ વર્ષની ઉંમરમાં ૪% કિશોર / કિશોરીઓ હતાશાની બીમારીથી પીડાય છે. ૧૫થી ૧૮ વર્ષની ઉંમરમાં ૫ થી ૭% કિશોર / કિશોરીઓ હતાશાની બીમારીથી પીડાય છે.

જો યોગ્ય સમયે નિદાન ન થાય તથા યોગ્ય સારવાર ન થાય તો હતાશાની બીમારીની નકારાત્મક અસર કિશોર / કિશોરીના ભણતર, વ્યક્તિત્વ, પરસ્પરના સંબંધો પર થાય છે (morbidity due to depression disease).

• **લક્ષણો :**

કિશોરોમાં હતાશાની બીમારીના લક્ષણો મુખ્યત્વે ભણતરને લગતા, શારીરિક લક્ષણો, ઊંઘમાં ખલેલ, વર્તણૂકને લગતા, મન તથા વ્યક્તિત્વને લગતા ક્ષેત્રોમાં જોવા મળે છે.

• **ભણતરનું ક્ષેત્ર :**

☆ ભણવામાં મન ન લાગવું (Loss of interest)

☆ એકાગ્રતા (concentration) ઓછી થવી.

☆ ગ્રહણ શક્તિ (grasping) ઘટી જવી.

☆ સ્મરણ શક્તિ (memory) ઘટી જવી.

ઉપરોક્ત લક્ષણોને લીધે ભણવાની ક્ષમતા ઓછી થઈ જાય છે. પરીક્ષામાં વિદ્યાર્થીને પહેલાની સરખામણીમાં ઓછા ગુણાંક મળે છે (અશ્વિનનો કિસ્સો). ઘણી વખત વિદ્યાર્થી બુદ્ધિશાળી હોવા છતાં નાપાસ પણ થાય છે.

• **શારીરિક લક્ષણો :**

☆ નબળાઈ, અશક્તિ લાગે, જલદીથી થાકી જવાય.

☆ ભૂખ ઓછી થઈ જાય.

☆ વજન ઘટી જાય.

☆ વારંવાર માથાનો દુઃખાવો થાય.

☆ ઉબકા આવે, કોઈક વખત ઊલટી થાય.

• **ઊંઘમાં ખલેલ :**

☆ રાત્રે વ્યવસ્થિત ઊંઘ ન આવે.

☆ સવારે ઉઠવાનું મન ન થાય, પરાણે ઉઠવું પડે.

☆ તાજગીદાયક, સ્ફુર્તિભરી ઊંઘ ન આવે.

• **વર્તણૂક :**

☆ નાની નજીવી બાબતમાં ચીડાઈ જવું (નોર્મલી એ કિશોર / કિશોરીનો આ પ્રકારનો સ્વભાવ નથી હોતો.)

☆ એકાંતમાં વધારે સમય વિતાવે. (આ સ્વભાવ નથી હોતો.)

☆ સહનશક્તિ ઓછી થઈ જાય. જલદીથી ખરાબ લાગી જાય

☆ મિત્રો જોડે રમવા ન જવું (મિત્રોને ટાળવા, મિત્રો જોડે ફોન પર ટૂંકામાં જવાબ આપવા, વાતો ન કરવી.)

• **મન તથા વ્યક્તિત્વનું ક્ષેત્ર :**

☆ મનગમતી તથા આનંદદાયક

GLOBAL MERCANTILE PVT. LTD.
45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

પ્રવૃત્તિઓમાંથી રસ ઊડી જવો.

(૧) રમત - ક્રિકેટ, બેડમિન્ટન, ચેસ વગેરે રમતોમાં પહેલાનો રસ ઓછો થવો.

(૨) ફિલ્મો વગેરેની વાતચીતમાં રસ ન રહેવો.

(૩) બહાર ફરવા જવાનું ટાળવું.

(૪) પિકનિકમાં જવાની ઈચ્છાનું લુપ્ત થવું.

(૫) વાંચનમાં રસ ન રહેવો.

☆ નકારાત્મક વિચારો આવવા. ભવિષ્યમાં કાંઈ સારું નહીં થાય.

☆ આત્મવિશ્વાસ ઓછો થઈ જવો. 'આગળનું ભણવાનું મારા માટે અઘરું છે. હું આગળ ભણી નહીં શકું.'

☆ જીવવાની ઈચ્છા ઓછી થવી. 'આના કરતાં મરી જવું સારું.'

• **મનોવિશ્લેષણ :**

ઉપરોક્ત સર્વે લક્ષણો કિશોરોમાં થતી હતાશાની બીમારીને લીધે છે. આ લક્ષણો પર દર્દીનો (કિશોર / કિશોરીનો) કાબૂ નથી હોતો.

હતાશાની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ, પ્રિ-ફ્રન્ટલ કોરટેક્ષ, અન્ય ઉચ્ચ કેન્દ્રોમાં) શારીરિક ફેરફારો (કદ - રચનામાં) થાય છે. આને લીધે ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં નકારાત્મક ફેરફારો થાય છે. આ ફેરફારોને લીધે જ્ઞાનતંતુઓ તથા સાઈનેપ્સ (Synapse)માં (બે જ્ઞાનતંતુઓ વચ્ચેની સૂક્ષ્મ જગ્યા જ્યાં સંદેશાઓની આપ-લે ફક્ત ન્યુરોટ્રાન્સમિટર્સ દ્વારા જ થાય છે.) સંદેશાઓની આપ-લે માં ગરબડ થાય છે. મનના કાર્યો પર આથી નકારાત્મક અસર થાય છે તથા બીમારીના ઉપરોક્ત લક્ષણો ઉત્પન્ન થાય છે.

યોગ્ય સારવાર કરવાથી મનના અવયવોના કદ, રચના નોર્મલ થાય છે. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થાય છે. હતાશાની બીમારીના લક્ષણો દૂર થાય છે. કિશોર / કિશોરીમાં ભણવાની ક્ષમતા પૂર્વવત થાય છે. અપેક્ષિત પરિણામ ભણવામાં મળે છે.

• **ગેરસમજ તથા મનોવૈજ્ઞાનિક સત્ય :**

**ગેરસમજ :** એને અભ્યાસ કરવો નથી, ભણવું નથી. બધાએ ઘણું સમજાવ્યું પણ સમજતો જ નથી. ભણવાનું નાટક કરે છે.

**મનોવૈજ્ઞાનિક સમજ :** ભણવામાંથી રસ ઓછો થવો, ભણવામાં રસ ઊડી જવો (loss of interest) એ કિશોરોમાં હતાશાની બીમારીનું લક્ષણ છે.

જેવી રીતે ટાઈફોઈડ કે વાઈરલ તાવમાં દર્દીમાં શારીરિક નબળાઈ આવે છે અને બીમારી વખતે દર્દી પોતાનું રોજિંદુ કામ કરી શકતો નથી. આપણે બધા સમજીએ છીએ કે બીમાર વ્યક્તિમાં એ વખતે નબળાઈ થોડોક વખત રહેશે અને રોજિંદુ કામ નહીં કરી શકે. સારવાર બાદ દર્દી નોર્મલ થતાં પૂર્વવત કામ કરી શકે છે.

તેવી જ રીતે કિશોરાવસ્થાની હતાશાની બીમારીમાં દર્દીમાં ભણવામાં રસ ઓછો થાય છે, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ ઓછા થાય છે અને ભણવાની ક્ષમતા ઓછી થાય છે. યોગ્ય સારવાર બાદ હતાશાની બીમારીથી પીડાતો કિશોર પૂર્વવત અભ્યાસમાં રસ લે છે તથા ભણવાની ક્ષમતા નોર્મલ થાય છે તથા અપેક્ષિત પરિણામ ભણવામાં મળે છે.

કિશોર / કિશોરીઓમાં ભણવામાં ક્ષમતા કરતાં અલગ પરિણામ મળે તો એને બીમારીનું લક્ષણ સમજવું જરૂરી છે. એ કિશોર / કિશોરી પ્રત્યે સહાનુભૂતિની લાગણી બતાડવી જરૂરી છે. મનોચિકિત્સક પાસે યોગ્ય તપાસ કરાવી, નિદાન કરાવવું અગત્યનું છે. જેથી ત્વરીત યોગ્ય સારવાર કરી શકાય. ભણવાની ક્ષમતાને નોર્મલ કરી ભવિષ્ય માટે ધાર્યું પરિણામ મેળવી શકાય.

હવે પછીના લેખમાં કિશોરોમાં હતાશાની બીમારીના કારણો, બીમારીથી થતા વ્યક્તિત્વ પર નકારાત્મક પરિણામો તથા સારવાર વિષેની જાણકારી મેળવીશું.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક,*
*'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

## ચરૈવેતી! ચરૈવેતી!

વિજ્ઞાને ચાલવાના ઘણા લાભો શોધી કાઢ્યા છે. જાપાની સંશોધકોની એક ટીમે લગભગ ૮૦,૦૦૦ જેટલા લોકોની જીવનશૈલીનો અભ્યાસ કરીને એવું તારણ કાઢ્યું છે કે નિયમિત ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. ખાસ કરીને સ્ત્રીઓને નિયમિત શારીરિક વ્યાયામથી કેન્સર પ્રતિરોધક ક્ષમતા પ્રાપ્ત થાય છે. સંશોધકોએ આ વ્યક્તિઓની બેસી રહેવાની, ઊભા રહેવાની, ચાલવાની તથા શારીરિક શ્રમ કરતી વેળાની દેહધાર્મિક ગતિવિધિઓનો અભ્યાસ કર્યો, તો એમને એવું જાણવા મળ્યું કે શારીરિક રીતે સક્રિય રહેનાર વ્યક્તિઓની અંદર તદ્દન બેઠાડું જીવન ગાળનાર વ્યક્તિઓની સરખામણીમાં કેન્સર થવાનું જોખમ ૧૩% જેટલું ઓછું રહે છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની અંદર આ રક્ષણાત્મક અસર ૩% જેટલી વધારે, એટલે કે ૧૬% હોવાનું જણાઈ આવ્યું છે. આ માટે દરરોજ ઓછામાં ઓછું ૩૦ મિનિટ, અઠવાડિયામાં ત્રણથી પાંચ દિવસ ચાલવાની ભલામણ છે. શારીરિક પ્રવૃત્તિ આપણા દૈનિક જીવનનો એક ભાગ બની જવો જોઈએ. શારીરિક પ્રવૃત્તિમાં સાધારણ વધારો થવાથી પણ કેન્સર સામેના રક્ષણમાં નોંધપાત્ર વધારો થાય છે એવું વિજ્ઞાનીઓનું અવલોકન છે. આપણે વધારે ને વધારે બેઠાડું બનતા ચાલ્યા છીએ. જીવનમાં યંત્રોનો પગપેસારો થતાં આપણે શારીરિક શ્રમનો ત્યાગ કરી દીધો છે. આની આપણે ઘણી કિંમત ચૂકવી રહ્યા છીએ. સ્થુળતા, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ તથા હૃદયરોગ જેવી બીમારીઓને નિષ્ક્રિય જીવનશૈલી સાથે ઘણો ઊંડો સંબંધ છે. બેઠાડું જીવન આપણી જીવનરેખાને પણ ટૂંકી બનાવે છે. પણ જાપાની વિજ્ઞાનીઓના આ સંશોધન પછી દરરોજ ચાલવાની પ્રવૃત્તિ અપનાવવાનું એક વધારાનું કારણ સાંપડ્યું છે. આપણે કેન્સરથી બચવું હોય તો પ્રદૂષણરહિત હવામાં રહેવું જોઈએ. ધૂમ્રપાનનો ત્યાગ કરવો જોઈએ તેમજ શરાબથી દૂર રહેવું જોઈએ. એની સાથે દરરોજ ચાલવાની કસરતને સ્વીકારી લેવી જોઈએ.

***'આપણું સ્વાસ્થ્ય'માંથી***
***સાભાર : ભૂમિપુત્ર, તા. ૧૬-૧૦-૧૨***

*દરેક ક્રોધી માણસે જીવનમાં એક દિવસ તો પોતાના ક્રોધનું પરિણામ ભોગવવું જ પડે છે.*

# આત્મવંચના, આત્મસંતોષ કે ગ્લાનિ?

• ડૉ. ઊર્મિલા શાહ •

"કહું છું.... સાંભળો છો? આજે મને મંદિરે દર્શન કરવા લઈ જશો? અગિયારસ છે એટલે મનમાં એમ થાય છે કે દર્શન થાય તો સારું."

"કેટલા વાગે જવું છે? એક કામ કર. અગિયાર વાગે નીકળીએ એટલે પાછાં આવતાં આશ્રમ પર પણ જતાં આવીએ."

"હું જ્યારે મંદિરમાં જવાનું કહું કે તમારું આશ્રમ જવાનું નક્કી થઈ જ જાય. મને સમજ નથી પડતી કે આશ્રમમાં તમારે એવું તે શું કામ હોય છે? ટ્રસ્ટીઓ તો બધા કેટલાય છે. બધા કંઈ આમ આટલી બધી વાર આવે છે? કે પછી તમે એકલા જ? આમેય તમને ગામ આખાનો ભાર માથે લઈને ફરવાની ટેવ જ છે. બધા ટ્રસ્ટી તો છે... હા. મીટિંગ હોય ત્યારે ચોક્કસ જવું પડે. પણ આમ વગર કામે શું કામ ત્યાં જઈ જઈને ટાઈમ બગાડો છો? અનાથાશ્રમનો આ બધોય વહીવટ શું તમારા એકલાને માથે જ છે? આટલા તો ત્યાં પેઈડ વર્કર્સ છે પછી આટલી બધી દોડાદોડ શું કામ કરો છો? જ્યારે જ્યારે મંદિર જવાનું હોય ત્યારે તમારો ત્યાં કલાક તો સાચો જ. ક્યારેક તો મને એમ થઈ જાય છે કે ક્યાં મેં પાછું મંદિરનું નામ દીધું?"

આજે અગિયારના મોટા દહાડે લતાબહેનને ઉપવાસ તો હતો જ અને એટલે એમ થયું કે મંદિરે દર્શન પણ થાય તો સારું અને એટલે એમના પતિ જનકભાઈને તેમણે મંદિરે લઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો. પણ જનકભાઈને મંદિર કરતાં અનાથાશ્રમમાં જ વધુ રસ હતો. છતાંય લતાબહેન મન મનાવતા : 'એમાં શું થઈ ગયું? આ ઉંમરે હવે મને જો ઈશ્વર ભક્તિમાં રસ હોય તો એમને માનવ ભક્તિમાં રસ હોય એમાં ખોટુંય શું છે? એ દિવસે હું આશ્રમમાં સાથે ગઈ હતી ને મેં ક્યાં બધું નથી જોયું? આમ તો હું એ આશ્રમમાં જાય ત્યારે અડધો પોણો કલાક મોટરમાં બેસી રહું. કાં તો કંઈ વાંચું કે માળા કરું. પણ એ દિવસે મને થયું... 'લાવને આશ્રમમાં જરા જોઉં તો ખરી, શું પ્રવૃત્તિઓ ચાલે છે. છોકરાંઓને કેવી રીતે સાચવે છે? ને તમે માનશો? એમને જોયા ને બધાં જ છોકરાંઓ એમની આસપાસ વીંટાઈ વળ્યાં. છોકરાઓને એમણે ચોકલેટ વહેંચી ને પેલો એક છોકરો પણ જાણે કેમ પણ એને કેટલું વહાલ હતું એમના પર? કેવો ગળે વળગી પડ્યો! ને ત્યારે તો મારું પણ મન ભરાઈ ગયું. નિર્દોષ એવાં આ બાળકો, જન્મતાં પહેલા જ એવાં તો એમનાં કેવાં સંચિત કર્મો એમને નડ્યાં હશે કે જન્મતાંની સાથે જ મા-બાપની શીળી છાયા તેમને ગુમાવવી પડી હશે? કેટલી મોટી કમનસીબી! ઊજળા દેખાતા આપણા સમાજની આ કેટલી મોટી વિષમતા! કોના વાંકે તેમને પ્રેમ કે હૂંફ વિના જ જિંદગી જીવવાની હોય છે? ને એવા બાળકોને મેં જ્યારે જનકને વહાલ કરતાં જોયાં ત્યારે મને પણ થયું કે મારા મંદિર કરતા આ જીવતાં જાગતાં દેવનું મંદિર અનેક ગણું સારું. એ દિવસે તો મનેય એમ થઈ ગયું કે હુંય દર અગિયારસે મંદિરમાં દર્શન કરવા જવાને બદલે અહીં આશ્રમમાં આવીને આ અનાથ બાળકો સાથે જ થોડો સમય વિતાવું તો? ને મેં મારો વિચાર જનકને જણાવ્યો. એમને ખૂબ આશ્ચર્ય થયું.

"તું શું કહે છે લતા? તું મંદિરને બદલે અનાથાશ્રમમાં જવાનું પસંદ કરે છે? તને ત્યાં કંઈ પ્રભુભક્તિનો લાભ નહીં મળે. આશ્રમ એ કાંઈ મંદિર જેવું પવિત્ર સ્થાન નથી. ત્યાં તો અનાથ બાળકો હોય, મેલાંઘેલાં હોય, ચોખ્ખાઈ ન હોય, જેના મોં પર પાર વિનાની ઉદાસીનતા હોય, તું ત્યાં આવીને શું કરીશ? એમના એ નિસ્તેજ ચહેરામાં તને પ્રભુના દર્શનથી જે પ્રસન્નતાની અનુભૂતિ થાય છે તેવું નહીં થાય લતા! ઊલટાનું ત્યાંથી પાછાં આવીને તારો બે-ચાર દિવસ સુધી જીવ બળશે... તારે માટે તો મંદિર જ બરાબર છે." લતાને મેં સમજાવવાનો પ્રયાસ કર્યો. પણ એ સાથે મારા હૃદયમાં ય સખત વિચારો ઊમટ્યા હતા.

મારા અનાથાશ્રમ સાથેના સંબંધને લતા કેવી પોઝિટિવ દૃષ્ટિથી મૂલવે છે તે જાણી મને ખૂબ હાશ થઈ, મને આનંદ થયો ને લતા માટે પણ મને માન થયું કે તેનાં હૃદયમાં ખરેખર માનવતા છે. એટલું જ નહીં પણ મંદિરના દેવ કરતાં અનાથાશ્રમનાં આ બાળકોને જીવતાં જાગતાં દેવ માનવાનો તેનો અભિગમ મારા હૃદયને સ્પર્શી ગયો. પણ તે સાથે હું મારા મનમાં એક તુમુલ યુદ્ધનો સામનો કરી રહ્યો હતો.

આમેય હું પહેલેથી આસ્તિક તો હતો જ નહીં. નાનો હતો ત્યારે મા સાથે ક્યારેક મંદિર જતો ખરો. પણ મંદિરમાં દેવની મૂર્તિ

JASH Mercantile LLP

101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.

Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

જોઈ મને ક્યારેય હૃદયમાંથી એવો ભક્તિભાવ ઊમટ્યો જ ન હતો કે ભાવપૂર્વક હું દેવને ચરણે પડું, ને છતાંય મારી માને પગલે પગલે હું દેવદર્શન તો કરતો જ. મંદિરેય ક્યારેક જતો.

પરંતુ થોડાં વર્ષ પહેલાં મારી ઑફિસમાં કામ કરતી કૌમુદી તરફ હું આકર્ષાયો. કૌમુદીનું વ્યક્તિત્વ જ એવું હતું. નાજુક, નમણી, દેખાવડી અને આજ્ઞાંકિત પણ ખરી. કામ માટેની એની નિષ્ઠા પણ એવી જ. ઘરમાં લતા સાથે મારો સંસાર સરસ ચાલતો હતો. આમ કહું તો અમારું દાંપત્યજીવન ખૂબ સારી રીતે ચાલતું હતું. પરંતુ ઑફિસના કામમાં હું ગળાડૂબ રહેતો. ને ક્યારેક તો બધો જ સ્ટાફ જાય પછી પણ મારું કામ અધૂરું હોય એટલે હું રોકાતો અને એટલે કૌમુદીને પણ રોકાવું પડતું, કારણ એ મારી પી.એ. હતી ને! પણ કોણ જાણે કેમ એક દિવસ મેં મારી વૃત્તિઓ પરનો કાબૂ ગુમાવ્યો. મારું મન બહેકી ઊઠ્યું. કૌમુદીને મેં મારી કેબિનમાં ફાઈલ શોધવાના બહાને બોલાવી. કૌમુદી ગભરાતી ગભરાતી આવીને ફાઈલ શોધવામાં મદદ કરવા લાગી. મારે તો ક્યાં ફાઈલ જોઈતી હતી! ને પછી... એ એકાંતમાં અમારા વચ્ચેની મર્યાદાની પાળ તૂટી. આર્થિક મજબૂરીથી કામ કરતી કૌમુદીએ વિરોધ તો ઘણો કર્યો પણ તે નિઃસહાય હતી. એની મદદે એ સમયે કોઈ જ આવી શકે તેમ ન હતું. મારી બહેકેલી વૃત્તિએ મને અંધ બનાવ્યો હતો. હું માનવ મટી દાનવ બની ગયો હતો. મેં કૌમુદી જેવી નાજુક કળીના કૌમાર્યનું ખંડન કર્યું. બીજા દિવસથી કૌમુદીએ નોકરી છોડી દીધી. એનો છેલ્લો પગાર લેવા પણ ન આવી. ઑફિસના સ્ટાફમાં પણ ઠીકઠીક ચર્ચાનાં વમળો પેદા થયાં કે કૌમુદીએ એકાએક નોકરી કેમ મૂકી દીધી? અરે! કાલે સાંજે તો તે બધાં જ ગયા પછી પણ રોકાઈ હતી... આટલી સિન્સિયર કૌમુદી! એણે આમ એકાએક નોકરી કેમ છોડી દીધી હશે! સૌ જાતજાતની અટકળો કરતાં હતાં. તર્કવિતર્કો કરતાં હતાં. પણ એ અંગે મારી સાતે ચર્ચા કરવાની કે પૂછવાની હિંમત તો કોણ કરે! ને મારા સિવાય કોઈનેય ક્યાં ખબર હતી કે શું થયું છે કૌમુદીને. એનાં મા-બાપ તો કેરાલામાં હતાં... કોઈ સગુંવહાલુંય અહીં હતું નહીં. માત્ર એકાદ બે બહેનપણી માંડ હોય તો. એકલી અટૂલી નિઃસહાય સ્ત્રી કોને શું કહે? ને એટલે મનેય થતું હતું 'એને કોઈ નથી તે જ તો મારે માટે સારું છે અને એટલે જ મારી એ ભૂલ માટે મને હૃદયમાં ઊંડે ઊંડે રંજ હોવા છતાંય હું એને ઉપર ન આવવા દેવામાં સફળ નીવડ્યો હતો. એક્કેય દિવસ એવો નહીં ગયો હોય કે મને એ ક્ષણ ને પળ યાદ ન આવી હોય. મારા હૃદયને એ ભૂલ કોરી ખાતી તો હતી જ. પણ છતાંય એ બધી જ વાતને હૃદયને એક ખૂણે ભંડારી દઈ હું સજ્જન માણસનું મહોરું પહેરી સમાજમાં ઊજળો થઈને ફરી રહ્યો હતો. ક્યારેક તો આખી રાત ઊંઘી ન શક્યો. બાજુમાં સૂતેલી લતાને જોઈ મને વિચાર આવતો – લતાની કોઈ દિવસ આવી સ્થિતિ થાય તો? ને હું એકદમ ધ્રૂજી ઊઠતો. હૃદયમાં એક પ્રચંડ વંટોળ હતો. મને મારી જ જાત પર ધિક્કાર છૂટતો. પણ હવે શું? એનો કોઈ ઉપાય ન હતો. ને કદાચ કૌમુદીને મદદ કરવાય જાઉં તો સમાજ મને ફોલી ખાય ને? ને એટલે ચૂપકીદી સેવ્યા વિના કોઈ જ ઉપાય ન હતો. પણ આમ ને આમ દિવસો વહી રહ્યા હતા. ત્યાં એક દિવસ એક પત્ર આવ્યો. ઉપર મારું નામ સરનામું ને પર્સનલ લખીને નીચે લાલ લીટી કરેલી. આમેય લતા ક્યારેય મારા કાગળો ખોલતી તો નહીં જ. એમાં આવું કવર ખોલે એવું તો બને જ નહીં. તેનામાં ઘણી સૌજન્યતા હતી એ પણ મારું સદ્નસીબ હતું. મનેય આશ્ચર્ય થયું. કોનો કાગળ હશે! કેમ હશે? અક્ષર પણ સાવ અપરિચિત હતા. જિજ્ઞાસાપૂર્વક મેં કવર ખોલ્યું ને વાંચતાં વાંચતાંમાં તો મને આંખે અંધારા આવી ગયાં. ધરતી જાણે પગ નીચેથી સરકવા લાગી. પત્ર કૌમુદીનો જ હતો ને તેમાં જણાવ્યું હતું... "તમારા બાળકને અનાથાશ્રમમાં મૂકીને આવી છું... નવ નવ મહિના એને ઉદરમાં મેં પાળ્યોપોષ્યો છે. હવે એને સંભાળી લેજો. સમાજમાં મોં બતાવી શકાય એવું તો છે જ નહીં એટલે હવે મને ફરી ક્યાંય શોધવાનો પ્રયત્ન ન કરશો.... કૌમુદી."

અને એ જ દિવસે હું અનાથાશ્રમમાં પહોંચી ગયો... મનમાં મૂંઝવણ હતી, ગભરાટ હતો, અકળામણ હતી. "એ બાળકને ઍડોપ્ટ કરું તો? પણ લતાને શું કહું? એ કાંઈ માને? માતૃત્વની ક્ષમતા એનામાં ન હોત તો જુદી વાત પણ હજી તો અમારા દાંપત્યને ય ક્યાં વર્ષો વીત્યાં હતાં?" કહેવાય નહીં ને સહેવાય નહીં. મારી મનોવ્યથા અપાર હતી. લોહીની સગાઈ હતી એટલે ખેંચાણ થાય તે પણ સાહજિક હતું. અંતરમાં ઊંડે ઊંડેથી એક ગુનેગાર હોઉં તેવું દુઃખ સતત કોરી ખાતું હતું અને એટલે જ ત્યારથી મેં અનાથાશ્રમમાં રસ લેવા માંડ્યો. વારંવાર એની મુલાકાત લેવા માંડી. એના ટ્રસ્ટીમંડળમાં જોડાયો. અનાથ બાળકોને વારંવાર નાસ્તો, ચોકલેટ વહેંચવા જવા માંડ્યું. આ બધું જ બીજું કંઈ નહીં પણ મારા પાપનું પ્રાયશ્ચિત કરવાનો પ્રયાસ હતો. એ બિચારી લતાને ક્યાં ખબર હતી? સજ્જન ને સમાજમાં પ્રતિષ્ઠિત ને મોભો ધરાવતાં લોકોમાં મારી ગણના થાય છે ત્યારે મને જ ક્યારેક અંતરમાંથી પ્રશ્ન ઊઠતો હતો : શું હું જ મારી જાતને છેતરી રહ્યો નથી!

*૨૪, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

*પુરુષાર્થ કરવાથી પરિસ્થિતિઓને અનુકૂળ થઈ શકાય છે.*

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**ચંદ્રકાંત વીરજી ભાણજી દેઢિયા** (ગઢશીશા)
**L.I.C. એજન્ટ**
**સાયન, મુંબઈ. • ફોન : 24023429, મો. 9819861440**

# જોજો જુવાનીના જંકશન પર ખોટી ગાડી ન પકડી લેવાય!

• દિનેશ પાંચાલ •

માણસ પોતાના શરીર વિશે બહુ ઓછું જાણે છે. એ અજ્ઞાનમાંથી અનેક સમસ્યાઓ પેદા થાય છે. જીવન કરતાં જીવ વિશે જાણવું વધુ જરૂરી છે. ખાંડ શેમાંથી બને તે ન જાણીએ તો ચાલે પણ સુગરમાં શી કાળજી લેવી તે જાણવું જરૂરી છે. બાળકોને જાતીયજ્ઞાન આપવા અંગે મા-બાપો મુંઝાતા હોય છે. મા-બાપની મૂંઝવણ દૂર કરી દે એવી એક પુસ્તિકા પ્રાપ્ત થઈ છે. યુવાનો ગીતા, બાઈબલ કે કુરાન વાંચે તે આવકારદાયક બાબત છે પણ દેહધર્મની જાણકારી મેળવવા આવાં પુસ્તકો વાંચે તે જરૂરી છે. દેવને ઓળખો અને દેહને ના ઓળખો તો રોગોથી બચી શકાતું નથી. ફ્રિજ કે વોશીંગ મશીન લાવ્યા પછી તેનો ઉપયોગ કેમ કરવો તે જાણી લેવું પડે... કુશળ અસવાર તોફાની ઘોડાને પણ ધારેલી દિશામાં દોડાવી શકે. દેહના અશ્વને યોગ્ય રીતે હાંકવા માટે તેનો પૂરો પરિચય મેળવી લેવો જરૂરી છે.

કેટલીક વાતો નિર્વિવાદ છે. તમારી દીકરી સંતોષીમા કે દશામા વિશે ન જાણે તો ચાલશે પણ મેન્સીસ વિશે જાણી લે તે જરૂરી છે. દરેક માતાએ જાણવું રહ્યું કે જયા પાર્વતીનું વ્રત ચૂકી જવાય એમાં એટલું નુકસાન નથી જેટલું પોલિયોની રસી ચૂકી જવામાં છે. સાત આઠ વર્ષની બાળકી ઘરનો ઉંબરો ઓળંગીને બહાર જાય છે ત્યારે એને જીવનના ભયસ્થાનોની ખબર હોતી નથી. સંસારના ઉબડ ખાબડ રસ્તાઓ વિશે એ જાણી લે તે જરૂરી છે. એ માટે દુનિયાનો નકશો બતાવતાં પહેલા એને દેહનો નકશો બતાવવો જરૂરી છે. દીકરીનું યૌવન અને સૌંદર્ય મા-બાપ માટે બેવડી જવાબદારી બની રહે છે. દીકરી ‘ન્હાતી ધોતી’ થાય એટલે માના દિલમાં ઝીણા તાવ જેવી ચિંતા રહે છે - દીકરીનો પગ ક્યાંક આડોઅવળો તો નહીં પડેને? દીકરી રૂપરૂપની અંબાર હોય તો માનો બુખાર વધી જાય... તેમાંય સાત વર્ષની દીકરીનો દેહ પંદર વર્ષ જેવડું કાઠું કાઢી ચૂક્યો હોય ત્યારે ઘરના નોકરની પણ બીક લાગ્યા કરે.

શાળા મહાશાળાઓમાં યૌવન હિલોળે ચડ્યું છે. છોકરીઓ હવે છોકરાઓ કરતાં આગળ નીકળી ગઈ છે. છોકરાને સીટી મારતી છોકરીઓ મેં જોઈ છે. તેમના પગ આડાઅવળા પડવા માટે તલપાપડ બની રહ્યાં છે. યૌવનની નવી પરિભાષા વિકસી છે. ચોપાટી પર ભેળ ખાવા જેટલી સહજતાથી તેઓ સેક્સ માણી લે છે. નવરાત્રિ ઉત્સવ સેક્સોત્સવ બની રહે છે. એક વાત લખી રાખજો : પરીક્ષામાં ઉતાવળે વહેલું પેપર આપી દો તો નાપાસ થવાય. અને વહેલો શરીરસંબંધ બાંધી દો તો નાસીપાસ થવાય... જિંદગી ધોવાઈ જાય... અને સમાજમાં હાંસીપાત્ર થવાય તે નફામાં. લગભગ દરેકને હવે વિજાતીય મિત્રો હોય છે. કોલેજમાં અગ્નિ અને ઘાસ એક બેંચ પર અડીને બેસે છે. ઘરમાં પૂજાપાઠ કરતી દીકરીના મનમંદિરમાં ક્યારે કોની પ્રાણપ્રતિષ્ઠા થઈ જાય છે તેની ખબર પડતી નથી. યુવાપેઢી થોડું રખડી ખાય તો ચાલે, પણ જિંદગી રઝળી જાય તે ન ચાલે. કોક યુવકનું ચુંબન જીવનનો ઝેરી ડંખ ન બની જાય તેની તકેદારી રાખવા દીકરી સાથે મા-બાપ સાથે હોતા નથી. ઘણી યુવતીઓ સ્વતંત્રતાને બહાને બેફામ સ્વચ્છંદતા આચરતી હોય છે. યુવાનના બાહુપાશમાં બીડાયેલી તેમની આંખો પ્રસૂતિગૃહમાં ખૂલે છે. કોણ જાણે બેફામને શું સુઝ્યું હશે તે એમણે સલાહ આપી છે – ‘યુવાનીની મોસમ બહુ કિંમતી છે... એ મોસમની લિજ્જતથી વંચિત ન રહેજો...!’ યુવાનો હાઈસ્કૂલ કાળથી જ એ લિજ્જતમાં લપસી પડે છે. યુવાપેઢીના મનોવ્યાપાર વિચિત્ર હોય છે. કોઈને કોઈની આંખો ગમી જાય... કોઈની બૉડી ગમી જાય... કોઈનો ચહેરો ગમી જાય... પણ આકર્ષણનો ઉભરો ઓસરી જાય ત્યાં સુધી ખમી ખાય તો બચી જાય, નહીં તો જિંદગી રસાતાળ થઈ જાય!

મુગ્ધાવસ્થાનો આવેગ સોડાબોટલના ઉભરા જેવો હોય છે. તપેલીમાં દૂધને ઉભરો આવે ત્યારે દૂધનું સાચું પ્રમાણ જાણી શકાતું નથી. વેલેન્ટાઈન ડેના દિવસે તમારા હાથમાં આવી પડેલા બધાં ગુલાબ સાચા પ્રેમની સાબિતી નથી હોતા. બારમાના રિઝલ્ટ પછી યુવાનો સાત આઠ કૉલેજોમાં એડમિશન ફોર્મ ભરી રાખે છે. (કોઈ એકાદમાં તો ટર્ન લાગે...!) એક છોકરો કોલેજની દસ પંદર કન્યાઓને ગુલાબ આપી વળે છે તેમાં પણ કંઈક એવો જ આશય હોય છે. યાદ રહે, દરેક છીપલામાં મોતી અને દરેક ગુલાબમાં પ્રીતિ નથી હોતી. પ્રેમની કસુવાવડ થાય તો પરવડે પણ આખેઆખી જિંદગીની કસુવાવડ ન થઈ જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. ક્યારેક સરળતાથી ગાડીમાં ચઢી જવાય છે. પણ તેમાં બેસી જતાં પહેલા ચેતી જાઓ કે તમારે ગાડી પકડવી હતી, પણ બોગી પકડાઈ ગઈ છે. માત્ર મુસાફરી એ ઉદ્દેશ નથી. ચોક્કસ સ્થળે પહોંચવાનું હોય છે. હિંદુસ્તાન જવું હોય અને

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

પાકિસ્તાન પહોંચી જવાય તે ન ચાલે. જુવાનીના જંકશન પર ખોટી ગાડી પકડાઈ જવાની શક્યતા વધુ હોય છે.

અમારા મિત્ર બચુભાઈ કહે છે : ‘સુખી થવું હોય તો મિત્રો કરતાં શત્રુઓ પર વિશેષ નજર રાખો. મિત્રો વિશે બેખબર રહેશો તો નુકસાન નથી પણ શત્રુઓની હિલચાલથી અજાણ રહ્યાં તો ગમે ત્યારે મુશ્કેલી આવી શકે. અતિથિ અને આપત્તિની કોઈ તિથિ હોતી નથી. કૃષ્ણને નહીં ઓળખો તો ચાલશે પણ શકુની, દુર્યોધન પર ચાંપતી નજર રાખો. હૃદયને જોઈ શકાતું નથી પણ તેના પ્રત્યેક ફંકશનથી માહિતગાર રહો. આંખ અને શાખ બંને સાચવો. રામનામ લખવાથી આનંદ મળતો હોય તો ભલે લખો, પણ વ્યવહારમાં રાવણ બનવાથી દૂર રહો. જીવનમાં કર્મમંત્ર નહીં અપનાવો ત્યાં સુધી બુકમાં મંત્રો લખવાથી કદી શુક્કરવાર વળતો નથી. હજી સુધી એક પણ કિસ્સો એવો બન્યો નથી કે કોઈ વિદ્યાર્થી અભ્યાસમાં મહેનત કરવાને બદલે કેવળ સરસ્વતીના મંત્રો લખવાથી પાસ થઈ શક્યો હોય.

પૈસા કમાવા માટે લક્ષ્મીદેવીની કૃપા હોવી જોઈએ પણ દિમાગમાં બુદ્ધિદેવીની સ્થાપના નહીં થઈ હશે તો લક્ષ્મીદેવી ટકશે નહીં. શરીર અને સંસાર બંનેને સુખી રાખવાની કોમન રીત એક જ.... સંસાર સફળ બનાવવા આદર્શ જીવનની રીત જાણી લો અને શરીરની સુખાકારી માટે આરોગ્ય સંહિતા જાણી લો. કૃષ્ણનેય જાણો અને કોલેસ્ટેરોલને પણ જાણો. શિવ વિશે જાણો અને જીવ વિશે પણ જાણો. શંકર વિશે બધું જાણતા હો પણ સુગર વિશે બેખબર રહ્યાં તો મુશ્કેલી ઊભી થશે. તમારા વિદ્રોહીને ઓળખો તેટલું જ જરૂરી છે લોહીને ઓળખો. લોહીના લાલકણ અને સફેદ કણ રોજ દેહના મસ્ટરમાં સહી કરતાં નથી, છતાં ચોવીસ કલાક કાર્યરત રહે છે. હૃદય સહિતના પ્રત્યેક અંગોની સેવાને ઈશ્વરે આવશ્યક સેવા તરીકે જાહેર કરેલી છે. કાયાના કર્મચારીઓ કામચોરી કરતાં નથી. તમે ઊંઘમાં હો ત્યારે પણ હૃદય કામ કરે છે, ધમની કામ કરે છે, નાક અને ફેફસા કામ કરે છે. દેહ વ્યવસ્થામાંથી મૂકપણે પ્રગટ થતી એ કર્તવ્યનિષ્ઠામાંથી આપણે બોધપાઠ લેવાનો રહે છે. દિમાગ, હૃદય, જઠર... એ બધાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ છે. મોંઘવારી ભથ્થુ વધે કે ન વધે તેઓ સતત કાર્યરત રહે છે. તેઓ પણ હડતાળ પાડે છે. હૃદયની હડતાળ એટલે હાર્ટએટેક... જઠરની હડતાળ એટલે અજીર્ણ... આંતરડાની હડતાળ એટલે કબજિયાત...! આપણે પ્રાર્થના કરીએ કે દેશમાં અને દેહમાં કદી હડતાળ નહીં પડે. એમાં જ સૌનું કલ્યાણ સમાયેલું છે. બેસ્ટ ઑફ લક!

● **ધૂપછાંવ :**

પ્રેમની પીડા પર પેરાસીટામોલ ટેબ્લેટ કામ આવતી નથી. પ્રણયભગ્નતાની પીડા પર દુ:ખદબાવ લેપ કારગત નીવડતો નથી. લાગણીના લપકા શેક કરવાથી સાજા થઈ શકતા નથી. ચામડીની જલનમાં બરફથી રાહત થઈ શકે પણ દિલના દર્દ માટે સ્નેહનો શેક એ જ ઉત્તમ ઉપાય ગણાય!

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23448705, 23400597** |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફલેટવારા મનુકાકા મણીંકે ચ્યાં તે મુંજી છોરી 'સ્ટેટ'મેં વઈ ને હણે કો ઉદાસ થે ને ફરેતા...? જરા તપાસ ત કર કુરો છોરી 'સ્ટેટ' મેંજા પાછી અચેઈ વઈ તા નાય?

બચુડો : (તપાસ કરેનેં ચે) અધા ગાલ ઈં આય ક છોરી સ્ટેટમેં વઈ એટલે અમેરિકા નાય વઈ પણ સ્ટેટીસ્ટીક અતરે આંકડાશાસ્ત્ર મેં નાપાસ થઈ આય. અતરે મનુકાકા ઉદાસ થેને ફરેંતા....

## ખિલજા મ ભલા

મોન્ટુ : અરે, આ નવી જાતનું ઘડિયાળ પહેર્યું છે એમાં કાંટા નથી, આંકડા નથી, ચાવી નથી... તો પછી તું સમય કેવી રીતે જાણી શકે છે?

ચીન્ટુ : એ તો બહુ સહેલું છે. મારે સમય જાણવો હોય તો હું બીજાને પૂછી લઉં છું.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, હું કોફી પીઉં છું ત્યારે મને ઊંઘ નથી આવતી.

ડૉક્ટર : તો પછી હવે જ્યારે જ્યારે કોફી પીવો ત્યારે તેમાં ઊંઘની ગોળી નાખવાનું ભૂલશો નહીં. ચોક્કસ ઊંઘ આવી જશે.

☺ ☺ ☺ ☺ ☺

પરીન : અલ્યા, પરણ્યા પછી પણ તારે જ બટન ટાંકવા પડે છે?

શીરીન : ના હોં... આ મારા કપડાં નથી, આ તો મારી પત્નીના કપડાં છે.

☺ ☺ ☺ ☺ ☺

કુંભાર : (ગ્રાહકને) સાહેબ, તમે ફિલોસોફીના પ્રોફેસર છો?

ગ્રાહક : હા... પણ તને કેવી રીતે ખબર પડી?

કુંભાર : તમે ઊંધા પડેલા માટલાને જોઈ બોલ્યા કે આ માટલું ખરીદવાનો ફાયદો શું...? પછી ઉપાડીને પાછું બોલ્યા કે જો ઉપરથી કાણું પાડીએ તો પણ ફાયદો શું? નીચે તો મોટું બાકોરું છે... આ સાંભળી મને લાગ્યું કે તમે નક્કી ફિલોસોફીના પ્રોફેસર હશો.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલો... કૂતરો પૂંછડી કેમ હલાવે છે?

શ્રેય : સાહેબ, કૂતરામાં પૂંછડી કરતા વધુ તાકાત છે માટે.

☺ ☺ ☺ ☺ ☺

મગનલાલ : મારે સફળ થવું છે.

છગનલાલ : તો પછી તારે ત્રણ-ચાર લગ્ન કરવા જોઈએ.

મગનલાલ : પણ વધુ પત્નીનો સફળતા સાથે શું સંબંધ છે?

છગનલાલ : કારણકે એવું સંભળાય છે કે દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે. એટલે સફળતા વધારવી હોય તો સ્ત્રીઓ વધારવી જ પડે.

☺ ☺ ☺ ☺ ☺

પરેશ : (સેલ્સમેનને) મારે એવી પેન જોઈએ જે ઉપરથી દબાવીને ચાલુ કરી શકાય. અર્થાત્ ટીકટીકિયા.

સેલ્સમેન : અમારી પાસે ઢાંકણાવાળી ખૂબ સારી અને સસ્તી પેનો છે. એમાંથી એક લઈ જાવ.

પરેશ : ના ભાઈ ના... ઢાંકણું ખોવાય તો પેન નકામી થઈ જાય. વળી ઢાંકણું બજારમાં મળતું નથી.

☺ ☺ ☺ ☺ ☺

મનુભાઈ : આપણાં વડાપ્રધાન બોલતા નથી પણ બદલો બહુ સહેલાઈથી લઈ શકે છે.

કનુભાઈ : એ વળી કઈ રીતે?

મનુભાઈ : પેટ્રોલના ભાવ લીટરે રૂા. ૪-૫ વધારી દે એટલે બધું વસુલ!!

☺ ☺ ☺ ☺ ☺

બન્ટી : મેં તો બચત માટેનો નવો આઇડિયા વિચારી લીધો.

મોન્ટી : કયો?

બન્ટી : ગર્લફ્રેન્ડ્સ ઓછી કરી નાખવાનો. જેથી ૯૦ ટકા પેટ્રોલની બચત થાય.

☺ ☺ ☺ ☺ ☺

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*


*જેની વાતથી તમારું મન અશાંત થઈ જાય તેવી વ્યક્તિ પાસે ન બેસો કે તેવી વ્યક્તિને તમારી પાસે ન બેસાડો.*

## દિલ્હીના ગેંગ રેપ માટે કોણ જવાબદાર?

થોડા સમય પહેલા વિવાદાસ્પદ રહી ચૂકેલો દિલ્હી ગેંગ રેપનો કિસ્સો અખબાર અને મીડિયા દ્વારા ખૂબ જ પ્રચલિત બની ગયો. મીડિયા સમક્ષ અગ્રણીઓ, રાજકારણીઓ, નેતા, ફિલ્મ જગતના કલાકારો વગેરેએ આ બનાવને શરમજનક ગણાવ્યો અને બળાત્કારીઓને સજા થવી જોઈએ તેવી માગણી કરી.

શું માત્ર બળાત્કારીઓને સજા કરવાથી કે ફાંસી આપવાથી બનાવો ઘટી જશે? શું એમ કરવાથી તેમની માનસિકતા પર અસર થશે? હકીકતમાં તો બળાત્કારના મૂળમાં અન્ય કયા પરિબળો ભાગ ભજવે છે તેનો કેમ નિર્દેશ થતો નથી? તેની સામે કોઈ આંદોલનો કેમ થતા નથી? તેની સામે મહિલાઓ કેમ અવાજ ઉઠાવતી નથી?

ઘણા લોકો જાણે છે અને ઘણી વખત ફરિયાદી પણ કબૂલ કરે છે કે આ કૃત્ય મેં ફલાણા નામના પિક્ચર કે સિરીયલ જોઈને કર્યું છે. ફિલ્મો તથા સિરીયલમાં દર્શાવવામાં આવતા દશ્યોની અસર શું આ કોમળ માનસ પર નથી થતી? અમેરિકામાં પણ ફિલ્મો જોઈને ગુનાહિત કૃત્યો આચરતા હોવાનું બહાર આવ્યું છે. જે અભિનેત્રીઓ આ પ્રકારના બનાવને શરમજનક માનતી હોય તો તેઓ ફિલ્મોમાં બોલ્ડ સીન આપવાનું બંધ કરશે? જાહેરાતો તેમજ પોસ્ટરોમાં જે રીતે અભદ્ર દશ્યો બતાવવામાં આવે છે તેના પર પ્રતિબંધ મુકાશે?




માત્ર વધારે નાણા કમાવવાની લાલચમાં ગમે તેવા અંગ પ્રદર્શનના દશ્યો આપવાની દોટ અભિનેત્રીઓ બંધ કરશે? શું સેન્સર બોર્ડ આ બળાત્કારી બનાવોને નજર સમક્ષ રાખીને બોલ્ડ સીન વગેરે પર કાતર મારશે?

આ બધી બાબતો સામે વિરોધ કેમ થતો નથી? પરિવારજનો એક સાથે બેસીને અમુક પ્રકારના દશ્યો જોતાં લાજ અનુભવે તેવા દશ્યો પર પ્રતિબંધ મુકાય તે માટે કેમ કોઈ કમર કસતું નથી?

અને બીજી બાબત 'જેવું અન્ન તેવું મન' તેવું વાક્ય મહાભારતમાં પુરવાર થઈ ચૂક્યું છે. આજે અનાજમાં પણ સર્વત્ર ભેળસેળ ચાલે છે. એટલે ખોરાક પણ ઉપરોક્ત બાબતમાં અગત્યનો બદલાવ લાવી શકે છે.

અને છેલ્લે જોઈએ તો સ્ત્રીઓના પહેરવેશની બાબત પણ અમુક અંશે ઉપર મુજબના બનાવો માટે જવાબદાર છે.

જ્યાં સુધી આ બધી બાબતો સ્વીકારવાની કે અપનાવવાની તૈયારી નહીં થાય અને કાયદો - કાયદાની રીતે કામ કરશે તો બળાત્કારી શું અને ભ્રષ્ટાચારી શું? આ તમામ લોકો દેશનું વસ્ત્રાહરણ કરી દેશને બેહાલ સ્થિતિમાં મૂકી દેશે તેવો પવન ફુંકાયો છે. પવનનો સામનો ન થઈ શકે તો ઘરના બારી બારણા બંધ કરી સાવધ થવા જેવું છે. બાકી તો સૌ કર્માધીન આત્મા છે અને કર્મો એને કયા રસ્તે લઈ જશે તેની કાંઈ જ ખબર પડશે નહીં. 'ધર્મમ્ શરણં ગચ્છામિ'નો પાઠ સદાયે યાદ કરીએ અને પરમાત્મા સૌનું રક્ષણ કરશે તેવું શ્રધ્ધાપૂર્વક માનીએ.

કોઈની લાગણી દુભાઈ હોય તો ક્ષમાયાચના.

*નીતિન સંઘવી - ગાંધીનગર*

• • • • •

## આહ્‌લાદયુક્ત 'કચ્છ દર્શન' પ્રવાસ

આપના શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા તા. ૪-૧-૨૦૧૩થી તા. ૮-૧-૨૦૧૩ સુધી કચ્છ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. આ પ્રવાસમાં અમારા મણિનગર લાફિંગ ક્લબના ૧૨ સભ્યોને સામેલ કરીને પ્રવાસ માણવાની સુવિધા આપના સમાજ દ્વારા કરવામાં આવેલ તે માટે અમે સૌ આપના આભારી - ઋણી છીએ.

માનનીય શ્રી રજનીકાંતભાઈ પારેખ અને શ્રી રમણિકભાઈ ગોસરે સંપૂર્ણ પ્રવાસ સુખરૂપ પાર પાડવામાં સારી જહેમત ઉઠાવેલ હતી. દરેક સ્થળે ખાવા-પીવા, રોકાણ વગેરેની અદ્‌ભુત વ્યવસ્થા તથા આયોજન કરવામાં આવેલ. તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ.

આ પ્રવાસમાં જૈન, સ્વામિનારાયણ, આશાપુરા, અંબા માતા વગેરે મંદિરોની મુલાકાતે લઈ જઈને 'સર્વ ધર્મ સમભાવ'નું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપના સમાજે પૂરું પાડેલ છે.

વિશ્વ વિખ્યાત સફેદ રણ, કોટેશ્વર મહાદેવ, નારાયણ સરોવર, ધોરડો, દેઢિયા, માંડવી બંદર - બીચ, વિશ્વવિખ્યાત મોહેં જો ડેરોની સંસ્કૃતિ - ધોળાવીરા, મુંદ્રા પોર્ટ, વીર દેશભક્ત શ્રી શ્યામજી કૃષ્ણવર્માની યાદગીરી રૂપે ઊભું કરાયેલું અદ્‌ભુત સ્મારક વગેરેનો પ્રવાસમાં સમાવેશ થતાં દરેકને ખૂબ જ આનંદ થયેલ હતો.

કુલ પાંચ દિવસનો આહ્‌લાદક તથા મનમોહક યાત્રા પ્રવાસ સર્વે સભ્યોએ મનોરંજનરૂપે માણીને ઘણું જાણ્યું. જે દરેકના જીવનમાં એક અદ્‌ભુત નજરાણા સ્વરૂપે હંમેશાં રહેશે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેની સમગ્ર ટીમને લાખ લાખ ધન્યવાદ.

ખરેખર! યોગ્ય રૂપે કહેવાયું છે... "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા"

દરેક વ્યક્તિએ આ પ્રવાસ એક વખત કરવા જેવો છે.

*રજનીકાંત એમ. દરવાન, લાફિંગ ક્લબ - કાંકરિયા, અમદાવાદ*
*મો. ૯૯૨૪૧ ૨૧૩૮૩*

• • • • •

*જિંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર, તો જિંદગી સુખરૂપ લાગશે લાંબી.*

**General Body Meeting and Central Committee Meeting of our Association at Kutchi Vishram Gruh - Shahibaug**

We express our deep gratitude for the facility / accommodation / conference hall and catering arrangement provided to us on 1st February & 2nd February, 2013 for holding our meetings at Kutchi Vishram Gruh, Shahibaug, Ahmedabad. We have been rendered excellent, prompt and courteous services for all the time, including taste and delicious tea / break fast and food by the caterers. Services of entire staff is highly appreciable particularly of Shri Nirav Sanghvi, Krishnakant Modi, Deepbhai, Amratbhai & others staff. Our Mr. K. D. Shah, your Trustee and Treasurer had put hard efforts to see that our conference / meetings and stay of outside guests get all the comforts & hospitality. Our special thanks to him. We once again thank you and your team for obliging us by making available best of arrangements at Kutchi Vishram Gruh, Shahibaug, Ahmedabad. We pray God to give you more and more strength to serve the society and people as a whole for all the time to come.

***K. D. Patel - Ahmedabad (M) 92284 88186***
***The Canara Bank Retired Officers' Association***
***(Gujarat Unit)***

• • • • •

**તંદુરસ્તીની સમૃદ્ધિ મફતમાં મેળવી શકાય!**

મંગલ મંદિરના ફેબ્રુઆરી માસના અંકમાં શ્રી દિનેશભાઈ પંચાલનો "ઘડપણમાં સુખી કેમ થવાય?" તે સમજાવતો લેખ ખૂબ ગમ્યો. લેખમાંની તેમની બે-ત્રણ વાતો ઊડીને આંખે વળગે તેવી છે : (૧) આ વયે દેવ કરતાં દેહ પર ધ્યાન આપો, (૨) ધાર્મિક પુસ્તકોને બદલે તંદુરસ્તીને લગતી પૂર્તિઓ વાંચો, (૩) લગ્ન સાદગીથી થઈ શકશે, ઑપરેશનમાં સાદગી નહીં ચાલે અને (૪) પરંપરાગત સમાજમાં ઊંડે સુધી જડ ઘાલી ગયેલી અંધશ્રદ્ધા અંગેની ચોટદાર વાત, એકદમ સાચી અને સમયસરની છે. લગ્નની સાદગી માટે અને સાવ અર્થ વગરની ક્રિયાકાંડ બાબતે તો વડીલો કરતાં યુવાપેઢીનો કાન આમળવો જોઈએ. તેમને કહેવાતી ધાર્મિકતામાંથી છોડાવવા જોઈએ અને સાચો ધર્મ માનવતાને વરેલી સંસ્થાઓને મદદ કરવામાં છે તે સમજાવવું જોઈએ. શિક્ષિત યુવાનો પણ લગ્ન ટાણે કુંડળી અને જન્માક્ષરોની વાતો કરે છે ત્યારે તેમના અજ્ઞાન ઉપર દયા આવે છે, ક્યારેક ગુસ્સો પણ.

તંદુરસ્તી અને તેની જાળવણી અંગે શ્રી પંચાલે સુંદર વાતો કરી છે. તેનાથી એક ડગલું આગળ જઈને કહીએ તો આ વાતો વડીલો ઉપરાંત નાના મોટા સૌને અત્યંત ઉપયોગી થઈ પડે તેવી છે. વળી આ વાતો અપનાવવી પણ સહેલી છે. તંદુરસ્ત રહેવું આપણે માનીએ છીએ તેટલું અઘરું નથી, કે નથી મોંઘું!

ખોઈ નાખ્યા પછી જેની કિંમત સમજાય અને પસ્તાવાનો પાર ન રહે તેવી બે વાતો, તે પૈસો અને તંદુરસ્તી. તેથી જ ડાહ્યા માણસે જેમ ભવિષ્ય માટે ધન બચાવવું જોઈએ તેમ શારીરિક ધન સાચવવા માટે શક્ય તેટલા ઉપાયો કરવા જોઈએ. બીજું દાક્તરી સારવાર મોંઘી થઈ રહી છે અને હજુ મોંઘી થશે તે નિર્વિવાદ છે.

તંદુરસ્તી જાળવવી કિશોરો ને યુવાનો માટે સાવ સહેલું છે. 'સ્વાસ્થ્ય વિના નહીં ચાલે' એટલું સમજી લેવું જરૂરી છે. એકવાર આ વાત માન્ય રાખો કે તંદુરસ્તી અમૂલ્ય છે, એ ખોઈ નાખવા જેવી જણસ નથી, તો તમારે માટે અસંખ્ય ઉપાયો છે — પણ બીમારી આવે તે પહેલાં.

શરૂઆતથી જ નાની નાની વાતો અપનાવીને મોટી વય સુધી સ્વાસ્થ્ય સાથે દીર્ઘ આયુષ્ય ભોગવી શકાય. હોસ્પિટલમાંથી સારવાર લઈને આવેલા કોઈ સંબંધીના ખર્ચના આંકડા જોશો તો ચોંકી જવાશે. અને સરકાર હસ્તક ગયેલા મેડી ક્લેઈમનો કોઈ ભરોસો નહિ. એમના વાંધાવચકા ન સમજાય તેવા અને મુશ્કેલીમાં મૂકી શકે તેવા હોવાના અનેક દાખલા બન્યા છે. ટૂંકમાં, માંદા પડ્યા પછી શું કરવું એના વિચારને બદલે માંદા પડાય જ નહિ તેના વિચારને જ મહત્ત્વ આપવું જોઈએ.

તંદુરસ્ત શરીરને એવું જ તંદુરસ્ત રાખવા માટે વગર ખર્ચના, સાવ મફત ઉપાયો છે! આપણે લક્ષ આપતાં નથી. તેવી જાગૃકતા દાખવતા નથી તે દુ:ખની વાત છે.

ભાઈશ્રી દિનેશભાઈએ લખ્યું છે તેમ છાપાંઓની પૂર્તિઓ પોકારી પોકારીને અમુક વાતો વારંવાર કહ્યા કરે છે. ખરેખર એ લેખકોને ધન્યવાદ ઘટે છે જેઓ સમાજના સ્વાસ્થ્ય માટે ચિંતિત છે, સજાગ છે. થોડી સદીઓ પહેલાં ચીનમાં એક રાજા હતો. સ્વાસ્થ્ય બાબતે એટલો સજાગ કે જો કોઈ પ્રજાજન માંદું પડે તો તેને જેલ થાય! ૨૫-૩૦ વર્ષનો યુવાન માંદો જ કેમ પડ્યો? સાથે જ, સ્થાનિક વૈદને પણ ખખડાવી નાખે!

પત્રને લાંબો ન કરતાં, સ્વસ્થ રહેવાની ચાવીઓ જ જોઈ લઈએ? પરદેશ ભણી આવેલા સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર સાહેબની સલાહ કરતાં, ક્યારેક પડોશમાં રહેતા ૭૫-૭૭ વર્ષના, પણ તંદુરસ્ત વયસ્કની સલાહ, તેમના સ્વાસ્થ્યનું રહસ્ય વધુ ઉપયોગી થઈ પડે.

**JNK Lifters Pvt. Ltd.**
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

યોગને સજાવી ધજાવી 'યોગા' (યોગનું આ અંગ્રેજીકરણ છે. રામા - ક્રિષ્ણા જેવું. સંસ્કૃતના જાણકાર અને યોગના નિષ્ણાત ગુરુજીઓ પણ યોગા શબ્દ જ વાપરે છે, ત્યારે અચરજ થાય છે) બનાવી નાખીને સમાજને યોગના માર્ગે વાળવાવાળા આસનો વગેરેમાં આધુનિકતાના નામે જાતજાતની કરામતો ઉમેરતા જાય છે. પહેલા સાદો યોગ હતો, હવે ડીઝાઈનર યોગા થઈ ગયું. કસરતમાં પણ ડીઝાઈન એટલે ધંધો! સાદો યોગ એટલે ઊંડો શ્વાસ લો ને ધીમેધીમે છોડો. આમ તો યોગની વ્યાખ્યા ઘણી વિસ્તૃત છે, પણ આપણા વિષય પૂરતું આટલું યોગ્ય છે. બોલો, શ્વાસ લાંબે સુધી લેવા અને છોડવા ધીમેધીમે, આમાં કાંઈ અઘરું છે? મહાવરો કરશો, દિવસમાં ૩ થી ૪ વાર, બે-બે, ત્રણ-ત્રણ મિનિટની આ કસરત કરશો તો ગળું, નાક ને ફેફસાં મજબૂત થશે. માનશો? કરશો? મયૂરાસન, મત્સ્યાસન, કુકકુટાસન વગેરે જેવાં આસનોનો લાભ લેવો હોય તો સાદી કસરત કરો, સાવ સાદી. લાફિંગ ક્લબોમાં જાવ. આ અઘરાં આસનો યોગના ચાહકોને કરવા દો. તમે તો શાળાનો વિદ્યાર્થી કરે છે તેવી સાદી, કમર, ડોક અને હાથપગની કસરત જ કરો. પણ નિયમિત. શ્વાસની ક્રિયા તો ખરી જ.

કબજિયાત ઘણા રોગોની જનેતા છે. નાની વયથી જ એની સામે લડો. એનો શ્રેષ્ઠ ઈલાજ છે : ચાલો.... ચાલો... ને ચાલો! અડધો કે એક કિલોમીટરથી શરૂ કરીને ધીમે ધીમે અંતર થાકી ન જવાય ત્યાં સુધી વધારતા જાવ. ચાલો, બસ ચાલો. કબજિયાત ભાગી જશે. પણ ચાલવાનું ચાલુ રાખજો.

છેલ્લે, સોના જેવા, તેથી પણ વધુ કિંમતી મફતમાં મળતા મૂલ્યવાન તડકાની વાત કરીએ. સવારે સૂર્યોદય થાય પછીનો પહેલો કલાક અને સાંજે સૂર્યાસ્ત થાય તે પહેલાંનો એક કલાક — આ બે કલાક દરમ્યાન જેટલો સમય કાઢી શકો તેટલો સમય સૂર્યસ્નાન કરો. આ તડકામાં ઘણી શક્તિ છે - તમારી તંદુરસ્તી માટે. શક્ય તેટલાં ઓછા વસ્ત્રો પહેરવાં. હવે કહો, ઈશ્વરદત્ત આ દવાના પૈસા પડે છે? મારા સગાં માસીબા ગાંડપણની બીમારીમાં સપડાયેલાં. વારંવાર — ૪-૬ મહિને — તેમને ફરી પાગલખાનામાં મૂકવા પડે. પરિવાર આખાને ગાંડા કરી નાંખે એવા આ દર્દને મટાડ્યું તડકાએ! ખરેખર. સવાર-સાંજના કૂણા સૂર્યકિરણોથી તેઓ કાયમી ધોરણે દર્દમુક્ત થઈ ગયા. આ વાર્તા નથી, સાંભળેલી વાત પણ નથી. મેં પોતે જોયેલી ને અનુભવેલી આ ઘટના છે. સારવાર માટે માસીબા અમારે ઘરે જ રહેલાં.

મેં બતાવેલી દરેક દવા : (૧) ઊંડા શ્વાસ લેવા, (૨) ચાલવું અને (૩) સૂર્ય સ્નાન કરવું — વગર પૈસાની જ છે ને? ૧૫ વર્ષના વિદ્યાર્થીથી માંડીને ૭૫ કે ઉપરની વયના સૌ કોઈ આ ત્રણેય કસરતો કરી શકે. એક્શન કરતાં કોઈ રિએક્શન થાય, મૂંઝવણ થાય, અપસેટ થઈ જવાય, તો સહર્ષ મૂકી દેશો. Better Late than Never. જાગ્યા ત્યારથી સવાર. ક્યારે જાગો છો? અહીં 'કાગર'થી જ જણાવશો?

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

• • • • •

## "કચ્છી મેળો" — અદ્‌ભુત આયોજન, ધન્યવાદ!

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેના સુવર્ણ જયંતી વર્ષના અવસરે તા. ૨૨થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૩ સુધી અમદાવાદ - પાલડી ખાતે આવેલ સંસ્કાર કેન્દ્ર મુકામે આયોજિત અદ્‌ભુત, અકલ્પનીય અવિસ્મરણીય "કચ્છી મેળા" માટે કહી શકાય કે "કચ્છી મેળા નહીં દેખા, તો કુછ નહીં દેખા."

કચ્છની કલાકારીગરીને ઉજાગર કરતા એ મેળામાં રાષ્ટ્રીય ઍવૉર્ડ મેળવનારા કલાકારોની કલાકૃતિઓની વસ્તુઓનું પ્રદર્શન - વેચાણ તથા તેમની બેનમૂન પરંપરાગત અદ્‌ભુત કૃતિઓ, જેવી કે અજરખ - બાટીક, બાંધણીઓનું મનમોહક કામ, મડવર્ક, રોગનવર્ક, વુડન વર્ક, મોતીકામ, વણાટકામ, ખરડ (ગાલીચા), ધડકી (રજાઈ)નું ટાંકા કામ - પૅચવર્ક, ભરતકામની નયનરમ્ય કૃતિઓ, મધુર ઘંટારવ ફેલાવતી ઘંટડીઓ તથા રાજાશાહી વખતની (આશરે ૨૦૦ વર્ષ)થી કાર્યરત અંજાર - કચ્છની એ. સુમાર જુણસની પેઢી દ્વારા બનાવેલ તલવાર, સૂડી, ચપ્પુ, છરી વગેરેની સદીઓ જૂની કલાની ઝાંખી દ્વારા મુલાકાતીઓને ખરીદીનું ઘેલું લગાડેલ. તદુપરાંત કચ્છના ચિત્રકારોએ કરેલ પેઈન્ટિંગ્સ તથા કચ્છના અલભ્ય ફોટોગ્રાફ્સનું પ્રદર્શન પણ મુલાકાતીઓએ મનભરીને માણેલ. કચ્છના રાષ્ટ્રીય ઍવૉર્ડ વિજેતા તથા ફક્ત કચ્છમાં જ જોવા મળતા મોરચંગ તેમજ જોડિયા પાવાનો મધુર સૂર રેલાવીને મુલાકાતીઓને કચ્છી સંગીતની ઝાંખી કરાવેલ.

અમદાવાદની સ્થાનિક પ્રજાને કચ્છની ભવ્યતાનો નજારો પેશ કરતાં તેની ખરીદીનું ઘેલું લગાડનાર આ મેળાનું આયોજન ખરેખર કાબિલેદાદ હતું. આ ત્રિ-દિવસીય મેળાનો લગભગ ૩૦,૦૦૦ જેટલું માનવ મહેરામણ ખરીદી માટે તથા કચ્છી ભોજનના રસથાળની જયાફત - સ્વાદ માણવા ઉમટ્યું હતું. કચ્છની પ્રખ્યાત દાબેલીનો સ્વાદ તેમની દાઢમાં રહી ગયો. પરિણામ સ્વરૂપે કચ્છની દાબેલીના મસાલાના પેકેટ ગૃહિણીઓ દ્વારા ચપોચપ ઉપડવા માંડેલ. તેમજ કચ્છની પ્રખ્યાત મીઠાઈઓ જેવી કે ગુલાબપાક, મેસુક, પેંડા, મીઠો માવો, પકવાન વગેરેના અમૃતમય સ્વાદનો પણ મુલાકાતીઓને ચસ્કો લાગેલ.

કચ્છની અસ્મિતાના ચાર ચાંદ લગાડનાર આ મેળામાં રજૂ કરેલ દરેક વસ્તુનો અદ્‌ભુત નજારો જોઈ, દરેક સ્ટોલ ઉપર ખરીદી માટે માનવ મહેરામણ કીડિયારાની જેમ તૂટી પડેલ. જેના કારણે કચ્છથી આવેલ સ્ટોલ ધારકોના ચહેરા ઉપર થાક તથા ઉજાગરાની અસરની જગ્યાએ ખુશીની ચમક દેખાતી હતી. અને તેમણે આ મેળો હજુ બે દિવસ લંબાય તેવી ભાવના વ્યક્ત કરી હતી. તેમજ તેમણે જણાવ્યું કે આ સમાજ દ્વારા ભવિષ્યમાં ક્યારે પણ આ જાતના મેળાનું આયોજન થાય ત્યારે જરૂરથી પ્રાધાન્ય આપી અમને આમંત્રણ આપે.

આ સુયોજીત મેળાના યશના અધિકારી સમાજના પદાધિકારી શ્રી પ્રતાપભાઈ દંડ તથા કે.આર. શાહ છે કે જેમણે કચ્છના ગામડે ગામડે જઈ કલા કસબીઓને રૂબરૂ મળી આ મેળામાં તેમનું કૌશલ્ય બતાવવા આમંત્રિત કર્યા.

*કર્મ ક્યારેય કોઈનો પીછો છોડતું નથી.*

સવારના ૧૦થી રાત્રિના ૧૦ વાગ્યા સુધીના આ મેળામાં સમાજના પદાધિકારીઓ, ઓફિસ સ્ટાફના સભ્યો તથા સમાજની યુવા પાંખ 'સંકલ્પ'ના સભ્યોએ સંપૂર્ણ વ્યવસ્થાની જવાબદારી સુપેરે નિભાવી, તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

અંતમાં આ મેળાનું સુંદર આયોજન બદલ સમાજના પદાધિકારીઓ તથા સ્ટાફના સભ્યોને સલામ.

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*

● ● ● ● ●

## સંયુક્ત કુટુંબો - ઢાલની બીજી બાજુ

'મંગલ મંદિર'ના ઓક્ટોબર માસના અંકમાં તંત્રીશ્રીએ તેમના તંત્રીલેખમાં આ બાબતે ચર્ચા કરેલ છે અને તેને અનુરૂપ બે પ્રસંગો પણ વર્ણવ્યા છે. જેમાં સંયુક્ત પરિવારમાં નહિ ઉછરેલા યુગલોની વાત છે. પરિવારમાં જો સંપ - સંવાદ હોય તો વાત બરાબર છે, પણ એથી જુદી સ્થિતિ હોય તો પરિણામ ઉલટું પણ આવી શકે છે એ વાત ભુલાઈ ગઈ છે.

પ્રશ્ન એ છે કે સંયુક્ત પરિવારોના આટલા આટલા ફાયદાઓ બતાવવામાં આવે છે, કેટલાય કિસ્સાઓમાં તે યોગ્ય છે. આમ છતાં દાયકાઓથી ભારતીય સમાજમાં સંયુક્ત પરિવારો તૂટતા જ રહ્યાછે. કેમ? વિચારવાની જરૂર છે.

કારણ એ છે કે ઢાલની બીજી બાજુ જોવાતી નથી. ભારતીય સમાજમાં સંયુક્ત પરિવારોના કારણે નુકસાન પણ સારા પ્રમાણમાં થયું છે એ વાત ભુલાઈ જાય છે. આ બાબત વિગતવાર જોઈએ.

મૂળભુત રીતે ભારતમાં સામાજિક - રાજકીય માળખું સામંતશાહી રહ્યું છે. આ હિસાબે કૌટુંબિક માળખું પણ વડીલશાહી રહ્યું છે, જેમાં વ્યક્તિનો કોઈ અવાજ નહોતો રહેતો. કામધંધા, અભ્યાસ, લગ્ન, બાળઉછેર વગેરે બાબતોમાં વડીલોનો નિર્ણય આખરી રહેતો. વ્યક્તિની રૂચિ કે મંજૂરીનો કોઈ સવાલ જ નહિ.

આ કારણે બાપદાદાના વ્યવસાયથી આગળ વધવામાં બહુ લાંબો સમય લાગ્યો. દા.ત. કચ્છીઓ શરૂમાં મુંબઈ ગયા ત્યારે 'દાણાવાળા' તરીકે જ પ્રખ્યાત થયા.

બીજો ભોગ અભ્યાસનો લેવાયો હતો. તે વખતમાં વડીલોનું સ્પષ્ટ વલણ એવું હતું કે છોકરાને હિસાબ કિતાબ અને નામુઠામું આવડે એથી વધારે ભણવાની શું જરૂર? આથી છોકરાની ઈચ્છા અને ક્ષમતા હોવા છતાં, તથા ખાસ મોટા ખર્ચ પણ ન હોવા છતાં કેટલાય બાળકો આગળ અભ્યાસથી વંચિત રહી જતા. અને છોકરીઓ? એને તો ચૂલો જ ફૂંકવાનો છે ને! બહુ તો ૪ ધોરણ સુધીની સરકારી કન્યાશાળામાં ભણાવે.

સૌથી વધારે અરાજકતા લગ્નોમાં થતી હતી. બાળકો ગર્ભમાં હોય ત્યાં સગાઈ થતી. ૧૩-૧૪ વર્ષની છોકરી અને ૧૬-૧૭નો છોકરો લગ્ન લાયક ગણાય. લગ્ન બાદ એ બાલિકાની કોઈ સલામતી નહીં. જ્ઞાતિનું જ ખાતુંપીતું ઘર હોય તો સ્વભાવ, સંસ્કાર, આરોગ્ય વગેરે કંઈ જ જોવાનું નહિ. છોકરાની ઈચ્છા પણ પૂછાય નહિ, તો છોકરી તો બિચારી જ! દોરે ત્યાં જ જવાનું. કજોડાના કારણે અને સાસરિયાના ત્રાસને કારણે છોકરીઓના આપઘાતનું પ્રમાણ ઊંચું રહેતું. કોઈ કાયદા કે તપાસ નહિ. જેવા નસીબ. વળી આપઘાતવાળા ઘરમાં કન્યા આપવાવાળા પણ મળી રહેતા.

આ બધી વાણિયા, બ્રાહ્મણ જેવા ઉચ્ચ વર્ણની વાત છે.

આમ સંયુક્ત કુટુંબોએ ભૂતકાળમાં ફાયદા કરતાં નુકસાન વધારે કર્યું છે. ફાયદામાં એટલું કહી શકાય કે માતાપિતા હોય કે ન હોય બાળકો ઉછરી જતા. નબળા સબળા પુરુષો, વિધવા સ્ત્રીઓ જેમતેમ નભી જતી પણ એ સામે નુકસાનનું પ્રમાણ બહુ મોટું હતું.

વર્તમાન સમયની વાત કરીએ તો આજના ભણેલા વર્ગમાં પણ જૂની વડીલશાહીના અંશ જુદા સ્વરૂપે જોવા મળે જ છે. 'મારા દીકરાને તો ડૉક્ટર જ બનાવવો છે' અથવા 'મારી દીકરીને તો વિદેશ વસતા મુરતિયાને જ પરણાવવી છે' આ શું છે?

કહેવાનો મતલબ એ જ છે કે સંયુક્ત કુટુંબની બાબત સમગ્રપણે વિચારવી જોઈએ.

આંતરિક ઘર્ષણ સિવાય કુટુંબો વિભક્ત થવાનું અન્ય મોટું કારણ નવી પેઢીનું દેશ-વિદેશમાં થતું સ્થળાંતર પણ છે. ઉચ્ચ શિક્ષણ મેળવેલ નવી પેઢીને કૌટુંબિક ધંધામાં રૂચિ ન હોય અને નવો ધંધો કે નોકરી ઘરઆંગણે ન મળે ત્યારે કુટુંબ વિભક્ત થાય જ છે. આવા સ્થળાંતરના કારણે પણ ગંભીર સામાજિક સમસ્યાઓ ઊભી થાય છે, જે એક અલગ જ વિષય હોઈ તેની ચર્ચા ફરી ક્યારેક.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

● ● ● ● ●

## TIME

- ✦ TAKE TIME TO **PRAY**
- ✦ TAKE TIME FOR **FRIENDS.**
- ✦ TAKE TIME FOR **WORK.**
- ✦ TAKE TIME TO **THINK.**
- ✦ TAKE TIME TO **READ**
- ✦ TAKE TIME TO **LAUGH**
- ✦ TAKE TIME TO **LOVE.**
- ✦ TAKE TIME TO **DREAM.**
- ✦ TAKE TIME TO **PLAY.**
- ✦ TAKE TIME TO **WORSHIP.**




સ્થાપના : ૧૯૮૪
કે.કે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં આયુર્વેદ સારવારથી ચામડી વગેરેની લાંબા સમયની તકલીફો લગભગ નાબૂદ થઈ

છેલ્લા ૪-૪ા વર્ષથી મને ચામડીનો પ્રોબ્લેમ થયેલો. જેમાં આખા શરીરે ખૂબ જ ખંજવાળ આવવી, પગ પર પાણી ભરેલા ફોલ્લા થવા, ખંજવાળતા એમાંથી પાણી નીકળવું, લોહી નીકળવું, માથામાં ખંજવાળ આવવી, આખા શરીરે ખંજવાળ આવવી, કાળા ચકામા પડી જવા... વગેરે શારીરિક તકલીફો થયેલ. તકલીફોના કારણે કંટાળી ગયો હતો અને ખૂબ હતાશ થઈ ગયો હતો. પરિણામે ડિપ્રેશન થતું હતું. તે સંજોગોમાં મારી પત્નીએ બધી દવાઓ બંધ કરીને આયુર્વેદ દવા વાપરવાનું સૂચન કર્યું.

આયુર્વેદ સારવાર માટે શ્રી કચ્છી જૈન ભવન સ્થિત મેડિકલ સેન્ટર અંગે માહિતી મળતાં,ત્યાં તે વિભાગના કાર્યરત ડૉ. સોનલબેન પાસે જઈને મારી બધી જ તકલીફો અંગે જાણ કરી. મારી મનોવ્યથા મેં એમની સમક્ષ ઠાલવી દીધી. એમણે ખરેખર મને ખૂબ જ શાંતિથી, ધીરજપૂર્વક સાંભળ્યો અને મને સારી રીતે સમજ્યા. મારા જેવા દર્દીની માનસિક સ્થિતિ કેવી હોય તે વાત ડૉ. સોનલબેન બરોબર જાણતા હતા. તેથી મને પૂરેપૂરો એ સમજી શક્યા. એમની સાથેની વાતચીતથી મને એમનામાં પૂરો વિશ્વાસ જાગ્યો. મારા ચામડીના દરદ વિશે એમણે મને પૂરેપૂરો ખ્યાલ આપ્યો અને સમજાવ્યું કે ધીરજપૂર્વક દવા કરવાથી લાંબેગાળે પણ આ દરદમાં તમને ચોક્કસ ફાયદો થશે. ચામડીનો આ રોગ લોહીવિકારને લીધે થતો હોય છે. એટલે એને મૂળમાંથી દૂર થતા વાર લાગશે પણ ૧૦૦% ફાયદો જરૂર થશે. એમની આ વાત પર વિશ્વાસ મૂકી મેં પૂરી શ્રદ્ધાથી એમની દવા લેવાનું શરૂ કર્યું. જેના પરિણામરૂપે આજે મને લગભગ મારા આ ૪ વર્ષ જૂના રોગથી ૮૦% જેટલી મુક્તિ મળી છે અને ચોક્કસ ૧૦૦%ના પરિણામ પર પહોંચતા વાર નહીં લાગે તેવો દઢ વિશ્વાસ છે. આટલા મહિનાની સારવાર દરમ્યાનનો મારો જાત અનુભવ એ છે કે જો દર્દી ડૉક્ટરમાં તેમજ તેમણે આપેલી દવામાં પૂરી શ્રદ્ધા રાખી ઈલાજ ચાલુ રાખે તો હકારાત્મક પરિણામ જલ્દીથી આવી શકે. મારો જતો રહેલો આત્મવિશ્વાસ હવે સંપૂર્ણ દઢ થયો છે. માનસિક અને શારીરિક સ્વસ્થતા થવા લાગી છે. આ આયુર્વેદ વિજ્ઞાન ખરેખર આશીર્વાદરૂપ છે એ વાત મારે મારા જેવા લોકો સુધી પહોંચાડવી છે. મારી આજની પરિસ્થિતિ માટે હું ડૉ. સોનલબેનનો ખૂબ જ આભારી છું. મને એમના જેવા અનુભવી, જાણકાર અને સાલસ ડૉક્ટર મળ્યા તે બદલ હું તેમને અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાઓને ખાસ બિરદાવું છું.

*વિપિનચંદ્ર આર. પરીખ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૪૬૧૩૮૬, મો. ૯૮૭૪૭૪૮૧૧૪*
*મેડિકલ સેન્ટર કેસ નંબર : ૯૫૬૪૦*

● ● ● ● ●

## ભ્રષ્ટાચાર, અન્યાય અને અંધશ્રદ્ધા દૂર થાય તો સારું

ભારતમાં ભ્રષ્ટાચારની કોઈ મર્યાદા રહી નથી. ગણ્યા ગણાય નહીં અને વિણ્યા વિણાય નહીં એટલા ભ્રષ્ટાચારીઓ, જાડી ચામડીના નેતાઓ અને કાને બહેરા પ્રધાનોએ દેશની છબી એટલી હદે બગાડી છે કે આપણને ભારતીય કહેવાની પણ શરમ આવે છે. ભગવાનના મંદિરો લૂંટાતા રહે છે. ત્યારે મનમાં એમ થાય છે કે ભગવાન કહેતા હશે કે અમને પૈસા ઘરેણાંની જરૂર નથી, તમે લઈ જાઓ. એમ પણ થાય છે કે લુંટારાઓને ભગવાન પણ પહોંચી નથી શકતા. આવી શંકા ઘણી વખત થયા કરે છે.

ભારતની પ્રકૃતિ અને સંસ્કૃતિની ચારેબાજુ ગૌરવગાથા ગવાતી હોય ત્યારે આપણે ભારતમાં રહેવા છતાં આપણને જરાય અહેસાસ નથી થતો કે આ વાત સાચી હશે. ટી.વી.ની ન્યુઝ ચેનલમાં કે સમાચાર પત્રોમાં એક જ વાત રોજ રોજની હોય છે : (૧) બળાત્કાર, (૨) મંદિરો લુંટાયા, (૩) ઘરફોડી, (૪) વાહનોની ચોરી, (૫) ગેસ, ડીઝલ અને પેટ્રોલમાં ભાવ વધારો, (૬) ચોરી લૂંટફાટ – ત્યારે એવું થાય કે માત્રને માત્ર આવા અસામાજિક કૃત્યો કેમ થાય છે? માણસનો સ્વભાવ વિકૃત થતો જાય છે. ફક્ત બાહ્ય આકર્ષણનું સ્તર ઊંચું થતું જાય છે. લાલચ અને દેખાદેખી વધતી જાય છે. બીજી તરફ ખનીજ તેલ, ગેસ અને પેટ્રોલનો વપરાશ ખૂબ જ વધી ગયો છે.

હમણાં અમદાવાદની વાત કરીએ તો હદ વટાવે એવી ઘટના જેલની અંદર બની ગઈ. કેદીઓએ ખોદકામ કરી નાસી છૂટવા માટે સુરંગ બનાવી, તે ખરેખર માનવામાં ન આવે એવી વાત છે. જેલની અંદર કેદીઓ અને આતંકવાદીઓની ગુપ્ત પ્રવૃત્તિઓ ધ્યાનમાં લેવાતી ન હોય તો સામાન્ય માનવીનું શું રક્ષણ થવાનું છે?

કચ્છના રણોત્સવ હોય કે કોઈ પણ જગ્યાએ કુંભ મેળા ભરાતા હોય જ્યાં લાખોની સંખ્યામાં લોકો આવતા હોય, વેપાર ધંધા ખૂબ જ ચાલતા હોય, પૈસાની રેલમછેલ થતી હોય તે બધું તો ગમે પણ તેનાં પરિણામ શું આવે છે? ધ્યાન ખેંચવાનું મન થાય છે. આટલી બધી માનવ મેદનીથી બેફામ પાણીનો વપરાશ થતો હોય, જાતજાતની ખાણીપીણી પીરસાતી હોય જેના પરિણામે જળાશયોનો ઘણો જ જથ્થો વપરાઈ જાય ત્યારે સ્થાનિક લોકોને જ વેઠવું પડે. બહારના લોકો ખાઈ-પીને લહેર કરીને જતા રહે અને પાછળ કચરો મૂકતા જાય. તો સ્થાનિક લોકોને રોગચાળો વકરે. અધૂરામાં પૂરું, બદલાતી આબોહવામાં સખત ઠંડી અને માવઠાના કારણે ભેજ થતો હોવાથી સ્વાઈન ફ્લુ જેવા કે ડેન્ગ્યુ જેવા રોગ દેખા દે તે સ્વાભાવિક છે.

દેશની પવિત્ર નદીમાં સ્નાન કરી, ગંદકી ફેલાવી, પ્રદૂષણ કરતા બાવાઓ અને અંધશ્રધ્ધાળુઓ જ રોગોના ફેલાવા માટે જવાબદાર છે. આવી ધર્મની માન્યતાને રદિયો આપવો જોઈએ. નદીમાં સ્નાન કરવાથી પાપ ધોવાય છે એ ભ્રમ દૂર કરવો જોઈએ. આ પ્રકારના રીત-રિવાજો પર પ્રતિબંધ લાદવા જ જોઈએ.

*અલ્કા એ. સંઘવી - અમદાવાદ*

● ● ● ● ●

*આપણું જીવન ખુલ્લી કિતાબ જેવું હોવું જોઈએ.*

### શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ

સંસ્કાર સ્કૂલ - ભુજ, કચ્છથી અમદાવાદ ખાતે આપની સંસ્થા દ્વારા સંચાલિત, શાહીબાગ સ્થિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં આવેલ પ્રવાસી વિદ્યાર્થિનીઓ અને શિક્ષક સ્ટાફને ખૂબ સારો સહકાર મળેલ હતો. આપની આવી ઉમદા સેવા અને ભાવનાને અમો સો-સો સલામ કરીએ છીએ. આપના વિશ્રાંતિગૃહમાં જોવા મળેલ સ્વચ્છતા અને શાંતિ અમારા માટે ચંદનશી શીતળ સ્મૃતિ બની ગઈ છે. કચ્છના વીરેનભાઈ શાહે આપેલ સંદર્ભ અમારા માટે સુખદ બની રહ્યો એનો અમને અદકેરો આનંદ છે.

ઉક્ત વિશ્રાંતિગૃહમાં મ્યુઝિયમ દ્વારા કચ્છી વિરાસતને સાકાર સ્વરૂપ આપવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. તે ક્ષેત્રનું સૌજન્ય ચિરસ્મરણીય રહેશે.

ભવિષ્યમાં પણ આપના હસ્તે વિદ્યોપાસના માટે નિમિત્ત સૌ કોઈ માટે આવી ઉમદા સેવા મળતી રહે એવી ઈશ્વરને હું પ્રાર્થના કરું છું.

***જગદીશ બારૂ - આચાર્યશ્રી, સંસ્કાર સ્કૂલ - ભુજ***

• • • • •

### સદા સર્વદા મંગળ કરતું 'મંગલ મંદિર'

જયભારત સાથે માહે ફેબ્રુઆરી-૨૦૧૩નો અંક મળ્યો. મટિરિયલ્સની ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે એ ખરેખર આનંદની વાત છે. સુંદર સુરેખ પ્રિન્ટિંગ અત્યંત સુવાચ્ય બની જાય છે.

આમ તો કચ્છ વિકાસની ખૂટતી કડીઓ અંગે શ્રી જગદીશન, શ્રી ડી.કે. પટેલ, શ્રી ભીમાણી, જાડેજા, શ્રી બારૈયા, શ્રી સોલંકી, શ્રી લીલાધર ગડા, શ્રી શશીકાંત ઠક્કર વગેરે વિદ્વાન મહાનુભાવોને સેમિનારમાં પ્રત્યક્ષ સાંભળવાનો લહાવો મળત પરંતુ એ કાર્યક્રમ રદ થતાં - આ ખૂટતી કડીઓની સંપૂર્ણ માહિતી આ અંકમાં સમાવિષ્ટ કરી 'મંગલ મંદિર'ના તંત્રી મંડળે મંગલ મંદિરના વાચક વર્ગની અને સમગ્ર કચ્છની સેવા બજાવી છે એમ કહી શકાય. આ ખૂટતી કડીઓની માહિતી અત્યંત સરાહનીય છે. ખૂટતી કડીઓની પૂર્તિ કઈ રીતે થઈ શકે અને આપણે કચ્છી અને જાગૃત નાગરિકો માટે કઈ રીતે સહાયરૂપ અને સક્રિય બની શકીએ તે અંગે વિચારવાનો તકાદો કરે છે એમ સમજવાનું છે.

અંકના અન્ય લેખોમાં શ્રી ચંદ્રવદન મહેતા 'સારસ' અંગે યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિનો પરિચય આપી એક સેવા પરાયણ કચ્છી વયસ્કની ઓળખ કરાવી છે.

'મંગલ મંદિર' ખરા અર્થમાં કચ્છીઓની સદાસર્વદા મંગળ કરતું રહે એવી ભાવના સાથે.

***મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ***

• • • • •

## સચ્ચાઈ

આ એક આંખો ખોલી નાખે એવો પ્રસંગ છે. એક સંત હતા અને એમણે એવો નિયમ ધાર્યો હતો કે સત્યવાદી લોકો - સત્ય બોલનારા હોય તેને ત્યાં જ જમવું. સામેની વ્યક્તિ જમવા માટે હા પાડે તે પહેલા એ આજુબાજુ બધી પૂછપરછ કરી લેતા. એક વખતે બીજા ગામમાં પ્રવેશ કરતાં પહેલાં રસ્તે પસાર થતી વ્યક્તિ પાસે જાણી લીધું કે ગામમાં સત્યવાદી કોણ છે અને રસ્તે મળનારી વ્યક્તિએ એક વ્યાપારીનું નામ સૂચવ્યું. વાતવાતમાં સંતે એ પણ જાણી લીધું કે વ્યાપારી પાસે લાખો રૂપિયા છે અને એને ચાર દીકરા પણ છે.

જમવાનો સમય થતા સંત પેલા વ્યાપારી પાસે ગયો અને ભોજનની માંગણી કરી. અત્યંત પ્રસન્ન થઈ વેપારીએ આવકારો આપતા કહ્યું, 'પધારો મહારાજ... અમારું ધનભાગ્ય કે તમારા પગલાં અમારે ઘેર પડ્યા!'

સાધુએ કહ્યું, 'પણ હું જમું તે પહેલા મારે તમને બે વાત પૂછવી છે.'

'ખુશીથી પૂછો મહારાજ.'

'તમારી પાસે ધન કેટલું છે?'

'જી પચાસ હજાર રૂપિયા.'

'અને દીકરા કેટલા?'

'એક જ છે મહારાજ.'

સંવાદ પૂરો થાય ન થાય ત્યાં તો સંત ઊભા થઈ ગયા અને ચાલવા માંડ્યા. વ્યાપારી તો દંગ રહી ગયો. આજીજી કરી પૂછ્યું, 'મહારાજ, આમ અચાનક ભોજન કર્યા વગર કેમ ચાલ્યા જાઓ છો?'

ત્યારે સંતે કહ્યું કે મેં તો સાંભળ્યું હતું કે તમે હંમેશાં સાચું જ બોલો છો. પણ તમે તો સાવ જુઠ્ઠા નીકળ્યા.

વેપારીએ ગદ્‌ગદ્ થઈને કહ્યું, 'મહાત્માજી, મારી વાત શાંતિથી સાંભળો. સાંભળ્યા પછી જો આપશ્રીને ખાતરી થાય કે હું જુઠ્ઠું બોલું છું તો આપને ઠીક લાગે તેમ કરજો.'

આમ તો મારે ચાર દીકરા છે પણ મારો એક જ દીકરો પરમાર્થના કામમાં મને મદદ કરે છે. બાકીના ત્રણ તો દારૂ, જુગાર અને ભોગ વિલાસમાંથી ઊંચા જ નથી આવતા. એટલે મારે કહેવું પડ્યું કે મારે એક જ દીકરો છે.

વળી આજ સુધી મારી મિલ્કતમાંથી મેં માત્ર પચાસ હજાર રૂપિયા જ ધર્માદામાં વાપર્યા છે - એટલે કે વાપરી શક્યો છું. બાકીના રૂપિયા તો અમારી સાંસારિક જંજાળમાં જ ખર્ચાયા છે. તો મારું સાચું ધન તો પરમાર્થ માર્ગે વપરાયું તે જ ઠરે ને. મહારાજ અને એટલે જ મારે કહેવું પડ્યું કે મારી પાસે ફક્ત પચાસ હજાર રૂપિયા જ છે.

વેપારીનો હૃદયપૂર્વકનો ખુલાસો સાંભળી મહાત્માજી અત્યંત પ્રસન્ન થયા અને ખૂબ જ ભાવપૂર્વક તે વ્યાપારીને ત્યાં તેઓ જમ્યા.

સાંપ્રત સમયમાં પોતાની સંપત્તિ અને સંતતિનો દેખાડો કરનાર જો આ વાત સમજે તો જરૂર સાચી વાહવાહ થાય.

***પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા***

FAVOURITE
**FAVOURITE SAFETY PRODUCTS**
**MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES**
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
**Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030**
**Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com**
**Dhiren Shah (Dand)**
Director
M. : 98795 00916

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ

*કાઉન્સિલના ઉપક્રમે 'કચ્છના સર્વાંગી ઈતિહાસ'ના વિમોચન સંબંધી એક કાર્યક્રમ તા. ૩-૨-૨૦૧૩ના રોજ ભુજ ખાતે સંપન્ન થયેલ. તે કાર્યક્રમને અનુલક્ષીને સાહિત્ય ક્ષેત્રના તજજ્ઞો, આગેવાનો તેમજ અન્ય વાંચકવર્ગ તરફથી પ્રાપ્ત થયેલ પ્રતિભાવો અત્રે પ્રસ્તુત કર્યા છે.*

કચ્છના સર્વાંગી ઈતિહાસનું વિમોચન કરવા પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં હાજર રહેવા અત્યંત ઈચ્છા હોવા છતાં શક્ય બન્યું નહિ.

કચ્છના સર્વાંગી ઈતિહાસ ભાગ : ૧-૨ પ્રસિદ્ધ કરવા બદલ આપ બધાને ખૂબ ખૂબ અભિનંદન.

સમારંભ સમયે કચ્છમાં આર્કિટેક્ચરલ કૉલેજની સ્થાપના કરવાની જે જાહેરાત થઈ તે માટે પણ અભિનંદન.

આપ જે કાર્યો કરી રહ્યા છો તે અમારા જેવા માટે પ્રેરણા સમાન છે. અમે સહયોગી થતાં આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

અભિનંદન સહ શુભેચ્છાઓ.

***મોહનલાલ એન. શાહ - ભુજ***
***પૂર્વ એમ.એલ.એમ. (ગુજરાત)***

• • • • •

### 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ'

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ તરફથી તા. ૩-૨-૨૦૧૩ના રોજ કચ્છનો સર્વાંગી ઈતિહાસ (ભાગ : ૧ અને ૨) નામક ગ્રંથના વિમોચન કાર્યક્રમનું નિમંત્રણ મળ્યું છે.

પૂર્વ નિર્ધારિત કાર્યક્રમને કારણે અન્યત્ર રોકાયેલો હોઈ આવા અમૂલ્ય ગ્રંથના વિમોચનના કાર્યક્રમમાં હાજરી આપી શકાશે નહિં. તો દરગુજર કરશો.

આવનાર સૌ લેખકો તેમજ મહાનુભાવોને મારા વંદન તેમજ અભિનંદન.

***પ્રવીણ કે. લહેરી - અમદાવાદ***
***પૂર્વ મુખ્ય સચિવ - ગુજરાત***

• • • • •

### કચ્છની સંસ્કૃતિ - અસ્મિતા : કચ્છનો સર્વાંગી ઇતિહાસ

આપની સંસ્થા દ્વારા અથાગ પરિશ્રમ કરીને 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ગ્રંથનું વિમોચન કરવાના શુભ પ્રસંગે યાદ કરી નિમંત્રણ પાઠવેલ તે બદલ હું આપશ્રીનો તથા આપના સૌ સાથીગણનો આભારી છું.

અનિવાર્ય કારણોવશાત્ હું આ અવસરે ઉપસ્થિત રહી શકીશ નહિં તે બદલ દિલગીર છું.

કચ્છ, એ એક અનોખો, અદ્ભુત મૂલક છે. તેની સંસ્કૃતિ - અસ્મિતા ન્યારી છે. તેનાં ભવ્ય ભૂતકાળની યાદ નવી પેઢીને મળે અને તેમાંથી તેઓ પ્રેરણા પામે તેવા શુભ હેતુથી આપે કચ્છનો સર્વાંગી ઈતિહાસ ગ્રંથનું સંકલન કરી જે આયોજન કરેલ છે તે બદલ ફરીથી આપ સૌને અભિનંદન.

ભવિષ્યમાં પણ કચ્છ એ કચ્છ રહે, કચ્છની અસ્મિતા અને ખુમારી જળવાઈ રહે, બલકે તેમાં વધારો થાય તેવી મારી હાર્દિક શુભેચ્છાઓ આ અવસરે પાઠવતા આનંદની લાગણી અનુભવું છું.

***પુષ્પદાન ગઢવી - ભુજ***
***પૂર્વ એમ.પી. (ગુજરાત)***

• • • • •

### સમૃદ્ધ અને સુંદર ગ્રંથ

'કચ્છના સર્વાંગી ઈતિહાસ'નું વિમોચન તા. ૩-૨-૨૦૧૩, રવિવારના રોજ યોજાયું છે એ જાણીને અત્યંત આનંદ થયો.

વિશેષમાં આ સમૃદ્ધ અને સુંદર કાર્યક્રમમાં મારે અચૂક હાજર રહેવું જોઈએ જ પણ અનિવાર્ય સંયોગોને લઈને હું હાજર રહી શકતો નથી પણ આ કાર્યક્રમ સંપૂર્ણપણે સફળ રહે એવી અભિલાષા સાથે હાર્દિક શુભેચ્છા પાઠવું છું. જે સ્નેહપૂર્વક સ્વીકારી આભારી કરશો.

ભવિષ્યમાં મારા જેવું કોઈપણ કામ જરૂર જણાવશો. ઉપરોક્ત પ્રસંગે હાર્દિક શુભેચ્છા સાથે.

***રાજેશ અંતાણી - ભુજ***

• • • • •

### Kutch History – A Great Job

Thanks for the invitation for the precious occasion of KUTCH SERWANGI HISTORY inauguration.

You have really done a great job! Around 30 experts jointly worked hard & made a book which covers totally 5000 years' history of Kutchh.

This is not be just a book but it is encyclopaedia for Kutch & through this you achieve a new milestone.

My best wishes for grand success of your program & as just now only I received the card so due to my prior commitment, I will not be able to be a part of this golden moment.

***Chiman Mota***
***Tan-Man Tours & Travels - Mumbai***

• • • • •

*ખરીદનારને સો આંખો જોઈશે, વેચનારને એકે નહીં.*

### શુભેચ્છા : કચ્છના સર્વાંગી ઇતિહાસનું વિમોચન

કચ્છી જૈન સમાજના ઉપક્રમે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત કચ્છના સર્વાંગી ઇતિહાસનું વિમોચન કાર્યક્રમ માટેનો નિમંત્રમ મળેલ તે બદલ આભાર સહ શુભેચ્છા.

*જયકુમાર સંઘવી - માંડવી*
*પૂર્વ ધારાસભ્ય (ગુજરાત)*

● ● ● ● ●

### કચ્છના સર્વાંગી ઇતિહાસ (ભાગ : ૧-૨)નું વિમોચન

તા. ૩-૨-૨૦૧૩ના ભુજ મધ્યે યોજાયેલ કચ્છના સર્વાંગી ઇતિહાસના વિમોચનનો પ્રસંગ ખૂબજ સરસ રીતે સંપન્ન થયો તેથી પ્રસન્નતા અનુભવું છું. મંચ પરના મહેમાનો પણ આ પ્રસંગ માટે યોગ્ય હતા - સંચાલન પણ ઘણું જ સરસ થયું. નિર્ધારિત સમયે કાર્યક્રમ પૂરો થયો તે પણ એક વિશેષતા જ ગણાય.

આપના હસ્તે પ્રજાપયોગી તેમજ દેશ ઉન્નતિના ઘણા કાર્યો સંપન્ન થતા રહે એવી પ્રાર્થના.

*ઉમિયાશંકર અજાણી - ભુજ*

● ● ● ● ●

### કચ્છના ઇતિહાસ સંદર્ભે થયેલું પ્રશંસનીય કાર્ય

શ્રી હરેશભાઈ ધોળકિયા તરફથી ભેટરૂપે 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' મળ્યો. એ હાથમાં આવતાની સાથે જ સાનંદ આશ્ચર્ય થયું.

એક કચ્છી માડુ હોવાને નાતે આવા સુંદર પ્રયાસને તો આપણે બિરદાવવો જ રહ્યો!

આ ખરેખર એક ગૌરવપ્રદ કાર્ય છે.

ઈ.સ. પૂર્વે ૫૦૦૦થી આજ સુધીની તેજસ્વી તવારીખનો અણમોલ દસ્તાવેજ આ બૃહદ્ ગ્રંથમાં સમાવવાનો જે પ્રયાસ છે તે અદ્ભુત બાબત છે. કચ્છના આદિકાળથી અર્વાચીન સમય સુધીનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય સાથે ભાતીગળ ચિત્ર પ્રસ્તુત કરતો આ ગ્રંથ છે.

વળી ૩૦થી વધુ વિદ્વાનોએ સાથે મળીને કરેલો સંકલિત અને સમન્વિત આ પ્રયાસ છે એ જ એમની વિશેષતા છે. અને એથીય વધુ મહત્ત્વની વાત એ છે કે આ નવતર પ્રયાસમાં સંમિલિત વિદ્વાનો એ કોઈ વિશેષ આર્થિક લાભની અપેક્ષા વિના એમનો અમૂલ્ય સમય આ કાર્ય માટે ફાળવ્યો છે - એ વાત જાણ્યા પછી તો મન સાભાર વંદન સાથે ઝુકી ગયું.

જાણે માભોમના ઋણમાંથી યત્કિંચિત્ પણ મુક્ત થવાનો આ પ્રયાસ ન હોય!

ઇતિહાસને સાચવવાનું કામ કંટાળાજનક તેમજ કપરું હોવા છતાં તે એટલું જ જરૂરી પણ છે.

વૈભવશાળી કચ્છના વારસાને અને તેની સંસ્કૃતિને જાણવા ઈચ્છુક જિજ્ઞાસુઓને અને ઇતિહાસ વિશે અભ્યાસ કરતા સંશોધકોને આ ગ્રંથ ખૂબજ ઉપયોગી થશે તેમાં બેમત નથી. સાથે સાથે વતનને પ્રેમ કરવાવાળા સામાન્યજન માટે પણ આ ગ્રંથનું પ્રકાશન એક માનસિક સંતોષ આપશે.

આ ગ્રંથમાં કચ્છના ઇતિહાસના મહદ્ અંશે તમામ પાસાં આવરી લેવાયા છે. ઇતિહાસ, ભાષા, સાહિત્ય, અર્થતંત્ર, ધર્મ, રાજકારણ, સમાજકારણ, લોકસાહિત્ય, રજવાડી વારસો, લોકજીવન અને નગરો તથા બંદરો વિષયક દરેક મુદ્દાની છણાવટ કરવામાં આવી છે તે કાબિલેદાદ છે.

આ કાર્ય માત્ર માહિતીસભર જ ન બની રહેતાં એટલું જ રસપ્રદ બની રહે તે માટે દરેકે દરેક લેખકો અને વિદ્વાનોએ કરેલી મહેનત આ ગ્રંથના પાને પાને ડોકાય છે.

આ કાર્યની ફળશ્રુતિ રૂપે કચ્છને એના સર્વાંગી ઇતિહાસનો એક ગ્રંથ તો મળ્યો જ, પણ આ સદ્કાર્યના પગલે પગલે કચ્છ વિષયક બીજા કંઈક એવા સુકૃતો પણ આળસ મરડીને બેઠા થશે એમ માની લેવામાં વાંધો નથી!

આ માટે પરામર્શ સમિતિ, સમન્વય સમિતિ, સંપાદન સમિતિ તથા ત્રણેય સમિતિના સંસ્થાકીય સભ્યોની ટીમને અને તેમની દૂરંદેશી દષ્ટિને સો - સો સલામ!

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલને આ પ્રયાસ બદલ અભિનંદન. આવા જ ઉમદા પ્રકાશનો ખૂબ ખૂબ સંકલિત રીતે મળતા રહે એવી પ્રાર્થના અને શુભેચ્છા સહ.

*વીરેન શેઠ / જીના શેઠ - અમદાવાદ*
*ફોન : ૨૬૭૩૦૩૮૭, મો. ૯૯૨૫૪ ૯૯૭૬૭*

● ● ● ● ●

### YOU WILL NEVER BE SORRY

- FOR THINKING BEFORE ACTING.
- FOR HEARING BEFORE JUDGING.
- FOR FORGIVING YOUR ENEMIES.
- FOR HELPING A FALLEN BROTHER.
- FOR BEING HONEST IN BUSINESS.
- FOR THINKING BEFORE SPEAKING.
- FOR BEING LOYAL TO YOUR RELIGION.
- FOR STANDING BY YOUR PRINCIPLES.
- FOR STOPPING YOUR EARS TO GOSSIP.

*પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા*

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર



કચ્છના સાહિત્ય - કલા જગતમાં જેનું ગરિમાભર્યું સ્થાન છે એવા "શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય - કલા પુરસ્કાર"નો સમારોહ તાજેતરમાં મુંબઈ ખાતે યોજાઈ ગયો. જેમાં સાહિત્ય - કલા પ્રેમી કચ્છી - બિનકચ્છીઓએ ઉમળકાભેર હાજરી આપી હતી.

આ કાર્યક્રમમાં ચિંતન-કાવ્યમાં ઊંડી અભિરૂચિ ધરાવનાર શ્રી કિરીટ ગાલાએ દર વર્ષ મુજબ અભ્યાસુ અને સર્જક અને એના મૂડ્સ (ચેતના જગત) વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

સાહિત્યકાર શ્રી રવિ પેથાણી 'તિમિર', ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કવિ અને વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એવા શ્રી ઉદયન ઠક્કર અને ફિલ્મોમાં રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત શ્રી મૂલચંદ મગનલાલ દેઢિયાની વિવિધ ક્ષેત્રની કામગીરી બદલ ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

એ પછીના બે યુવા કલાધર્મીઓ હતા. નૃત્યક્ષેત્રે ૨૫ વર્ષથી વધારે સમયથી આગવી કેડી કંડારનાર શ્રી હિતેન ગાલા અને રંગમંચ પર નાટ્યકળા અને કચ્છી ભાષાનો ઝંડો લહેરાવનાર સરળ ઉત્સાહી નાટ્યકાર - અદાકાર શ્રી વિજય ગાલા (ગામ - વડાલા) આ બંને કલાકારોને બિરદાવતાં કચ્છી ભાષાની અને કલા સાહિત્યની ધૂરા નવયુવાનો વિશેષપણે વહે એવી લોકલાગણી પડઘાતી લાગી.

આ વર્ષના કાર્યક્રમમાં કેટલાક વિશિષ્ટ વ્યક્તિઓની હાજરી નોંધનીય હતી. જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના ફિલ્મ આલોચક શ્રી અમૃત ગંગર, શ્રી મૂલચંદભાઈ, ડૉ. કાંતિ ગોર, ડેનિસ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ - ડેન્માર્કના પૂર્વ ડાયરેક્ટર શ્રી દિનો રેમન્ડ હેનસન અને શ્રીમતી એન. મેરી ક્રુસ્ટેન તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા, પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડની વિશેષ હાજરી હતી.

દર વખતે આ કાર્યક્રમમાં માત્ર અભિવાદન કરી સંતોષ માની લેવાને બદલે સાહિત્ય કલાકારોને સમાજ સમક્ષ મૂકી એની સર્જન શક્તિના ઓવારણા લેવામાં આવેલ. મધ્યાંતર પછી કાર્યક્રમનું સૂત્ર સંચાલન ડૉ. વિશન નાગડાએ કર્યું હતું.

કચ્છી ભાષા, કળા સાહિત્યના વિવિધ પરિમાણોને પ્રગટ કરતા આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી ડૉ. માધુરી છેડાએ ટકોર કરતાં જણાવ્યું કે પારિતોષિકમાં મહિલાઓના નામ ઓછા કેમ છે? સમગ્ર કચ્છની વિવિધ જ્ઞાતિઓ અને સમાજોના પ્રતિનિધિત્વથી શોભતા આ કાર્યક્રમમાં મૂલચંદ દેઢિયા જેવા કચ્છી માડુનો સૌને પરિચય થયો. બીજી તરફ, યુવા કલાકારોને બિરદાવી આવતી કાલ... આશાસ્પદ છે એની પ્રતીતિ થઈ, તેમ સંસ્થાની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## લખપતની શાળાના વિદ્યાર્થીનું પ્રોત્સાહિત કાર્ય



લખપત શાળાનાં એક વિદ્યાર્થી ફારૂક સાટીએ પોતાની શાળાને એકલે હાથે નંદનવન બનાવી છે. કચ્છની શાળાઓમાં ચાલી રહેલી વૃક્ષારોપણની ઝુંબેશથી પ્રોત્સાહિત થઈને લખપત શાળાના આ બાળ વિદ્યાર્થીએ એકલે હાથે શાળાને હરિયાળી બનાવવાનું કાર્ય હાથમાં લીધું હતું. શાળાની ચારેય બાજુ જાતે ખાડા ખોદી કાંપ, માટી અને ખાતર નાખી રોપાઓનું વાવેતર કર્યું હતું અને નિયમિત રીતે તેની માવજત કરવાનું શરૂ કર્યું હતું.

માંડવી તાલુકાની ફરાદી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી જગદીશભાઈ ત્રિવેદીએ જાત તપાસ કરીને વિદ્યાર્થીનું ખાસ સન્માન કર્યું હતું. અને કોટિવૃક્ષ અભિયાન તરફથી બિદડા સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટી શ્રી બચુભાઈ રાંભિયાએ સાઈકલ ભેટ આપીને ફારૂકને ખાસ પ્રોત્સાહિત કર્યા હતા. કચ્છ જિલ્લા તાલીમ ભવન તરફથી પણ એને રોકડ પુરસ્કાર અર્પણ કરાયો હતો. આ પ્રસંગે શ્રી બચુભાઈ રાંભિયાએ આવા વૃક્ષારોપણનું સુંદર કાર્ય કરનાર બાળકોને ખાસ ઈનામો આપવાની જાહેરાત કરી હતી. ફરાદી શાળા દર વર્ષે આવા પ્રસંગો, દાતાઓની મદદથી ઉજવતી હોય છે.

*એલ.ડી. શાહ (મો. ૦૯૮૭૯૬ ૪૭૯૧૫)*
*કોટિ વૃક્ષ અભિયાન - બિદડા, કચ્છ*

*સારા વિચાર રાખવા એ આંતરિક સુંદરતાની નિશાની છે.*

## "અચો મુઝે દેશ" — "કચ્છ ગાઈડ"

'કચ્છ અર્પણ' દ્વારા પ્રકાશિત 'અચો મુઝે દેશ' પુસ્તિકાનો ઉદ્દેશ કચ્છની મુલાકાત લેતા પ્રવાસીઓને કચ્છ જિલ્લાનાં વિવિધ ઐતિહાસિક, ધાર્મિક તથા નૈસર્ગિક સ્થળોથી પરિચિત કરાવવાનો છે. આ માટે દરેક તાલુકાને એક એક પ્રકરણમાં વણીને સમગ્ર કચ્છની નાની મોટી માહિતી એક નાનકડી પુસ્તિકામાં સમાવવાનો પ્રયાસ કરાયો છે. આમ જોવા જાવ તો આમાંની મોટાભાગની માહિતી અન્યત્ર ઉપલબ્ધ હોય જ છે પરંતુ આ પુસ્તિકામાં તાલુકા મુજબ માહિતી એકત્ર કરીને તેનું કરાયેલ સુંદર સંકલન ધ્યાનાકર્ષક છે.

જાન્યુઆરી-૨૦૧૩માં બહાર પડેલ પ્રથમ આવૃત્તિમાં કચ્છનાં ૯ તાલુકાની માહિતી અપાયેલ છે (હવે ૧૦ તાલુકા થયેલ છે તેની નોંધ પ્રકાશકે લીધેલ છે.) દરેક તાલુકાની ભૌગોલિક સ્થિતિ, તાલુકાનાં મુખ્ય શહેરો, જોવાલાયક સ્થળો તથા તેમની અગત્યતા, તાલુકાનાં મુખ્ય સ્થળોની અંતરોની માહિતી, અંદાજિત સ્થાન દર્શાવતો નકશો આપને પ્રવાસ ગોઠવવા માટે ખૂબજ મદદરૂપ બનશે એવી ધારણા છે. તાલુકા અંગે નાનકડી પરંતુ સચોટ માહિતી આપવાનો પ્રયત્ન કરાયો છે.

આ ઉપરાંત કચ્છનાં મુખ્ય શહેરોની માહિતી, કચ્છનાં જોવાલાયક સ્થળોની યાદી, કચ્છમાં પ્રવાસનાં આયોજન માટે કચ્છની જૈન પંચતિથિઓ તથા કચ્છનાં એક દિવસીય પ્રવાસ ગોઠવવા અંગેની માહિતી પણ અપાયેલ છે. છેલ્લે આપવામાં આવેલ કચ્છની વિવિધ જૈન તથા અન્ય સંસ્થાઓનાં ફોન નંબરો તમને ખૂબજ મદદરૂપ બને છે.

કચ્છમાં આવનાર પ્રવાસીઓમાંના મોટાભાગનાં પ્રવાસીઓ પાસે માહિતી ન હોવાને કારણે કચ્છની અસ્મિતાનાં પૂરા દર્શન કર્યા વગર પરત ફરે છે. કચ્છમાં આવનાર પ્રવાસીને કચ્છની ઐતિહાસિક વિરાસતો તથા હાલમાં થઈ રહેલ ઔદ્યોગિક વિકાસની ઝાંખી કરાવવાનાં ઉદ્દેશ સાથે બહાર પડેલ આ પુસ્તિકા કચ્છમાં આવનારને સાદ પાડીને કહે છે... "અચો મુજે દેશ"

આ પુસ્તિકાની કિંમત રૂા. ૫૦/- છે. વધુ માહિતી માટે સંપર્ક : "કચ્છ-અર્પણ", ડી/૧૧૬, વલ્લભ વિહાર કોમ્પલેક્ષ, મહાવીર હોલ નજીક, આજવા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. મો. ૦૯૩૭૭૧૨૪૫૮૨.

ઈ-મેઈલ : kutcharpan@rediffmail.com

*"કચ્છ-અર્પણ" પ્રેસનોટ*

## પ્રમાણપત્ર - એનાયત

ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ દ્વારા ઉત્તરાયણના તહેવાર નિમિત્તે "પક્ષી બચાવો અભિયાન - ૨૦૧૩" શરૂ કરવામાં આવેલ હતું. આ સંબંધી ગુજરાત રાજયના વનવિભાગ દ્વારા ઉપરોક્ત ટ્રસ્ટની સંસ્થાને પક્ષી સંરક્ષણ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરવા બદલ યોગ્ય પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ છે, તેમ શ્રી બચુભાઈ પી. રાંભિયાની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## ORCHIDS – The International School

આંતરરાષ્ટ્રીય અભિગમથી ભારતીય મૂલ્યોનું શિક્ષણ આપવાનો ક.વી.ઓ. દેરાવાસી જૈન પાઠશાળા ટ્રસ્ટે નિર્ણય કર્યો. પુસ્તક પ્રકાશન ક્ષેત્રે કાર્યરત ભારતના વિશાળ કોર્પોરેટ ક્ષેત્રની નવનીત પબ્લિકેશન્સ દ્વારા ઉદ્‌ઘોષિત કેળવણી માટેની ભારતની સૌથી મોટી શૃંખલા K12 ટેકનો સર્વિસીઝ પ્રા.લિ. નામની દક્ષિણ ભારતની શૈક્ષણિક સંસ્થા સાથે હાથ મેળવ્યા. સ્થળ, સંજોગ અને સમયના લાંબા અન્વેષણ પછી પાલાગલી સ્કૂલ તેમને આદર્શ સ્થળ જણાયું.

આ સંસ્થાની વિઝનરી દૃષ્ટિ પાછળ લાંબા સમયનો ઇતિહાસ છે. દક્ષિણ ભારતની આશરે ૧૦૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરતી તેમની શાળાઓમાં ૬૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ૪,૦૦૦ જેટલા શિક્ષકો પાસે ભણી રહ્યા છે.

ટૂંકમાં, આંતરરાષ્ટ્રીય પદ્ધતિને રાષ્ટ્રીય શૈક્ષણિક મૂલ્યો સાથે જોડીને પરિશ્રમ, શિષ્ટાચાર અને આંતરિક કોઠાસૂઝનું જતન કરી, વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિચારસરણી અને શિક્ષણ પ્રત્યેનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરી નવા દૃષ્ટિકોણનું સર્જન કરવાનો આદર્શ પુરુષાર્થ થશે.

ગતિ પામી રહેલી એડમિશનની પ્રક્રિયામાં આપણા સમાજના પ્રતિભાશાળી બાળકો ICSE અને IGCSE બોર્ડમાં પોતાનું સ્થાન મેળવવા સંપર્ક કરી શકે છે.

સી.વી.ઓ.ડી. જૈન પાઠશાળા - મુંબઈ.
ફોન : (૦૨૨) ૨૩૪૩૫૪૮૮, ૨૩૪૭૧૨૦૧
મો. ૯૮૧૯૩ ૩૩૬૫૦

### GIFTS

| | | |
|---|---|---|
| ✦ TO YOUR ENEMY | : | **FORGIVENESS** |
| ✦ TO AN OPPONENT | : | **TOLERANCE** |
| ✦ TO A FRIEND | : | **YOUR HEART** |
| ✦ TO A CUSTOMER | : | **SERVICE** |
| ✦ TO ALL MEN | : | **CHARITY** |
| ✦ TO EVERY CHILE | : | **A GOOD EXAMPLE** |
| ✦ TO YOURSELF | : | **RESPECT** |

*પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા*

Sathwara Construction
Engineers & Contractors
C/174, Ambica Krupa Society,
Nr. Someshwar Tenament, Ranip,
Ahmedabad.
Ph. : (079) 27525366
Mobile : 98985 76892

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

ફેબ્રુઆરી – ૨૦૧૩ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- હરીશ લીલાધર પટવા — માંડવી, કચ્છ
- દિનેશ મણિશંકર જોશી — માંડવી, કચ્છ
- ડૉ. જયંતભાઈ વસા — ભુજ, કચ્છ
- પીયૂષ ચીમનલાલ શાહ — યવતમાલ, મહારાષ્ટ્ર
- દીપક ભોગીલાલ મહેતા — ભુજ, કચ્છ
- લીલાધર લખમશી વિસરિયા — સાયન (ઈસ્ટ), મુંબઈ
- લક્ષ્મીચંદ સાવલા — બોરીવલી (વેસ્ટ), મુંબઈ

#### ૨ વર્ષનું લવાજમ

- હર્ષેન્દ્ર વિનોદચંદ્ર ધોળકિયા — ભુજ, કચ્છ
- કિશોર આર. શાહ — રાઉરકેલા, ઓરિસ્સા

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- કાનજીબાપા રતાડિયાવાલા — ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
- જ્ઞાનચંદ ટી. ભાનુશાલી — પાલડી, અમદાવાદ
- પ્રવીણચંદ્ર એન. શાહ — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ
- શ્રીમતી એચ.બી. પલણ કોલેજ ઑફ આર્ટસ એન્ડ કોમર્સ — મેઘપર કુંભારડી, અંજાર, કચ્છ
- દેવભદ્ર ખુશાલ શાહ — ભુજ, કચ્છ
- પ્રતાપસિંહ પેંડાવાલા — સેટેલાઈટ, અમદાવાદ
- શરદ કાંતિલાલ શાહ — પૂણે, મહારાષ્ટ્ર
- લહેરી દામજી શાહ — વડાલા, મુંબઈ
- શ્રીમતી કમળાબેન આર. નાગડા — ફોર્ટ, મુંબઈ
- મહેશ યુ. ભણસાલી — વાસણા, અમદાવાદ
- હરિલાલ જે. ભણસાલી — ગાંધીધામ, કચ્છ

#### ૩ વર્ષનું લવાજમ

- ગુલાબભાઈ એ. શાહ — અંકલેશ્વર
- તુષાર લક્ષ્મીકાંત શાહ — નાગપુર (મહારાષ્ટ્ર)
- રમીલાબેન પ્રફુલ્લચંદ્ર શાહ — ભુજ, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- ભદ્રાબા સી. વાઘેલા — એપ્પલ સ્કૂલ, અમદાવાદ

#### આજીવન

- ધરમશી ચાંપશી છેડા — વલસાડ

## "મંગલ મંદિર" ના પૂરા થતાં લવાજમની યાદી

**માર્ચ-૨૦૧૩ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી**

- અરવિંદ નાનાલાલ શાહ — ભુજ, કચ્છ
- દમયંતી રમણલાલ ગાલા — આદિપુર, કચ્છ
- મૂળજી ઉમરશી સાવલા — આદિપુર, કચ્છ
- ત્રિલોક લક્ષ્મીદાસ તેજવાની — આદિપુર, કચ્છ
- ભરત ખીમજી ગાલા — સુરત
- હીરાભાઈ વશનજી છેડા — સુરત
- ભરત દામજી મૈશેરી — વાપી
- માવજી કાનજી પાસડ — કારી રોડ, મુંબઈ
- રજનીબેન પટેલ — અંધેરી (વેસ્ટ), મુંબઈ
- કાંતિલાલ કુંવરજી સાવલા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- રમેશભાઈ માધવજી ગોર — દેવલાલી (મહારાષ્ટ્ર)

*રાષ્ટ્ર માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા તત્પર બનેલા અને નિષ્ઠાથી ઊભરાતા લોકોનો જ્યારે તમને સાથ મળે - એવા લોકો જ્યારે તમારી વચ્ચે ઊભા થાય ત્યારે ભારત એકેએક ક્ષેત્રમાં મહાન બનશે. રાષ્ટ્ર એટલે આખરે તો રાષ્ટ્રના લોકો જ!*

**આ જગમાં થોડા મલે!**

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF
ELECTRICAL PANEL BOARDS
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

*આજે વિચારો અને આવતીકાલે બોલો.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧)** | **ચૌલાબેન કુરુવા અને પ્રેમીલા કુરુવા ફાઉન્ડેશન તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | આ જ્ઞાતિઓનાં વાડા ક્યાં સુધી? | ચૌલા કુરુવા |
| ૨. | ગરવી ગુજરાત (પ્રવાસ પથદર્શિકા) | ચૌલા કુરુવા |
| ૩. | સામ્યવાદ અને સામ્યવાદીઓ | ગાંધીજી |
| ૪. | વાલીપણાનો સિદ્ધાંત | ગાંધીજી |
| ૫. | ભારતના નવા રાજ્યો | ગાંધીજી |
| ૬. | આપણો ખોરાકનો પ્રશ્ન | ગાંધીજી |
| **(૨)** | **રજનીકાંતભાઈ પારેખ તરફથી ભેટ મળેલ પુસ્તક** | |
| ૧. | બુદ્ધિનું બહુમાન | શ્રી સમકિત યુવક મંડળ |
| **(૩)** | **એક સદ્‌ગૃહસ્થ તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | It happened in India | Kishore Biyani |
| ૨. | Tough Customer | Sandra Brown |
| ૩. | The Cobra | Fred Erick Forsyth |
| ૪. | Paths of Glory | Jeffrey Archer |
| ૫. | A Prisoner of Birth | Jeffrey Archer |
| ૬. | The Lost Symbol | Dan Brown |
| ૭. | The Fourth Protocol | Fredrick Forsyth |
| ૮. | The Innocent | David Baldacci |
| ૯. | The Associate | John Grisham |
| ૧૦. | 18 Brand Astras | Jagdeep Kapoor |
| **(૪)** | **શાંતિલાલ સોમચંદ શેઠ તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ | ધવલ મહેતા |
| ૨. | આર્યભટ્ટથી ભાસ્કર | કે.એસ. જયરામન |
| ૩. | સવાલ ૧૦૦૦ – જવાબ ૩૦૦૦ | ગુલાબભાઈ ગાંધી |
| ૪. | મોંઘેરો મનુષ્યભવ | |
| ૫. | અનર્થાદંડે ન દંડાઈએ | |
| ૬. | જીવન સુધા | |
| ૭. | જીવન કી પોથી | યુવા આચાર્ય મહાપ્રજ્ઞ |
| ૮. | માર્કેટિંગ (એક નિકટ પરિચય) | ધવલ મહેતા |
| ૯. | યુવાનો માટે આવશ્યક વાતો | રામચંદ્રસૂરીશ્વરજી |
| ૧૦. | ધમ્મં શરણં પવજ્જામિ (ભાગ : ૧, ૨, ૩, ૪) | આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી |
| ૧૧. | રામવાણી | |
| ૧૨. | આચાર્ય શ્રી રામચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા | |
| ૧૩. | દાનનો મહિમા યાને પુણ્યનું સ્વરુપ | |
| ૧૪. | સોક્રેટીસ અને પ્લેટોના જીવનસૂત્રો | અનુભવાનંદજી |
| ૧૫. | કર્મની ગતિ | અનુભવાનંદજી |
| ૧૬. | મનુષ્ય થવું | કુંદનિકા કાપડિયા |
| ૧૭. | નારી, તું નારાયણી | દોલતભાઈ દેસાઈ |
| ૧૮. | યોગસાર | વિશ્વશાંતિચાહક |
| ૧૯. | નરવો નિસર્ગોપચાર | વરધીભાઈ ઠક્કર |
| ૨૦. | ઉપવાસ | ડૉ. શરણ પ્રસાદ |
| ૨૧. | પ્રાકૃતિક જીવન વિજ્ઞાન | ડૉ. બી.જી. સાવલા |
| ૨૨. | રોગોં કી સરલ ચિકિત્સા | વિઠ્ઠલદાસ મોદી |
| ૨૩. | ઘરગથ્થુ જલોપચાર | ડૉ. હરકિશન ગાંધી |
| ૨૪. | રોગોના કારણો | હરિદાસ મૂલજીભાઈ નિર્મલ |
| ૨૫. | Hard to write Business Letters | |
| ૨૬. | Governor Speaks | K.K. Viswanathan |
| ૨૭. | Risk and Uncertainity in the changing Global Energy Market – Implications for the Gulf | |
| **(૫)** | **શ્રી હંસરાજભાઈ કંસારા તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | પરિક્રમા નર્મદા મૈયાની | અમૃતલાલ વેગડ |
| ૨. | થોડું સોનું થોડું રૂપું | અમૃતલાલ વેગડ |
| ૩. | સાહસના સામ્રાજ્યમાં (બાળ વાર્તા) | યશવંત મહેતા |
| ૪. | ટારઝન ગ્રંથાવલી-૨ (બાળ વાર્તા) | રમણલાલ સોની |
| ૫. | કારાયલ (કચ્છી લોકગીત) | રમણલાલ સોની |
| ૬. | કચ્છમાં જૈન સંસ્કૃતિ - એક દૃષ્ટિપાત | ડૉ. ઝોહરા ડી. ઢોલિયા |
| ૭. | મોરચંગના સૂર | ધીરેન્દ્ર મહેતા |
| ૮. | કચ્છનાં નારીરત્નો | માર્કંડરાય મહેતા |
| ૯. | ગાંધી વિચાર - મંથન | સતીષ વ્યાસ |
| ૧૦. | કચ્છની પ્રાચીન સ્થાપત્યકલા | ડૉ. નીતા ઠાકર |
| ૧૧. | કચ્છના અંતરંગો | વિચારશીલ પ્રકાશન |
| ૧૨. | નિસર્ગના સાંનિધ્યમાં | મંજુ સાવલા |
| ૧૩. | અખબારી કાયદાઓ અને આચારસંહિતા | ગૌરાંગ ભૂપેન્દ્ર દવે |
| ૧૪. | કચ્છ પત્રકારત્વની આધારશિલાઓ | પ્રવીણચંદ્ર શાહ |
| ૧૫. | કચ્છ લોક અને સંસ્કૃતિ | ડૉ. ગોવર્ધન શર્મા, ડૉ. ભાવના મહેતા |
| ૧૬. | હૈયાનો હસ્તમેળાપ | દિનેશ પંચાલ |
| ૧૭. | મુંબઈમાં મુક્તિ સંગ્રામને મોરચે ગુજરાત | દોલત ભટ્ટ |
| ૧૮. | હૃદયસખા શ્રી સૌભાગ્ય | શ્રી રાજ સૌભાગ સત્સંગ મંડળ |
| ૧૯. | કચ્છની કીર્તિવન કથાઓ | દોલત ભટ્ટ |

*સુખી થવું એ પ્રત્યેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે.*

## રેડિયેશનની અસરથી બચવા આટલું કરો

★ ફોન ખરીદતા પહેલાં તેના રેડિયેશન લેવલ અંગે જાણકારી મેળવો. તે માટે જે તે ફોનની માર્ગદર્શક પુસ્તિકા, ઈન્ટરનેટ કે તજજ્ઞોની સલાહ લો.

★ ઈયરફોનનો ઉપયોગ કરો. જેથી હેન્ડસેટ શરીરથી દૂર રહેશે. શક્ય હોય તો સ્પીકર મોડનો ઉપયોગ કરવો સૌથી વધુ હિતાવહ છે. આમ કરવાથી રેડિયેશનની અસર મગજ સુધી નહીં પહોંચે. વળી ફોનમાં બ્લુ ટુથની સુવિધા હોય તો એટલું ધ્યાનમાં રાખવું કે બ્લુ ટુથને લીધે હળવી માત્રામાં રેડિયેશન સતત ઉત્પન્ન થતું રહે છે. એટલે જરૂર ન હોય તો ઈયર ફોન કાનથી દૂર રાખવા.

★ મોબાઈલમાં ટાવર બરાબર ન મળતાં હોય ત્યારે ટાવર પકડવા માટે મોબાઈલ ફોન વધારે માત્રામાં રેડિયેશન બહાર ફેંકે છે. એટલે પૂરા ટાવર પકડાતાં હોય ત્યારે જ મોબાઈલનો ઉપયોગ કરવો જોઈએ.

★ પુખ્ત વ્યક્તિની સરખામણીમાં બાળકોને મોબાઈલના રેડિયેશન બેવડું નુકસાન પહોંચાડે છે. એટલે બાળકોથી મોબાઈલ દૂર રાખવો.

★ વાત કરતી વખતે મોબાઈલને શરીરથી શક્ય એટલો દૂર રાખવો જોઈએ. તેને ખિસ્સામાં કાનની નજીક કે કમરપટ્ટા પર બાંધી ન રાખવો.

★ સૂતી વખતે મોબાઈલને શક્ય તેટલો દૂર રાખવો. તકિયા નીચે કે સાવ બાજુમાં મોબાઈલ ન રાખવો.

★ અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે તમે ફોન પર વાત કરો કે કોઈ મેસેજ મોકલો તો રેડિયેશનની અસર થવાની શક્યતા વધારે રહે છે. જ્યારે ફોન પર વાત સાંભળતા હો કે કોઈનો મેસેજ તમારા ફોન પર આવે તે સ્થિતિમાં રેડિયેશનની અસર ઓછી થાય છે. એટલે જ આપણા વડવાઓની વાત મોબાઈલ ફોનના કિસ્સામાં પણ એટલી જ ઉપયોગી છે કે 'ઓછું બોલો ને વધારે સાંભળો.'

★ એક જગ્યાએ ઊભા રહીને વાત કરવી. કારણકે જેમ હલનચલન વધુ થાય તેમ મોબાઈલ નેટવર્ક પકડવા વધુ રેડિયેશન ગ્રહણ કરે છે.

★ નેટવર્ક ખરાબ હોય તેવા વિસ્તારમાં મોબાઈલ પર વધુ વાત ન કરવી.

★ શક્ય હોય તો લેન્ડલાઈનનો ઉપયોગ કરવો.

★ મોબાઈલ પર વાત કરતી વખતે એક જ કાન પર ફોન રાખી વાત ન કરવી. આમ કરવાથી એક જ કાન પર રેડિયેશનનું અતિક્રમણ થશે.

★ એફ.સી.સી. દ્વારા બહાર પાડેલા ઓછા રેડિયેશનવાળા મોબાઈલ ઉપયોગમાં લેવા. તેનું રેડિયેશન ગ્રહણ કરવાનું પ્રમાણ ૧૬ વૉટ કરતાં ઓછું છે.

★ મોબાઈલ પર રેડિયેશન શિલ્ડ લગાડવી.

*સાભાર : "સાધના"*

**HIGH QUALITY STAINLESS STEEL**


SQUARE DABBA


BOMBAY TIFFIN


PYRAMID TIFFIN

**Manufactures & Suppliers of**
**St. Steel 26 G & 28 G all size Bombay Tiffin, 28 G. Belly Tiffins (Thai type) and Square Dabba in all sizes upto 50 kg capacity**

Rolex

**Rushabh**
**STEEL CENTRE**

G-77, Sarvodaya Nagar, Shri Mahendrakumar T. Marg, (1st Panjrapole Lane), Mumbai - 400 004.
Tel. 2242 2072 - 22420593 • Fax : 3008 0072

# સાર સમાચાર

સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી

(૧) દર વર્ષે મૃત શરીરના થતા અગ્નિસંસ્કારમાં રૂા. ૨૦૦૦ કરોડનાં લાકડાં બળી જાય છે. લગભગ ૧૦૦૦ હેક્ટર જમીન પરના જંગલનાં વૃક્ષો કપાય છે. એકાદ કરોડ એકર જમીનની ફળદ્રુપતા નાશ પામે છે. શું શ્રેષ્ઠ? અગ્નિસંસ્કાર કે ભૂમિસંસ્કાર? *(નયા માર્ગ, જાન્યુ.-૨૦૧૩)*

(૨) અબજોપતિ એલન માસ્કે જાહેરાત કરી છે કે મંગળના ગ્રહ ઉપર ૮૦,૦૦૦ સ્પેસ એક્સ્પ્લોરર રહી શકે એવું એક શહેર વસાવવા માંગે છે. તે માટેની ફીની રકમ ત્રણ લાખ પાઉન્ડ છે. શરત એટલી જ કે તે શહેરમાં માત્ર શાકાહારીઓને જ વસાવવામાં આવશે. *(સાધના, તા. ૧૯-૧-૧૩)*

(૩) સેમસંગ કંપનીએ નવા પ્રકારનો એલ.સી.ડી. રેફ્રિજરેટર લૉન્ચ કર્યો છે જેમાં ફોન નંબર, એપોઈન્ટમેન્ટ્સ, ફોટા, કેલેન્ડર, ટ્વીટર, ડીનર, લંચ વગેરે બનાવવાની રેસીપી મેનુ ઉપરાંત ફ્રિજમાં કઈ વસ્તુ કેટલા ટેમ્પરેચરમાં રાખવી તેની સૂચના તથા તેમાં શું શું વાનગીઓ પડેલી છે તેનું લિસ્ટ વગેરેની સુવિધા છે. *(સાધના, તા. ૧૯-૧-૧૩)*

(૪) ગુજરાતના મહુવા જિલ્લાના કતપર ગામે ત્યાંના માથાભારે રાવજીભાઈ તથા તેનાં પત્ની બબીબેને ગામના રામીબેન, મંગુબેન અને હીરલબેન પર ચોરીનો આરોપ લગાવીને સતનાં પારખા કરવા તેમને ઉકળતા તેલના તાવડામાં હાથ બોળાવ્યા હતા. તેમાં ત્રણે મહિલાઓ સખત દાઝી ગઈ હતી. *(સાધના, તા. ૧૯-૧-૧૩)*

(૫) ઝારખંડ રાજયના અમુક વિસ્તારમાં હજુ આજે પણ નાની બાળકીને જો પ્રથમ દાંત તેના ઉપલા પેઢામાં હોય તો તે બાળકીના પ્રતીક લગ્ન કૂતરા સાથે કરાવવામાં આવે છે. *(સાધના, તા. ૧૯-૧-૧૩)*

(૬) કોમનવેલ્થ ગેમ્સ વખતે દિલ્હીમાં રૂા. ૭૦,૦૦૦ કરોડના ખર્ચે ખેલગામ, સ્ટેડિયમ, ફ્લાય ઑવર અને સડકો બનાવવા અર્થે પાંચ લાખ મજૂરો રોકવામાં આવ્યા હતા. અને આ મજૂરો માટે 'કામદાર કલ્યાણ નિધિ' પેટે કોન્ટ્રાક્ટરો પાસેથી રૂા. ૩૦૦ કરોડ મેળવવામાં આવ્યા હતા. આ વાતને પાંચ વર્ષ વીતી ગયા છે પણ નિધિના ૩૦૦ કરોડ રૂપિયામાંથી એક પણ રૂપિયો કામદાર કલ્યાણ માટે વપરાયો નથી. *(દલિત અધિકાર, તા. ૨૦-૧-૧૩)*

(૭) ઉત્તર પ્રદેશમાં વર્ષ ૧૯૯૯ સુધીમાં કામદાર કલ્યાણ નિધિમાં રૂા. ૫૯૦ કરોડ જમા થયા હતા. પણ ત્યાં કામદાર કલ્યાણની કોઈ યોજના જ સરકાર તરફથી બની નથી! જોકે કામદારો માટેની યોજનાઓનો અભ્યાસ કરવા ઉત્તર પ્રદેશના સરકારી બાબુઓએ વિદેશ યાત્રા કરીને ૧૩૩ કરોડ રૂપિયા ખર્ચી નાખ્યા છે!! *(દલિત અધિકાર, તા. ૨૦-૧-૧૩)*

(૮) દેશમાં અત્યારે ૨૬ જેટલી દેશી-વિદેશી વીમા કંપનીઓ કાર્યરત છે. તેઓ ખંભાતના અકીક કામદારો તથા માથે મેલું ઉપાડનારા વાલ્મીકિ સમાજના લોકોનો વીમો લેવા તૈયાર નથી કારણકે તેમનો મૃત્યુ દર ઊંચો છે! *(દલિત અધિકાર, તા. ૨૦-૧-૧૩)*

(૯) સુપ્રીમ કોર્ટમાં તા. ૨૧-૧૧-૧૨ના રોજ ન્યુક્લિયર પાવર કોર્પોરેશનના વકીલે જણાવ્યું કે અણુભઠ્ઠીનો જે અણુ કચરો નીકળે તેને કોલારની સોનાની ખાલી પડેલી ખાણમાં નાખવામાં આવશે! પ્રજાનો ઘોર વિરોધ થતાં સરકારે કોર્ટને જણાવ્યું કે કોલારની ખાણમાં અણુ કચરો નાખવાની કોઈ યોજના નથી! *(ભૂમિપુત્ર, તા. ૧૬-૧-૧૩)*

(૧૦) ભારત સરકાર ફ્રાન્સ, અમેરિકા, દ.કોરિયા પાસેથી ૩૨,૦૦૦ મેગા વૉટના રિએક્ટર્સ ખરીદવાની છે. એનો અણુ કચરો ૭૦૦ ટન જેટલો થશે. આ કચરાને રીપ્રોસેસ કરવાના પ્લાન્ટનો ખર્ચ રૂા. ૩૫,૦૦૦ કરોડ થશે. *(ભૂમિપુત્ર, તા. ૧૬-૧-૧૩)*

(૧૧) ભારત સરકાર અણુ મથક બાબતે ચર્ચા તથા જાણકારી મેળવવા માટે પરદેશી નિષ્ણાતોને ભારત આવવા દેતી નથી. અમેરિકાના નિષ્ણાત ડૉ. રોજર બિલ્હામને દિલ્હી વિમાન મથકેથી જ પાછા અમેરિકા મોકલી દેવામાં આવ્યા અને જાપાન ૩ અણુભઠ્ઠી નિષ્ણાતો ફુકુશીમા ઘટના પછી ભારતના કુડનકુલમ અણુ પ્લાન્ટની સંભવિત અસર વિશે વાત કરવા આવ્યા હતા તેને ચેન્નાઈના વિમાની મથકેથી જ પાછા જાપાન મોકલી આપ્યા. *(ભૂમિપુત્ર, તા. ૧૬-૧-૧૩)*

(૧૨) અત્યારે ભારતની બધી અદાલતોમાં કુલ્લે મળીને ત્રણ કરોડ ખટલા લટકી રહ્યા છે. ૨૦૨૦ની સાલમાં (એટલે કે માત્ર સાત વર્ષ પછી) બધી અદાલતોમાં કુલ્લે મળીને પંદર કરોડ ખટલા હશે એવો અંદાજ છે. *(ચિત્રલેખા, તા. ૪-૨-૧૩)*

(૧૩) ભગવાન બુદ્ધના સમયમાં (ભગવાન મહાવીરના સમયમાં પણ) આખા વિશ્વની વસતિ માત્ર દસ કરોડ જેટલી હતી. ઈશુ ખ્રિસ્તના જન્મ સમયે વિશ્વની વસતિ ૧૭ કરોડ હતી. આજે સાતસો કરોડની છે. *(ચિત્રલેખા, તા. ૪-૨-૧૩)*

(૧૪) માત્ર એક અમેરિકન ૬ મેક્સિકન, ૧૩ ચીનાઓ, ૩૧ ભારતીયો, ૧૨૮ બાંગ્લાદેશીઓ, ૩૦૭ ટાંઝાનિયનો, ૩૭૦ ઈથિયોપિયનો વાપરે એટલી ઊર્જા વાપરી ખાય છે. *(ચિત્રલેખા, તા. ૪-૨-૧૩)*


તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

**Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761**

(૧૫) કેથોલિક ચર્ચની બીજી વેટિકન કાઉન્સિલ વર્ષ ૧૯૬૨-૬૫ દરમ્યાન જહોન ૨૩મા તથા પાઉલ છઠ્ઠાની નિશ્રામાં દસ હજાર ખ્રિસ્તી પાદરીઓ મળેલા. ચર્ચે તેમાંથી બે હજાર પાદરીઓને બહિષ્કૃત કરી કાઢી મેલ્યા કારણકે તેઓમાં સંતપણાના કોઈ લક્ષણ ન હતા! છતાં આવા હાંકી કઢાયેલા કેટલાક પાદરીઓની સંત તરીકે કેરળના કેથોલિક ચર્ચમાં પૂજા થાય છે! *(સાધના, તા. ૨૬-૧-૧૩)*

(૧૬) સૌરાષ્ટ્રના બગદાણાના નિવાસી સંત બજરંગદાસ બાપુ (બાપા સીતારામ)એ ૧૯૬૨ ચીન સાથેની તથા ૧૯૭૧ પાકિસ્તાન સાથેની લડાઈ વખતે પોતાની મઢુલીમાંની દરેકે દરેક ચીજવસ્તુઓની હરાજી કરીને જે રકમ મળી તે બધી રાષ્ટ્રના સંરક્ષણ ફંડમાં મોકલી દીધેલી. *(દિવ્ય ભાસ્કર, તા. ૩૧-૧-૧૩)*

(૧૭) મુસ્લિમ રાષ્ટ્રીય મંચ નામની સંસ્થાએ "ગૌહત્યા પર પ્રતિબંધ" લગાવતો કાયદો કરવા કેન્દ્ર સરકારને વિનંતી કરી. તે માટેની અરજી પર અગિયાર લાખ હસ્તાક્ષરો કરાવીને રાષ્ટ્ર પ્રમુખને મોકલી. જોકે કેન્દ્ર સરકારે હજુ સુધી આવો કાયદો બનાવ્યો નથી. *(સાધના, તા. ૩૧-૧-૧૩)*

(૧૮) ભારતમાં છેલ્લા દસ વર્ષમાં ૫૩,૦૦૦ માણસો ત્રાસવાદમાં મર્યા છે અને ૨૫૦થી વધારે ત્રાસવાદી સંગઠનો સક્રિય છે. *(વિવેકપંથી, અંક નં.-૧૨૯, ડિસેમ્બર-૨૦૧૨)*

(૧૯) ફિલ્મી અભિનેતા અક્ષયકુમાર દર વર્ષે પોતાના પરિવાર સાથે વૈષ્ણોદેવીના દર્શન જમ્મુ જતો હતો, જેનો ખર્ચ રૂા. પાંચ લાખ થતો. તેણે ગુજરાતી નાટક 'કાનજી વિ. કાનજી' જોઈને નિર્ણય કરેલ છે કે હવે તે ક્યારેય વૈષ્ણોદેવીની યાત્રાએ નહિ જાય અને એ રીતે બચેલી રકમ કેન્સરના પાંચ દર્દીઓ વચ્ચે વહેંચી દેશે. *(વિવેકપંથી, અંક નં.-૧૩૦, જાન્યુઆરી-૨૦૧૩)*

(૨૦) કેરળ રાજ્યના શિક્ષણ ખાતાએ રાજ્યની તમામ શિક્ષિકાઓને સાડી ઉપર ફરજિયાત ગાઉન પહેરવાનો આદેશ આપેલ છે જેથી વિદ્યાર્થીઓ તેમના શારીરિક દેખાવ પ્રત્યે આકર્ષાય નહીં. *(વિવેકપંથી, અંક નં.-૧૩૦, જાન્યુઆરી-૨૦૧૩)*

(૨૧) માત્ર ૨૦ વર્ષની ગાયિકા છોકરી પલક મુછાળાએ સલમાન ખાનની 'એક થા ટાઈગર' ફિલ્મના 'મૈં લાપતા...' ગીત ગાઈને અત્યાર સુધીમાં ૫૮૮ બાળકોની હાર્ટ સર્જરીનો ખર્ચ આપેલ છે. હવે ૩૩ હિંદી ફિલ્મના ગીત ગાઈને કોઈ પણ પ્રકારના દેખાડા વગર પોતાની જાતમહેનતની કમાણીનું છેલ્લા આઠ વર્ષમાં રૂા. ત્રણ કરોડથી વધારે રકમનું દાન કરેલ છે. હજુ ૬૨૧ બાળકો વેઈટિંગ લિસ્ટમાં છે. પલકના ફોન નં. ૦૯૭૦૨૫૨૭૭૭૨ *(વિવેકપંથી, અંક નં.-૧૩૦, જાન્યુઆરી-૨૦૧૩)*

(૨૨) બી.એસ.એન.એલ. કં.માં આવકના ૪૮% રકમ સ્ટાફ પાછળ ખર્ચવામાં આવે છે અને હવે એક લાખ કર્મચારીઓને વી.આર.એસ. આપવાની વિચારણા ચાલે છે. *(નયા માર્ગ, તા. ૧-૨-૧૩)*

(૨૩) કાશ્મીરમાં કોઈ ત્રાસવાદી યુવાન ભારતીય લશ્કરના જવાનના હાથે માર્યો જાય તો તે ત્રાસવાદીના પરિવારને ભારત સરકાર પેન્શન આપે છે! *(સાધના, તા. ૨-૨-૧૩)*

(૨૪) તા. ૧૧-૮-૨૦૧૧ના રોજ કેન્દ્રના ગૃહ રાજ્યમંત્રી એમ. રામચંદ્રને રાજ્યસભામાં કબૂલ્યું કે ૭૧ હજાર જેટલા વિદેશી નાગરિકો પોતાના વિઝાનો સમય પૂરો થયો હોવા છતાં ભારતમાં ગેરકાયદે રહી ગયા છે. જેમાં ૨૪,૩૬૪ બાંગ્લાદેશી, ૧૩,૭૪૪ અફઘાનિસ્તાનના અને ૮૦૩૭ પાકિસ્તાનના છે. (ગેરકાયદે ઘૂસી આવેલા અલગ) *(સાધના, તા. ૨-૨-૧૩)*

(૨૫) આતંકવાદી કસાબને ફાંસી અપાઈ ગઈ. નિયમ મુજબ સરકારી વકીલને રોજના રૂા. ૯૦૦/- ફી આપવાની હોય છે પણ કસાબનો કેસ લડનાર વકીલ અબ્બાસ આઝમીને સરકાર રોજના રૂા. ૨૫૦૦/- ફી ચૂકવતી હતી. કસાબ પાછળ સરકારી આંકડા મુજબ કુલ્લે ૩૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો, વકીલની ફી ઉપરાંત. *(સાધના, તા. ૨-૨-૧૩)*

(૨૬) કચ્છના બન્ની - પચ્છમ અને પાવરપટ્ટી વિસ્તારમાં ચૂંટણી વખતે ઘણા વગદાર લોકો પોતાના પુત્ર-પુત્રીના લગ્ન પણ રાજકારણીઓના ખર્ચે કરાવી લે છે. *(નયા માર્ગ, તા. ૧-૨-૧૩)*

(૨૭) ભારતના એક સૈનિકનું માથું કાપીને પાકિસ્તાનીઓ લઈ ગયા. આપણા વિદેશ મંત્રીએ નિવેદન કર્યું કે સરકાર નથી ઈચ્છતી કે ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલતી શાંતિ પ્રક્રિયાની ગાડી પાટા પરથી ઉતરી જાય! ઉત્તર પ્રદેશના મંત્રી શ્રી રામકરણ આર્યએ જણાવ્યું કે શહીદ લાન્સનાયક હેમરાજસિંહના માથાની તેના કુટુંબીજનો દ્વારા માંગણી કરવામાં આવી છે તે બહુ નજીવી બાબત છે! *(સાધના, તા. ૨-૨-૧૩)*

**કચ્છજો માડુ...**

**કચ્છજો માડુ ભુખ સૈંયે ડુખ સૈંયે, પણ કઢીયેં ન પિંઢજો કંધ;**
**માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.**
*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

## શબ્દ રમત-૮૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ■ | ૫ | ■ | ૬ | ૭ | ૮ |
| ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | ■ | | ■ |
| | ■ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | |
| ■ | ૨૧ | | ■ | ૨૨ | ■ | | ■ | ૨૩ | | | ■ |
| ૨૪ | ■ | ૨૫ | | | ૨૬ | ■ | ૨૭ | | ■ | ■ | ૨૮ |
| ૨૯ | ૩૦ | | ■ | ૩૧ | | ૩૨ | | ■ | ૩૩ | | |
| ૩૪ | | ■ | ૩૫ | ■ | ૩૬ | | | ૩૭ | | ■ | ■ |
| ■ | ૩૮ | ૩૯ | | | | | ■ | | ■ | ૪૦ | |
| ૪૧ | ■ | | ■ | ૪૨ | ૪૩ | ■ | ૪૪ | ■ | ૪૫ | | ■ |
| ૪૬ | | ■ | ૪૭ | ■ | ૪૮ | | ■ | ૪૯ | | ૫૦ | |
| | ■ | ૫૧ | | | | ■ | ૫૨ | ■ | ૫૩ | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૩-૨૦૧૩*

### આડી ચાવીઓ

૧. દેશ છોડી દેવાની ધમકી આપતો અભિનેતા (૬)
૬. તાણ, ચિંતા, ટેન્શન (૩)
૯. ઘાંટો, બરાડો, પોકાર (૨)
૧૦. ટેવ, આદત (૨)
૧૧. પછી જન્મેલું, નાનો ભાઈ (૩)
૧૨. ફળની અંદરનો ગર્ભ (૨)
૧૩. કોઈ વસ્તુનું અસલ રૂપ (૨)
૧૪. આંખની કીકી (૩)
૧૬. થર, પોપડો (૨)
૧૭. ભારે શરીરવાળું (૨)
૧૮. સુગંધ, સુવાસ (૩)
૨૦. લીસું નહીં કરકર લાગે એવું (૩)
૨૧. ચાલીસ શેરનું તોલ (૨)
૨૩. મુર રાક્ષસને મારનાર, શ્રીકૃષ્ણ (૩)
૨૫. તફાવત, જુદાપણું (૪)
૨૭. બળ, તાકાત, સામર્થ્ય (૨)
૨૯. રોજનું (૩)
૩૧. પર્વ, ઉત્સવ, ફેસ્ટિવલ (૪)
૩૩. કજિયો, કંકાસ (૩)
૩૪. ગંજ, ઢગલો (૨)
૩૬. મદોન્મત્ત મદથી ઝુમતું (૪)
૩૮. દાગીનાનો ઢોળ ચડાવનાર (૪)
૪૦. રાખ, ધૂળ, નાશ (૨)
૪૨. સૂર્ય સંબંધી (૨)
૪૪. ઈન્દ્રિય વાણી, ગાય (૧)
૪૬. એક જાતની ઘોડાગાડી (૨)
૪૮. ભેંસોનું ટોળું (૨)
૪૯. ગણપતિ (૪)
૫૧. નાજુકાઈ (૪)
૫૨. રાજા (૧)
૫૩. (ઇં) નોંધ, ચિઠ્ઠી, ચલણી સિક્કાને બદલે વપરાતું નાણુ (૨)

### ઊભી ચાવીઓ

૧. શાંતિનો સંદેશ આપતું પક્ષી (૪)
૨. મારાપણું, હું પદ (૩)
૩. બાળકોને સુવડાવવા માટે ગવાતું ગીત (૪)
૪. હંમેશાં, નિરંતર, લગાતાર (૩)
૫. સર્વોત્તમ, જેની ઉપમા નથી એવું (૪)
૭. દેશનો પ્રજાજન, સિટીઝન (૪)
૮. પતિ, વરદાન (૨)
૧૫. ધંધામાં કમાણી, પ્રોફિટ (૨)
૧૭. અંદરની વાતનો જાણકાર (૪)
૧૯. કામદેવની પત્ની (૨)
૨૦. આકાશમાંથી પડતા બરફના ટુકડા (૨)
૨૨. સુતરફેણી માટે જાણીતું ગામ (૩)
૨૩. મોક્ષ, છૂટકારો, આઝાદી (૨)
૨૪. વહેલી સવાર, પ્રાતઃકાળ (૩)
૨૬. શંકા, શક (૩)
૨૭. લજ્જા, લાજ (૩)
૨૮. ભારતમાં અસુરક્ષિત હોવાના મામલે વિવાદમાં ઘેરાયેલો અભિનેતા (૬)
૩૦. દિલોજાન, દોસ્ત (૩)
૩૨. નાનું વાદળું (૩)
૩૫. કિંમતી પથ્થરો, રત્ન (૨)
૩૭. આશ્ચર્યચકિત, દિગ્મૂઢ (૨)
૩૯. સાખ, શાહેદી (૨)
૪૧. દૂધની એક ઘટ્ટ વાનગી (૩)
૪૩. વગર પરણ્યે રાખેલી સ્ત્રી (૩)
૪૫. ભંડાર, નાણુ રાખવાની જગ્યા (૩)
૪૭. ડાંગરની ધાણી (૨)
૫૦. વેશ ભજવનાર, દોરડા પર ચાલનાર (૨)

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
કમર્શિયલ પેકીંગ સર્વિસીસ
ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
સ્થાપના ૧૯૫૮
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

# અબડાસા ગૌશાળા ટ્રસ્ટ

ગામ : રાપરગઢવાળી, અબડાસા (કચ્છ)

## એક આદર્શ ગૌસંવર્ધન શાળા



ગીર ગાય



દેશી ગાય



થરપારકર ગાય



કાંકરેજ ગાય

**વિપુલ લોડાયા : મો. ૦૯૯૭૯૫ ૨૩૯૯૭**

**● ટ્રસ્ટીશ્રીઓ ●**

**મોહનભાઈ રાંભિયા (વિંઝાણ)**

**વસંતભાઈ શાહ (લાયજા)**

**હિતેશભાઈ મોતા (રાપરગઢ)**

### ડિસેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૩નો સાચો ઉકેલ પાછળથી મોકલનારની નામાવલિ

૮. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૯. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૦. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૧. પ્રતિમા ગિરીશ શાહ - અમદાવાદ
૧૨. સરોજ અનુપચંદ ચંદુરા - સુરત
૧૩. જ્યોતિ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ

### ફેબ્રુઆરી-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૫નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૨. હેતલ નિકુંજ મહેતા - અમદાવાદ
૩. અવંતિ દેવેશ દંડ - અમદાવાદ
૪. સુનીલ ખીમચંદ છેડા - અમદાવાદ
૫. ચંદ્રકાંત ભવાનજી શાહ - અમદાવાદ
૬. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૭. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૮. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૯. સંકેત હસમુખ મહેતા - ભુજ
૧૦. હસમુખ ડી. શાહ - અડાલજ
૧૧. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૨. ઉષા ભરત સંઘવી - રાઉરકેલા
૧૩. ચંદ્રિકા એ. શાહ - રાઉરકેલા
૧૪. ડૉ. વર્ષા જયંત મહેશ્વરી - થાણા
૧૫. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ (૧ ભૂલ)

**આપણે ઉત્સાહી અને આનંદી થવું જોઈએ. ઉદાસીન ચહેરાઓ કંઈ ધર્મનું નિર્માણ કરી શકે નહિ. ધર્મ તો જગતની સૌથી વધુ આનંદપૂર્ણ વસ્તુ હોવી જોઈએ, કારણકે એ સર્વોત્તમ છે.**

## સુડોકુ

**રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)**

*સુડોકુ ક્રમાંક-૧૦૩૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૩-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ એપ્રિલ-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

***શરતો :*** *૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*
*૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

### ક્રમાંક - ૧૦૩૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | | | ૭ | ૩ |
| ૬ | ૪ | | ૨ | ૫ | | | | |
| | | | | | ૮ | | ૬ | ૫ |
| ૭ | | | | ૪ | | | | |
| | | ૨ | ૬ | | ૯ | ૭ | | |
| | | | | ૮ | | | | ૧ |
| ૧ | ૯ | | ૮ | | | | | |
| | | | | ૧ | ૬ | | ૪ | ૯ |
| ૪ | ૫ | | | | | ૮ | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૫ | | | |
| ૪ | ૧ | | | ૩ | | | ૯ | |
| | ૮ | | ૪ | | | ૧ | | ૫ |
| | | ૩ | ૭ | | | | ૧ | ૯ |
| | | ૬ | | ૧ | | ૮ | | |
| ૧ | ૯ | | | | ૩ | ૫ | | |
| ૩ | | ૧ | | | ૬ | | ૭ | |
| | ૨ | | | ૭ | | | ૫ | ૧ |
| | | | ૯ | | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | | ૭ | | | ૫ | ૩ |
| ૧ | | | ૫ | | | | | ૨ |
| | | ૩ | | | | | ૧ | |
| | ૩ | | ૬ | | | | | ૮ |
| | | ૯ | | ૩ | | ૬ | | |
| ૫ | | | | | ૯ | | ૩ | |
| | ૬ | | | | | ૩ | | |
| ૪ | | | | | ૭ | | | ૧ |
| ૩ | ૯ | | | ૪ | | | ૨ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | | | | ૭ |
| ૯ | | ૧ | | ૪ | | | | |
| | ૮ | | ૬ | | ૫ | | ૯ | |
| | | | | | ૩ | ૭ | ૨ | |
| | | ૩ | | ૫ | | ૯ | | |
| | ૬ | ૯ | ૪ | | | | | |
| | ૧ | | ૮ | | ૯ | | ૫ | |
| | | | | ૩ | | ૮ | | ૪ |
| ૮ | | | | | | | ૬ | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૩૫**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ | ૭ | ૯ | ૬ |
| ૭ | ૫ | ૪ | ૨ | ૯ | ૬ | ૧ | ૩ | ૮ |
| ૬ | ૧ | ૯ | ૩ | ૮ | ૭ | ૪ | ૫ | ૨ |
| ૯ | ૭ | ૬ | ૫ | ૪ | ૮ | ૩ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૨ | ૮ | ૭ | ૯ |
| ૨ | ૮ | ૧ | ૭ | ૩ | ૯ | ૬ | ૪ | ૫ |
| ૧ | ૯ | ૭ | ૬ | ૨ | ૪ | ૫ | ૮ | ૩ |
| ૫ | ૬ | ૨ | ૮ | ૭ | ૩ | ૯ | ૧ | ૪ |
| ૩ | ૪ | ૮ | ૯ | ૧ | ૫ | ૨ | ૬ | ૭ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૩ | ૨ | ૬ | ૧ | ૭ | ૯ | ૫ |
| ૯ | ૧ | ૬ | ૪ | ૭ | ૫ | ૨ | ૩ | ૮ |
| ૫ | ૭ | ૨ | ૮ | ૯ | ૩ | ૬ | ૪ | ૧ |
| ૨ | ૬ | ૧ | ૩ | ૮ | ૯ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૮ | ૯ | ૫ | ૨ | ૪ | ૧ | ૬ | ૩ |
| ૪ | ૩ | ૫ | ૬ | ૧ | ૭ | ૯ | ૮ | ૨ |
| ૩ | ૨ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૧ | ૪ |
| ૧ | ૯ | ૪ | ૭ | ૩ | ૮ | ૫ | ૨ | ૬ |
| ૬ | ૫ | ૮ | ૧ | ૪ | ૨ | ૩ | ૭ | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૪ | ૬ | ૮ | ૭ | ૨ | ૫ | ૩ |
| ૨ | ૩ | ૮ | ૫ | ૧ | ૯ | ૭ | ૬ | ૪ |
| ૭ | ૫ | ૬ | ૪ | ૨ | ૩ | ૮ | ૯ | ૧ |
| ૯ | ૬ | ૫ | ૧ | ૩ | ૨ | ૪ | ૮ | ૭ |
| ૩ | ૪ | ૭ | ૮ | ૯ | ૬ | ૧ | ૨ | ૫ |
| ૮ | ૧ | ૨ | ૭ | ૪ | ૫ | ૬ | ૩ | ૯ |
| ૬ | ૭ | ૧ | ૩ | ૫ | ૮ | ૯ | ૪ | ૨ |
| ૪ | ૨ | ૩ | ૯ | ૬ | ૧ | ૫ | ૭ | ૮ |
| ૫ | ૮ | ૯ | ૨ | ૭ | ૪ | ૩ | ૧ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૯ | ૪ | ૧ | ૬ | ૨ | ૮ | ૩ |
| ૮ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ | ૧ | ૪ | ૫ |
| ૪ | ૨ | ૧ | ૮ | ૩ | ૫ | ૬ | ૯ | ૭ |
| ૬ | ૧ | ૩ | ૯ | ૪ | ૭ | ૫ | ૨ | ૮ |
| ૨ | ૯ | ૮ | ૬ | ૫ | ૩ | ૪ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૪ | ૨ | ૮ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૯ | ૪ | ૭ | ૧ | ૬ |
| ૯ | ૬ | ૫ | ૧ | ૭ | ૨ | ૮ | ૩ | ૪ |
| ૧ | ૪ | ૭ | ૩ | ૬ | ૮ | ૯ | ૫ | ૨ |

*તમે ઉત્સાહી હશો તો તમારા સાથીઓ જોશીલા બનશે અને એ ઉત્સાહને યોગ્ય દિશામાં વાળશે.*



नीलम स्टेनलेस स्टील का सरताज - वही है बडा विश्वास !
STAINLESS STEEL
PRESSURE
COOKER
AND PRESSURE PAN
IS-2347
ISI
NEW ARRIVAL
neelam
STAINLESS STEEL
Available Sizes :
Pressure Cooker 2.5, 3.5, 5.5, 7.5 Ltrs.
Belly Pressure Cooker 3, 5, 7.5 Ltrs.
Pressure Pan Junior & Senior
Features
• Heavy Bottom Thickness
• Long-Lasting Stainless Steel Vent Tube
• Strong Rim For Enhanced Protection
• Anti-Bulging Thermal Base
• Energy Saver Base
• Induction Base Encapsulated Sandwich Bottom
• Made From 18/8 Salem Steel
5 Years Warranty
NEELAM APPLIANCES PVT. LTD.
Innovators in exclusive range of quality stainless steel utensils

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## મહાભારતની કેટલીક વાતો જે આપણે જાણતા નથી

મહાભારત વિશે દુનિયાભરના લોકો જાણે જ છે પણ એને આખેઆખું વાંચ્યું હોય એવા લોકોની સંખ્યા બહુ ઓછી છે. કૌરવો અને પાંડવો વચ્ચેની દુશ્મનીની એ મહાગાથાની એવી વાતો બહાર આવેલ છે, જેનાથી મોટાભાગના લોકો અપરિચિત છે. આવો, આવી વાતો આપણે જાણીએ....

★ **૨૮મા વેદવ્યાસે લખ્યું મહાભારત :** આપણામાંથી મોટાભાગના લોકોને એવું લાગે છે કે મહાભારત વેદવ્યાસે લખ્યું છે પણ એ સત્ય નથી. વેદવ્યાસ એ કોઈ નામ નથી પરંતુ એ એક પદવી હતી. જે વેદોનું જ્ઞાન ધરાવનારા લોકોને આપવામાં આવતી હતી. કૃષ્ણ દ્વૈપાયન પહેલાં ૨૭ વેદ વ્યાસ થઈ ચૂક્યા હતા. એ પોતે ૨૮મા વેદ વ્યાસ હતા. એમનો રંગ શ્યામ (કૃષ્ણ) હોવાની સાથે તેઓ એક દ્વીપ પર જન્મ્યા હોવાને કારણે એમનું નામ કૃષ્ણ દ્વૈપાયન રાખવામાં આવ્યું હતું.

★ **ગીતા ફક્ત એક નથી :** શ્રીમદ્ ભગવદ્ ગીતા એ માત્ર એક જ ગીતા છે એવું માનવામાં આવે છે. જેમાં કૃષ્ણ દ્વારા આપવામાં આવેલા જ્ઞાનનું વર્ણન છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા જ સંપૂર્ણ અને પ્રામાણિક ગીતા છે એ વાત સાચી છે પરંતુ આ ઉપરાંત ઓછામાં ઓછી બીજી ૧૦ ગીતાઓ છે. વ્યાદ ગીતા, અષ્ટાવક્ર ગીતા અને પારાશર ગીતા એમાંની જ છે.

★ **ચોપાસની ચોપાટ :** શકુનિએ પાંડવોને ચોપાટની રમત જે પાસાથી હરાવી હતી તે માટે કહેવાય છે કે એની ચાર બાજુઓ હતી. સામાન્ય રીતે લોકોને છ બાજુવાળા પાસા અંગે જ ખબર છે. મહાભારતમાં આ ચાર બાજુવાળો પાસો કેવો હતો એના વિશે કોઈ ઉલ્લેખ આવતો નથી. એ કઈ ધાતુ કે પદાર્થનો બનાવવામાં આવ્યો હતો એની પણ કોઈ વાત કરવામાં આવી નથી. મહાભારત મુજબ એ પાસાની દરેક બાજુ એક એક યુગનું પ્રતીક છે. ચાર બિંદુનો અર્થ સતયુગ, ત્રણ બિંદુનો અર્થ ત્રેતાયુગ, બે બિંદુનો અર્થ દ્વાપરયુગ અને એક બિંદુનો અર્થ કળીયુગ હતો.

★ **દ્રૌપદી માટે દુર્યોધનના ઈશારાનો અર્થ :** મૌલિક મહાભારતમાં એક પ્રસંગ આવે છે કે ચોપાટની રમતમાં યુધિષ્ઠિર પાસેથી જીત્યા પછી દુર્યોધને દ્રૌપદીને પોતાની ડાબી જાંઘ પર બેસવા માટે કહ્યું હતું. મોટાભાગના લોકોની નજરમાં આ બાબતને કારણે દુર્યોધન ખલનાયક હતો પરંતુ એ સમયની પરંપરા મુજબ એ દ્રૌપદીનું અપમાન નહોતું. પરંતુ એ જમાનામાં ડાબી જાંઘ પર અથવા તો ડાબી બાજુ પત્નીને અને જમણી જાંઘ પર અથવા તો જમણી તરફ પુત્રીને બેસાડવામાં આવતી હતી. આજ કારણને લીધે ધાર્મિક પોસ્ટરોમાં કે કેલેન્ડરોમાં દેવીઓને ડાબી બાજુ સ્થાન આપવામાં આવે છે. હિંદુ રીત-રિવાજોમાં લગ્ન સમયે પણ પત્ની, પતિની ડાબી તરફ ઊભી રહે છે.

★ **ધર્મની કોઈ એક પરિભાષા નથી :** અમુક લોકો મહાભારતને સત્ય અને અસત્ય સાથે જોડે છે. પરંતુ આ સંપૂર્ણ રીતે સાચું નથી. ખરું અને ખોટું પરિસ્થિતિ પ્રમાણે બદલાય છે. મહાભારતમાં સત્ય અને અસત્યનો આવો જ એક પ્રસંગ આવે છે. મોટાભાગના લોકો માને છે કે, દ્રોણાચાર્ય જ્યારે એકલવ્ય પાસેથી અંગૂઠો માગી અર્જુનની આગળ કર્યો ત્યારે એકલવ્ય સાથે અન્યાય કર્યો હોવાનું મનાય છે. પણ એ સંપૂર્ણ સત્ય નથી. મહાભારત મુજબ એક વખત તળાવમાં સ્નાન કરતી વખતે જ્યારે મગરે દ્રોણાચાર્યને પકડી લીધા હતા ત્યારે અર્જુને એમનો જીવ બચાવ્યો હતો. એ વખતે દ્રોણાચાર્યે અર્જુનને વચન આપ્યું હતું કે, એ અર્જુનને દુનિયાનો સર્વશ્રેષ્ઠ યોદ્ધો બનાવશે. અર્જુનને આપેલા આ વચનને નિભાવવા માટે એમણે ગુરુ દક્ષિણામાં એકલવ્ય પાસે અંગૂઠો માગ્યો. આ દ્વારા સ્પષ્ટ છે કે ખરા અને ખોટાની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા રચી શકાય એમ નથી.

★ **જ્યોતિષ રાશિઓ પર આધારિત નહોતું :** મહાભારતના સમયમાં રાશિઓ નહોતી. જ્યોતિષ ૨૭ નક્ષત્રો પર આધાર રાખતું હતું, ૧૨ રાશિઓ પર નહીં. નક્ષત્રોમાં પહેલા સ્થાનમાં રોહિણી હતી, અશ્વિની નહીં. જેમ જેમ સમય પસાર થતો ગયો, વિવિધ અભ્યાસીઓએ જ્યોતિષમાં પ્રયોગ કર્યો. ચંદ્ર અને સૂર્યના આધારે રાશિઓ બનાવી.

★ **મંત્રથી બને છે બ્રહ્માસ્ત્ર :** બ્રહ્માસ્ત્ર દિવ્ય અસ્ત્ર હતું, જે દેવતાઓની તપસ્યા પછી મેળવી શકાતું હતું એવી માન્યતા મોટાભાગના લોકોમાં પ્રચલિત છે. પરંતુ આ વાત પણ સંપૂર્ણપણે સત્ય નથી. અમુક બ્રહ્માસ્ત્ર સ્પષ્ટપણે દેખાય છે પરંતુ અમુક એવા પણ છે જેને મંત્રોની શક્તિ દ્વારા અસ્ત્ર બનાવી દેવામાં આવ્યું હતું. જેમકે રથના પૈડાંને ચક્ર બનાવી દેવું. મંત્રોચ્ચારની સાથે જ બ્રહ્માસ્ત્ર દુશ્મનનું મસ્તક કાપી નાખતું હતું. પરંતુ એક ખાસ વાત એ છે કે મંત્રો દ્વારા એની અસરને ઘટાડી શકાતી હતી. જેની પાસે શક્તિ હોય એ જ એનો ઉપયોગ કરી શકતા હતા.

Upendrabhai (M) 098241 91393　(O) 02646-226292, 222399, 226044 (R) 226506　Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES　PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

★ **લડાઈમાં વિદેશી પણ સામેલ થયા હતા :** ભારતીય યુદ્ધોમાં વિદેશીઓના સામેલ થવાનો ઇતિહાસ બહુ જૂનો છે. મહાભારતની લડાઈમાં પણ વિદેશી સેના સામેલ થઈ હતી. મોટાભાગના લોકોને લાગે છે કે મહાભારતની લડાઈ ફક્ત કૌરવો અને પાંડવોની સેનાઓની વચ્ચે લડાઈ હતી. પરંતુ એવું નથી. મૌલિક મહાભારતમાં ગ્રીક અને રોમન કે મેસિડોનિયન યોદ્ધાઓ લડાઈમાં સામેલ થયા હોવાના પ્રસંગો આવે છે.

★ **દુશાસનના પુત્રએ અભિમન્યુને માર્યો? :** અભિમન્યુની હત્યા ચક્રવ્યૂહમાં સાત મહારથીઓ દ્વારા કરવામાં આવી હતી એવું માનવામાં આવે છે, પણ એ સાચું નથી. ખરેખર અભિમન્યુએ બહાદુરીપૂર્વક લડતાં લડતાં ચક્રવ્યૂહમાં હાજર સાતમાંથી એક મહારથી (દુર્યોધનના દીકરા)ને માર્યો હતો. એનાથી ક્રોધે ભરાઈને દુઃશાસનના દીકરાએ અભિમન્યુની હત્યા કરી નાખી હતી.

★ **ત્રણ ભાગમાં લખાયું મહાભારત :** વેદ વ્યાસનું મહાભારત ત્રણ ભાગમાં લખાયું છે. પહેલા ભાગમાં ૮૮૦૦ શ્લોક, બીજા ભાગમાં ૨૪,૦૦૦ અને ત્રીજા ભાગમાં ૧,૦૦,૦૦૦ શ્લોક લખવામાં આવ્યા હતા. વેદ વ્યાસના મહાભારત ઉપરાંત ભંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, પૂનાનું સંસ્કૃત મહાભારત સૌથી પ્રામાણિક. એવું માનવામાં આવે છે કે મહાભારતનો અંગ્રેજીમાં અનુવાદ બે વખત થયેલો છે. પ્રથમ અનુવાદ ૧૮૮૩થી ૧૮૯૦ની વચ્ચે કિશોરી મોહન ગાંગુલીએ કર્યો હતો અને બીજો અનુવાદ મનમંથનાથ દત્તે ૧૮૯૫થી ૧૯૦૫ની વચ્ચે કર્યો હતો. ૧૦૦ વર્ષ પછી ૨૦૦૫થી ડૉ. દેબરોય ત્રીજી વખત સંપૂર્ણ મહાભારતનો અંગ્રેજીમાં અનુવાદ કરી રહ્યા છે.

★ **આ પણ અજાણ્યા તથ્યો :**

- જે રીતે વાલ્મિકી રામાયણ અધ્યાય કાંડના રૂપમાં આવે છે, એવી જ રીતે મહાભારત અધ્યાય પર્વના રૂપમાં છે.
- કહેવાય છે કે ગણેશજીએ વેદવ્યાસના નિર્દેશન પર મહાભારત લખ્યું હતું પરંતુ એનું વર્ણન મહાકાવ્યમાં ક્યાંય આવતું નથી.
- યુધિષ્ઠિર, નકુલ અને સહદેવે બીજા લગ્ન કર્યા નહોતાં એવું માનવામાં આવે છે પરંતુ અમુક પુરાણોમાં એમણે પણ બીજા લગ્ન કર્યા હોવાનો ઉલ્લેખ છે. ■

## શબ્દ રમત-૭૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | રે | ન્દ્ર | મો | દી | | કા | ક | | હ | કી | મ |
| વ | ન | | ત | પ | ખી | ર | | | દ | | ત |
| ની | | ખ | | ડો | લ | | | ક | | | |
| ત | સ | વી | ર | | વું | | મ | થ | રા | વ | ટી |
| | ર | સ | | આ | | વા | | ના | | ત | પ |
| આ | હ | | | બા | જુ | | | વ | | ન | કી |
| ક | દ | ર | | | ગ | | ક | લિ | કા | | |
| ર્ષ | | ક્ષા | | ગ | લ | ત | | | | | કું |
| ણ | | પો | ઠી | | કિ | ટ | | સ | ર | સ | વ |
| | ન | ટ | | | શો | | વ | | સ | ફ | ર |
| જાં | બ | લી | | અ | ર | બ | સ્તા | ન | | લ | |
| | ળું | | ક | મી | | ચ | રી | | હ | તા | શ |

*જાન્યુઆરી-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૮ના સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧૨. ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - | ભટ્ઠા, અમદાવાદ | બધા સાચા |
| ૧૩. શાંતિલાલ વ. શાહ | - | અમદાવાદ | બધા સાચા |
| ૧૪. સરોજ જયેશ શાહ | - | અમદાવાદ | બધા સાચા |

*ફેબ્રુઆરી-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૯ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. પ્રતાપ નારાણજી દંડ | - | અમદાવાદ | બધા સાચા |
| ૨. ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - | સેટેલાઈટ, અ'વાદ | બધા સાચા |
| ૩. સરોજ અનુપ ચંદુરા | - | સુરત | ૩ ભૂલ |
| ૪. સરોજ જયેશ શાહ | - | અમદાવાદ | ૪ ભૂલ |

શું તમને લોકો માટે લાગણી છે? દેવો અને ઋષિમુનિઓના કરોડો વંશજો આજે લગભગ પશુઓની કોટિએ પહોંચી ગયા છે. તેનું તમને લાગી આવે છે ખરું? આજે લાખો લોકો ભૂખે મરે છે અને લાખો લોકો અનેક યુગોથી ભૂખમરો વેઠી રહ્યા છે તેનું કંઈ સંવેદન તમને થાય છે ખરું? કોઈ કાળાં વાદળની જેમ અજ્ઞાન આ દેશ ઉપર છાઈ રહ્યું છે તેનો તમને કંઈ વસવસો છે ખરો? શું એથી તમને અજંપો થાય છે? શું એથી તમારી ઊંઘ હરામ થઈ ગઈ છે ખરી? શું એ હકીકત તમારા હૃદયના ધબકારા સાથે તાલ મેળવીને અને તમારી નસોમાં ભ્રમણ કરીને, તમારા રક્તમાં પ્રવેશી ચૂકી છે? શું એનાથી તમે લગભગ પાગલ જેવા બની ગયા છો? શું પાયમાલીના દુઃખના એકમાત્ર ખ્યાલે તમારો કબજો લઈ લીધો છે ખરો? શું આને માટે તમે તમારું નામ, તમારી કીર્તિ, તમારાં સ્ત્રીછોકરાં, તમારી સંપત્તિ અને તમારો દેહ સુદ્ધાં વીસરી બેઠા છો ખરા? શું તમે આવું બધું અનુભવ્યું છે ખરું? દેશભક્ત થવાનું એ પ્રથમ સોપાન છે – સૌથી પ્રથમ સોપાન.

*– સ્વામી વિવેકાનંદ*

॥ क्षमा वीरस्य भूषणम् ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.

ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭



સંકલન : દિનેશ આર. મહેતા

★ **કચ્છ યુવક સંઘ :** કચ્છના ધારાસભ્યશ્રીઓનું જાહેર પ્રજાકીય અભિવાદન કરવાનો એક કાર્યક્રમ તાજેતરમાં કચ્છ યુવક સંઘ દ્વારા મુંબઈના બોરીવલી ખાતે શાનદાર રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે બોરીવલી જાણે મિની કચ્છ બની ગયું હોય એવો માહોલ સર્જાયો હતો. કચ્છી અગ્રણી તથા જાણીતા ઉદ્યોગપતિ દામજીભાઈ એંકરવાલાના અધ્યક્ષસ્થાને આયોજિત અભિવાદન કાર્યક્રમમાં મુંબઈના કચ્છી સમાજના વિવિધ અગ્રેસરો, શ્રેષ્ઠીઓ તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીઓએ કચ્છના વિવિધ સ્વરૂપે વિકાસનો કોલ આપ્યો હતો. કાર્યક્રમમાં અધ્યક્ષશ્રીએ ઉપસ્થિત તમામ ધારાસભ્યશ્રીઓને અભિનંદન આપી કચ્છના વિકાસને વધુ વેગવાન બનાવવા અનુરોધ કર્યો હતો.

★ **આંધ્રની સીધી ટ્રેન :** કચ્છમાં વસવાટ કરતા આંધ્રપ્રદેશના વતનીઓ માટે આંધ્રપ્રદેશની સીધી ટ્રેન આગામી બજેટમાં નહીં ફાળવાય તો તેઓ અચોક્કસ મુદત સુધીનું રેલ રોકો આંદોલન આદરશે, તેમ ગાંધીધામ ખાતે કચ્છ - આંધ્ર અભ્યુદયા સેવા સમિતિના મહામંત્રીશ્રીએ ગાંધીધામ ખાતે જણાવ્યું હતું.

★ **લિગ્નાઈટ ઉદ્યોગના સોનેરી દિવસો :** માસ મે-૨૦૦૮માં પાનન્ધ્રો લિગ્નાઈટ ખાણ બંધ થતાં લખપત જ નહીં પરંતુ સમગ્ર પશ્ચિમ કચ્છની વિકાસની ગાડીને બ્રેક લાગી ગયેલ હતી. ઉમરસર લિગ્નાઈટ ક્ષેત્રને વાઈલ્ડ લાઈફ બોર્ડ સહિતની તમામ પર્યાવરણીય મંજૂરીઓ તાજેતરમાં મળી જતાં લાગેલી બ્રેક એકાએક દૂર થઈ છે. સંભવતઃ માર્ચ અંત અથવા એપ્રિલના પ્રારંભ સાથે લખપત તાલુકાના ૨૧૮૬.૭૬ હેક્ટર વિસ્તારમાં પથરાયેલી ઉમરસર ખાણ શરૂ થઈ જાય અને પછાત, દુર્ગમ અને અંતરિયાળ એવા પશ્ચિમ **કચ્છમાં વિકાસનો રથ સાત અશ્વોની સાથે પૂરપાટ આગળ ધપે** તેવા સંજોગોનું નિર્માણ થયું છે.

★ **કૃષિ મેળો :** કચ્છમાં ભૂકંપ બાદ ઔદ્યોગિકીકરણ બહુ ચાલ્યું. હવે ખેતીના અર્થશાસ્ત્રને સમજવું અને અપનાવવું એ જિલ્લાના ભાવિ માટે જરૂરી હોવાની વિદ્વાનોની ટકોર સાથે સતત ત્રણ દિવસ સુધી ચાલેલા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર 'કાઝેરી', આત્મા અને ખેડૂત તાલીમ કેન્દ્ર - ભુજ દ્વારા કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુકમા નજીક યોજાયેલા આ મેળામાં નવી દિલ્હીથી આવેલા કૃષિ અનુસંધાન પરિષદ (આઈ.સી.એ.આર.)ના ઉપમહાનિર્દેશક ડૉ. કે.ડી. કોકારેએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની નવી ઈમારતનું ભૂમિપૂજન કર્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી બોલતાં તેમણે કહ્યું કે, કચ્છમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ભૂમિકા આવનારા દિવસોમાં વધશે. **અમૂલ મોડેલથી કચ્છમાં પણ પશુપાલન ક્ષેત્રે આગળ વધી શકાય** તેમ હોવાનું પણ કહ્યું હતું.

અતિથિ વિશેષપદેથી કચ્છ યુનિ.ના કુલપતિ ડૉ. તુષાર હાથીએ જણાવ્યું હતું કે, કચ્છમાં છેલ્લા ૧૦ વર્ષથી સારો વરસાદ થયો છે. નવી ટેકનોલોજીના માધ્યમથી ઉત્પાદન પણ વધી રહ્યું છે. જિલ્લો કૃષિ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે **ત્યારે હવે ખેતીનું અર્થશાસ્ત્ર જાણવા અને તેને અપનાવવાની તાતી જરૂર છે.** ખેડૂતો ખેતીની અર્થ વ્યવસ્થાને સમજે અને ઉત્પાદિત કરેલા માલનો ભાવ જાતે નક્કી કરતા થાય તે માટે સંગઠિત થઈ આ ક્ષેત્રમાં આગળ પ્રયાસ કરવા તેમણે કહ્યું હતું.

જયપુર કાઝેરીના નિર્દેશક ડૉ. એમ.એમ. રોયે **કૃષિલક્ષી ટેકનોલોજીની માહિતી ખેડૂતો સુધી પહોંચાડવાની જરૂર દર્શાવી હતી.** ઝોનલ ડાયરેક્ટર પ્રો. વાય.પી. સિંઘે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ સિવાય અન્ય કેટલાક તજજ્ઞોએ કૃષિ પ્રશ્નોની છણાવટ કરી હતી.

ત્રણ દિવસીય આ મેળા દરમ્યાન ચારેક હજાર ખૂડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

★ **કચ્છના ક્રિક વિસ્તારમાંથી ઘૂસણખોરોની ધરપકડ :** મળતી વિગતો મુજબ બી.એસ.એફ.ના જવાનોની પેટ્રોલિંગ ચાલી રહી હતી ત્યારે લખપત તાલુકાના કોટેશ્વર નજીક આવેલી ક્રીકમાં ત્રણ પાકિસ્તાની બોટો નજરે ચડતા જવાનોએ આ બોટોનો પીછો કરીને કબજે કરી હતી. તેમાં બેઠેલા ૩૦ જેટલા પાકિસ્તાની ઘૂસણખોરો ઝડપાઈ ગયા હતા. સીમા સુરક્ષા દળ દ્વારા આ અંગેનો એક રિપોર્ટ તેમની વડી કચેરી ગાંધીનગર અને દિલ્હી ખાતે મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

***(સમાચાર પત્રો પર આધારિત)***

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# ડિશ!

ભારતમાં રહેતો સિદ્ધાર્થ આજે પહેલીવાર જર્મનીની ધરતી પર ઊતર્યો હતો.

હેમ્બર્ગમાં સિદ્ધાર્થના મિત્રોએ એક આલીશાન હોટેલમાં એની વેલકમ પાર્ટી રાખી હતી. ડિનર ટેબલ પર પાંચ-સાત મિત્રો બેઠા જોક કરી રહ્યા હતા. સિદ્ધાર્થની નજર હોટેલમાં ચારે તરફ ફરી રહી હતી. વાતાવરણ ખૂબ શાંત હતું. એક ખૂણામાં એક ક્યુટ કપલ સામસામે બેઠું હતું. વચ્ચે એક-બે ડિશો પડી હતી. એક યુવતી સામે અને એક યુવક સામે. એમાં લિમિટેડ ફૂડ હતું અને બંને શાંતિથી જમી રહ્યા હતા. સિદ્ધાર્થે વિચાર્યું, કંજૂસિયો લાગે છે. ગર્લફ્રેન્ડને લઈને આવ્યો છે તોયે બે ડિશ જ જમવાનું મંગાવ્યું. આપણા જેવો બંદો હોય તો સામે દસ મોંઘીદાટ ડિશો ખડકી દે. છોકરીને ચસકવા જ ન દઈએ...

કપલ પરથી કરવટ લઈને સિદ્ધાર્થની નજર ખૂણાના બીજા ટેબલ પર ગઈ. ત્યાં બે આધેડ મહિલાઓ બેઠી હતી. વેઈટર આવ્યો. એણે બંનેની ડિશમાં ખાવાનું પીરસ્યું. બંને મહિલાઓ ડિશમાંનો એક એક ટુકડો ખાઈ ગઈ.

નજર ફરવાનું ચાલુ હતું. ત્રીજા ટેબલ પર નજર ચોંટી. એક વૃદ્ધ મહિલા બેઠી હતી. એની સામે પણ એક ડિશ જ નાસ્તાની પડી હતી. જેમાં સાવ ઓછો નાસ્તો પીરસાયેલો હતો. સિદ્ધાર્થને બહુ નવાઈ લાગી. મન સાથે એની વાત ચાલુ હતી. આમ તો દેશ બહુ સધ્ધર લાગે છે, પણ લોકો ભારે કંજૂસિયા. આપણે ત્યાં તો કોઈ હોટેલમાં એકેય ટેબલ એવું ના હોય જે અવનવી વાનગીઓની ડિશોથી ભરેલું ના હોય. પછી ભલે ને ખાનારો એક જ હોય કે અનેક.

'હેય, સિદ્ધાર્થ! ક્યાં ખોવાઈ ગયો? બોલ શું ઓર્ડર કરું તારા માટે?' મિત્ર જેકીએ એને હચમચાવતાં પૂછ્યું ત્યારે એ વિચારોમાંથી બહાર આવ્યો. ફટાફટ મેનુ લઈને એના એકલા માટે ચાર ડિશનો ઓર્ડર આપી દીધો. એની સાથે તાજેતરમાં જ ઈન્ડિયાથી આવેલા બે મિત્રો પણ હતા. એમણે પણ ત્રણ-ત્રણ ડિશનો ઑર્ડર આપ્યો.

જમવાનું આવી ગયું. બધા મસ્તીમાં ગુલતાન હતા. જેને જેટલું ભાવતું હતું એટલું ખાધું અને પછી ઊભા થઈ ગયા. એ લોકો ઊભા થયા ત્યારે ટેબલ પર મોટાભાગની ડિશો જેમની તેમ પડી હતી. બિલ ચૂકવીને મિત્રો બહાર જતા હતા ત્યાં જ હોટેલના માલિકે અને એમની પાસે બેઠેલી એક વૃદ્ધ મહિલાએ એમને રોક્યા. કદાચ મહિલાએ જ હોટેલ માલિકને એમના વિશે કશીક ફરિયાદ કરી હતી.

હોટેલ માલિકે કહ્યું, 'મિત્રો તમે લોકોએ આજે અમારી હોટેલમાં ખોરાકનો બહુ બગાડ કર્યો છે. જે આ વૃદ્ધ માજીને જરાય નથી ગમ્યું. તમારે જેટલું ખાવું હતું એટલું જ મંગાવવું જોઈતું હતું. તમે મંગાવેલી મોટાભાગની ડિશો એમની એમ ભરેલી પડી છે. આ યોગ્ય નથી થયું.

માલિકને આ રીતે વાત કરતો જોઈ સિદ્ધાર્થનો ગુસ્સો સાતમા આસમાને ચડી ગયો. એણે તીખાશથી કહ્યું, 'ઓ ભાઈ! અમે જેટલી ડિશો મંગાવી હતી એટલી ડિશોના પૈસા તમને ચૂકવી દીધા છે. અને માજી, તમે તમારું કામ કરો યુ નો.... અમે કેટલું મંગાવીએ અને કેટલું ખાઈએ એ તમારો પ્રશ્ન નથી. અને માલિકજી, તમારે તો ખુશ થવું જોઈએ કે અમે આટલી બધી ડિશો મંગાવી તમને નફો કરાવ્યો.

બીજા ઈન્ડિયન મિત્રોએ પણ સિદ્ધાર્થને સાથ આપ્યો. માલિક તો કંઈ ના બોલ્યો પણ વૃદ્ધ માજીએ તરત જ મોબાઈલ કાઢ્યો અને કોલ કર્યો. માત્ર પાંચ જ મિનિટમાં એક પોલીસ ઓફિસર ત્યાં આવી ગયા. મહિલાએ એમને આખી વાત કરી. પોલીસે યુવાનોને કંઈ પણ પૂછ્યા વિના પચાસ માર્કના દંડની સ્લીપ ફાડીને હાથમાં આપી દીધી.

'વોટ ઈઝ ધીસ? આ શેનો દંડ કર્યો તમે અમને...' સિદ્ધાર્થે આશ્ચર્ય પામતાં પોલીસ ઓફિસરને કહ્યું.

'તમે તમારી જરૂરિયાત કરતાં વધારે જમવાનું મંગાવ્યું અને ડિશમાં એઠું છોડી દીધું એનો દંડ છે આ.'

'પણ અમે એ બધી ડિશોના પૈસા ચૂકવી દીધા છે.' ભયંકર આઘાત પામતાં સિદ્ધાર્થે કહ્યું.

ઑફિસરે કડક અવાજમાં કહ્યું, 'મિત્રો, પૈસા ચૂકવી દેવાથી વાત પૂરી નથી થઈ જતી. પૈસા ભલે તમારા હોય, અન્ન અમારા દેશનું છે. તમારા પૈસા પર તમારો અધિકાર હોઈ શકે પણ અનાજ અમારા દેશની મૂડી છે. એને બગાડવાનો તમને કોઈ અધિકાર નથી. આ રીતે તમે અમારા અન્નનો બગાડ કરો એ અમને જરાય ના પોસાય. દંડ ભરો અને રવાના થાવ....'

હવે સિદ્ધાર્થને ટેબલ પર જમી રહેલા લોકોનું રહસ્ય સમજાયું અને હવે એની આંખો પણ ખૂલી ગઈ હતી. દંડ ભરી, સૉરી કહીને બધા જ મિત્રો રવાના થઈ ગયા. એ પછી સિદ્ધાર્થ અને એના મિત્રોએ એ દંડ ભર્યાની સ્લીપની ઝેરોક્ષ કરાવી એમની ઑફિસની દીવાલ પર ચીપકાવી રાખી છે. જેથી ભૂલથી પણ ક્યારેય એક પણ દાણા અનાજનો બગાડ ના થાય.

ભારતમાં આપણે હોટેલમાં જમવા જઈએ છીએ ત્યારે જરૂરિયાત કરતાં વધારે જમવાનું મંગાવી લેતા હોઈએ એવું ઘણીવાર બનતું હોય છે. પછી એમાંથી ઘણું એંઠવાડમાં જતું હોય છે. તેથી આપણા દેશના ખેડૂતોએ મહામહેનતે પકવેલા અનાજનો ભયંકર બગાડ થાય છે. સિદ્ધાર્થની આ કથા જરૂર કંઈક માર્ગ ચીંધશે.

***- રાજ ભાસ્કર***

***સાભાર : "સાધના"***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **શ્રી રાજુભાઈ રમણિકલાલ દોશી**
  ૨૦૧/ઈ, સહજાનંદ કોમ્પ્લેક્સ,
  મહારાજા અગ્રસેનની સ્કૂલ પાસે,
  સ્ટર્લિંગ હોસ્પિટલની ગલીમાં,
  મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
  મો. ૯૮૯૮૭ ૫૫૫૫૭
- **શ્રી મૂકેશ મૂલજી ભીંચશી લાલકા**
  ૨૩, ઉષાદીપ કો.ઓ. સોસાયટી,
  ડૉ. રાધાકૃષ્ણ રોડ, પાસપોર્ટ ઓફિસ પાસે,
  આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  ફોન : ૨૬૩૦૩૮૨૨

## સગપણ

- **રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩**
  **ચિ. પારસ કિશોર રતનશી વીરા (દેવપુર - અમદાવાદ)**
  **ચિ. પ્રીતિ જશવંતભાઈ પડિયા (ગોંડલ - અમદાવાદ)**

## શરણાઈ

- **ગુરુવાર, તા. ૩૧-૧-૨૦૧૩**
  **ચિ. અંકિત પ્રકાશ શાંતિલાલ મહેતા (અંગિયા મોટા - અમદાવાદ)**
  **ચિ. વિરાલી પ્રદીપભાઈ શાહ (જોરાવરનગર - કલકત્તા)**
- **રવિવાર, તા. ૯-૧૨-૨૦૧૨**
  **ચિ. નિમેષ નીતિન હરિલાલ સંઘવી (માંડવી - અમદાવાદ)**
  **ચિ. ખુશ્બૂ જીતેન્દ્રકુમાર સોની (અમદાવાદ)**

*જો તમારે સફળતા પ્રાપ્ત કરવી હોય તો તમારી પાસે પ્રચંડ ખંત અને દૃઢ ઈચ્છાશક્તિ હોવાં જોઈએ. ખંતીલો માણસ કહે છે : 'હું સાગરને પી જઈશ, મારી ઈચ્છા થતાંવેંત પર્વતો કડડભૂસ થઈને તૂટી પડશે.' આવા પ્રકારની શક્તિ પ્રાપ્ત કરો. આવા પ્રકારની ઈચ્છાશક્તિ દાખવો. જો તમે પુરુષાર્થ કરશો તો જરૂર તમે ધ્યેયને પામી શકશો.*

## સાભાર સ્વીકાર

*ગત માસ દરમ્યાન નીચે મુજબ દાન પ્રાપ્ત થયેલ છે.*

### તબીબી સહાય યોજના

★ ઝવેરીલાલ અનુપચંદ ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ
હ. શ્રી અશોકભાઈ - કોલકત્તા તરફથી તેમના પિતાશ્રી સ્વ. ઝવેરીલાલ અનુપચંદ શાહના સ્મરણાર્થે
રૂા. ૧૧,૧૧૧/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

### શ્રી જલારામ અન્નક્ષેત્ર માટે

★ શ્રી પ્રદીપભાઈ જેઠી - ભુજ તરફથી રૂા. ૧૧,૦૦૦/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

### 'મંગલ મંદિર'ને સપ્રેમ

★ શ્રી પ્રકાશ શાંતિલાલ મહેતા પરિવાર (અંગિયા મોટા - અમદાવાદ) તરફથી પુત્ર ચિ. અંકિતના લગ્ન પ્રસંગે 'મંગલ મંદિર'ને રૂા. ૫૦૧/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

★ શ્રી સતીષભાઈ હેમચંદ વોરા પરિવાર (ભુજ - અમદાવાદ) તરફથી પુત્ર ચિ. જયના લગ્ન પ્રસંગે 'મંગલ મંદિર'ને રૂા. ૧૫૦૦/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

★ કુ. શિવાની અરુણકુમાર નાનાલાલ પટવા (માંડવી - અમદાવાદ) તરફથી ઉપધાન તપ નિમિત્તે 'મંગલ મંદિર'ને રૂા. ૧૫૧/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉપરોક્ત દાનોનો સહર્ષ સ્વીકાર કરે છે અને દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*એકલી શ્રદ્ધા વડે બહુ ઓછું સિદ્ધ કરી શકાય છે, પણ સમૂળગી શ્રદ્ધા વગર તો કશું જ સિદ્ધ નથી થતું.*

## PRIDE OF KUTCHI JAIN SAMAJ

**Middle School Student Honored at Johns Hopkins Ceremony**

**Leonardtown, MD (USA) — Arhum Shah**, son of **Dr. Beenaben & Dr. Anilbhai Shah,** an 8th grade STEM Academy student at Spring Ridge Middle School, was honored on October 28, 2012 as one of the brightest middle school student worldwide at a National Medal Ceremony sponsored by the Johns Hopkins University Center for Talented Youth (CTY). The Center honored Arhum for his exceptional performance as a middle school student on the Scholastic Aptitude Test (SAT).

From among the 40,800 participants in the 2012 CTY Talent Search, Arhum was in the top 900 U.S. and international middle school students invited to the medal ceremony to be recognized for his exceptionally high scores. These scores placed Arhum well within the top one-half of one percent academically of all same-grade students worldwide.

As a national medal recipient, Arhum qualifies for CTY's residential summer programs, online classes and family academic programs. There, he can meet others like himself from all over the World and have an opportunity to "stretch his creative and intellectual wings, and discover where his special talents may take him."

Ms. Tracey Heibel, Supervisor of Instruction for Science and STEM education with St. Mary's County Public Schools commented, "This is an unprecedented accomplishment for a STEM 8 student."

Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad is very proud of Arhum for his tremendous academic success.

Here, it may be mentioned that Arhum is the grandSon of Dr. Chandrakantbhai Dedhia, the Trustee of Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad and Smt. Chandrikaben Dedhia, the President of Shri Kutchi Mahila Mandal. ■

## ક્રિકેટ ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ
## કચ્છી સમાજ - અમદાવાદનું ગૌરવ



**શ્રી ધૈરવ ઓઝા**

અમદાવાદ ખાતે શેઠ સી.એન. વિદ્યાલયમાં ધોરણ-૯ના વિદ્યાર્થી ધૈરવ ઓઝા તેના વિદ્યાલયની ક્રિકેટ ટીમમાં અવ્વલ નંબરનું સ્થાન ધરાવે છે. ઈન્ટર સ્કૂલ અને જિલ્લા કક્ષાએ ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ દેખાવ કરતાં તાજેતરમાં રાજ્ય સ્તરની મેચ અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં મુંબઈ, મહારાષ્ટ્ર અને વડોદરાની ટીમો વચ્ચે રમાયેલ ત્યારે પણ તેના વિદ્યાલયની ટીમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ધૈરવ ઓઝાએ ઈન્ટર સ્કૂલ ટુર્નામેન્ટથી અત્યાર સુધીમાં ડબલ સેન્ચુરી સહિત કુલ ૫૫૦થી પણ વધારે રન કરેલા છે. તેણે સ્કૂલ તરફથી સૌપ્રથમ સદી ફટકારનાર તેમજ જિલ્લા સ્તરે ૧૫૪ રન સાથે પીચ પર અડીખમ રહીને સૌથી વધારે રન કરનાર તરીકે ભવ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ઉપરોક્ત રાજ્ય કક્ષાની મેચમાં ભારતીય ટીમના સચીન તેંડુલકરનો પુત્ર અર્જુન, પ્રખ્યાત ફિલ્મ નિર્માતા વિધુ વિનોદ ચોપડાનો પુત્ર અગ્નિ તેમજ પૂર્વ ક્રિકેટર નયન મોંગિયાનો પુત્ર પણ સામેલ હતા.

ઉલ્લેખનીય છે કે ધૈરવ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સક્રિય કાર્યકર અને 'કચ્છશ્રુતિ'ના તંત્રી શ્રી ભરત ઓઝાના પુત્ર છે. ■

## વિવેકાનંદની વાણી

બળ એ જીવન છે, નિર્બળતા એ મૃત્યુ છે. બળ એ પરમાનંદ છે, શાશ્વત અને અનંત જીવન છે. નિર્બળતા એ કાયમી બોજો અને સંતાપ છે. બચપણથી જ બળવાન અને ઉપયોગી વિચારો તમારા મગજમાં ધારણ કરો. નિર્બળતા જ દુઃખ માત્રનું એક કારણ છે. આપણે નિર્બળ છીએ તેથી જ આપણે હેરાન છીએ. આપણે નિર્બળ છીએ તેથી જ આપણે જૂઠું બોલીએ છીએ, ચોરી કરીએ છીએ, ખૂન કરીએ છીએ તથા અનેક ગુનાઓ કરીએ છીએ. આપણે નિર્બળ છીએ તેથી નાશ પામીએ છીએ. જ્યાં નિર્બળ બનાવનાર કંઈ નથી ત્યાં મૃત્યુ પણ નથી, શોક પણ નથી.

એક માત્ર શક્તિની જરૂર છે. દુનિયાના દર્દને નાબૂદ કરવા શક્તિ એ જ ઔષધ છે. જ્યારે ધનિકો જોર જુલમ કરે ત્યારે શક્તિ, એ જ ગરીબોનું ઓસડ છે. જ્યારે ભણેલા માણસ સતામણી કરે ત્યારે શક્તિ એજ અભણની દવા છે. જ્યારે પાપી નિર્દોષને હેરાન કરે ત્યારે શક્તિ એજ નિર્દોષની દવા છે.

ઊભા થાઓ, હિંમત ધરો, મજબૂત બનો. તમારી આત્મશક્તિ કેળવો, જવાબદારી સ્વીકારો, તમારા ઘડવૈયા તમે પોતે જ છો.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*

*ઈશ્વર મનુષ્યને લાકડીથી નથી મારતો, મારવો જ હોય ત્યારે બુદ્ધિ હરી લે છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *પ્રાયોજિત*

# ક્રેડિટ સોસાયટી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો પૂર્ણાહુતિ સમારંભ શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ના સાંજના અંદાજિત ૪.૦૦ વાગે શ્રી ઠાકોરભાઈ દેસાઈ હોલ, લૉ ગાર્ડન, અમદાવાદ મધ્યે યોજાનાર છે. કે જે સમયે સૂચિત ક્રેડિટ સોસાયટીનો શુભારંભ કરવામાં આવશે.

હાલે આ સોસાયટીના અનુસંધાને કાયદાકીય કાર્યવાહી ચાલી રહેલ છે. કાયદાકીય કાર્યવાહી પૂર્ણ થતા, તેને સમાજના સભ્યો માટે ખુલ્લી મૂકવામાં આવશે અને એ સમયે જેઓ ઈચ્છે તેઓ દરેક નક્કી કરવામાં આવ્યા મુજબ પોતાને જોઈતા શેરો ખરીદી શકશે.

*વધુ માહિતી માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી*

શ્રી કે.આર. શાહ – ૯૩૨૮૦ ૦૧૧૪૦

શ્રી રજનીકાંત ધરમશી પારેખ – ૯૮૯૮૦ ૫૩૫૨૧

**ડૉ. ચંદ્રકાંત દેઢિયા**
**કન્વીનર - ક્રેડિટ સોસાયટી સમિતિ**

# સંગીત ક્લાસ

બાળકોની વાર્ષિક પરીક્ષાની સીઝન શરૂ થઈ ગયેલ છે. 'મંગલ મંદિર'નો આ અંક આપશ્રી સુધી પહોંચશે ત્યાં લગી અનેક બાળકોની પરીક્ષા પૂરી પણ થવા આવેલ હશે.

વેકેશનમાં બાળકોને કંઈક પ્રવૃત્તિમાં રાખવા જોઈએ એ આશયથી યોગ્ય સંખ્યામાં સમાજના બાળકો / યુવાનો / બહેનો મળી શકશે તો શ્રી કચ્છી જૈન ભવન પર સંગીત ક્લાસ ચાલુ કરી શકાશે.

આ સંગીત ક્લાસમાં વૉકલ, તબલા કે સીતાર શીખવી શકાય.

એક બેચમાં વધુમાં વધુ ૮ બાળકોનો સમાવેશ થઈ શકે.

એક બેચ એક કલાકની રહી શકે.

અઠવાડિયામાં ત્રણ દિવસ ૩ થી ૫ અને બાકીના ૩ દિવસ ૫ થી ૭ રાખી શકાય.

સંગીત ક્લાસમાં દાખલ થનાર વ્યક્તિ અઠવાડિયામાં ૩ દિવસ તેને પસંદ પડે તે બેચમાં જોડાઈ શકે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય હોય તે કુટુંબના બાળકોની ફી ૩ મહિનાની રૂા. ૩૦૦/- રહેશે.

અન્ય લોકોની ફી ૩ મહિનાની રૂા. ૧,૦૦૦/- રહેશે.

જેઓ આ ક્લાસમાં જોડાવા માંગતા હોય તેઓ ઉપરોક્ત રકમ ભરી શ્રી કચ્છી જૈન ભવન પરની ઓફિસમાં પોતાના નામ નોંધાવી શકે છે.

એક બેચમાં ૮ વ્યક્તિ થશે તો જ આ સંગીત ક્લાસ શરૂ કરવામાં આવશે.

ક્લાસ શરૂ ન થઈ શકે તો ભરાયેલ પૈસા રીફંડ કરવામાં આવશે.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# કામણગારો – "કચ્છી મેળો" એટલે કચ્છની સંસ્કૃતિની ઝલક

## દબદબાભર્યું આયોજન – સફળતાપૂર્વક સંપન્ન થયું

*"કચ્છડો ખેલેં ખલકમેં, જીં મહાસાગરમેં મચ્છ; જિત હિકડો કચ્છી વસેં, ઉતે ડિયાણીં કચ્છ."*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના મુખ્ય કાર્યક્રમો અંતર્ગત ૧૧મા કાર્યક્રમ રૂપે તા. ૨૨-૨-૨૦૧૩થી તા. ૨૪-૨-૨૦૧૩ દરમ્યાન અમદાવાદમાં સંસ્કાર કેન્દ્ર - પાલડી ખાતે "કચ્છી મેળા"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત મેળાનું આયોજન કરવા છેલ્લા કેટલાક સમયથી પૂરબહાર રીતે તૈયારીઓ ચાલુ હતી. એક તરફ આ કાર્યક્રમના મુખ્ય સૂત્રધારો શ્રી પ્રતાપભાઈ એન. દંડ અને શ્રી કે.આર. શાહ કચ્છના ગામડે ગામડે જઈને મેળામાં કચ્છી કારીગરો પોતાની કલા - કસબનો અદ્ભુત નઝારો પ્રદર્શિત કરવા અમદાવાદ પધારે તેવા સતત પ્રયત્નો કરતા હતા, બીજી તરફ અન્ય કેટલાક પ્રતિનિધિઓ આ આયોજનની બાકીની કામગીરીને મૂર્ત સ્વરૂપ આપવા અથાગ પરિશ્રમ કરી રહ્યા હતા.

### • આયોજનના મુખ્ય ઉદ્દેશ :

❖ કચ્છની સંસ્કૃતિનું નિકટથી દર્શન કરાવવાનું.
❖ હસ્તકલામાં પારંગત એવા કચ્છી કારીગરોની ચીજવસ્તુઓનું ઉત્તમ રીતે પ્રદર્શન થાય.
❖ તેમની ચીજવસ્તુઓનું યોગ્ય રીતે વેચાણ અને તેને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત કરીને માલ-સામાનના વેચાણમાં વૃધ્ધિ કરવાનું.
❖ ગુજરાતના એક આગવા રણ પ્રદેશ કચ્છની ઝાંખી કરાવવા.
❖ કચ્છ તરફ ટૂરિસ્ટોને આકર્ષિત કરવાનું.

***આ ત્રિ-દિવસીય 'કચ્છી મેળા'માં નીચે પ્રમાણેના વિભાગો રાખવામાં આવ્યા હતા.***

❖ કચ્છના કારીગરો દ્વારા હસ્ત કલા-કારીગરીવાળી ચીજવસ્તુઓ.
❖ કચ્છના પ્રખ્યાત સ્થળો વગેરેની તસવીરો - ફોટોગ્રાફ્સ ગેલેરી અને પેઈન્ટિંગ ગેલેરી.
❖ કચ્છના વાજિંત્રો અને લોકગીતોને ઉજાગર કરતો સંગીત વિભાગ.
❖ કચ્છી ખાદ્ય વાનગીઓનો એક અલાયદો વિભાગ.
❖ અમદાવાદ સ્થિત ડિલર્સ - વેપારીવર્ગ દ્વારા વિવિધ પ્રકારના સ્ટોલ્સ.

### • સ્ટોલ્સમાં વૈવિધ્યતા :

હસ્ત કલા કારીગરીના – ૬૧ સ્ટોલ્સ, કચ્છી મીઠાઈ / ફરસાણ – ૩ સ્ટોલ્સ, અથાણા – ૧ સ્ટોલ, મસાલા – ૨ સ્ટોલ્સ, ચોકલેટ - જેલી - ચિક્કી – ૨ સ્ટોલ્સ, સૌંદર્ય પ્રસાધન – ૧સ્ટોલ, ટૂરિઝમ – ૧ સ્ટોલ, ફુડ કોટ – ૫ સ્ટોલ, તૈયાર ગારમેન્ટ્સ – ૨ સ્ટોલ્સ, ટુ વ્હીલર્સ – ૨ સ્ટોલ્સ, પુસ્તકો – ૨ સ્ટોલ્સ.

આ સિવાય શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા પણ એક ખાસ સ્ટોલ રાખવામાં આવ્યો હતો. આ રીતે કુલ ૮૦ જેટલા વિવિધ સ્ટોલ્સ, મેળામાં નજરે પડતાં હતા. દરેકને સ્ટોલ નિઃશુલ્ક આપવામાં આવ્યા હતા, જે આયોજનની ખાસ વિશિષ્ટતા હતી.

પ્રત્યેક વિભાગના સ્ટોલ્સમાં વિવિધતાનો ખજાનો નિહાળીને મુલાકાતીઓ આનંદ વ્યક્ત કરતાં જોવા મળ્યા.

### • હસ્તા કલા-કારીગરીના સ્ટોલ્સમાં....

કચ્છના ઉત્કૃષ્ટ નમૂનારૂપે અજરખ, બાટિક, કચ્છી ડ્રેસ મટિરિયલ્સ, કચ્છી રોગાનકામ, ભરતકામ, મડવર્ક, ખડકી - કોપર બેલ, બાંધણી, વણાટકામ, ધડકી, કાષ્ઠકલા, ચર્મકલા, મોતીકામ, વૉલપીસ, મિરરવર્ક, માટીકામના વાસણ, પૅચવર્ક, વહાણના નમૂના, પેઈન્ટિંગ કામ, વિવિધ ડિઝાઈન અને નકશીકામવાળા સૂડી-ચપ્પુ, કાતર, કીચેઈન, નેલ કટર, ઓજાર - હથિયારો વગેરે ચીજવસ્તુઓ.

### • ફોટોગ્રાફ્સ અને પેઇન્ટિંગ્સની ગેલેરી :

કચ્છના ડુંગર, દરિયા, રણપ્રદેશ, ઐતિહાસિક સ્થળો, કચ્છી વાજિંત્રો, કચ્છી લોક સંસ્કૃતિને ઉજાગર કરવા... રહેણાંક, પહેરવેશ, આભૂષણો, ગ્રામીણ રહેણીકરણી, કચ્છમાં જોવા મળતા પ્રાણી, પક્ષીઓ, ખાસ પ્રકારના ભૂંગા, દેવ-દેવીઓ, કુદરતી સૌંદર્ય, પર્યાવરણ સંબંધી, વાહન વ્યવહારના સાધનો, ધાર્મિક સ્થળો, મંદિરો વગેરેના બેનમૂન ફોટોગ્રાફ્સ અને પેઈન્ટિંગ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. જેમાં કેટલાક ઈનામ વિજેતા ફોટોગ્રાફ્સ અને પેઈન્ટિંગ્સ પણ સામેલ હતા.

### • કચ્છના વાજિંત્રો અને લોક-સંગીત વિભાગ :

કચ્છી વાજિંત્રો એટલે ઢોલ, ત્રાંસા, મુરલી, શરણાઈ,

*બહુ થોડા માણસો ભૂખે મરી જાય છે, વધારે પડતું ખાવાથી લાખો મરતા હોય છે.*

મોરચંગ, જોડિયાપાવા વગેરે વાજિંત્રોનો સૂરિલો ધબકાર અને કચ્છી ગીતો-સંગીતમાં આગવું સ્થાન ધરાવનાર કલાકારો દ્વારા લોક-સંગીતની સતત જીવંત રજૂઆત થઈ રહી હતી.

મોરચંગ અને જોડિયા પાવાની જાણકારી મેળવીને તેમજ તેમાંથી સૂર-સંગીત વહેતું કરવાની કલા જોઈને મુલાકાતીઓ ખૂબ પ્રભાવિત થયા હતા.

- **કચ્છી ખાદ્ય વાનગીઓનો ફૂડ કોર્ટ :**

કચ્છી સાત્વિક ભાણું - થાળી જેમાં બાજરાના રોટલા, ખીચડી, કઢી, રીંગણાનો ઓળો - ભડથું, તિખારી, લસણની ચટણી, છાશ વગેરે સ્વાદિષ્ટ વાનગીઓ લોકો હોંશે-હોંશે આરોગતા નજરે પડતા હતા. બીજી તરફ કચ્છી દાબેલી, પુડલા, હાંડવો, ભેળ, ભજિયા, ખીચું અને તેના બોલ્સ, સમોસા, ઢોકળા વગેરે ટેસ્ટયુક્ત વાનગીઓ માટે હંમેશાં મુલાકાતીઓની ભીડ જોવા મળી હતી. તેવી રીતે સ્ટોલ્સ વિભાગમાં કચ્છી પેંડા, મોહનથાળ, ગુલાબપાક, મેસૂક, પકવાન, મીઠો માવો, અડદિયા લાડુ, ચિક્કી વગેરે વ્યંજનોથી લોકો આકર્ષિત થતાં મોટાપાયે ખરીદી થતી હતી.

- **અમદાવાદ સ્થાનિકના સ્ટોલ્સ :**

કચ્છની સંસ્કૃતિને અનુરૂપ વિષયો, સ્થળો, પ્રસંગો, કચ્છનો ઈતિહાસ વગેરે સંબંધી તેમજ બાળકોમાં જ્ઞાનની વૃધ્ધિકર્તા અભ્યાસના ખાસ પુસ્તકોના સ્ટોલ્સ અમદાવાદ સ્થિત કચ્છી પરિવારના પ્રખ્યાત પબ્લિકેશન્સ દ્વારા રાખવામાં આવ્યા હતા. તે સિવાય સૌંદર્ય પ્રસાધન, ટૂરિઝમ, ગારમેન્ટ્સ, ટુ-વ્હીલર્સ, ફ્લોર ક્લિનર્સ, એસ્ટેટ વગેરે પ્રકારના સ્ટોલ્સના કારણે વૈવિધ્યતામાં ઉમેરો થયો હતો.

કચ્છી લોકો - કારીગરોની ખેલદિલી, લાગણી, પ્રેમ તેમજ બોલવાની છટાથી મુલાકાતીઓ પ્રભાવિત થતા હતા અને બેધડક ચીજવસ્તુઓની ખરીદીનો આનંદ માણ્યો હતો. જેમાં શહેરીજનો ઉપરાંત વિદેશી લોકો પણ ઉલ્લાસ અને ઉત્સવના માહોલ સાથે ખરીદીનો આનંદ વ્યક્ત કરતા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઘરના સુશોભનની ચીજવસ્તુઓ તૈયાર કરવામાં કચ્છના કારીગરોની તોલે કોઈ ના આવે. ઘરના બારણે હાથથી ભરેલા તેમજ મોતી, આભલાનો ઉપયોગ કરીને તૈયાર કરેલા તોરણો, સંસ્કારના સુશોભન રૂપે રાખતા હોય છે. હાથના પવન વિંઝણામાં આભલા જડી - એટલો તો સુંદર બનાવવામાં આવે છે કે અન્ય લોકો તેને પંખાની જગ્યાએ ઉપયોગ કરવાના બદલે સાચવી રાખવાનું મુનાસિબ સમજતા હોય છે. તોરણ, બારસાખના પટ્ટા, પંખા જેવી અનેક સુશોભનની વસ્તુઓમાં કચ્છના કારીગરો જાન રેડી દેતા હોય છે. આ છે... કચ્છ.... અને કચ્છનો અદ્‌ભુત નઝારો!

કામણગારા કચ્છને વિશાળ ફલક પર આકર્ષિત કરવા 'કચ્છી મેળા'નું તા. ૨૨-૨-૨૦૧૩ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પદાધિકારીશ્રીઓ, કાર્યકર્તાઓ, આમંત્રિત મહેમાનશ્રીઓ, આગેવાનશ્રીઓ, શ્રી કચ્છી સમાજના હોદ્દેદારશ્રીઓ તેમજ કાર્યકર્તાશ્રીઓ, કચ્છથી પધારેલા કારીગરો, દરેક સ્ટોલના સંચાલકશ્રીઓ અને મોટી સંખ્યામાં સમાજ પરિવારજનોની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના મેયરશ્રી અસીતભાઈ વોરાએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે મેયરશ્રીએ પોતાના ટૂંક પ્રવચનમાં જણાવ્યું કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રગતિશીલ છે અને સેવા લાગણીથી ભરપૂર એવા તેના કાર્યક્રમો થકી કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરે છે. 'કચ્છી મેળા' જેવા કાર્યક્રમોથી દૂરના વિસ્તારોના કારીગરોને અન્ય લોકોની નીકટ આવવાની તક પ્રાપ્ત થાય છે અને તે થકી તેમને આગળ વધવાની તક મળે છે, જે એક અગત્યની બાબત છે. તે સિવાય, અમદાવાદ વિસ્તારમાં સંખ્યાબંધ ઓછી કિંમતવાળા આવાસો ઊભા થાય તે માટે કોર્પોરેશન દ્વારા થઈ રહેલ કામગીરીની ટૂંક જાણકારી આપીને 'કચ્છી મેળા'ને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થાય તેવી લાગણી તેઓશ્રીએ પ્રદર્શિત કરી હતી.

અમદાવાદ મ્યુનિ. ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના ચેરમેન શ્રી અમિતભાઈ શાહે 'કચ્છી મેળા'ના આયોજનની પ્રશંસા કરીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. કચ્છ અને ત્યાંના લોકોથી પોતે સારી રીતે માહિતગાર છે તેવું જણાવીને શ્રી કચ્છી જૈન ભવન સ્થિત તબીબી કેન્દ્રનો ખાસ ઉલ્લેખ કરતા જણાવ્યું કે ત્યાં તદ્દન નજીવા દરે કોઈપણ જાતના ભેદભાવ વગર સારવાર કરવામાં આવે છે. અમુક પ્રકારની સારવાર અમદાવાદની વી.એસ. હોસ્પિટલ કરતાં પણ ઓછા દરે આ મેડિકલ સેન્ટરમાં ઉપલબ્ધ છે. જેની તેમણે પ્રશંસા કરી હતી. આ વિગત જાણીને મેયરશ્રી સહિત દરેક જણ અચંબિત થયા હતા. વધુમાં તેમણે જણાવ્યું કે અમદાવાદમાં દાયકાઓથી વસી ગયેલા અને વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરનારા કચ્છીજનોએ વતન સાથેનો નાતો અતૂટ રાખ્યો છે. તેમણે કર્મભૂમિ અને જન્મભૂમિમાં સેવાકાર્યો કરતા રહીને એક આગવી ઓળખ ઊભી કરી છે, તે માટે સમાજને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપના પ્રમુખ શ્રી ગૌતમભાઈ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે સર્વેને આવકાર આપીને સમાજના "કચ્છી મેળા" તેમજ અન્ય કેટલાક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ સંબંધી માહિતી જણાવેલ હતી.

પ્રારંભે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ પચ્ચાસ વર્ષથી ચાલતી સંસ્થાની સેવાકીય, સામાજિક પ્રવૃત્તિઓની ઝલક રજૂ કરી હતી અને સુવર્ણ જયંતી મહોત્સવની રૂપરેખા પણ આપી હતી. તેમણે

*સરકારી અધિકારી નહિ, પણ સહકારી અધિકારી બનો.*

વિશેષમાં જણાવ્યું કે 'કચ્છી મેળા'ની પ્રવેશ ફીની આવક તબીબી, શૈક્ષણિક અથવા સામાજિક કાર્યોના ઉપયોગ અર્થે લેવાશે. સમાજ શક્ય એટલી ઓછી કિંમતના ૨૫૦ મકાનો તૈયાર કરીને લોકોને રહેવા માટે આપવાનું આયોજન કરી રહ્યું છે. તે માટે શહેરની આજુબાજુ ટોકન કિંમતે અને યોગ્ય શરતે ઉપલબ્ધ કરાવી આપવા અમદાવાદ મ્યુનિસિપાલિટી કોર્પોરેશનને અનુરોધ કરવાની તક સંસ્થાના પ્રમુખશ્રીએ આ પ્રસંગે ઝડપી લીધી હતી. જેના પ્રત્યુત્તર રૂપે જરૂરી માહિતી મેયરશ્રીએ પોતાના પ્રવચનમાં આપી હતી.

ઉદ્‌ઘાટન સમારંભ સમયે કચ્છી કલાકારોના સંગીતના સથવારે દરેક મહેમાનશ્રીઓએ 'કચ્છી મેળા'ના તમામ વિભાગોની મુલાકાત લઈને સમગ્ર આયોજનને બિરદાવીને સમાજના હોદ્દેદારશ્રી અને કાર્યકર્તાશ્રીઓને અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ સમાજની સુવર્ણ જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ મુખ્ય કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના આગવા પ્રદેશ કચ્છની કલા - સંસ્કૃતિને રજૂ કરતા ૮૦ જેટલા સ્ટોલ્સ, કચ્છી લોક-સંગીત, કચ્છના ફોટોગ્રાફ્સ અને પેઈન્ટિંગ્સ તેમજ કચ્છની વિખ્યાત ખાદ્ય વાનગીઓનો સ્વાદ માણવા અને સ્થાનિક પાર્ટીઓએ રાખેલા સ્ટોલ્સ — બધું જ એક સ્થળે જોવા માણવા અને ખરીદી કરવા શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩ની સવારે દબદબાભેર પ્રારંભ થતાં જ મુલાકાતીઓનો એકધારો ધસારો ચાલુ થયો હતો.

'કચ્છી મેળા'નું ઉદ્‌ઘાટન

## કચ્છી મેળાની સાથે સાથે....

❖ કચ્છના કારીગરોને તેમની ચીજવસ્તુઓને ઉત્તેજન મળે તેમજ ગુજરાતના એક આગવા રણપ્રદેશ કચ્છની લોક સંસ્કૃતિનું પ્રત્યક્ષ દર્શન કરાવવા ત્રિ-દિવસીય કચ્છી મેળાનું સફળ આયોજન.

❖ કચ્છના ગામડામાંથી હસ્તકલાના કારીગરોને અમદાવાદ લાવી તેઓની કલા-કસબભર્યા માલના વેચાણ માટે તેઓને તેમજ દરેક પાર્ટીઓને એક-એક સ્ટોલ વિના મૂલ્યે ફાળવવામાં આવ્યા હતા.

❖ કચ્છની હસ્તકલા, બાટીક, ભરતકામ, પ્રિન્ટિંગ, બાંધણી, ચર્મકલા, અજરખ, માટીકામ, રોગાનકામ, વિવિધ ડીઝાઈન અને નકશીકામવાળા સૂડી-ચપ્પુ-કાતર-કીચેન - નેઈલ કટર, કચ્છી ડ્રેસ મટીરિયલ્સ, ખડકી - કોપરબેલ, ચામડાના પાકીટો, બેલ્ટ, પગરખા, મોજડી, વણાટકામ, ઘડકી, કાષ્ટકલા, મોતી - આભલા કામવાળી અનેક કલાત્મક ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ.

❖ રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઈનામો, સન્માન અથવા એવોર્ડ પ્રાપ્ત કરનાર કારીગરોની ચીજવસ્તુઓ 'કચ્છી મેળા'માં સામેલ હતી.

❖ કચ્છી વાજિંત્રો જેમાં ઢોલ-ત્રાંસા, મુરલી, શરણાઈ, મોરચંગ, જોડિયાપાવા નિહાળવા મળ્યા.

❖ ફુડકોટ – જેમાં કચ્છી ખાદ્ય વાનગીઓએ જબરું આકર્ષણ જમાવ્યું.

❖ કચ્છના વિવિધ વિષયો સ્થળ પર તેમજ બાળકોમાં જ્ઞાનની વૃદ્ધિ થાય તેવા પુસ્તકોના વિશેષ સ્ટોલ્સ હતા.

❖ તબીબી ક્ષેત્રે લોક જાગૃતિ કેળવવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરના એક આગવા સ્ટોલની રચના કરવામાં આવી હતી. જેમાં મેળાના સ્થળ પર આર.બી.એસ., બી.એમ.આઈ., બ્લડ પ્રેસર, દાંત, ડાયટ અને ફીઝિયોથેરાપી જેવા વિભાગો ઊભા કરીને મુલાકાતીઓની નિઃશુલ્ક તપાસ કરવામાં આવતી હતી. તે સિવાય બ્લડ સુગરની તપાસ માત્ર રૂા. ૧૦/-ના ચાર્જથી થતી હતી. મેળા દરમ્યાન લગભગ ૩,૦૦૦થી વધારે મુલાકાતીઓએ ઉપરોક્ત વિવિધ સેવાઓનો લાભ લીધો.

❖ લોકોમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશથી તબીબી સાવચેતી, સારવાર અને પરીક્ષણો સંબંધી વિવિધ પ્રકારના ખાસ પોસ્ટર્સ - બેનર્સ તબીબી કેન્દ્રના વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવ્યા.

થયા બાદ, ત્રણે દિવસ મુલાકાતીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો હતો. રવિવારના અંતિમ દિવસે ખૂબ મોટી સંખ્યામાં લોકોએ મુલાકાત લઈને મેળાની રંગત માણી હતી તેમજ મોટા પ્રમાણમાં મુલાકાતીઓ ખરીદી કરતા પણ જોવા મળ્યા હતા. કચ્છની સ્વાદિષ્ટ દાબેલીથી લઈને અન્ય ખાદ્ય વાનગીઓ લેવા માટે મોટી લાઈન લાગતી હતી. તે સાથે, કચ્છના ફોટોગ્રાફ્સ અને પેઈન્ટિંગ્સ તેમજ કચ્છના લોક-સંગીત વાળી ગેલેરીઓએ પણ લોકોમાં ખાસ આકર્ષણ ઊભું કર્યું હતું.

અગર કચ્છમાં જઈને આ બધી કલાત્મક ચીજવસ્તુઓ જોવી હોય અથવા ખરીદવી હોય તો કચ્છના અલગ-અલગ વિસ્તારમાં લગભગ ૩૦૦થી વધુ કિ.મી.નો પ્રવાસ ખેડવો પડે. પરંતુ આ 'કચ્છી મેળા'માં તમામ ચીજવસ્તુઓ એક જ શામિયાણામાં મળી રહેવાના કારણે આમ પ્રજાજનોમાં ખાસ પ્રકારનું આકર્ષણ ઊભું કર્યું હતું.

### ● ફોટોગ્રાફી સ્પર્ધા :

પ્રવાસન ક્ષેત્રે કચ્છની સંસ્કૃતિ અજોડ છે. આ સંસ્કૃતિનો ધબકાર ઝીલવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ફોટોગ્રાફિક સોસાયટી ઓફ કચ્છ તથા અભય ડિજિટલ લેબ - ભુજના સૌજન્યથી 'કચ્છડો કામણગારો' કલર ફોટોગ્રાફ્સની એક સ્પર્ધા પણ આ મેળામાં યોજાઈ હતી.

આ સ્પર્ધામાં કચ્છ, સૌરાષ્ટ્ર

*બીજાઓ તમારા માટે શું વિચારે છે એની ચિંતા ન કરો, કારણ કે ભાગ્યે જ તેઓ તમારા માટે વિચારતા હોય છે.*

અને અમદાવાદના કુલ ૮૨ સ્પર્ધકોએ કચ્છનું ગ્રામ્યજીવન, ઐતિહાસિક સ્થળો, કુદરતનો નઝારો, વાઈલ્ડ લાઈફ, તહેવારો, રણોત્સવ વગેરેની ૩૫૧ તસવીરો સ્પર્ધામાં મોકલાવેલ હતી.

ફોટોગ્રાફી સ્પર્ધાનું પરિણામ નીચે પ્રમાણે જાહેર કરવામાં આવેલ.

★ પ્રથમ ઈનામ : ભુજના શ્રી અરવિંદ નાથાણી
તસવીર શિર્ષક : 'દરિયાએ ઓઢ્યું રંગભર્યું આકાશ'

★ દ્વિતીય ઈનામ : મુંદ્રાના શ્રી અશોક ચૌધરી
તસવીર શિર્ષક : 'લૉર્ડ ઑફ ગ્રાસલેન્ડ'

★ તૃતીય ઈનામ : મુંદ્રાના શ્રી કુલદીપસિંહ કટારિયા
તસવીર શિર્ષક : 'કલ્ચર એન્ડ ટ્રેડિશન'

★ ચતુર્થ ઈનામ : શ્રી દિનેશ પંચોલી

★ પાંચમું ઈનામ : અમદાવાદના શ્રી ક્રિશ્ચિયન જોએલ
તસવીર શિર્ષક : 'કીચન ક્વીન'

આ ફોટોગ્રાફી સ્પર્ધાના નિર્ણાયકો તરીકે અમદાવાદના ફોટોગ્રાફર શ્રી વિવેક દેસાઈ અને શ્રી મનોજ ધોળકિયાએ સેવા આપી હતી.

સ્પર્ધાના વિજેતાઓ તેમજ અન્ય સર્વે હિસ્સેદારોને સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા અને ફોટોગ્રાફિક સોસાયટી ઓફ કચ્છના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ ગાંધીએ અભિનંદન આપ્યા હતા.

**'કચ્છી મેળા'ના મુખ્ય સ્પોન્સર તરીકે નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) પ્રા.લિ.ના શ્રી છોટુભાઈ ગાલા અને શ્રી શાંતિલાલભાઈ ગાલા હતા. જ્યારે કો-સ્પોન્સર તરીકે (૧) દીપ ઈન્ડસ્ટ્રીઝ**

# "કચ્છી મેળા"માં તબીબી તપાસ

આ મેળામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરમાં બી.એમ.આઈ., આર.બી.એસ. (બ્લડ સુગર), બી.પી., દાંત, ડાયટ અને ફીઝિયોથેરાપી – તપાસ અને સારવારના વિભાગો રાખવામાં આવ્યા હતા. જેમાં બ્લડ સુગરની તપાસ તેમજ સ્વાસ્થ્ય પુસ્તિકાનું વિતરણ રૂા. ૧૦/-ના ચાર્જથી હતું જ્યારે અન્ય તમામ સેવાઓ નિઃશુલ્ક રાખવામાં આવી હતી.

જેમાં લાભ લેનાર 'કચ્છી મેળા'ના મુલાકાતીઓની વિગત નીચે પ્રમાણે હતી.

| તારીખ | બી.એમ.આઈ. | આર.બી.એસ. (બ્લડ સુગર) | બી.પી. | દાંત | ફીઝિયોથેરાપી | ડાયટ | સ્વાસ્થ્ય પુસ્તિકાનું વિતરણ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૨-૨-૨૦૧૩ | ૧૩૭ | ૧૪૮ | ૨૫૨ | ૧૧૬ | ૨૦ | — | — |
| ૨૩-૨-૨૦૧૩ | ૩૦૯ | ૨૪૦ | ૩૧૦ | ૧૭૯ | ૫૦ | ૧૦ | — |
| ૨૪-૨-૨૦૧૩ | ૩૨૩ | ૨૯૩ | ૨૮૬ | ૨૨૭ | ૮૭ | ૦૬ | ૧૭ |
| કુલ | ૭૬૯ | ૬૮૧ | ૮૪૮ | ૫૨૨ | ૧૫૭ | ૧૬ | ૧૭ |

આ રીતે ત્રણ દિવસ દરમ્યાન કુલ ૩,૦૧૦ મુલાકાતીઓએ ઉપરોક્ત સેવાઓનો લાભ લીધેલ હતો.

ઉપરોક્ત તપાસ ઉપરાંત મેડિકલ સેન્ટર દ્વારા જાહેર જનતાના હિતાર્થે અને સામાન્ય જાગૃતિ લાવવાના ઉદ્દેશથી તબીબી સંભાળ અને સારવાર સંબંધી અનેક સુંદર બેનર્સ, ચાર્ટસ અને ફોટોગ્રાફસ વ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. તેમજ વિવિધ પ્રકારના પેમ્ફલેટ્સનું વિતરણ કરવામાં આવતું હતું. સંખ્યાબંધ મુલાકાતીઓ તે સંબંધી વાતચીત કરીને જાણકારી મેળવતા નજરે પડતા હતા.

દાંત વિભાગમાં કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સીર એન્ડ રિસર્ચ સેન્ટર - બોપલ, અમદાવાદ તરફથી ડેન્ટલ ચેર, ડોક્ટર્સ સ્ટાફ તેમજ તેને સંબંધિત અન્ય સામગ્રીઓનું સૌજન્ય ડો. હિતેન્દ્ર શાહ તરફથી હતું.

જ્યારે બ્લડ સુગરના પરીક્ષણ માટે મે. એશિયન સર્જિકલ્સ, અમદાવાદના શ્રી શ્રેણીકભાઈએ સહયોગ આપેલ.

તે રીતે બ્લડ ગ્રુપ પરીક્ષણ અર્થે મેડિકલ વાહન અને તેના સ્ટાફની વ્યવસ્થા ડૉ. કેતન શાહ દ્વારા કરવામાં આવી હતી.

મેડિકલ વિભાગનું સંચાલન સમાજની તબીબી સેવા સમિતિના કન્વીનર શ્રી કાંતિલાલભાઈ સાવલા તેમજ સમિતિના અન્ય સભ્યશ્રીઓએ મેડિકલ સેન્ટરના તમામ સ્ટાફ વર્ગના સહયોગથી કરેલ હતું. જેમાં મુખ્ય જવાબદારી શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રીમતી દક્ષાબેન રાણાવત તેમજ શ્રી પીન્ટુભાઈ પટેલે બજાવેલ હતી.

*આપણું 'સત્ય' બધાનું સત્ય હોય એવો ભ્રમ રાખવાની જરૂર નથી.*

**લિ. ના શ્રી શાંતિલાલભાઈ સાવલા અને કાંતિલાલભાઈ સાવલા, (૨) દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શ્રી હિતેશભાઈ દાવડા, (૩) શ્રી હરખચંદભાઈ કુંવરજી સાવલા હતા.**

ઉપરોક્ત મેળાની ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતા, ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી દિલીપભાઈ પટેલ તથા પૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહે મુલાકાત લીધી હતી. તે ઉપરાંત મુલાકાતીઓમાં કાળુપુર વિભાગના કોર્પોરેટર શ્રી કાકુભાઈ અને ચુડાના નરેશ શ્રી ફાલ્ગુનસિંહજી ઝાલા પણ હતા.

તે સિવાય, ટૂરિઝમ ડિપાર્ટમેન્ટના શ્રી હેમંતભાઈ પ્રધાન તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હોદ્દેદારશ્રીઓ અને અન્ય સક્રિય કાર્યકરશ્રીઓએ પણ 'કચ્છી મેળા'ની મજા માણી હતી.

આ 'કચ્છી મેળા'માં 'દિવ્ય ભાસ્કર' મીડિયા પાર્ટનર તરીકે હતું.

મેળા દરમ્યાન "સંકલ્પ"ના સભ્યશ્રીઓ શ્રી પંકજ સાવલાના નેતૃત્વ હેઠળ સ્વયંસેવકો તરીકે તેમજ સમાજની કારોબારીના સભ્યશ્રી બચુભાઈ પી. રાંભિયા ત્રણે દિવસ મુલાકાતીઓની વ્યવસ્થા જાળવવામાં દિવસ-રાત સતત કાર્યરત રહ્યા હતા.

તેવી રીતે પ્રવેશ-પાસ કાઉન્ટર પર તેમજ સમગ્ર ક્ષેત્રે ત્રણે ભવનના તમામ સ્ટાફ વર્ગે ખૂબજ કપરી જવાબદારી અદા કરી હતી.

આ સિવાય સમાજ દ્વારા સોંપાયેલ જવાબદારી ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિના સભ્યો તેમજ અન્ય કાર્યકરોએ અથાગ પરિશ્રમ વેઠીને નિભાવેલ હતી.

મેળા સંબંધી કામગીરીમાં પાલડી ભવનના શ્રી પરાશર વ્યાસ સ્ટોરની તમામ પ્રકારની સાધન-સામગ્રીઓની વ્યવસ્થામાં અને પ્રવેશ-પાસ કાઉન્ટર પરની કામગીરીમાં કિન્નરીબહેન તેમજ છેલ્લા એક સપ્તાહથી બેનર્સ તૈયાર કરાવવા વગેરે કામગીરીમાં શ્રી કિશોરભાઈ ઠક્કર ખૂબ સક્રિય રહ્યા હતા.

મેળામાં ખૂબજ અગત્યની એવી જવાબદારી એટલે ફૂડ કોર્ટ. આ વિભાગમાં કારોબારી સમિતિના સભ્ય શ્રી સંદીપભાઈ મહેતા અને તેમની ટીમે ખૂબ સુંદર રીતે સંચાલન કર્યું હતું.

આ ભાતીગળ મેળામાં કચ્છની સૌમ્યમય સંસ્કૃતિના દર્શન થતા હોવાનું મુલાકાતીઓએ અનુભવ્યું હતું. કચ્છની ખુમારી, ખમીર અને ખાનદાનીનો ત્રિવેણી સંગમ એટલે કચ્છીયત. તેની આબેહૂબ ઝલક લોકોને આ મેળામાં જોવા મળી હતી.

***કે. આર. શાહ***
***કન્વીનર : 'કચ્છી મેળા' સમિતિ***
***સહયોગ : દિનેશ આર. મહેતા***

## કચ્છી મેળો

### ચમકારા

- ❖ કચ્છી મેળાની પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, પૂર્વ મુખ્યમંત્રી શ્રી દિલીપભાઈ પટેલ તથા પૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહે મુલાકાત લીધેલ હતી.
- ❖ કચ્છી મેળાનું ઉદ્‌ઘાટન અમદાવાદના મેયર શ્રી અસીત વોરાએ કરેલ હતું. એ સમયે અતિથિ વિશેષશ્રી તરીકે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ટ્રાન્સપોર્ટ સમિતિના ચેરમેન શ્રી અમિતભાઈ શાહ તથા શહેર ભાજપ પ્રમુખ શ્રી ગૌતમભાઈ શાહ ઉપસ્થિત રહેલ હતા.
- ❖ કાળુપુર વિભાગના કોર્પોરેટર શ્રી કાકુભાઈએ કચ્છી મેળાની મુલાકાત લીધેલ હતી.
- ❖ કચ્છના છ ધારાસભ્યશ્રીમાંથી કોઈપણ ધારાસભ્ય ઉપસ્થિત રહી શકેલ ન હતા.
- ❖ "કચ્છી મેળા" દરમ્યાન ૩૦૦૦ વ્યક્તિએ મેડિકલ સેન્ટરની વિવિધ સેવાનો લાભ લીધેલ હતો. અહીં દાંતની અને બ્લડ પ્રેશરની ચકાસણી, બી.એમ.આઈ. વગેરે નિઃશુલ્ક કરી આપવામાં આવતા હતા. આર.બી.એસ. - ડાયાબિટીસની ચકાસણી રૂા. ૧૦/-ના ટોકન દરે કરવામાં આવતી હતી. તે ઉપરાંત ડાયેટ, ફીઝિયોથેરાપી વગેરે વિભાગો પણ નિઃશુલ્ક ધોરણે ચાલુ હતા. વ્યક્તિએ પોતાના સ્વાસ્થ્ય સંબંધી જરૂરી નોંધ રાખવા એક પોકેટ બુકનું વિતરણ પણ કરવામાં આવેલ.
- ❖ લગભગ બધાજ સ્ટોલ ધારકો તેમના વેચાણથી અને મેળાની વ્યવસ્થાથી ખુશખુશાલ હતા અને ફરી ફરી આ પ્રકારના "કચ્છી મેળા" અમદાવાદમાં યોજવા જણાવી રહેલ હતા. એજ હકીકત અમદાવાદ સ્થિત સ્ટોલ ધારકોએ પણ જણાવેલ હતી.
- ❖ "કચ્છી ફુડ કોટ"ની વ્યવસ્થા ભુજની વિરામ હોટલના શ્રી સાત્વિક ગઢવીએ સંભાળેલ હતી. તેમનું કલેક્શન ધાર્યા કરતા પણ વિશેષ રહેવા પામેલ હતું.
- ❖ કચ્છી પેઈન્ટિંગ ગેલેરી, ફોટોગ્રાફસ ગેલેરી તથા કચ્છી સંગીતે મુલાકાતીઓમાં જબ્બર આકર્ષણ જમાવેલ હતું. અને તેમાં પણ ભુજના શ્રી મનોજભાઈ સોનીએ લાઈવ સ્કેચિંગ કરીને લોકોના મન જીતી લીધા હતા.
- ❖ "કચ્છી મેળા"માં મુલાકાતીઓના સતત ધસારાના કારણે કોઈના મોબાઈલ ફોન તથા પર્સની ચોરી અથવા ગૂમ થવા અંગેની કેટલીક ફરિયાદો થઈ હતી.
- ❖ કચ્છી મેળા દરમ્યાન શનિવાર, તા. ૨૩-૨-૧૩ના સતતપણે આઠ કલાક દરમ્યાન દર કલાકે ૧,૦૦૦ વ્યક્તિઓની એન્ટ્રી રહેવા પામેલ હતી કે જેના કારણે અનેક લોકો ખરીદીની મજા માણી શક્યા હતા. પરંતુ રવિવાર, તા. ૨૪-૨-૧૩ના સવારથી સાંજના ૪ વાગ્યા સુધી ધીમો પ્રવાહ હતો પરંતુ ૪ થી ૭ દરમ્યાન એક સાથે ૨૦૦૦થી ૨૫૦૦ વ્યક્તિની પ્રતિ કલાકે એન્ટ્રી રહેવા પામેલ. જેના કારણે મેળાના દરેક સ્ટોલ પર પુષ્કળ ભીડ જામી ગયેલ હતી અને લોકો ખરીદીની જોઈએ તે પ્રમાણમાં મજા માણી શકેલ નહીં.
- ❖ કચ્છી મેળાના ૩ દિવસ દરમ્યાન અંદાજિત ૨૫,૦૦૦ વ્યક્તિઓએ મુલાકાત લીધી હતી.
- ❖ કચ્છી મેળા દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૨૫ જેટલા કાર્યકરો, સ્ટાફના ૨૨ સભ્યો, ૪૦ વોલંટિયર્સ તથા ૨૨ સિક્યોરીટી સ્ટાફે સાથે રહીને કચ્છી મેળાની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળેલ હતી.

*સંબંધો ઘાસની જેમ ફૂટતા નથી હોતા પણ વૃક્ષની જેમ ઉછેરતા હોય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *દ્વારા આયોજિત*

# કચ્છી મેળો

## શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩થી રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩



ઉદ્‌ઘાટન સમયે કચ્છી વાજિંત્રો સાથે સજ્જ કલાકારો



મેયર શ્રી અસીત વોરા "કચ્છી મેળા"નું ઉદ્‌ઘાટન કરી રહ્યા છે.
ડાબેથી શ્રી અશોક મહેતા, શ્રી ભૂપેન્દ્ર પટેલ (સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન),
શ્રી શાંતિલાલ ગાલા, શ્રી મ. હું. ગોસર, શ્રી અતુલ સોની તથા સ્મિતાબેન શાહ



મેળામાં ફરતા ફરતા સાજીંદાઓ આગળ અને શ્રી અસીતભાઈ વોરા,
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શ્રી અમિતભાઈ શાહ પાછળ




મેળાના ઉદ્‌ઘાટન પછી મંચસ્થ મહાનુભાવો. ડાબેથી શ્રી મનુભાઈ શાહ,
શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી અમિતભાઈ શાહ, શ્રી ગૌતમભાઈ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,
શ્રી અસીતભાઈ વોરા, શ્રી શાંતિલાલભાઈ ગાલા, શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ



ઉદ્‌ઘાટન સમારંભ સમયે ઉપસ્થિત મહાનુભાવો. પ્રથમ હરોળમાં ડાબેથી શ્રી શાંતિલાલભાઈ સાવલા,
શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી અતુલભાઈ સોની, શ્રી જીતુભાઈ (ઈન્ડોવેઝ),
શ્રી સંજયભાઈ ઠક્કર તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કર



તા. ૨૩-૨-૨૦૧૩ના રોજ
મેળામાં ઉમટી પડેલ માનવ મહેરામણ.



તા. ૨૪-૨-૨૦૧૩ના રોજ
મેળામાં ઉમટી પડેલ માનવ મહેરામણ.



કોપર બેલનો સ્ટોલ



મોતીકામનો સ્ટોલ



ધડકી - પેચવર્કનો સ્ટોલ



ધડકી - ટાંકા કામનો સ્ટોલ



ભરતકામનું ડેમોન્સ્ટ્રેશન



વુડન વર્ક - બળદ ગાડું



મડ વર્ક - ફોટો ફ્રેમ



કુંભાર કામ



કુંભાર કામ



દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પ્લોટ બુકિંગનો સ્ટોલ.
શ્રી સંદીપ મહેતા શ્રી હસમુખ ગટેચાને સ્કીમનું પ્લાનિંગ સમજાવી રહ્યા છે.



મેડિકલ વિભાગના સ્ટોલમાં વિનામૂલ્યે પરીક્ષણ



મેડિકલ વિભાગના સ્ટોલમાં વિના મૂલ્યે દાંત ચિકિત્સા.



ઈન્સ્ટન્ટ સ્કેચીંગ - ભુજના વીરેન્દ્ર સોની
(આ કલાકાર ૧૫ મિનિટમાં સ્કેચ તૈયાર કરી આપે છે.)



કચ્છી વાજીંત્ર પર કલાકાર



કચ્છી વાજીંત્ર મોરચંગ વગાડતા દાનાભાઈ



કચ્છી વાજીંત્ર જોડિયાપાવા વગાડતા
એક કલાકાર



ફોટોગ્રાફ ગેલેરીમાં
કચ્છના મૂલ્યવાન ફોટોગ્રાફ્સ



કચ્છી ફૂડ કોર્ટ

# સિનિયર સિટીઝન

## 'ડાયરા'ના કાર્યક્રમે રંગ જમાવ્યો

*"મનસુબો કરે છે તેને રસ્તો જડે છે,
ને રસ્તો જડે તેને મંઝિલ મળે છે."*

આજે ધાંધલ-ધમાલવાળા અને કોઈપણ જાતના ભાવ - લાગણી કે રસ વગરના તદ્દન અર્થહીન ફિલ્મી ગીત-સંગીત આપણે નાછૂટકે માણી રહ્યા છીએ. એટલું જ નહીં પરંતુ ભારતીય અસલ સંગીત - સુગમ સંગીત ધીરે ધીરે વિસરાતું જાય છે. ત્યારે સમિતિ દ્વારા તા. ૨૬-૧-૨૦૧૩ના રોજ યોજાયેલ 'ડાયરા'ના વિશિષ્ટ કાર્યક્રમે રંગ જમાવ્યો હતો.

*આય વલો અસાંજો વતન
મુંજી માતૃભૂમિ કે નમન.*

★

*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત
ચોમાસે વાગડ ભલો, મુંજો કચ્છડો બારેમાસ.*

★

ગુજરાતના લોક સાહિત્ય જગતના ઉચ્ચ કોટીના કલાકાર શ્રી પ્રતાપભાઈ રાવલ દ્વારા આ પ્રકારની કર્ણપ્રિય અને તન-મનને ડોલાવતી વિવિધ રજૂઆતથી શ્રોતાઓ આનંદવિભોર થઈ ગયા હતા. ડાયરા થકી શ્રી રાવલની બહુમુખી પ્રતિભાનાં દર્શન થયા હતા. તેમની એક-એકથી ચડિયાતી પ્રસ્તુતિ દ્વારા કાર્યક્રમ દીપી ઊઠ્યો હતો.

તે ઉપરાંત, મનુષ્ય જીવનને સ્પર્શતા પ્રસંગો - ઉદાહરણો વગેરે રજૂ કરીને પ્રેક્ષકોની દાદ મેળવી હતી. તેમનાં વાદ્યવૃંદે પણ બરાબર જમાવટ કરી હતી.

ડાયરાનો રંગારંગ કાર્યક્રમ શરૂ થતાં જ શ્રી પ્રતાપભાઈના મુખમાંથી વાણીની સરિતા એવી રીતે સરતી હતી કે શ્રોતાગણ થોડીવારમાં હાસ્યરસમાંથી કરુણ રસ અને તેમાંથી વીર રસ કે શૃંગાર રસમાં સરી પડતો હતો. તેમણે 'બે ધોતી', 'આંધળી માના કાગળ' જેવા રસલ્હાણથી શ્રોતાઓની આંખમાં આંસુ લાવી દીધા હતા. તો 'બહારવટિયા અને બંદૂકની કહાની' પરથી સૌને ખડખડાટ હસાવી દીધા હતા. જેસલ જાડેજાના હાથમાં ખીલા ઠોકવાની વાત પરથી વીર રસ ઉત્પન્ન કર્યો હતો. તો સતી તોરલની વાતથી શૃંગાર રસ ખડો કરી દીધો હતો.

કાર્યક્રમ તો નિર્ધારિત સમયે પૂર્ણ કરવાનો હતો પણ તેમની રસઝરતી વાણીથી પ્રભાવિત શ્રોતાઓની માંગણીને ધ્યાનમાં લઈ કડકડતી ઠંડીમાં પણ કાર્યક્રમની મર્યાદા વધારવી પડી હતી.

શ્રી રાવલે છેલ્લા ૫૦ વરસથી સતત ગામડાંઓ ખૂંદી લોકસાહિત્યનું ભાથું ભેગું કર્યું છે. શ્રી પ્રતાપભાઈ રાવલે એશિયા, યુરોપ, આફ્રિકા, કેનેડા અને વિશ્વના અનેક દેશોમાં ૩૫૦૦ કરતાં પણ વધારે કાર્યક્રમ આપેલા છે. તેમને 'ગુજરાત રત્ન', 'પ્રાઈડ ઓફ ઈન્ડિયા', 'કલ્ચર એમ્બેસેડર' જેવા ઈલકાબોથી વિવિધ સ્થળોએ જાહેર કાર્યક્રમોમાં સન્માનવામાં આવ્યા છે.

યોગાનુયોગ આ કાર્યક્રમના દિવસે શ્રીમતી તરુબેન નરેન્દ્ર છગનલાલ શાહ અને શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ (કાર્યક્રમના મુખ્ય સ્પોન્સર) તથા શ્રીમતી દમયંતીબેન દિલીપભાઈ દંડ તથા શ્રી દિલીપભાઈ કુંવરજી દંડની લગ્ન વર્ષગાંઠ હતી. તેઓના હસ્તે શ્રી પ્રતાપભાઈ રાવલનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ સાથે જ સૌ શ્રોતાગણે બંને યુગલોને સ્વાસ્થ્યમય દીર્ઘ લગ્ન જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

વિદાય પહેલાં મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે ઉદ્‌બોધન કર્યું હતું અને શ્રી રજનીકાંત પારેખે આભારવિધિ કરી હતી.

આમ 'ડાયરા'નો એક અવિસ્મરણીય કાર્યક્રમ વડીલો સાથે સૌ શ્રોતાઓએ રંગેચંગે માણ્યો હતો.

***કન્વીનર : રજનીકાંત પારેખ - વયસ્ક સમિતિ***

***(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૮૯)***

## એક સત્ય

લખેલા કાગળ ઉપર એક ટપકું કરવામાં આવે તો તેને પૂર્ણવિરામ કહેવામાં આવે છે. આ ટપકા કે બિંદુની નથી કોઈ લંબાઈ કે પહોળાઈ; નથી કોઈ ઊંચાઈ કે ઊંડાઈ. બીજી રીતે વૈજ્ઞાનિક ભાષામાં એમ કહી શકાય કે બિંદુને કોઇ પરિમાણ નથી પણ આ બિંદુની તાકાત જોરદાર છે. એક બિંદુના ફરકથી 'ચિંતા' 'ચિતા'માં પરિણમી શકે.

આંકડાશાસ્ત્રીઓ કહે છે કે બિંદુના ફેરફારથી રકમ દસ ગણી મોટી કે દસમા ભાગની થઈ જાય છે. આમ, પરિમાણ વગરની વસ્તુ ઘણી મોટી ઉથલપાથલ કરી શકે છે તો પરિમાણવાળી વસ્તુ તો ઘણા ફેરફાર કરી શકે.

રેખાને માત્ર એક જ પરિમાણ હોય છે અને તે છે લંબાઈ. લંબાઈ ઓછી હોય તો તેના પરિણામે વ્યક્તિની આખી જિંદગી પણ કોઈવાર બદલાઈ જાય છે. દા.ત. લશ્કરમાં પાંચ ફુટ ઊંચાઈ (લંબાઈ) વાળી વ્યક્તિઓ જ લેવાનો નિયમ હોય તો ૪ ફુટ ૧૦ કે ૧૧ ઇંચ ઊંચાઈવાળો માણસ પસંદગી પામતો નથી અને તેને કોઈ જગ્યાએ ચોકીદારની નોકરી કરવી પડે છે. ૪ ફૂટ લંબાઈ (ઊંચાઈ) વાળી છોકરીને પરણવા માટે યોગ્ય સાથીદાર શોધવામાં તકલીફ થઈ શકે છે.

પડછાયા કે છાયાને બે પરિણામ હોય છે — લંબાઈ અને પહોળાઈ. પણ ગમે તેવી વસ્તુની છાયા તો કાળી જ હોય છે.

બીજી બધી વસ્તુઓના ત્રણ પરિમાણ હોય છે : લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ. માનવીની આંખ આ ત્રણ પરિમાણ જ જોઈ શકે છે.

***પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા***

*જીવનની ચોપાટ પર સોગઠીઓ સંતાડીને રમી શકાય નહિ.*

# તબીબી સેવા સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરમાં રવિવાર, તા. ૨૪-૦૩-૨૦૧૩ના રોજ સવારના ૯ થી ૧૨ દરમ્યાન આંખના મોતિયા સંબંધી નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યોગ્ય નિદાન બાદ રૂા. ૫,૦૦૦/-વાળું મોતિયાનું ઑપરેશન રૂા. ૩,૦૦૦/-માં થઈ શકશે. તે સિવાય, એનેસ્થેશિયા તથા મણિના માપના કુલ ચાર્જ રૂા. ૫૫૦/-ના બદલે રૂા. ૫૦૦/-નો ચાર્જ થશે.

ઈચ્છુક લાભાર્થીઓએ નામની નોંધણી શ્રી કચ્છી જૈન ભવન સ્થિત મેડિકલ સેન્ટરમાં તાત્કાલિક કરાવવા વિનંતી. નામની નોંધણી વહેલા તે પહેલાના ધોરણે થશે.

વધુ માહિતી માટે મેડિકલ સેન્ટરનો સંપર્ક થઈ શકશે.

*કન્વીનર - તબીબી સેવા સમિતિ*

## "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

**આગામી કાર્યક્રમો**

★ **તા. ૨૪/૨૫-૩-૨૦૧૩ : પાલીતાણા છ ગાઉ જાત્રા.** (નવકાર તીર્થ, તગડી, અયોધ્યાપુરમ્, વલ્લભીપુર, કીર્તિધામ અને સોનગઢ)નો બે દિવસનો ધાર્મિક પ્રવાસ રાખેલ છે.

*ચાર્જ* : સમાજના સભ્યો માટે રૂા. ૩૦૦/- પ્રતિ વ્યક્તિ (પાંચ વર્ષ સુધીના બાળક નિઃશુલ્ક)
વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે.

*પ્રયાણ* : તા. ૨૪-૩-૨૦૧૩ રવિવારે સવારે ૬.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદથી બસ ઉપડશે.

*આગમન* : તા. ૨૫-૩-૨૦૧૩ રાત્રિના પરત.

યાત્રા પ્રવાસ દરમ્યાન કાર્યક્રમ અંગે જરૂરી ફેરફાર 'સંકલ્પ' દ્વારા થઈ શકશે.

**સંપર્ક સૂત્ર :**
પીયૂષ સાવલા : ૯૮૭૯૪૯૬૧૩૯
નીતિન શાહ : ૯૯૭૯૮૮૨૪૦૧
જયદીપ મૈશેરી : ૯૦૧૬૦૭૬૬૨૬

★ તા. ૨૭-૩-૨૦૧૩ બુધવારનાં રોજ સવારે ૧૦થી ૧ દરમ્યાન સમાજનાં યુવા સભ્યો માટે ધૂળેટી કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આયોજિત કરવામાં આવેલ છે. કાર્યક્રમને અંતે ભોજનની વ્યવસ્થા રાખેલ છે. તે સંબંધિત પાસ કાર્યક્રમનાં દિવસે સવારના ૧૧ વાગ્યા સુધી પ્રાપ્ત કરી શકાશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માગતા યુવા સભ્યોએ તેમના નામ તા. ૨૩-૩-૨૦૧૩ સુધી ઉપરોક્ત સંપર્ક સૂત્ર પાસે નોંધાવી દેવા વિનંતી. જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

*નીતિન શાહ - મંત્રી, "સંકલ્પ"*

# શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ

ઈસુ ખ્રિસ્તનું નવું વર્ષ એટલે કે ૨૦૧૩ના વર્ષમાં આપણે પદાર્પણ કરી ચૂક્યા છીએ. ચાલુ વર્ષ દરમ્યાન આપણે સૌ સાથે હળીએ - મળીએ, કંઈક નવું શીખીએ, નવું જાણીએ તથા દરેક રીતે પ્રગતિ કરીએ એવી અમારી હાર્દિક શુભેચ્છાઓ!!

તા. ૨૨-૨-૨૦૧૩ના રોજ ગાર્ડન પાર્ટી - કાર્યક્રમ આપણે સૌએ ખૂબ આનંદમય અને ઉત્સાહપૂર્વક માણ્યો.

વર્ષ દરમ્યાન નીચે જણાવ્યા પ્રમાણેના અન્ય કાર્યક્રમોનું આયોજન છે. જેમાં ઉત્સાહથી ભાગ લેવા આપને અમારું હાર્દિક નિમંત્રણ છે.

★ **વાનગી સ્પર્ધા : તા. ૨૬-૭-૨૦૧૩ ને શુક્રવાર** ના રોજ વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. (મિષ્ટાન્ન તથા ફરસાણ)

**વિષય : વેસ્ટમાંથી બેસ્ટ.**

**સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**સમય : બપોરના ૩.૦૦ થી ૫.૩૦ કલાક**

***ખાસ નોંધ*** : વાનગી સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોએ મોડામાં મોડા ૩.૧૫ કલાક સુધીમાં પોતાનું નામ રજિસ્ટર કરાવી દેવું પડશે. મોડા આવનાર બહેનો સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.

★ **નવરાત્રી ગરબા : તા. ૭-૧૦-૨૦૧૩ ને સોમવાર (ત્રીજું નોરતું)** ના રોજ નવરાત્રી નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ઢોલીના તાલે બહેનો ગરબાની મજા માણી શકશે.

**સ્થળ : એલિસબ્રિજ મહિલા સમાજનો હોલ, પાલડી ચાર રસ્તા.**

**સમય : બપોરના ૩.૦૦ થી ૫.૦૦ કલાક**

***ખાસ નોંધ*** : (૧) ગરબાના કાર્યક્રમમાં બહેનોએ દાંડિયા પોતાના ઘરેથી લાવવાના રહેશે. (૨) હાજર લ્હાણી આપવામાં આવશે. (૩) ફરાળી નાસ્તાને ન્યાય આપી છૂટા પડીશું.

★ **પિકનિક નંદાસણ : તા. ૨૩-૧૨-૨૦૧૩ને સોમવાર**ના રોજ નંદાસણ ખાતે પિકનિકનું આયોજન કરવામાં આવેલ છે.

**સમય : સવારના ૧૦.૩૦થી સાંજના ૬.૦૦ કલાક**

***ખાસ નોંધ*** : (૧) પિકનિક માટેના રૂા. ૩૦૦/- મોડામાં મોડા નવરાત્રીના કાર્યક્રમ વખતે ભરીને પોતાના નામ નોંધાવવાના રહેશે. (૨) પિકનિકના નામો વહેલા તે પહેલાના ધોરણે નોંધાશે.

***ખાસ નોંધ : શ્રી કચ્છી મહિલા સમાજના કોઈપણ કાર્યક્રમમાં નાના બાળકોને સાથે ન લાવવા વિનંતી.***

*શ્રીમતી ચંદ્રિકા દેઢિયા – પ્રમુખ (૨૬૮૫૯૭૦૭)*
*શ્રીમતી મીનાક્ષીબહેન માંકડ – મંત્રી (૨૬૬૨૦૩૯૭)*

*બધા સંયોગો બરાબર થાય એની રાહ જોઈને ચાલવાનું રાખશો તો તમે ચાલી જ નહિ શકો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જાન્યુઆરી - ૨૦૧૩ / ફેબ્રુઆરી - ૨૦૧૩

- **મંગળવાર, તા. ૨૯-૧-૨૦૧૩**
આજરોજ કચ્છી મેળાના અનુસંધાને શ્રી કચ્છી જૈન ભવન પર એક મીટિંગ યોજેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી અશોક મહેતા ઉપરાંત શણગાર ડેકોરેટર્સવાળા શ્રી સમીરભાઈ શાહ તેમજ ભુજની વિરામ ગાર્ડન હોટલવાળા શ્રી સાત્વિક ગઢવી ઉપસ્થિત રહેલ હતા. કચ્છી મેળાના અન્ય આયોજનોની સાથે સાથે "કચ્છી ફુડ કોટ"ના આયોજનો વિશે વિગતવાર ચર્ચા કરી, તે અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

- **બુધવાર, તા. ૩૦-૧-૨૦૧૩**
બહેરામપુરા ખાતેની આવાસ યોજનામાં રહેતા બે પરિવારો વચ્ચે આંતરિક મુશ્કેલીઓ સર્જાતા બંને પરિવારોને અલગ અલગ રીતે શ્રી કચ્છી જૈન ભવન પર બોલાવવામાં આવેલ હતા અને બંને પરિવારોની વાતો સાંભળી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી વીરેન્દ્રભાઈ લોડાયા, શ્રી ભરતભાઈ ગાલા તથા શ્રી દિનેશભાઈ મૈશેરી ઉપસ્થિત રહેલ હતા.

- **ગુરુવાર, તા. ૩૧-૧-૨૦૧૩**
આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર લૂણી પાંજરાપોળના અધ્યક્ષ શ્રી વશનજીભાઈ સોની પધારેલ હતા. તેમની સાથે "ઓનલાઈન સર્વિસ"વાળા શ્રી રાગેશભાઈ પણ ઉપસ્થિત રહેલ હતા. શ્રી અશોક મહેતાએ તેમની સાથે કચ્છમાં ઘાસચારાનો અભાવ, ઓનલાઈન મશીન, ઘાસ ઉગાડવાના મશીન વગેરે બાબતે ચર્ચા કરેલ હતી. શ્રી આનંદ વોરા પણ ઉપસ્થિત રહેલ હતા.

★

આગામી તા. ૨૨-૨-૧૩થી તા. ૨૪-૨-૧૩ દરમ્યાન યોજાનાર "કચ્છી મેળા"ની જાહેરાત શ્રી કચ્છી જૈન ભવન પરના ડિસ્પ્લે બોર્ડ પર આજથી શરૂ કરી દેવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૧-૨-૨૦૧૩**
કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત "કચ્છનો સર્વાંગ ઈતિહાસ" પુસ્તકનું વિમોચન તા. ૩-૨-૧૩ના ભુજ ખાતેના વિમોચન સમારંભની તૈયારી સ્વરૂપે તથા તા. ૨૨-૨-૧૩થી તા. ૨૪-૨-૧૩ દરમ્યાન અમદાવાદ ખાતે યોજવામાં આવનાર "કચ્છી મેળા"ની તૈયારી અર્થે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.આર. શાહ આજરોજ કચ્છ ગયેલ હતા. ભુજ, રામાણિયા વગેરે સ્થળે મુલાકાત લઈ બિદડામાં સર્વોદય હોસ્પિટલના શ્રી શાંતિલાલભાઈ વીરાને મળેલ હતા. ત્યારબાદ બિદડામાં તેઓએ શ્રી દામજીભાઈ એંકરવાલાની મુલાકાત પણ લીધેલ હતી. શ્રી દામજીભાઈ સાથે તા. ૩-૨-૧૩ના ઈતિહાસ વિમોચન અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. આ પ્રવાસ દરમ્યાન ભુજથી શ્રી વિનોદભાઈ ગાલા સાથે રહેલ હતા.

- **શનિવાર, તા. ૨-૨-૨૦૧૩**
શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.આર. શાહ આજરોજ ભુજ ખાતે પ્રથમ ડૉ. કાંતિભાઈ ગોરને મળી આવતી કાલના ઈતિહાસ વિમોચનના કાર્યક્રમની ચર્ચા કરી. ત્યારબાદ તેઓએ માધાપર ખાતે શ્રી શશીકાંતભાઈ ઠક્કરને મળી ઈતિહાસ વિમોચનના કાર્યક્રમ અંગે જરૂરી નિર્ણયો લીધેલ હતા. ત્યારબાદ ભુજોડી ખાતે હીરાલક્ષ્મી પાર્કમાં બોલાવવામાં આવેલ અને કચ્છના જુદા જુદા ગામથી આવેલ અંદાજિત ૪૦ જેટલા કસબીઓ સાથે તેઓએ "કચ્છી મેળા"ના કાર્યક્રમની વિગતોની ચર્ચા કરી. ઉપસ્થિત લગભગ બધા લોકોએ પોતાના બનાવવામાં આવેલ માલના પ્રદર્શન તથા વેચાણના ફોર્મ કચ્છી મેળામાં ઉપસ્થિત રહેવા માટે ભરી આપ્યા. હીરાલક્ષ્મી પાર્કના શ્રી હિંમતભાઈ તથા કરશનભાઈએ આ કાર્યવાહી માટે આપણને સુંદર સાથ અને સહકાર આપ્યો. નાદુરસ્ત તબિયતના કારણે હીરાલક્ષ્મી પાર્કના રાગિણીબેન આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકેલ ન હતા.

★

આજરોજ બપોરના ભાગે શ્રી મકરંદ મહેતા, શ્રીમતી સીરીનબેન મહેતા તથા શ્રી આર.ટી. સાવલિયા અમદાવાદથી આવતીકાલના ઈતિહાસના વિમોચન કાર્યક્રમ માટે ભુજ આવી ગયેલ હતા.

★

અભય કલર લેબવાળા શ્રી પ્રદીપભાઈ ગાંધીના પ્રયાસથી આજે સાંજના ૪.૦૦ વાગે ભુજ ખાતેના સરકીટ હાઉસમાં એક પત્રકાર પરિષદ યોજવામાં આવેલ હતી. લગભગ પચ્ચીસની સંખ્યામાં રિપોર્ટરો તથા ફોટોગ્રાફરો ઉપસ્થિત રહેલ હતા. પત્રકાર પરિષદ યોજવાના બે કારણ હતા : (૧) તા. ૩-૨-૧૩ના ભુજ ખાતે યોજવામાં આવેલ "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ" પ્રાયોજિત "કચ્છનો સર્વાંગ ઈતિહાસ" ગ્રંથનું વિમોચન અને (૨) તા. ૨૨-૨-૧૩થી તા. ૨૪-૨-૧૩ દરમ્યાન અમદાવાદ ખાતે યોજવામાં આવેલ "કચ્છી મેળો." ઉપસ્થિત પત્રકારોને બંને કાર્યક્રમની વિગતવાર માહિતી આપવામાં આવેલ હતી.

- **રવિવાર, તા. ૩-૨-૨૦૧૩**
આજરોજ ભુજ ખાતે "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ" દ્વારા "કચ્છનો સર્વાંગ ઈતિહાસ" ગ્રંથના વિમોચનનો કાર્યક્રમ

*માત્ર એક વિચાર, એક સ્મિત, એક ઉત્સાહપ્રેરક શબ્દ ઘણો બધો બોજ હળવો કરી નાખે છે.*

શ્રી દામજીભાઈ એંકરવાલાના વરદ્ હસ્તે રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમ એંકર સર્કલ પાસે વાગડ બે ચોવીસી જૈન યુવક મંડળના વિવિધલક્ષી સંકુલ ખાતે યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કચ્છના અધિક કલેક્ટર શ્રી ડી.બી. શાહ અને અતિથિ વિશેષશ્રી તરીકે કચ્છના નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એન.આર. ટોપરાણી ઉપસ્થિત રહેલ હતા. સંસ્થાના આમંત્રણને માન આપી ભુજના મેયર શ્રી શંકરભાઈ ઠક્કર પણ અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેલ હતા. શ્રી મકરંદ મહેતા તથા શ્રી આર.ટી. સાવલિયાએ પોતાના વિષયે અભ્યાસપ્રદ પ્રવચનો આપેલ હતા. ઈતિહાસના દરેક લેખકશ્રીનું બહુમાન કરવામાં આવેલ હતું. કચ્છના અને ભુજના વિચારવંત નાગરિકોથી હોલ ઠસોઠસ ભરેલ હતો. કાર્યક્રમ તેની અપ્રતીમ સફળતાને વરેલ હતો. આ પ્રસંગે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અમદાવાદ તથા કચ્છના અનેક સભ્યો તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અનેક સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

★

આજરોજ બપોરના ભુજ ખાતે "કચ્છી મેળા"ના અનુસંધાને શ્રી એલ.પી. શાહ તથા શ્રી સાત્ત્વિક ગઢવી સાથે અલગ અલગ સમયે મીટિંગ ગોઠવવામાં આવેલ હતી.

★

આજરોજ સાંજના શ્રી અશોક મહેતા, શ્રી કે.આર. શાહ તથા શ્રી પ્રતાપભાઈ દંડે શ્રી દામજીભાઈ એંકરવાલા સાથે રહીને શ્રી બીરજુ શાહના જી.એમ.ડી.સી.વાળા રિસોર્ટની મુલાકાત લીધેલ હતી. શ્રી એલ.પી. શાહ, શ્રી વીરેન શાહ, શ્રી શીતલ મહેતા વગેરે પણ ઉપસ્થિત રહેલ હતા. જી.એમ.ડી.સી.ના આ ગેસ્ટ હાઉસને શ્રી બીરજુભાઈ શાહે એક અદ્યતન રિસોર્ટમાં ફેરવી નાંખેલ છે કે જેનું નિરીક્ષણ માત્ર, એક લહાવો બની રહે છે.

★

આજરોજ ભુજ ખાતે ઘાસચારા સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી વશનજીભાઈ સોની, શ્રી મહેન્દ્ર ગઢવી તથા શ્રી મનોજ સોલંકી ઉપસ્થિત રહેલ હતા. અત્યારે ચાલે છે તેના કરતા આ બાબતે વધુ પ્રગતિ કઈ રીતે સાધી શકાય તેની ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૪-૨-૨૦૧૩**

  શ્રી કે.આર. શાહ તથા શ્રી પ્રતાપભાઈ દંડે ભુજના શ્રી એલ.પી. શાહને સાથે રાખી કચ્છના કેટલાક ગામડાઓમાં જઈ વિવિધ કસબીઓની મુલાકાત લઈ તેઓને કચ્છી મેળામાં પોતાની ઉપજના માલ સાથે ઉપસ્થિત રહેવા આમંત્રિત કર્યા અને તેઓને કચ્છી મેળામાં ઉપસ્થિત રહેવા નક્કી પણ કર્યા.

- **મંગળવાર, તા. ૫-૨-૨૦૧૩**

  'કચ્છનો સર્વાંગ ઈતિહાસ' પ્રસિદ્ધ થયા બાદ શ્રી દિનકર મહેતા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેમની સાથે રૂબરૂમાં ચર્ચા થઈ. માંડવીથી ડૉ. પુલીન વસાનો પણ લગભગ આવા જ કારણોસર ફોન હતો. શ્રી મનુભાઈ શાહ સાથે પાદનોંધ કે સંદર્ભ સૂચિ બાબત ચર્ચા થયેલ. આ બધા જ કારણોસર નજદીકના ભવિષ્યમાં પરામર્શક સમિતિ તથા સંપાદન સમિતિની સંયુક્ત મીટિંગ બોલાવવાનું, ડૉ. કાંતિભાઈ ગોર તથા શ્રી હંસરાજભાઈ કંસારા સાથે નક્કી કરવામાં આવ્યું.

- **બુધવાર, તા. ૬-૨-૨૦૧૩**

  શ્રી કે.આર. શાહ તથા શ્રી પ્રતાપભાઈ દંડ કચ્છના પ્રવાસેથી આજે અમદાવાદ પરત આવી ગયા હતા. તેમણે "કચ્છી મેળા"માં ઉપસ્થિત રહેનાર કચ્છી ગૃહ ઉદ્યોગના ઉત્પાદકોની વિગતવાર માહિતી આપેલ હતી.

- **ગુરુવાર, તા. ૭-૨-૨૦૧૩**

  આવાસ ભવનની મેઈન્ટેનન્સ સમિતિના પ્રમુખ શ્રી દિનેશભાઈ મૈશેરી આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા અને તેઓએ નવનીત ભવનની કેટલીક માહિતીઓ રજૂ કરેલ હતી.

  ★

  એપ્રિલ-૨૦૧૩માં પ્રસિદ્ધ કરવામાં આવનાર "કચ્છી સંસ્થા વિશેષાંક" માટે આજરોજ શ્રી દિનેશભાઈ મહેતા સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી અને તેના અનુસંધાને કેટલીક સંસ્થાઓને ફોન કરી તેમની માહિતી મોકલી આપવાનું જણાવવામાં આવેલ હતું.

- **શુક્રવાર, તા. ૮-૨-૨૦૧૩**

  નવનીત ભવનમાં નવીનચંદ્ર રામજી સતરા (કોલસાવાળા)ને બે વર્ષ અગાઉ ફ્લેટ નં.-૪૦૮ ફાળવેલ. પરંતુ આજ દિન સુધી તેઓએ નિયમિતપણે ત્યાં વસવાટ કરવાનું ચાલુ કરેલ ન હોવાથી તેમને બોલાવવામાં આવેલ હતા. તેમના વતી તેમના સુપુત્ર અભયભાઈ રૂબરૂ આવેલ હતા. તેમણે ઈલેક્ટ્રિક વપરાશના જે બીલ બતાવેલ તેના પરથી સાબિત થયેલ હતું કે એ બીલના મિનિમમ ચાર્જિસ હોવાથી તેઓ ફ્લેટનો નિયમિતપણે વપરાશ કરતા નથી. તેમને આ ફ્લેટ પરત સોંપી દેવાનું જણાવવામાં આવેલ છે.

- **શનિવાર, તા. ૯-૨-૨૦૧૩**

  કચ્છી મેળાના ઉદ્‌ઘાટન માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને આમંત્રિત કરવા માટે રૂબરૂ મળવા આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કે.આર. શાહ, શ્રી મનુભાઈ શાહ તથા શ્રીમતી ફાલ્ગુની હીરેન ગાંધીનગર ખાતેના તેમના બંગલે ગયેલ હતા. પરંતુ તેઓ અન્ય કાર્યક્રમમાં વ્યસ્ત હોવાના કારણે તેમની સાથે મુલાકાત થઈ શકેલ ન હતી. શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩ના સવારના ભાગે ગુજરાત વિધાનસભાની બેઠક ચાલુ હોવાથી તેઓ એ સમય ફાળવી શકશે

*તમે બાળકો જેવા થવાનો પ્રયત્ન કરજો. એમને તમારા જેવા બનાવવા મથશો નહિ.*

નહીં, તેમ તેમના પી.એ. મારફત તેઓશ્રીએ સંદેશો મોકલેલ હતો.

★

નવનીત આવાસ ભવન પરથી ૧૦૮ નંબરના ફલેટવાળા શ્રી રમણભાઈ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા અને ફલેટ ખાલી કરવા માટે થોડા વધુ સમયની માંગણી કરેલ હતી. તેમને તેમની અરજી લેખિતમાં મોકલી આપવા જણાવવામાં આવેલ હતું.

★

નવનીત આવાસ ભવન પરથી ૪૦૮ નંબરના શ્રી અભયભાઈ કોલસાવાળા પણ આજરોજ ફરીથી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેઓ ત્યાં હવેથી રહેવા આવશે તેમ તેમણે જણાવેલ. ટ્રસ્ટ મંડળના નિર્ણય માટે લેખિત સ્વરૂપે અરજી મોકલી આપવા તેમને જણાવવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૧૨-૨-૨૦૧૩**
  આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.આર. શાહ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગયેલ હતા. મેયર શ્રી અસીતભાઈ વોરાને મળી તા. ૨૨-૨-૨૦૧૩ના સવારમાં ૧૦ વાગે તેઓ "કચ્છી મેળા"નું ઉદ્‌ઘાટન કરશે તેવું તેમની સાથે નક્કી કરવામાં આવ્યું. ત્યારબાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ટ્રાન્સપોર્ટ સમિતિના ચેરમેન શ્રી અમિતભાઈ શાહ સાથે આ સમયે અતિથિ વિશેષશ્રીઓ તરીકે ઉપસ્થિત રહેવાનું નક્કી કરવામાં આવ્યું.

★

ઉપરોક્ત વિગતો નક્કી થયેથી "કચ્છી મેળા"ની આમંત્રણ પત્રિકા તૈયાર કરીને તે ૧૦,૦૦૦ની સંખ્યામાં છપાવવા માટે આપવામાં આવી.

- **બુધવાર, તા. ૧૩-૨-૨૦૧૩**
  આજરોજ ગુજરાત ટુરિઝમના ઓફિસર શ્રી હેમંત પ્રધાન તથા કચ્છમાં ગાઈડ તરીકે કામ કરતા શ્રી સ્મિત જેઠી શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેમની સાથે "કચ્છી મેળા"ના અનેકવિધ પાસાઓ બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. તેમની સાથે "હેરિટેજ હોમ"માં જઈ દિવ્ય ભાસ્કરની ભુજ એડિશનના તંત્રી શ્રી વિપુલ વૈદ્ય તથા અમદાવાદના રિપોર્ટર શ્રી ભાવિક કે. વોરાની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી. કચ્છી મેળાના પ્રસંગે "દિવ્ય ભાસ્કર" મીડિયા પાર્ટનર તરીકે જોડાવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૧૬-૨-૨૦૧૩**
  આજરોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જે તે વિભાગમાં જઈ શ્રી કે.આર. શાહે અમદાવાદના વિવિધ ચાર રસ્તાઓ પર "કચ્છી મેળા"ની જાહેરાત માટેના ૩૨ હોર્ડિંગ્સ નક્કી કરેલ હતા. આવતા ત્રણ-ચાર દિવસમાં આ હોર્ડિંગ્સ દ્વારા "કચ્છી મેળા"ના પ્રચારની શુભ શરૂઆત થઈ શકશે. જોકે અત્યાર સુધી ૧૫૦ જેટલી રિક્ષામાં "કચ્છી મેળા"ની જાહેરાતના બેનર્સ લગાવી દેવામાં આવેલ છે.

- **રવિવાર, તા. ૧૭-૨-૨૦૧૩**
  આજરોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. ક્રેડિટ સોસાયટી, કચ્છી મેળો, તા. ૧૭-૩-૨૦૧૩ તથા તા. ૧૩-૪-૨૦૧૩ના સુવર્ણ જયંતી વર્ષના બાકી રહેતા મુખ્ય કાર્યક્રમોની ચર્ચા તથા મંગલ મંદિરમાં આવતી જાહેરાતોના ભાવ વધારા અંગેની ચર્ચા કરવામાં આવેલ હતી.

★

આજરોજ બપોરના ૩ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર કેટલાક કાર્યકરોની મીટિંગ મળેલ હતી. અંદાજિત ૨૫ની સંખ્યાના કાર્યકરો ઉપસ્થિત રહેલ હતા. "કચ્છી મેળા"ના વિવિધ કાર્યોની જવાબદારી જે તે વ્યક્તિને સોંપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **સોમવાર, તા. ૧૮-૨-૨૦૧૩**
  આજરોજ દિવ્ય ભાસ્કરના સ્ટેટ એડિટર શ્રી અવનીશ જૈનની રૂબરૂમાં મુલાકાત લેવામાં આવેલ હતી. "કચ્છી મેળા"માં મીડિયા પાર્ટનર તરીકે દિવ્ય ભાસ્કરને જોડવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★

આજરોજ રાત્રે મેડિકલ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી અશ્વિન સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી કે.આર. શાહ, શ્રી દિનેશ મહેતા, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રીમતી દક્ષાબેન, શ્રી પીન્ટુ વગેરે ઉપસ્થિત રહેલ હતા. મુખ્યત્વે "કચ્છી મેળા"માં મેડિકલ સેન્ટરની કાર્યવાહીના આયોજન અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. દાંતની ફ્રી ચકાસણી (ડેન્ટલ ચેર તથા જરૂરી ડૉક્ટર્સ શ્રી હિતુભાઈ તરફથી મૂકવામાં આવશે), બ્લડ પ્રેશર તથા બી.એમ.આઈ.ની ફ્રી ચકાસણી તથા ડાયાબિટીસની રૂા. ૧૦/-ના ટોકન દરે ચકાસણી કરવી તેવું નક્કી કરવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૧૯-૨-૨૦૧૩**
  બાયડની કે.કે. શાહ હોસ્પિટલના નર્સિંગ સ્ટુડન્ટના પદવીદાન સમારંભમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ તથા શ્રી અશ્વિન સાવલા ગયેલ હતા. સાંજના તેઓ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી સાથે પરત આવેલ હતા. સૂચિત આઈ હોસ્પિટલ માટે અંદાજિત ૬૦૦ વારના એક પ્લોટનું પાલડી ખાતે નિરીક્ષણ કરવામાં આવેલ હતું.

★

"કચ્છી મેળા"ના સ્પોન્સરશિપની ચર્ચા તથા ત્યાં મૂકવામાં આવનાર નવનીતના સ્ટોલની ચર્ચા કરવા શ્રી અશોક મહેતા,

*વૃક્ષની માફક મૈત્રી પણ માવજત માગે છે.*

શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.આર. શાહ નવનીતમાં રૂબરૂ જઈ શ્રી શાંતિલાલભાઈ ગાલાને મળેલ હતા અને બંને બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★

તા. ૨૨-૨-૨૦૧૩ના "કચ્છી મેળા" માટે સંસ્કાર કેન્દ્ર પર શમિયાણો (ડૉમ) ઊભું કરવાનું શરૂ થઈ ગયેલ હોવાથી ત્યાંના પ્લાનિંગના સાઈટ પર જરૂરી આયોજન કરવા શણગાર ડેકોરેટર્સના શ્રી સમીરભાઈ શાહ સાથે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી પરાશર વ્યાસે મુલાકાત લઈને જરૂરી નિર્ણયો લીધા હતા.

- **બુધવાર, તા. ૨૦-૨-૨૦૧૩**
આજરોજ પડી જવાથી શ્રી કે.આર. શાહના જમણા હાથના ખભે ફ્રેક્ચર થવાથી "કચ્છી મેળા"ના આયોજનમાં થોડી મુશ્કેલી સર્જાશે અને બાકી રહેતી કેટલીક જવાબદારી શ્રી પ્રતાપભાઈ દંડે નિભાવવી પડશે તેવું જણાયેલ હતું.

★

"કચ્છી મેળા"ના ૭૦ સ્ટોલની સામે લગભગ બધા જ સ્ટોલ્સના સૌજન્ય મેળવવાનું કાર્ય આજે પરિપૂર્ણ થયું. એક સ્ટોલનું સૌજન્ય એટલે રૂા. ૫,૦૦૦/-ના ડોનેશન માટે અમદાવાદ સ્થિત કચ્છી જૈન સમાજના પરિવારો ઉપરાંત સમગ્ર કચ્છી સમાજના લોહાણા સમાજ પરિવાર, લેઉઆ પાટીદાર પરિવાર, કડવા પટેલ પરિવાર, ભાનુશાળી સમાજ પરિવાર, ગુર્જર ક્ષત્રિય સમાજ પરિવાર, ભાટિયા સમાજ પરિવાર, નાગર સમાજ પરિવાર એમ દરેક ઘટક સમાજના પરિવારોએ સહર્ષ ડોનેશન આપવાનું સ્વીકારેલ હતું. અમદાવાદ સ્થિત અન્ય ઉદ્યોગકારો તથા વ્યાપારી પેઢીઓએ પણ સહકાર આપેલ હતો.

- **ગુરુવાર, તા. ૨૧-૨-૨૦૧૩**
આવતીકાલે સવારથી "કચ્છી મેળો" શરૂ થતો હોવાથી આજે મોડી રાત સુધી સમાજના લગભગ ૨૫થી ૩૦ જેટલા કાર્યકર ભાઈઓ સંસ્કાર કેન્દ્ર - પાલડી ખાતે ઉપસ્થિત રહેલ હતા.

★

કચ્છી મેળામાં સ્ટોલ્સ ધરાવનાર કચ્છી કસબીઓ આજે બપોર પછી સંસ્કાર કેન્દ્ર, પાલડી ખાતે આવવાના શરૂ થઈ ગયેલ હતા.

- **શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩**
આજે સવારમાં ૬ વાગ્યા સુધીમાં દરેક સ્ટોલ ધારક કચ્છથી આવી ગયેલ હતા. અમદાવાદ સ્થિત સ્ટોલ ધારકો પણ સવારના ભાગે આવી ગયેલ હતા. દરેકને નક્કી કર્યા મુજબના સ્ટોલ્સ ફાળવવામાં આવેલ હતા. દરેકે પોતાના સ્ટોલ્સની વ્યવસ્થા યોગ્ય રીતે સંભાળી લીધેલ હતી.

★

સવારમાં ૧૦.૩૦ વાગે ભારે ઉત્સાહના વાતાવરણમાં અને અંદાજિત ૫૦૦ વ્યક્તિના સાનિધ્યમાં તથા કચ્છી સંગીતકારોની સૂરાવલી વચ્ચે અમદાવાદના મેયર શ્રી અસીતભાઈ વોરાના વરદ્ હસ્તે "કચ્છી મેળા"નું રીબીન કાપીને ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે અ.મ્યુનિ.કો.ની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ટ્રાન્સપોર્ટ સમિતિના ચેરમેન શ્રી અમિતભાઈ શાહ તથા શહેર ભાજપના પ્રમુખ શ્રી ગૌતમભાઈ ઉપસ્થિત રહેલ હતા. સ્ટોલ્સના સ્પોન્સરર નવનીત પરિવારના શ્રી છોટુભાઈ ગાલા તથા શ્રીમતી મધુરીબેન ગાલા અને શ્રી શાંતિલાલભાઈ ગાલા તથા શ્રીમતી વિમળાબેન ગાલા, સહ સ્પોન્સરર (૧) દીપ ઈન્ડસ્ટ્રીઝના શ્રી શાંતિલાલભાઈ સાવલા તથા શ્રી કાંતિલાલભાઈ સાવલા, (૨) દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શ્રી હિતેશભાઈ દાવડા તથા શ્રી સંદીપભાઈ મહેતા તથા (૩) શ્રી હરખચંદ કુંવરજી સાવલા પણ ઉપસ્થિત રહેલ હતા. આ સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અગ્રણીઓ શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી ર.કું. ગોસર, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી મ.કું. ગોસર, શ્રી હસમુખભાઈ શાહ, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતુભાઈ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી રજનીકાંતભાઈ પારેખ, શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રી ભરતભાઈ ભાણજી ગાલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. અન્ય કચ્છી ઘટક સમાજોના શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી અતુલભાઈ સોની, શ્રી હરીશભાઈ રંગવાલા, શ્રી લક્ષ્મીદાસભાઈ ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી નીલેન્દુ વોરા, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી હીરજીભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★

આજે દિવસ દરમ્યાન ગુજરાત ટુરીઝમના શ્રી હેમંતભાઈ પ્રધાન, દિવ્ય ભાસ્કરના શ્રી વિપુલભાઈ વૈદ્ય તથા અટાદરાના રાજકીય ઘરાણાના મોભી મેળાની મુલાકાતે પધારેલ હતા.

★

કચ્છી મેળાના મુલાકાતીઓની સંખ્યા આખા દિવસ દરમ્યાનની ૪૧૦૦ જેટલી રહેવા પામેલ હતી.

- **શનિવાર, તા. ૨૩-૨-૨૦૧૩**
સમગ્ર દિવસ દરમ્યાન ૮૩૦૦ની સંખ્યામાં લોકોએ "કચ્છી મેળા"ની મુલાકાત લીધેલ હતી.

★

ચુડા નરેશ શ્રી ફાલ્ગુનસિંહજી ઝાલાએ આજરોજ કચ્છી મેળાની સપરિવાર મુલાકાત લીધેલ હતી.

★

ગુજરાત રાજ્યના પૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ આજે દિવસ દરમ્યાન કચ્છી મેળાની મુલાકાતે પધારેલ હતા.

*આફત જીવનના દ્વાર ખખડાવે ત્યારે અકળાઈ ન જાય તે મહામાનવી.*

● **રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩**
સમગ્ર દિવસ દરમ્યાન ૧૨,૮૦૦ મુલાકાતીઓએ કચ્છી મેળાની મુલાકાત લીધેલ હતી.

★

ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા સપરિવાર કચ્છી મેળાની મુલાકાતે પધારેલ હતા.

★

કાલુપુર વિભાગના કોર્પોરેટર શ્રી કાળુભાઈએ કચ્છી મેળાની મુલાકાત લીધેલ હતી.

★

રાત્રે ૧૦ વાગ્યા બાદ મેળાનું સમાપન કરવામાં આવેલ. દરેક સ્ટોલ ધારકે પોતાની આઈટમો પેક કરી મેળામાંથી વિદાય લીધેલ હતી. ■

## ઊડતી નજરે....

**જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૮,૨૭૦ |
| | | જેમાંથી – | |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૪૯૨** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૫૩** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન .......... **૨૦** | |
| | (ગ) | સોનોગ્રાફી .......... **૭૦૭** | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... **૧૨** | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... **૨૯૨** | |
| | (છ) | અન્ય .......... **૬,૬૯૪** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૨,૧૦૨**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ .......... **૫,૮૦૦**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ .......... **૭૯૨**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... **૨,૦૬૫** | ૧૦,૭૫૯ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૯૦૬**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૨,૬૭૪** | ૩,૫૮૦ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૬૧૨** | ૬૧૨ |
| | | જાન્યુઆરી - ૨૦૧૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | ૨૩,૨૨૧ |

*યુવાનોને ફરિયાદ કરવાનો કોઈ અધિકાર નથી.*

# દુનિયાના નવ ધનપતિઓની સત્યઘટના

ઈ.સ. ૧૯૨૩માં દુનિયાના નવ સૌથી ધનાઢ્ય લોકો શિકાગોની એડ્સવોટર બીચ હોટલમાં ભેગા થયા હતા. માત્ર આ નવ ધનિકોની કુલ સંપત્તિ એ વખતે યુનાઈટેડ સ્ટેટ્સની કુલ સંપત્તિને આંબી જાય એટલી વિશાળ હતી. એવું કહી શકાય કે કરોડોની વસતિ ધરાવતા આખયે યુનાઈટેડ સ્ટેટ્સની જનતા અને સરકાર પાસે જેટલું ધન નહોતું એટલું ધન માત્ર નવ લોકો પાસે હતું. પૈસો કેવી રીતે બનાવવો અને એને કેવી રીતે જાળવવો એ આ નવ ધનપતિઓ સારી રીતે જાણતા હતા.

એ દિવસે હોટલમાં તેઓ એની જ ચર્ચા માટે ભેગા થયા હતા કે વધુમાં વધુ પૈસો કેવી રીતે કમાવાય, એને કેવી રીતે જળવાય અને સુખી કેવી રીતે થવાય? યુનાઈટેડ સ્ટેટ્સના લોકોને જ નહીં દુનિયાભરના લોકોને આ નવ લોકોના નસીબની ઈર્ષ્યા આવતી હતી. બધા એમની સાથે રહેવાની અને એમની પાસેથી પૈસા કમાવાની રીતો શીખવા માંગતા હતા.

આ નવ ધનપતિઓની યાદી આ મુજબની હતી :

૧. દુનિયાની સૌથી મોટી સ્ટીલ કંપનીના પ્રેસિડેન્ટ.
૨. દુનિયાની સૌથી વિશાળ યુટિલીટી કંપનીના પ્રેસિડેન્ટ.
૩. દુનિયાની સૌથી વિશાળ ગેસ કંપનીના પ્રેસિડેન્ટ.
૪. ન્યુયોર્ક સ્ટોક એક્ષચેન્જના પ્રેસિડેન્ટ.
૫. બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટના પ્રેસિડેન્ટ.
૬. દુનિયાના સૌથી મોટા ઘઉંના વેપારી.
૭. વોલ સ્ટ્રીટના માંધાતા.
૮. મેમ્બર ઓફ પ્રેસિડેન્ટ હાર્ડિંગ્સ કેબિનેટ.
૯. દુનિયાની ગ્રેટેસ્ટ મોનોપોલી માર્કેટના હેડ.

ઈ.સ. ૧૯૨૩માં આ નવે નવ લોકોએ શિકાગોની એ હોટેલમાં ખૂબ ચર્ચાઓ કરી અને એ પછી પણ આખી દુનિયાને પૈસા કમાવા અને પૈસા બચાવવા વિશે પ્રવચનો, ભાષણો અને ટીપ્સ આપતા રહ્યા. વિચાર કરો કે જો એ વખતે એમની પાસે અરબો - ખરબોની સંપત્તિ હોય તો એ પછીનાં ૨૫ વર્ષ પછી એ લોકો ક્યાં હશે? વાંચશો તો ચોંકી જશો... એક પછી એક શરૂઆત કરીએ...

૧. પચ્ચીસ વર્ષ પહેલાંની દુનિયાની સૌથી વિશાળ સ્ટીલ કંપની એટલે કે બેથલહામ સ્ટીલ કોર્પના પ્રેસિડેન્ટ ચાર્લ્સ એમ. સ્કોવને ગુજરી ગયાને એ વખતે પાંચ વર્ષ વીતી ગયા હતાં અને આશ્ચર્યની વાત તો એ છે કે એ મર્યા ત્યારે ઉછીના લીધેલા પૈસા પર જીવ્યા હતા. એટલે કે દેવું કરીને એમણે એમની પાછલી જિંદગી ગુજારી હતી.
૨. પચ્ચીસ વર્ષ પહેલાંની દુનિયાની સૌથી વિશાળ યુટિલીટી કંપનીના પ્રેસિડેન્ટ સેમ્યુલ ઈનસ્યુલ મર્યા ત્યારે સાવ નિરાધાર અવસ્થામાં મર્યા હતા. ન તો એમની પાસે એકે પૈસો હતો, ન તો સગાંવહાલાં.
૩. પચ્ચીસ વર્ષ પહેલાંની દુનિયાની સૌથી વિશાળ ગેસ કંપનીના પ્રેસિડેન્ટ હાવર્ડ હબ્સન એમની જિંદગીનાં પાછલાં વર્ષોમાં પાગલ થઈ ગયા અને એમ જ મરી ગયા.
૪. પચ્ચીસ વર્ષ પહેલાનાં ન્યુયોર્ક સ્ટોક એક્ષચેન્જના પ્રેસિડેન્ટ રિચાર્ડ વિટનીય ગંભીર ગુના સબબ જેલમાં હતા અને ત્યાં જ અવસાન પામ્યા.
૫. પચ્ચીસ વર્ષ પહેલાનાં બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટના પ્રેસિડેન્ટ લીઅન ફ્રાસરે પૈસાના અભાવે આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી દીધું હતું.
૬. પચ્ચીસ વર્ષ પહેલાનાં સૌથી મોટા ઘઉંના વેપારી આર્થર કટને દેવાળું કાઢ્યું હતું અને એના આઘાતમાં એ ગુજરી ગયા.
૭. પચ્ચીસ વર્ષ પહેલાનાં વોલ સ્ટ્રીટના માંધાતા જેસ્સે લીવરમોરે આત્મહત્યા કરી હતી.
૮. પચ્ચીસ વર્ષ પહેલાં મેમ્બર ઓફ યુનાઈટેડ પ્રેસિડેન્ટ્સ કેબિનેટ રહી ચૂકેલા આલ્બર્ટ ફોલને જેલમાથી છોડી મૂકાયા હતા કારણકે તેઓ શાંતિથી મરી શકે.
૯. પચ્ચીસ વર્ષ પહેલાં દુનિયાની ગ્રેટેસ્ટ મોનોપોલી માર્કેટના હેડ રહી ચૂકેલા ઈવર ક્રુએગરે આત્મહત્યા કરી હતી.

★

ઉપર જે ઉદાહરણો આપ્યાં છે એ નવે નવ નામો સાચાં છે અને હકીકતો પણ સાચી છે. જે નવ લોકો આખી દુનિયાના સૌથી ધનવાન માણસોમાંના એક હતા એ જ લોકો માત્ર પચ્ચીસ વર્ષ બાદ કશું જ નહોતા. એ લોકો જ્યારે પૈસા કેવી રીતે બનાવવા એ સલાહ આપવામાં મશગૂલ હતા ત્યારે જીવન કેવી રીતે જીવવું એ પોતે જ ભૂલી ગયા હતા અને એના પરિણામ સ્વરૂપે જ એ લોકો કાં તો ગાંડા થઈ ગયા હતા, કાં તો નાદાર થઈ ગયા હતા, કાં તો જેલમાં હતા અને કાં તો આત્મહત્યા કરવી પડી હતી.

આજે દુનિયામાં દરેક માણસ પૈસા પાછળ આંધળો બનીને દોડી રહ્યો છે ત્યારે એણે આ નવ ધનપતિઓની સત્ય ઘટનામાંથી કંઈક પાઠ શીખવાની જરૂર છે. પૈસા જરૂરી છે પણ એની પાછળની દોડમાં આપણે આપણી ફેમિલીની જરૂરિયાતો પૂરી ના કરીએ એવું ના બનવું જોઈએ.

***નાવને તરતી રાખવી હોય તો પાણી ખૂબ જ જરૂરી છે. પાણી વિના નાવ ના તરે એ સત્યઘટના છે. પણ સાથે સાથે એ હકીકત પણ યાદ રાખવી જોઈએ કે જો પાણી વધી જાય અને નાવમાં પ્રવેશી જાય તો નાવ ડૂબી જતી હોય છે. પૈસાનું પણ એવું જ છે. જીવન તરવા માટે જરૂરી છે પણ વધી જાય તો જીવનને ડૂબાડી પણ દે છે....***

***- રાજ ભાસ્કર***
***સાભાર : "સાધના"***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*સંયોગો પર માણસનો કાબુ ભલે ન હોય, તેના વર્તન પર તો હોવો જોઈએ.*

# વયસ્ક સમિતિ દ્વારા આયોજિત ડાયરાના કાર્યક્રમની તસવીરી ઝલક









શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે ભવનના કાર્યાલય તેમજ મેડિકલ સેન્ટરના કુલ ૫૪ સ્ટાફ સભ્યોએ કચ્છ જિલ્લાનો બે દિવસનો પ્રવાસ કર્યો હતો. તા. ૨૬-૧-૨૦૧૩ના રોજ અમદાવાદથી રવાના થઈને પાર્શ્વવલ્લભ - માતાના મઢ - નારાયણ સરોવર - કોટેશ્વર - દેઢિયા તીર્થ - ગોધરા - ૭૨ જિનાલય - માંડવી અને અંજારના જોવાલાયક વિવિધ સ્થળોની મુલાકાતથી ખૂબ પ્રભાવિત થયા હતા અને તા. ૨૭-૧-૨૦૧૩ના રોજ આનંદપૂર્વક અમદાવાદ પરત ફર્યા હતા.

તેમના કચ્છ - દર્શન પ્રવાસની તસવીરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

